
ॐ



શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

અધ્યાત્મદ્રષ્ટા

અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન
બૃહદ્ મુંબઈ શાખા
૧૭૩-૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ, ૪૦૦ ૦૦૨

પ્રાપ્તિસ્થાન :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)
શ્રી સિમંધર સ્વામી દિગંબર જૈન જિનાલય
૧૭૩-૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦૦૦૪

મૂલ્ય : રૂા. ૫-૦૦

કહાન સંવત : ૩
વીર સંવત : ૨૫૦૯
ઈ. સ. : ૧૯૮૩
પ્રથમ આવૃત્તિ : પ્રત-૨૫૦૦

સંપાદકગણ :
હેમંત ગાંધી
પરમાત્મપ્રકાશ ભારિલ્લ
ભરતભાઈ શાહ
ભરતભાઇ જોબાલિયા
વિપુલ મોટાણી

મુદ્રક :
સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ
પાલિતાણા રોડ, સોનગઢ-૩૬૪૨૫૦

પ્રકાશકીય

અનાદિથી ભવવનમાં ભટકતા અમ ભક્તોને મોક્ષમાર્ગનો સત્પંથ દર્શાવનાર, સંસાર સમુદ્રમાં ડૂબતા અમ બાળકોને ભેદજ્ઞાનરૂપી નૌકા દ્વારા તારનાર અને જન્મ-મરણ કરતા કરતા ત્રિવિધ તાપથી આકુળ-વ્યાકુળ એવા ભવ્યજનોને પોતાની દિવ્ય-ધ્વનિસમ અમૃતમયવાણીથી શાંત કરનાર પરમોપકારી કરુણાસાગર કહાનગુરુના ગુણને ગાવાને કોણ સમર્થ છે ? કેમકે તેમના ઉપકારો તો અનંત છે જ્યારે જીભ તો એક જ છે અને શબ્દો પણ થોડાં જ છે. કહ્યું પણ છે ને કેઃ

મુખ અનંત જો મુજ હોયે રે, મુખે મુખે જીભ અનંત;
ગુણ ગુરુવરના બોલતાં રે, તોહે ન આવે અંત....

આવા અનંત ગુણધારી ભાવિ તીર્થંકર શ્રી સદ્‌ગુરુદેવ પ્રત્યેની ભક્તિને વશ થઈને અમે સૌ બાળકોએ તેમના જીવન પ્રસંગોને તેમ જ તેઓશ્રીના સ્તુતિ કાવ્યોને સંગ્રહિત કરીને પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો હતો તેના ફળરૂપે જ આ પુસ્તક-અધ્યાત્મદ્રષ્ટા-આપના હાથમાં છે. અ શા છે કે અધ્યાત્મ--પ્રણેતાની જેમ આ પુસ્તકને પણ મુમુક્ષુ સમુદાયમાં આવકાર મળશે.

અધ્યાત્મદ્રષ્ટાના પ્રકાશન અંગે અમો જ્યારે ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીના આશીર્વાદ લેવા ગયા હતા ત્યારે તેઓશ્રીએ મંગલ આશીર્વાદ આપતા કહ્યું હતું કે ગુરુદેવ માટે કરીએ તેટલું ઓછું છે.—આ અંતરના ઉર્મીભર્યા વચનોથીજ અમારામાં વિશેષ ઉત્સાહ જાગૃત થયો હતો. અમોને પોતાના મંગલ આશીર્વાદ આપીને ઉપકૃત કરનાર ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીના ચરણોમાં વંદન કરીએ છીએ.

પ્રસ્તુત પુસ્તકનાં પહેલા ખંડમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરિવર્તન સુધીના જીવનકાળ દરમ્યાન બનેલા પ્રસંગોની ઝાંખી છે. જ્યારે

બીજા ખંડમાં પૂ. ગુરુદેવશ્રી પ્રત્યેના ભક્તિ ગીતો સંગ્રહિત કરેલાં છે. થોડાંક ગીતો સ્તવન મંજરી, સ્તવનમાળા આદિ ભક્તિ પુસ્તકોમાંથી ચુંટેલા છે. બાકીના ગીતો મુમુક્ષુઓ દ્વારા સ્વરચિત છે અથવા તો તેઓ દ્વારા સંકલિત છે. જે માટે અમો તે સર્વે મુમુક્ષુ ભાઈ–બહેનોના આભારી છીએ. આ પુસ્તકની કિંમત ઘટાડવા મુમુક્ષુ ભાઈઓએ ઉદાર હાથે સહાય કરી છે, તેમનો આભાર માનીએ છીએ. અમને આ કાર્યમાં ખાસ તો ભક્તિગીત સંકલનમાં રાજકોટ યુવાફેડરેશનનો જે સહકાર મળેલ છે તે બદલ તેમના આભારી છીએ. તેમ જ સુંદર છપાઈ કામ કરી આપવા બદલ સુમતિ પ્રીન્ટીંગ પ્રેસના માલિકોનો પણ અમે આભાર માનીએ છીએ. તે સિવાય જે જે મુમુક્ષુઓએ આ કાર્યમાં સહકાર આપ્યો છે તે સર્વેનો પણ અત્રે આભાર માનવામાં આવે છે.

અંતમાં આ ઘોર સંસારમાં સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞસ્વભાવી પોતાનાપરમગુરુને ભૂલીને ભટકતા એવા આપણને સૌને મોક્ષમાર્ગનો રાહ બતાવવા માટે મહાવિદેહથી ભરતમાં પધારનાર કૃપામૂર્તિ અધ્યાત્મદ્રષ્ટા પરમ પૂજ્ય શ્રી કહાન ગુરુદેવના ચરણોમાં કોટી કોટી વંદન કરીએ છીએ અને ભાવના ભાવીએ છીએ કે તેમની દ્રવ્ય–ભાવ ભક્તિ ને સ્તુતિ કરીને આપણે સૌ પણ અધ્યાત્મદ્રષ્ટા બનીએ.

કહાન સંવત–૩ — હેમંત ગાંધી

શ્રાવણ વદ–૨ — અ. ભા. જૈન યુવા ફેડરેશન (બૃહદ્ મુંબઈ શાખા)



'અધ્યાત્મદ્રષ્ટા'ના પ્રકાશન–પ્રસંગે

ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં

મંગલ આશીર્વચન

હે પૂજ્ય ભગવતીમાતા ! અમે યુવા-ફેડરેશનના બાળકો પરમપૂજ્ય ગુરુદેવ દ્વારા ઉપદર્શિત તત્ત્વની પ્રભાવના અર્થે 'અધ્યાત્મદ્રષ્ટા' નામનું પુસ્તક બહાર પાડવાના છીએ. તે પ્રસંગે આપનાં આશીર્વચનોની અમે ખૂબ ભક્તિભાવપૂર્વક આપની પાસે યાચના કરીએ છીએ.

પૂજ્ય બહેનશ્રી : પૂજ્ય કૃપાળુ ગુરુદેવનો તો પરમ પરમ ઉપકાર છે. એમણે તો આ પંચમ કાળમાં—દુષમ કાળમાં—સાચો માર્ગ, મુક્તિનો માર્ગ બતાવ્યો છે. ગુરુદેવનું તો જેટલું બહુમાન કરીએ—તેમનાં જેટલાં ગુણગાન ગાઈએ તેટલાં ઓછાં છે. તેઓ તો એકલો આત્મા જ દેખાડતા હતા, એમની વાણી પાછળ એકલો આત્મા જ ઘુંટાતો હતો. આત્માનું—ચૈતન્યનું—શું સ્વરૂપ છે, ચૈતન્ય કેવો છે, તે તેઓ બતાવતા હતા. આત્મા અનુપમ ને નિર્વિકલ્પ તત્ત્વ છે, અને તેમાં એકાગ્રતા કરવાથી જે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે એ જ મુક્તિનો માર્ગ છે એમ ગુરુદેવ કહેતા હતા. એ જ ગ્રહણ કરવા યોગ્ય છે.

વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં અંશે મુક્તિનો માર્ગ પ્રગટે છે. એમાં આગળ વધતાં વધતાં અર્થાત્ અંતરમાં જે સ્વાનુભૂતિની શુદ્ધતા પ્રગટી હોય છે તે વિશેષ વધતાં ચારિત્ર પ્રગટે છે અને એમાં જ વિશેષ શુદ્ધિ થતાં થતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આવો ખરો મુક્તિનો માર્ગ ગુરુદેવે પ્રકાશ્યો છે. એમની વાણી કોઈ અપૂર્વ હતી.

ગુરુદેવ કહેતા હતા કે નાના-મોટા બધાય આત્માને સમજી શકે એમ છે. આત્મા તો અનાદિ-અનંત શાશ્વતો છે. ભગવાન આત્મા બધાયની પાસે શાશ્વત બિરાજી રહ્યો છે. જેવા સિદ્ધભગવાન છે એવું જ બધા આત્માનું સ્વરૂપ શક્તિ રૂપે છે. એવા શક્તિરૂપે શુદ્ધ આત્માની દ્રષ્ટિ કરવાથી તેની આંશિક શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે.

તત્ત્વનો પાકો નિર્ણય કરીને 'બાહ્ય શરીરાદિ પદાર્થો અને વિભાવ-પર્યાયો –એ બધાથી જુદો–ન્યારો ચૈતન્યપદાર્થ હું છું' એવા ભેદજ્ઞાનનો પ્રયત્ન કરવો; તેની વિશેષ ઉગ્રતા થવાથી જે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય તેનાથી જ મુક્તિનો માર્ગ શરૂ થાય છે. 'હું એક અનુપમ ચૈતન્યતત્ત્વ છું, બીજું કાંઇ તે હું નથી–મારું નથી' એવી અંતરંગ પરિણતિએ

પરિણમી જવું એમ પૂજ્ય ગુરુદેવ કહેતા હતા. એ જ કરવા જેવું છે. એ જ સાર છે. બીજું કાંઇ સારભૂત નથી.

ગુરુદેવે સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધીનો બધો માર્ગ બતાવ્યો છે. સમ્યગ્દર્શનનું સ્વરૂપ, મુનિનું સ્વરૂપ, કેવળજ્ઞાનનું સ્વરૂપ—બધું ગુરુદેવે બતાવ્યું છે. ગુરુદેવનાં જેટલાં ગુણગ્રામ ગાઈએ એટલાં ઓછાં છે. તેમણે પોતે શુદ્ધસ્વરૂપને અનુભવીને—પ્રગટ કરીને—બીજાને માર્ગ સ્પષ્ટ કર્યો છે.

પ્રશ્ન :- મુમુક્ષુને જ્ઞાનીનાં વચનો સાંભળીને 'આ જ તત્ત્વ સાચું છે' એમ તો લાગે છે અને એમ પણ થાય છે કે દુનિયાનો બીજો કોઇ ધર્મ સાચો નથી; આમ તત્ત્વનો પૂરેપૂરો વિશ્વાસ બેસવા છતાંય અનુભૂતિ તરફ શ્રદ્ધાનું વલણ નથી થતું તેનું શું કારણ ?

સમાધાન :- પોતે અનાદિના અભ્યાસમાં-પર અને વિભાવ સાથેની એકત્વબુદ્ધિમાં— જોડાયેલો છે અને એમાંથી પરિણતિને જુદી પાડવાનો વાસ્તવિક પ્રયત્ન કરતો નથી. વિચારમાં એમ લાગ્યું હોય કે 'આ જ સાચું છે' પણ યથાર્થ તત્ત્વસમજણના અભાવે, તેની દૃઢ શ્રદ્ધા-રુચિના અભાવે, 'મારે મારા સુખનું ધામ પ્રગટ કરવું જ છે' એવી અંતરની ઝંખના નહિ હોવાથી, પુરુષાર્થની મંદતા હોવાથી—ઇત્યાદિ કારણે અનાદિના એકત્વબુદ્ધિના અભ્યાસમાં જોડાયેલો રહે છે, ભેદજ્ઞાનની ધારા પ્રગટતી નથી. તત્ત્વને બરાબર સમજીને, તેની પાકી શ્રદ્ધા કરીને, 'મારે જ્ઞાતાપણાની ધારા પ્રગટ કરવી જ છે' એવી તીવ્ર ઝંખના અંતરમાં રહ્યા કરે અને યથાર્થ ઉગ્ર પ્રયત્ન કરે તો ભેદજ્ઞાનની વિચારધારા પ્રગટે અને તેની ઉગ્રતા થતાં અવશ્ય નિર્વિકલ્પ દશા થાય. યથાર્થ કારણ આપે તો કાર્ય થાય જ.

પ્રશ્ન :- જેમને કાંઇ ખબર નથી એવા યુવાનોએ તત્ત્વજ્ઞાન ને આત્મા-જ્ઞાનની પ્રાપ્તિ માટે શું કરવું ?

સમાધાન :- આ મનુષ્યજીવનમાં આત્માનું જ કરવા જેવું છે, બીજું કાંઈ કરવા જેવું નથી- એવી ભાવના તો આત્મહિત માટે અંતરમાં હોવી જોઇએ. એવા જીવે આત્મહિત માટે સત્સંગ કરવો, શાસ્ત્રવાંચન કરવું, તત્ત્વચિંતન કરવું. શાસ્ત્રોના સાચા અર્થ કરવાની રીત સમજવા માટે તેણે પૂજ્ય ગુરુદેવનાં શાસ્ત્રપ્રવચનો વાંચવાં. શક્તિ-અનુસાર અને રુચિ-અનુસાર મૂળ શાસ્ત્રો પણ વાંચવાં. પદાર્થનાં દ્રવ્ય-ગુણ-પર્યાય શું ? ચૈતન્યપદાર્થ શું ? તેનો સ્વભાવ શું ? — ઇત્યાદિનો અભ્યાસ અને ચિંતન કરી, નિર્ણય કરી, સ્વ-પરનો ભેદ પાડવાનો પ્રયત્ન કરી, અંદરમાં બિરાજમાન જ્ઞાયકતત્ત્વને ઓળખવું, તેની દૃષ્ટિ કરવી તેનું જ્ઞાન કરવું તેનો અનુભવ કરવો.

—૦—

અંતર – દર્શન

પ્રથમ ખંડ :

કહાન ક્રમબધ કથા	૧	શક્તિઓ	૪૬
કહાન મેરો કહાન	૪૧	નિત્યક્રમ	૪૭
પરમાગમસાર	૪૨	સ્વપ્ના	૫૨
અનેકાંતને ઉજ્જ વિશેષ ચર્ચે છે	૪૫	મંગલ મૂર્તિની મંગલ વાણી	૫૫

બીજો ખંડ : ભક્તિગીત

ગુરુદેવ તારા ચરણમાં	૬૦	સુણો ભાવિ ભગવંતની વાણ	૮૫
ચાંદલિયા સંદેશ દેજે	૬૧	તુમ એક અલૌકિક હો	૮૬
કહાન ગુરુ બિરાજે	૬૩	સ્વાનુભૂતિના સંત મહાન	૮૭
વિદેહવાસી કહાન ગુરુ	૬૪	સાગર ઊછળ્યો ને જાણે	૮૭
અહો ગુરુ ભાનુ ભારતના	૬૫	ૐ જય ગુરુ કાન પ્રભુ	૮૮
માતાને સ્વપ્નાં લાધ્યાં	૬૬	કહાનગુરુ ઓ વહાલા	૮૮
શ્રી સદ્‌ગુરુજી મહિમા	૬૭	વીતરાગી ગુરુ કહાનના	૮૯
વૈશાખ સુદ બીજને વાટ	૬૮	અવનિ ઉદ્ધારવા ભવ્યોને	૯૦
મારા નાથની વધાઈ	૬૯	તમે ભાવે ભજી લ્યો	૯૧
ભારત ખંડમાં સંત એક	૭૦	કોના પગલે પગલે ચાલે	૯૨
શાસન ઉદ્ધારક પ્રભુ	૭૧	સુવર્ણપુરીના વાસી ગુરુ ને	૯૩
શ્રી ગુરુરાજ તેરા	૭૨	કોણ આવ્યું ? કહાન આવ્યા	૯૪
શાસનતણા શિરોમણી	૭૩	મેરા મનડામાંહી ગુરુદેવ રમે	૯૬
બોધાધાર સર્વે ભવિકજનને	૭૪	પત્ર લખ્યો શ્રી ગુરુદેવને	૯૭
તુજ પાદપંકજ જ્યાં થયા	૭૫	હે મોતીભાઈના કુંવર	૯૮
જ્યાં જોઉં ત્યાં નજર પડતાં	૭૬	બમ્મા મારા ઉજમબાના	૯૯
આજ મંગળ વધાઈ વાગતી	૭૭	ધીરી મીઠી વાણીથી રે	૧૦૦
ધન્ય ધન્ય દિન આજ	૭૮	કહાન મોરલીયે ચિંદ જગાડ્યું	૧૦૧
ગુરુ કહાનના એ જન્મને	૭૯	જય તુમ્હી ચલે સ્વર્ગ દેશ	૧૦૨
કહાન ગુરુએ કાદવમાંથી	૮૦	વંદન કરીએ કહાન ગુરુને	૧૦૨
ધન્ય ધન્ય શ્રી ઉમરાળા ગામ	૮૧	યહાં ધરા પર કહાનગુરુકા	૧૦૨
મીઠી લાગે છે કાન જન્મની	૮૨	શ્રી કહાન ગુરુદેવ	૧૦૪
જૈન ડંકા વાગ્યા ને ભવ્યો	૮૩	આવો આવો કહાન ગુરુજી	૧૦૫
બહેનો આજ આનંદ મારે	૮૩	ગુરુજી દેજો સમ્યક્‌જ્ઞાન	૧૦૫
વૈશાખ સુદ બીજને વાટ	૮૪	આતમબોધ વરસાવ	૧૦૬

મન ડોલે જય જય બોલે	૧૦૭
ઉમટ્યા જયાની લાગી મને	૧૦૭
પધારો ગુરુદેવ શ્રી કહાન	૧૦૮
વીર શાસન વૃદ્ધિકાળ દેખું	૧૦૮
આવો ભક્તો તુમ્હેં સુનાઉં	૧૦૯
આ સુવર્ણપુરેથી છૂટતી ગુરુવાણી	૧૧૦
પંચમકાળે આ વાત	૧૧૧
તારો જો સંગ આ મળશે	૧૧૧
ગહન છે ભાવ જ્ઞાનીના	૧૧૨
આવો આવો ઉજમબા નંદ	૧૧૩
આતમ ઉદ્ધાર કરનારા	૧૧૩
સુવર્ણપુરીના સંત ઓ પ્રભુ	૧૧૪
ભક્તો આવો ગુરુને ભાવે	૧૧૫
આજ હમારે ગુરુવર આવો	૧૧૬
આવો આવો ગુણીયલ ગુરુજી	૧૧૬
નિત આવો કહાન ગુરુ આવો	૧૧૭
જિન શાસનનો ચમકિત તારો	૧૧૮
ભારે બન્યો મસ્તાનો	૧૧૮
એક અદ્‌ભૂત વાણીયો	૧૧૯
આવો આવો ગાવોને	૧૨૨
જય બોલો જય બોલો	૧૨૩
ભક્તિ તો કર રહા હું	૧૨૩
દેજો દિલાસા દિલવર	૧૨૪
ગુરુ કહાન ભજો	૧૨૪
ગુરુ નિર્મળ વિજ્ઞાની છો	૧૨૫
સદ્‌ગુરુ ચૈતન્ય આરામી	૧૨૫
જ્યોતિ જ્ઞાનની જગાવ	૧૨૬
કરજો કરજો નૈયા પાર	૧૨૭
સદ્‌ગુરુદેવને વસાવ	૧૨૭
સ્વામી શાસનના શિરતાજ	૧૨૮
કૃપાસાગર ગુરુરાજ	૧૨૮
જય જય મંગલકારી	૧૨૯
પ્યારા છો પ્રાણ થકી	૧૩૦
યાદ આવે છે દિન રાત	૧૩૦
મીઠી લાગે છે મને	૧૩૦
કહાન મુખથી ફૂલડા ખરે	૧૩૧
સદ્‌ગુરુ કહાનજી રે	૧૩૨
ગુરુની વાણી જોર રસાળ	૧૩૨
ગુરુની આશ ધરીને અમે	૧૩૨
કહાન ગુરુના ભવ્ય શાસનમાં	૧૩૨
કહાન ગુરુ મારારે	૧૩૩
વિનવું ગુરુ અમ મંદિરે	૧૩૪
ભારતના ભવ્યોને	૧૩૪
મતકી મૈના મીઠે સ્વરમેં	૧૩૫
નાના નાના બાળ મળી	૧૩૫
તારા દર્શનથી દેવ	૧૩૬
ધન્ય અવતાર ગુરુરાજનો	૧૩૬
તારું જીવન બધું તારું	૧૩૮
એકવાર બોલો ગુરુદેવ	૧૩૮
મારા જીવનતણી શુદ્ધ	૧૩૯
સુવર્ણપુરીના વાસી ગુરુને	૧૪૦
જય જય સદ્‌ગુરુદેવા	૧૪૦
સુવર્ણપુરીના વાસી ગુરુદેવને	૧૪૧
પ્યારા શ્રી સદ્‌ગુરુદેવ	૧૪૧
આતમજ્ઞાની રામી ગુરુને	૧૪૨
મિલે અમ આધાર	૧૪૨
રસીલા ભક્તોનાં હૈડાં	૧૪૨
કહાનગુરુ કહેાને અમી દૃષ્ટિ	૧૪૩
ગુરુજી આપ બિન મેરે	૧૪૩
આવી ઉભો છું દ્વારે	૧૪૪
તેરી વાણીસે ગુરુરાજ	૧૪૪
મેરે મન મંદિરમેં આન	૧૪૫
કહાન ગુરુજી બલિહારી	૧૪૫
તુમસે લગની લાગી ગુરુવર	૧૪૬
ગુરુજી મનમંદિરમેં બોબો	૧૪૭
શ્રી કહાન ગુરુદેવ માહરો	૧૪૭

આવો આવો શ્રી સદ્‌ગુરુદેવ	૧૪૮
આજ સફળ દિન માહરો રે	૧૪૯
ગુરુની વાણી અમૃત રસાળ	૧૪૯
દીઠા કહાન ગુરુ જ્ઞાની અલબેલડા	૧૫૦
હાં રે મને મળીયા પૂરણ ભાગ્યે	૧૫૧
હાં રે મને શરણદાતા	૧૫૧
હાં રે ગુરુ આજે તુજને	૧૫૨
હાં રે આજ મલિયો મુજને	૧૫૩
શ્રી સદ્‌ગુરુ કહાન વંદતા	૧૫૪
ધન્ય દિવસ ધન્ય આજનો	૧૫૪
આવજો આવજો આવજો ગુરુજી	૧૫૫
ગુરુવર દર્શનના જાગ્યા છે	૧૫૫
મને કોને કહાન ગુરુ	૧૫૬
હો ભવીયા પામી અમૂલ્ય	૧૫૬
શ્રી સદ્‌ગુરુ સ્વામી ૐ	૧૫૭
આજ મારે રે આંગણીએ	૧૫૭
વીતરાગ મૂર્તિ ચૈતન્ય પ્રતિમા	૧૫૮
તેરી વાણી સૂણી	૧૫૮
આટલો સંદેશો ચંદા	૧૫૯
કહાન ગુરુવર અવધારો	૧૫૯
મારા ગુરુજી ભરતે પધારોને	૧૬૦
આવો આવો ગુરુવર આવો	૧૬૧
સદ્‌ગુરુ શ્રી કહાન નયણે	૧૬૧
અમે તો ગુરુવરના સંતાન	૧૬૨
ગુરુ ભજકે ભવકા પાર	૧૬૨
ક્રોડ ક્રોડ વંદન અમારા	૧૬૩
હે કહાન ગુરુદેવા	૧૬૪
સુખ શાંતિપ્રદાતા	૧૬૪
શ્રી સહજાત્મસ્વરૂપજી	૧૬૫
અધ્યાત્મસિયા	૧૬૬
કહાન ગુરુના ચરણ	૧૬૭
કહાન ગુરુદેવ સ્મરણ	૧૬૭


—o—

અધ્યાત્મદ્રષ્ટાની કિંમત ઘટાડવા આવેલ રકમોની યાદી


૧૧૧૧=૦૦ રમાબેન કાંતીલાલ ભાયાણી હ. મહેશભાઈ ઘાટકોપર
૧૦૦૧=૦૦ જયસુખભાઈ શાંતિલાલ ખાટડિયા દાદર
૧૦૦૧=૦૦ ભરતભાઈ હિંમતભાઈ જોબાળિયા ખાર
૧૦૦૧=૦૦ વિજય ચીમનલાલ મોદી, દિલીપ ગિરધરલાલ મોદી } મલાડ
૧૦૦૧=૦૦ પરમાત્મપ્રકાશ ભારિલ્લ બોરીવલી
૧૦૦૧=૦૦ પુષ્પાબેન કાંતીલાલ મોટાણી મુંબઈ
૧૦૦૧=૦૦ હસમુખભાઈ મોહનલાલ મોદી ઘાટકોપર
૫૦૧=૦૦ હસમુખભાઈ પોપટલાલ વોરા મુંબઈ
૫૦૧=૦૦ શાંતિભાઈ ચીમનલાલ ઝવેરી મુંબઈ
૫૦૧=૦૦ રમણીકભાઈ વીરચંદભાઈ મોટાણી કલકત્તા

૫૦૧=૦૦	શાંતીલાલ કસ્તુરચંદ જેબાળિયા	
	હ. અંજવાળીબેન જેબાળિયા	વિલેપારલા
૫૦૧=૦૦	મનમોહનભાઈ ગાંધી	ઘાટકોપર
૫૦૧=૦૦	કેશવલાલ વૃજલાલ કોઠારી	મુંબઈ
૩૦૧=૦૦	વનુભાઈ ડેલીવાળા	સૂરત
૨૫૧=૦૦	ભરતભાઈ શાહ	ઘાટકોપર
૨૫૧=૦૦	સુરેન્દ્રભાઈ તલાટી	મુંબઈ
૨૫૧=૦૦	ચીમનલાલ હિંમતલાલ શાહ	મુંબઈ
૨૫૧=૦૦	વિપુલ શાંતિલાલ મોદી	ઘાટકોપર
૨૫૧=૦૦	જગદીશભાઈ મોદી	મુંબઈ
૨૫૧=૦૦	વિસનજીભાઈ ભાણુજીભાઈ શાહ	મુંબઈ
૨૫૧=૦૦	જયંતિભાઈ ગુલાબચંદ જેબાળિયા	મલાડ
૨૦૧=૦૦	માણેકભાઈ રામચંદ ગાંધી	મુંબઈ
૨૦૧=૦૦	બલુભાઈ સી. શાહ	મુંબઈ
૧૫૧=૦૦	શીલાબેન રસિકલાલ ડગલી	ઘાટકોપર
૧૫૧=૦૦	કંકુબેન રિખબદાસ શાહ	દાદર
૧૦૧=૦૦	ચીમનલાલ છોટાલાલ જેબાળિયા	મુંબઈ
૧૦૧=૦૦	પ્રવીણભાઈ ગુલાબચંદ ટોળિયા	મુંબઈ
૧૦૧=૦૦	જનકભાઈ ગુલાબચંદ ટોળિયા	મુંબઈ
૧૦૧=૦૦	અમૃતલાલ શિરાજભાઈ શાહ	મલાડ
૧૦૧=૦૦	મનસુખલાલ છોટાલાલ જેબાળિયા	મુંબઈ
૧૦૧=૦૦	પ્રદીપ–પંકજ કામદાર	દાદર
૧૦૧=૦૦	રાજેષ જૈન	દાદર
૫૧=૦૦	સતીષભાઈ દોશી	ભાડુંપ









કહાન કમબદ્ધ કથા

રમેશ પી. શાહ 'કમલ'

(કરુણાસાગર, કૃપાનિધાન, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી-સ્વામીના જીવનમાં બનેલા બોધપ્રદ પ્રસંગોની ઝાંખી તથા તેમનો જીવન પરિચય.)

કાઠિયાવાડની ધરતી ઉપર સૂરજ પોતાની પ્રચંડ ગરમીથી ધરતીને તપાવવા મથતો હતો. ચારે તરફ એક હાહાકાર અને અશાંતિ લોકોના મનમાં પ્રવર્તતી હતી કેમકે કાઠિયાવાડના અમુક ભાગમાં પ્લેગનો રોગ ફાટી નીકળ્યો હતો. આ ટાણે કાઠિયાવાડના ઘોળા ગામની બાજુમાં આવેલા એક નાનકડા એવા ઉમરાળા ગામમાં ગભરુ, સુંદર ને ભોળો એવો એક બાળક કાંઈક ગડમથલમાં પડ્યો હોય તેવું જણાતું હતું. ખબર નથી કે એના મનમાં શું શું વિચારો આવતા હતા. પણ જાણે કે તે કાંઈક યાદ કરતો હોય અથવા તો કાંઈક બનવાની રાહ જોઈ રહ્યો હોય એ રીતે શાંતિથી એક બાજુ તે ઉભો હતો.

એવામાં આ ઉમરાળાના ખાડા–ખડિયાવાળા મારગની ઉપર એક એકો આવે છે. તે એકાના બળદને ગારિયાધાર જવા માટેની દિશા તરફ ફેરવીને ઉભો રાખવામાં આવે છે. તે એકામાં બાળકને બેસાડવામાં આવે છે. જાણે કે એક સ્તબ્ધતા પ્રસરી હોય તેવા વાતાવરણમાં, ગામમાં ફાટી નીકળેલા પ્લેગથી પોતાના વ્હાલસોયા બાળકને દૂર રાખવા માટે થઈને, માતા તેને ઉમરાળાથી દૂર ગારિયાધાર ગામમાં એક સંબંધીને ત્યાં મોકલતા હતા. એ જમાનામાં પ્લેગ એ ભયંકર રોગ ગણાતો હતો. કારણ કે ગામોના ગામ ખાલી કરવા પડે એ રીતે પ્લેગ ફેલાતો. અને કોઈ વાર તો ગામોના ગામ પણ ઉજ્જડ થઈ જતાં. માટે, તે રોગનું નામ સાંભળતા જ લોકો સ્થળાંતર કરી જતાં.

પોતાના બાળકને વિદાય આપવા માટે માતા ઘરના બારણા

સુધી આવીને ઉભા રહ્યા. તેમના ચહેરા ઉપર ઉદાસીનતાનો ભાવ છવાયેલો હતો. એ બાળક સાથેનો એકેક ઉપડવાની તૈયારીમાં હતો ત્યારે માતાએ એટલું કહ્યું 'બેટા! બેનને સાંઇ કહેજે.' —આ હતા માતાના છેલ્લા શબ્દો જે પુત્રે સાંભળ્યા હતા ને માતાએ કહ્યા હતા. તથા ઉમરાળાની એ શેરીની અંદર આવજો કહેવા પુરતું થયેલું એ મિલન પણ પુત્ર અને માતાનું છેલ્લું મિલન હતું. કેમકે ત્યાર પછી તો એ માતાનું ૪૮ વર્ષની ભર ઉંમરમાં (સંવત ૧૯૫૬ માં) અવસાન થયું હતું.

કોણ છે એ બાળક? કોણ હતા એ માતા? બાળકનું નામ છે કાનજી અને માતાનું નામ હતું ઉજમબા. બાળકનો જન્મ સંવત ૧૯૪૬ ના વૈશાખ સુદ બીજ ને રવિવારે ઉમરાળા ગામમાં વહેલી સવારે થયો હતો. તેના પિતાજીનું નામ મોતીચંદભાઈ છે. તે જ્ઞાતિએ દશાશ્રીમાળી વણિક છે. તેઓ ચાર ભાઈઓ હતા. તેમાં સૌથી વડીલ બંધુનું નામ દિપચંદભાઈ હતું. તેમના પછી ખુશાલભાઈ છે. ત્યાર બાદ બાળક કાનજી પોતે છે અને લઘુબંધુ મગનભાઈ છે. તેના બાપદાદાનું મૂળ ગામ ગઢડા છે. અને તેઓનું નામ પુરુષોત્તમ કુંવરજી હોવા છતાં, તેઓ ગઢડામાં 'ગીગાકુરા' ના નામે જાણીતા હતા. તેઓ ગામના નગર શેઠ હતા ને પૈસાદાર પણ હતા. તેઓ વર્ષમાં બે મહિના જ ધંધો કરતા. સીઝન હોય ત્યારે ઘોલેરા માણસને મોકલીને રૂની ગાંસડીઓ —પેટીઓ મંગાવતા અને પછી વેચતા. તેમાં જે પૈસા મળે તેનાથી સંતોષ માનતા. અને બાકીના દશ મહિના નિવૃત્તિથી રહેતા. ગઢડા ગામમાં તેમનું એકનું જ મેડીબંધ મકાન હતું. પરંતુ ત્યારબાદ તેઓ ઉમરાળા આવીને રહ્યા હતા.

ગારિયાધારના ઉબડ—ખાબડ રસ્તા પર એકેકો ચાલ્યો જાય છે. બાળક કાનજીના ચહેરા પર ગંભીરતા છવાયેલી છે ને જાણે કે તેના પોતાના બચપણના દિવસો—આજ સુધી તેણે જે

બચપણના ૧૩ વર્ષો વીતાવ્યા છે તે દિવસો—ચિત્રપટની જેમ એક પછી એક તેના સ્મરણપટની સામે મોજૂદ થાય છે. તેણે ગામના ઘણા લોકોને એવી વાત કરતા સાંભળ્યા છે કે જ્યારે તેનો જન્મ થયો હતો ત્યારે પ્રકાશ થયો હતો. અને આકાશમાં અવાજ પણ થયો હતો. ઉમરાળા એ તેનું મોસાળ છે. અને ત્યાં જ તેનો જન્મ થયો હતો. કારણ કે પિતાજી ગઢડા છોડીને પછી ત્યાં રહેતા હતા. અને પછી તો તે મોસાળમાં મોટો થયો, બચપણ ત્યાં વીત્યું. સૌમ્યતા, નિસ્પૃહતા ને વૈરાગ્યની છાપ તેના મોં પર એવી તો અંકિત થયેલી રહેતી કે તેને જોતાં જ લોકોના મન પર એક અમીટ છાપ પડી જતી. તથા સદાય તેની આંખોમાં બુદ્ધિ ને વીર્યનું તેજ તરવરતું રહેતું.

અચાનક એકાની નીચે એક ખાડો આવ્યો. અને તેના હડસેલામાં એ વિચારો બદલાઈ ગયા. અને તેને યાદ આવ્યું પોતાનું ભણતર:

મોટો થતાં હું ધૂળી નિશાળમાં ભણવા બેઠો. જ્યાં સહુથી પહેલા મેં શીખેલા શબ્દો હતા "सिद्धोवर्णसमाम्नायः" (વર્ણ-ઉચ્ચારનો સંપ્રદાય સ્વયં સિદ્ધ છે.) આમાં યાદ કરવા જેવું શું હતું? આ બધું તો મને જલ્દી યાદ રહી જતું હતું. અને નિશાળમાં હંમેશા મારો પહેલો નંબર રહેતો. બીજા વિદ્યાર્થીઓ મને હોંશિયાર વિદ્યાર્થી કહેતા. ને શિક્ષક પણ મને એ રીતે બોલાવતા. હા, શિક્ષક પણ ઘણીવાર પોતે જે પાઠ ભણાવવાના —શીખડાવવાના—હોય તે પાઠ હું પહેલાથી તૈયાર કરીને આવું એમ કહેતા. અને એ રીતે કદાચ મારા વિચારોમાં ક્યાંક ફેર હોય તો તેની ખબર પડે. એ એમનો હેતુ હશે.

મારા મિત્રો મને ઘણીવાર "મઢમ" કહીને ચીડવે છે. હા, મારો ગોરો વાન ને અતિ કુમળું શરીર જોઈને પણ તેઓ કદાચ એમ કહેતા હોય. તથા ઘરના સંબંધીઓ અને ભાગ લેવા જઉં ત્યારે "વોરામામા" પણ "પૂર્ઈ" કહીને મને બોલાવે

છે ને! પૂઈ એટલે સફેદ રૂની પૂણી. પણ એવો તેનો અર્થ છે એમ મને તો પછી ખબર પડી.

અચાનક બાળક કાનજીના મોં પર સ્મિત રમવા લાગ્યું. અને તેના મનમાં એક વિચારનો ઝબકારો આવી ગયો. તેને પોતાનો મિત્ર યાદ આવી ગયો. નિશાળમાં સાથે ભણતો ભાવસાર રૂપાભાઈનો પુત્ર તેનો મિત્ર હતો. તેનું નામ હતું સુંદરજી. કાનજી તેને ઘણીવાર કહેતો કે 'અરે સુંદરજી! આ તારી ટેવ ક્યારે સુધરશે?' અને સુંદરજીના મોં પર ગ્લાનિ છવાઈ જતી. ને તે નીચું જોઈ જતો. સુંદરજીને એવી ટેવ કે નાકમાંથી ગુંગો કાઢી, દાંત વચ્ચે દબાવી, જીભનું ટેરવું તેને અડાડવું ને તેનો સ્વાદ લેવો. ત્યારે આ કાનજી એને કહેતો, 'અરે ભાઈ! આ તું શું કરે છે? આપણને આ ગુંગાના સ્વાદ ન શોભે.' અને શરમાયેલો સુંદરજી નીચે જમીન ખોતરતાં-ખોતરતાં કહેતો, 'શું કરું ભાઈ! મને ટેવ પડી ગઈ છે.'

આ સ્મરણની સાથે તેના મોઢા પર એક ઘેરા વિષાદની છાયા છવાઈ જાય છે. અને તેને પ્લેગના દશ્યો યાદ આવે છે. અચાનક પ્લેગના દશ્યો યાદ કરતાં કરતાં-ઘર ઘરમાંથી ઉઠતી નનામીઓ ને રોકકળ યાદ કરતાં કરતાં-તેને છપ્પનિયાનો દુકાળ યાદ આવી જાય છે.

લગભગ ત્રણેક વર્ષ પહેલાની વાત છે. જ્યારે તેની ઉંમર ૧૦ વર્ષની હતી ત્યારે છપ્પનિયો દુકાળ પડ્યો હતો. સંવત ૧૯૫૬ નો દુકાળ લોકો વર્ષો સુધી યાદ કરે તેવો કારમો ને ભયંકર હતો. અને એ દુકાળે આ નાનકડા બાળક કાનજીના મનમાં પણ અતિ કરુણ છાપ મૂકી હતી. તેને યાદ આવે છે કે એક ભરવાડ ગાયના ટેકે માથું નાખીને રડતો હતો. ગાયની આંખમાં પણ આસું હતાં. કારણ કે દુષ્કાળમાં ખાવા માટે ઘાસનું એક તણખલું પણ મળતું નહોતું. એ અરસામાં જે કોઈ પાઠી-સત્સંગી હતા તેઓ કહેતા કે ભાઈ! દુનિયાના પાપ ચારે બાજુ ફૂટયા છે. અને એટલે આ દુકાળ પડયો છે.

આમ યાદ કરતાં-કરતાં તેને ઘરની બાજુમાં રહેતા મૂળજી-મામા જે ગાતા હતા તે કડી યાદ આવી ગઈ. તેઓ હતા તો બ્રાહ્મણ. પણ તેઓ માતા ઉજમબાના ગામના હોવાથી, ઉજમબા તેમને ભાઈ કહેતા. અને તેથી કાનજી પણ મામા કહેતો મૂળજીમામા ન્હાતી વખતે એવું ગાતા કે,

' અનુભવીને એકલું રે આનંદમાં રહેવું રે;
ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે. '

—આ કડી કાનજીને ખૂબ જ ગમતી. પણ દશ વર્ષની નાની ઉંમર હોવાથી તેના અર્થની ખબર ન હતી. તેથી મૂળજી-મામાને તે ઘણીવાર પૂછતો કે ' મામા! તમે આ શું ગાઓ છો?' ત્યારે મૂળજીમામા કહેતા કે ' મને તેના અર્થની ખબર નથી. ' અને ત્યારે પોતે પણ હસી પડતો. ને કહેતો ' મામા! તમે ગાઓ છો તોપણ તમને ખબર નથી?'

લૌકિક અભ્યાસની સાથે સાથે ધાર્મિક અભ્યાસ માટે આ કાનજી જૈનશાળામાં પણ જતો. અને ત્યાં આગળ પણ પહેલો નંબર રાખતો. નિશાળમાં ભણતા-ભણતા ૧૩ વર્ષની ઉંમરે તેણે છઠ્ઠી પાસ કરી હતી. પરંતુ પછી ભણતર ઉપરથી મન ઉઠી ગયું હતું એટલે તેણે ભણવાનું છોડી દીધું હતું અને ત્યાં તો અચાનક ઉમરાળામાં પ્લેગ ફાટી નીકળ્યો. જેથી તે ઉમરાળા છોડીને ગારિયાધાર જાય છે. તેને મનમાં થયું :

હવે તો કોણ જાણે, ભણતર આગળ ભણાય પણ ખરું ને ન પણ ભણાય. પરંતુ ભણતરમાં ખાસ રસ નહોતો આવતો હો. બધા ધોરણમાં પહેલો નંબર તો આવતો અને બધા વિષયો બરોબર તૈયાર પણ થતા. કોઈ વિષય ગમતો ન હોય...ના,...હા, હા, બરાબર યાદ આવ્યું. એક ભૂમિતિના વિષયમાં રસ નહોતો પડતો. અને તેથી એ બરાબર ફાવતો પણ નહોતો. એકવાર એક વિદ્યાર્થીએ શિક્ષક પાસે ચાડી ખાધી હતી કે ' સાહેબ! એ તો જનશાળામાં ભણવા જાય છે તેથી ભૂમિતિમાં બરાબર ધ્યાન આપતો નથી. અને એ હોંશિયાર છે. તો જેમ બીજા વિષયો

આવડે છે તેમ ભૂમિતિ પણ કેમ ન આવડે?' ત્યારે શિક્ષકે કહ્યું હતું કે 'ભૂમિતિમાં ધ્યાન આપવું જોઈએ. અને બીજા વિષયોમાં જેમ પ્રથમ નંબર આવે છે તેમ આ વિષયમાં પણ પ્રથમ નંબર મેળવવો જોઈએ. તમારા જૈનશાળાના અભ્યાસમાં ઓછું ધ્યાન આપે તો ચાલે.' ત્યારે મેં કહ્યું હતું કે 'અમારે તો જૈનશાળાનો અભ્યાસ જ પહેલો ને મુખ્ય છે. તેમાંથી વખત મળે તો આ બાકીનો અભ્યાસ છે.' શિક્ષકે કહ્યું કે 'ના, પહેલા આ ભણતર ભણવું જોઈએ.' આજ્ઞાંકિત શિષ્ય તરીકે હું બીજું કાંઈ તો ન બોલ્યો. પણ મનમાં થયું હતું કે આ લૌકિક ભણતર ન જોઈએ. અને બસ, આ પ્રસંગ પછી તો ભણવામાંથી દિલ ઉઠી ગયું હતું. અને તેથી ભણવાનું છોડી દીધું હતું. એમાં અચાનક આ રીતે રોગચાળાને કારણે ગામ મૂકીને બહાર–ગારિયાધાર–જવું પડે છે.

ગારિયાધારને માર્ગે જતાં–જતાં કાનજીના મનનાં વિચારો –કે જે પોતાના ભૂતકાળના ને વર્તમાનના જીવન ઉપર આગળ વધતા હતા તે–અચાનક અટકે છે. અને રસ્તામાં સામેથી આવતી બાવાજીની મંડળીના અસ્પષ્ટ સંભળાતા ભજનોના શબ્દોમાંથી–દૂરદૂરથી આવતા એ કાઠિયાવાડી ભજનોના અવાજોમાંથી –એને ગમતી કોઈ વાતમાં એનું મન ઊંડે ઊંડે ઉતરી જાય છે.

અનાદિ–અનંત એવા કાળના અપાટામાં ૧૦૦ વર્ષનો શો હિસાબ? અને તો પછી દશ વર્ષ તો જાણે કે ચપટી વગાડતા ચાલ્યા જાય. આપે હમણા જે પ્રસંગ વાંચ્યો તેના નવ વર્ષ બાદ સંવત ૧૯૬૮ના વૈશાખ મહિનાના એક દિવસે ગોધુલીના સમયે જ્યારે ગાય અને અન્ય પશુઓ પોતાના ઘરે જવા માટે ઉતાવળા–ઉતાવળા પાલેજની ભાગોળેથી ગામ તરફ ઘસતા હતાં અને રવિરાજ પણ અસ્તાચળની દિશા તરફ ઘસમસી રહ્યા હતાં ત્યારે પાતાની દુકાનમાં એકલા બેઠા બેઠા યુવાન કાનજી વિચારે છે:

આજે મારા જીવનમાં હું એક અગત્યનો નિર્ણય લઉં છું. ઘણા વખતથી આ સંસારમાં—આ કુટુંબ, પરિવાર ને

વેપાર, ધંધામાં—મને કાંઈ રસ નથી આવતો. માટે હવે તે બધાને છોડીને હું દીક્ષા લેવાનું નક્કી કરું છું. પરંતુ, તે દીક્ષા લીધા પહેલા ગુરુ પાસે અભ્યાસ કરવા માટે જવા ઇચ્છું છું. આજે જ્યારે સંસારના એક કાંઠાથી ત્રાસીને બીજે કાંઠે જાઉં છું ત્યારે, ખળખળ વહેતા પાણીની જેમ, મારા માનસપટ પર મારા જીવનના એક પછી એક પ્રસંગો ઉપસી રહ્યા છે.

ગારિયાધારમાં સંસ્કૃતના શિક્ષક સાથે થયેલી વાત સૌ પ્રથમ મને યાદ આવે છે. તેમની પાસે ખાનગી ટ્યુશન રાખેલું. કેમકે સંસ્કૃતનું જ્ઞાન મેળવવાની ઇચ્છા હતી. ભણતા–ભણતા 'દશ–અષ્ટ થાણા'—એવું સૂત્ર આવ્યું. શિક્ષકને એનો અર્થ પૂછ્યો કે 'દશ-અષ્ટ એટલે ૧૮ કે ૮૦?' તેઓ કહે 'ખબર નથી.' તેથી મનમાં થયું હતું કે માત્ર સંસ્કૃત ભણવાથી શાસ્ત્રના અર્થનું સાચું જ્ઞાન નહીં થાય. તેના માટે તો ગુરુગમ ને શાસ્ત્રનો ઊંડો અભ્યાસ જોઈએ.

મને એ પણ યાદ આવે છે કે સૌથી મોટાભાઈ દીપચંદભાઈનું મુંબઈનું પાણી (એક પ્રકારનો રોગ) લાગવાથી ૨૮ વર્ષની ભર યુવાન વયે સં. ૧૯૫૭ના એક દિવસે સાંજના ઉમરાળામાં અવસાન થયું હતું. પિતાજી ત્યારે મુંબઈ હતા. તેથી પાર્થિવ શરીર આખી રાત ઘરમાં રાખ્યું હતું. અમે નાના છોકરાઓ ડરી ન જાઈએ એટલે ઘરના વડિલો કહે કે 'મામાને ઘરે રમવા જાવ.' વડીલબંધુના અવસાનથી બધાને ખૂબ જ આઘાત લાગ્યો હતો. અને તેમાં પણ ખાસ કરીને પિતાજીને એ દુઃખ અસહ્ય લાગ્યું હતું. તે પછી ધંધાર્થે પાલેજ ગયેલા સંબંધીઓએ વેપાર કરવા માટે પિતાજીને પાલેજ બોલાવ્યા હતા. અને એ રીતે પિતાજીનું પાલેજમાં આવવું થયું હતું. અને તેથી મારું પણ ૧૩ વર્ષની ઉંમરે સંવત ૧૯૫૯માં આ પાલેજ ગામમાં આવવું થયું હતું. જીવનમાં પહેલી વાર નાનકડા ગામમાંથી મોટા ગામમાં જવાનું થતાં મનમાં હોંશ હતી અને કાંઈક થોડા–ઘણા અંશે નવા વાતાવરણમાં કેમ લાગશે તેની શંકા–કુશંકાઓ પણ હતી.

પાલેજમાં કુંવરજીભાઈ સાથે પિતાજીએ ભાગીદારીમાં દુકાન શરૂ કરી. પરંતુ તેના ચાર વર્ષ બાદ પિતાશ્રીએ સંવત ૧૯૬૩ માં ૫૩ વર્ષની ઉંમરે આ નશ્વર દેહને છોડીને અમારા સહુની વિદાય લીધી. અરે! માતા ઉજમબા તો નાનપણથી જ અમને છોડીને ગયા હતા. તેમ જ મોટાભાઈ દિપચંદભાઈ પણ નાની ઉંમરમાં આ સંસાર છોડી સિધાવ્યા હતાં. અને હવે પિતાજીનું છત્ર પણ અમારા માથેથી ચાલ્યું ગયું. અરે સંસાર! આવા સંસારના દુઃખ! બસ, આ દુઃખથી હવે બસ થાઓ

પિતાજીના સ્વર્ગવાસથી પિતાજીની જગ્યાએ સંવત ૧૯૬૩માં દુકાનમાં મારે જોડાવું પડ્યું હતું. અને સંવત ૧૯૬૩ થી ૧૯૬૮ સુધી પાંચ વર્ષ માટે મેં વેપાર કર્યો હતો. આપણે જૈન છીએ માટે વેપાર પણ પ્રમાણિકપણે કરીએ એ તો સ્વાભાવિક વાત છે. એ પ્રમાણિકતાથી અમારી પેઢીની શાખ ઘણી વધી હતી. મને યાદ છે કે મેં કયારેય કોઈને તોળવામાં ઓછું-અધિક આપ્યું નથી. મારે ઉઘરાણીએ પણ જવું પડતું અને મારી ઉંમર નાની હતી તોપણ ખરીદી કરવા માટે ભરૂચ, વડોદરા, મુંબઈ વગેરે શહેરોમાં જવું પડતું.

મુખ્યત્વે દુકાનમાં પણ હું તો શાસ્ત્રો જ વાંચતો. પરંતુ ભાગીદાર દુકાનમાં જ્યારે ન હોય ત્યારે થડે બેસવું પડતું. છતાં એ બધું ગમતું નહીં. થડે બેઠા-બેઠા પણ મારું ધ્યાન તો જે પુસ્તક વાંચવાનું બાકી રહ્યું હોય તેમાં રહેતું. તેથી, જેવા ભાગીદાર આવે કે તરત જ ફરીને હું શાસ્ત્ર ખોલીને વાંચવા બેસી જતો. કોઈ સાધુ ગામમાં આવે તો મારા માટે તે ઉત્સવનો પ્રસંગ બની જતો. અને હું તેમના આહાર-પાણીની વ્યવસ્થા કરવા માટે દોડી જતો. ચોમાસા દરમ્યાન મહિનાના ચાર અને પર્યુષણ દરમ્યાન પણ ચાર પાણી પીધા વગરના ઉપવાસ કરતો. એક વાર એવું બન્યું કે ઉપવાસ તો કરેલો. પણ ગરમી બહુ લાગી એટલે તરસ બહુ લાગેલી. અને તેથી પાણી પીધું હતું. પર્યુષણમાં પ્રતિક્રમણ પણ હું કરાવતો.—આમ,

વેપાર કરતા હોવા છતાં, ધાર્મિક પ્રવૃત્તિ ને એવા પ્રકારનો રસ ઓછો થયો નહોતો. તથા વેપારમાં પણ બરોબર મને રસ પડતો નહોતો. અને તેથી જ—આવું મારું ધાર્મિક જીવન જોઈને જ-સંબંધીઓ મને 'ભગત'ના નામથી બોલાવતા.

મને યાદ આવે છે કે એકવાર—સવંત ૧૯૬૩માં જ્યારે મારી ઉંમર ૧૭ વર્ષની હતી ત્યારે—હું દુકાને બેઠો હતો. પોલીસ બક્ષીસ માંગવા આવ્યો. અને કહ્યું કે 'કેમ છે શેઠિયાઓ? લાવો દિવાળીની બોણી.' ત્યારે મેં કહ્યું, 'હા ભાઈ.' અને અમારી પેઢીના નિયમ પ્રમાણે મેં એને આઠ આના બક્ષીસ આપવા માંડી. ત્યારે તેણે કહ્યું 'આઠ આના નહિ, રૂપિયો આપો?' ત્યારે મેં કહ્યું 'કેમ ભાઈ! રૂપિયો શા માટે? અમારે અને તમારે શું લેવા-દેવા? અમારો ધંધો સીધો છે. ને તેથી તમારી સાથે કાંઈ કામ પડતું નથી. માટે આઠ આના બરાબર છે. એ જ રાખો.' પોલીસ કહે, 'નહીં, પૂરે-પૂરો રૂપિયો આપો.' મેં કહ્યું, 'ના, આઠ આના રાખો.' કોઈપણ વ્યક્તિ પોતાની વાત મારી ઉપર ઠોકી બેસાડવાની કોશિશ કરે તે મને તો ન ગમે. બસ, થઈ રહ્યું. આ આઠ આના અને રૂપિયાની વાતમાંથી રકઝક ચાલી. પોલીસ પૈસા લીધા વગર ચાલ્યો ગયો. અને વડોદરા જઈને અફીણનો ખોટો કેસ કર્યો. સાક્ષી માટે મને કોર્ટે વડોદરા બોલાવ્યો. કોર્ટમાં અંગ્રેજ ન્યાયાધીશ હતો. જે તેના ક્લાર્કને અંગ્રેજીમાં કાંઈક કહે. અને તે ક્લાર્ક તેનો ગુજરાતીમાં તરજુમો કરીને મને કહે. પરંતુ કોણ જાણે કેમ પણ, તે ન્યાયાધીશના મનમાં એવું થયું કે તેણે કહ્યું કે 'આ સાક્ષીને પાંજરામાં નહીં, પણ બહાર ઊભો રાખો.' અને ત્યાર પછી તો ત્રણ ક્લાક ઉલટ તપાસ ચાલી. મેં તો જે કાંઈ બીના બનેલી તે ન્યાયાધીશને કહી સંભળાવી. મારે સત્ય કહેવામાં શું વાંધો હતો? કશું છુપાવવાનું તો હતું જ નહીં. તેથી જે હકીકત બની હતી તે સ્પષ્ટતાથી કહી દીધી. ત્રણ કલાક એ ઉલટ તપાસ ચાલ્યા પછી સાક્ષી દઈને હું બહાર આવ્યો. બહાર ફાવાભાઈ ચિંતામાં ડૂબેલા

ઊભા હતા. કેમકે ત્રણ કલાક ઉલટ તપાસ ચાલી હતી ને? તેથી તેમને એમ કે શું થયું હશે? માટે, જેવો હું બહાર આવ્યો તેવા જ તે અને બીજા સંબંધીઓ મને ઘેરી વળ્યા. અને પૂછ્યું કે 'શું થયું ભાઈ?' મેં કહ્યું 'શું થયું શું? કાંઈ નથી થયું. જે સત્ય હતું તે કહી દીધું.' અને પછી તો પાલેજમાં જે સ્થળે બનાવ બન્યો હતો ત્યાં અદાલત આવી. અને ચુકાદો આપ્યો કે કેસ તદ્દન ખોટો છે. ત્રણ હજાર રૂપિયાના પગારદાર માણસ પાસે જ્યારે કેસ ચાલે ત્યારે તો સત્ય બહાર આવે જ ને? અને આ રીતે રૂપિયા ને આઠ આનાની રકઝકમાં આવો મોટો કેસ ચાલ્યો. જો કે ચુકાદામાં અમને તો એમ પણ કહેવામાં આવેલું કે જે કાંઈ ખર્ચ થયો હોય તે પોલીસ પાસેથી વસુલ કરી શકો છો. પણ એ તો બિચારો ગરીબ માણસ હતો. તેની પાસે શું વસુલ કરવું? હશે; એના પરિણામ એ ભોગવે.

—આવી રીતે ૨૨ વર્ષની યુવાન વયે કાનજી બેઠા બેઠા વિચાર કરે છે અહા! બીજે દિવસે તો પોતે દીક્ષા પહેલાના અભ્યાસ માટે પાલેજ છોડીને જવાનો છે. પરંતુ તે પહેલા વિચારમગ્ન એ યુવાન કાનજીના મનમાંથી પોતાના જીવનરૂપી નાટકના પાત્રો જાણે કે એક પછી એક ધીરે-ધીરે સજીવન થઈ ને વાતો કરતાં-કરતાં પસાર થવા લાગ્યા.

તેના મનમાં વૈરાગ્યની ખૂબ જ અસર થતી. દુનિયા જ્યારે કોઈ એક પ્રસંગમાંથી બીજા ભાવો ગ્રહણ કરતી ત્યારે એ જ પ્રસંગમાંથી કાનજી વૈરાગ્યના ભાવો ગ્રહણ કરતો. પાલેજની પેઢીનો વેપાર કરતાં-કરતાં દુકાન માટે માલ લેવા પોતાને ઘણીવાર ભરૂચ, વડોદરા, મુંબઈ વગેરે શહેરોમાં જવું પડતું. દિવસ આખો તો કામકાજમાં પસાર થઈ જતો. પણ પછી સાંજના કાંઈ કામ ન હોય ને નિવૃત્તિ હોય એટલે વૈરાગ્યના નાટક જોવા જાય.

સંવત ૧૯૬૩ માં પોતાના જ ગામમાં-પાલેજમાં-રામલીલા ભજવતી મંડળી આવેલી. ઘરમાં લગ્ન-પ્રસંગ હોવાથી તે વખતે ઘરના બધા બહારગામ ગયેલા. માત્ર નોકર ને પોતે જ પાલેજમાં

હતા. તેથી સાંજના રામલીલા જોવા ગયા. ખૂબ જ વૈરાગ્યથી તે રામલીલા ભજવાઈ. અરે! ગામના મંદિરનો પુજારી (બાવો) પણ ખુશ થઈ ગયો. એવી તો આબેહૂબ રામલીલા ભજવાઈ હતી કે રામ ને સીતા બનેલા પાત્રોની તે પુજારીએ આરતી ઉતારી. ત્યારે યુવાન કાનજીને પણ રામલીલા જોઈને વૈરાગ્યની એવી તો ધુન ચડી હતી કે તેણે એક કાવ્ય બનાવ્યું. પોતે તો વેપારી હતા. કાંઈ કવિ નહોતા. છતાં પણ અંતરની સ્ફૂરણાથી આ કાવ્ય બનાવ્યું. આ કાવ્ય એના આવનારા ભવ્ય ભાવિ કાળની એક ઝાંખી સરખું ભવ્યતાથી શોભતું હતું. એ કાવ્યની પહેલી પંક્તિ હતી:

"શિવરમણી રમનાર તું, તુંહી દેવનો દેવ....."

—આવી બાર લીટીની છ કડી બનાવી અને અવ્યક્તપણે સર્વ પ્રથમ તેના પૂર્વના સંસ્કાર બહાર આવ્યા. એ પંક્તિનો અર્થ એવો છે કે આ સ્ત્રીનો રમનાર તું નહીં. પણ તું તો શિવ-મુક્તિ-રૂપી રમણીનો રમનાર છો અને તું દેવાધિદેવ છો. આ કાવ્ય પોતાની નોંધપોથીમાં લખી તો લીધેલું. પણ પછી ગામનું તળાવ ફાટવાથી દુકાનમાં પાણી આવેલું. અને તેથી તે નોંધપોથી પલળી ગઈ હતી.

વૈરાગ્યનો રસ તો નાની ઉંમરથી જ હતો ને! એટલે નાટકમાં આવતાં બીજા કોઈપણ રસની અસર મન ઉપર ન થતાં, વૈરાગ્યની જ ઊંડી અસર થતી. વળી એક ટેવ એવી કે જ્યારે જ્યારે નાટક જોવા જાય ત્યારે તે તે નાટકની ટિકિટ લેવા ઉપરાંત તે નાટકના સંવાદોનું પુસ્તક પણ લે. કારણ કે તેથી પાત્રો શું બોલે છે તે બરાબર સમજાય. તેને એમ થાતું કે જ્યારે નાટક જોવા જઈએ છીએ ત્યારે પાત્રો જે બોલે છે તે જો ન સાંભળીયે ને ન સમજાય તો નાટક ન જોયા બરાબર જ ને?

આવી રીતે એકવાર 'રાજા ભરથરી'નું તેણે નાટક જોયેલું. ૬૨ લાખ માળવાનો અધિપતિ રાજા ભરથરીને તેની પત્ની પિંગળા ઉપર ખૂબ જ પ્રેમ હતો. તેથી, તેની પાસે એક અમર ફળ આવતાં તેણે તે અમરફળ પિંગળાને આપ્યું. પિંગળાએ તે

ફળ અશ્વપાળને આપ્યું. કારણ કે પિંગળાને અશ્વપાળ ઉપર પ્રેમ હતો. પરંતુ અશ્વપાળે તો તે ફળ એક વારાંગનાને આપ્યું. અને વારાંગનાએ રાજા દયાળુ ને પ્રજાપાલક છે એમ વિચારીને રાજા ભરથરીને આપ્યું. આમ તે અમરફળ ફરતું-ફરતું ફરીને રાજા ભરથરી પાસે આવ્યું. રાજા સ્તબ્ધ થઈ ગયો. આ શું? આ ફળ તો મેં પિંગળાને આપ્યું હતું. છતાં, ફરીને મારી પાસે કેમ આવ્યું? પછી ખબર પડી કે પિંગળાને અશ્વપાળ ઉપર પ્રેમ છે. એટલે એકદમ ઉદાસીનતા થતાં રાજા ભરથરી રાજ્ય છોડીને સાધુ થાય છે. અને ગાય છે:

'દેખા નહીં કુછ સાર જગતમેં, દેખા નહીં કુછ સાર;
પ્યારી મારી પિંગળા અશ્વપાલકો યાર.....દેખા નહીં કુછ સાર...'

સાધુ બન્યા પછી ભરથરીને તેના ગુરુ કહે છે કે 'જાઓ, પિંગળા પાસે જઈને ભિક્ષા લઈ આવો.' પિંગળા પાસે જઈને ભરથરી કહે છે કે 'ભિક્ષા દેને મૈયા પિંગળા!.' —આ નાટકમાંથી 'દેખા નહીં કુછ સાર જગતમેં દેખા નહીં કુછ સાર' —એ કડી એવી તો તેના હૃદયમાં ગૂંજતી કે એને ખરેખર સંસાર અસાર લાગતો.

સંવત ૧૯૬૮ માં ભાવનગરમાં 'ધ્રુવ'નું નાટક જોયેલું. તેમાં એમ આવે છે કે જ્યારે ધ્રુવ વનમાં તપ કરતો હતો ત્યારે તેને ચળાવવા માટે ઉપરથી અપ્સરાઓ આવે છે. અને તે કહે છે કે 'હે ધ્રુવ! અમારા આ શરીર તો જો! કેવા કોમળ ને સુંદર છે?' ત્યારે ધ્રુવ ઉત્તર આપે છે કે 'હે માતા! મારે જનમ તો લેવો નથી. પણ હજી જો કદાચ એકાદ અવતાર હશે તો તારી કુંખે અવતરીશ. બાકી બીજી વાત રહેવા દે.'

આવી રીતે ભરૂચમાં 'મીરાંબાઈ?'નું પણ એક નાટક જોયેલું. તેનું એક દૃશ્ય એવું છે કે રાણો મીરાંને પોતાના મહેલમાં આવીને રહેવાનું કહે છે. ત્યારે મીરાં? જવાબ આપે છે કે:
'પરણી મારા પિયુજીની સાથ, બીજાના મીં ઢોળ નહીં રે બાંધું;
નહીં રે બાંધુ રાણા નહીં રે બાંધુ....પરણી મારા પિયુજીની સાથ.'

અને આ ઉપરથી તેને વૈરાગ્યની ધૂન ચડેલી. અને પછી તો પોતે જોડીને ગાતા કે :—

'લગની લાગી મારા આતમની સાથ, રાગના મીં ઢોળ નહીં રે બાંધું;
નહીં રે બાંધુ પ્રભુ નહીં રે બાંધુ...લગની લાગી મારા આતમની સાથ.'

જુઓ, તો ખરા પાત્ર જીવના સંસ્કારો! અહા! કેવા પ્રસંગે ને કેવા નિમિત્તે પણ તે અંતર સન્મુખ થઈને ઉછળી જાય છે!

વડોદરામાં સંવત ૧૯૬૪માં ૧૮ વર્ષની ઉંમરે 'સતિ અનસૂયા'નું નાટક જોયેલું. અને તે નાટકના આ એક દૃશ્યની ઊંડી છાપ એના હૃદયમાં પડેલી. એ દૃશ્ય એવું હતું કે સતિ અનસૂયા એના બેટાને ઘોડીયામાં સુવડાવીને હિચકાવતી હતી. અને હાલરડાં રૂપે ગાતી હતી કે 'બેટા! शुद्धोसि बुद्धोसि निर्विकल्पोसि उदासीनोसि'...વગેરે ઘણા શબ્દો હતા. પણ તેને તો આ ચાર જ શબ્દો યાદ રહી ગયા હતા. 'બેટા! તુ શુદ્ધ છો,' 'બુદ્ધ'-જ્ઞાનસ્વરૂપી છો, પવિત્ર જ્ઞાનમૂર્તિ છો. 'નિર્વિકલ્પ છો'-રાગ વિનાની ચીજ છો' અને 'ઉદાસીન છો'-આખા જગતથી ઉદાસીન છો, દુનિયાથી તારું આસન ભિન્ન છે.

—આમ નાટકમાં આવતા વૈરાગ્યના પ્રસંગોની તેના હૃદય ઉપર ઊંડી અસર થતી. અને પોતે પણ જાણે કે શુદ્ધ હોય, બુદ્ધ હોય એવું કાંઈક અનુભવતો.

સંવત ૧૯૬૪-૬૫ સાલની વાત છે. પાલેજમાં એક સંબંધી ગાતા કે—

'જગતડા કહે છે કે ભગતડા ઘેલા છે,
પણ ઘેલા ન માનશો રે પ્રભુને ત્યાં એ વહેલા છે;
જગતડા કહે છે કે ભગતડા કાલા છે,
પણ કાલા ન માનશો રે પ્રભુને એ વ્હાલા છે...'

આ કડી પણ તેને બહુ ગમતી. કારણ કે દુનિયા તેને 'ભગત' કહેતીને! ઘણા પ્રસંગોએ, વ્યાવહારિક રીતે ડાહ્યા

કહેવાતા લોકોની અપેક્ષાએ, લોકો તેને નાસમજ પણ કહેતા. પરંતુ તેને થાતું કે અમને ઘેલા ન માનશો. કેમકે પ્રભુની પાસે અમે તો પહેલા છીએ. અરે! કાલા ન માનશો. કેમકે પ્રભુને અમે તો વ્હાલા છીએ.

આ પણ પાલેજની જ એક વાત છે. એકવાર બધા જમવા બેઠાં હતા. અથાણું પીરસાયું. તેને થયું કે આ અથાણું કયાં રાખે છે? તે કયાંથી લાવે છે? લાવ, જોઉં તો ખરો. એમ કરીને જ્યાં-ડામચિયા નીચે-અથાણાની બરણી રહેતી હતી ત્યાં જઈને જોયું તો અથાણાની બરણીને ફરતે મેલું કપડું વીંટાળેલું હતું. અને તેની ઉપર અસંખ્ય કંથવા હતા. મનમાં ત્રાસ થઈ ગયો કે અરેરે! આ બરણી ઉઘાડે તો તો કંથવા અંદર પડે અને આવું-અંદર કંથવા પડેલું-અથાણું આપણે ખાવું? આ તો માંસાહાર જેવું થયું. બસ; ત્યારથી જ અથાણું ખાવાનું છોડી દીધું. અને લગભગ ત્યારથી જ રાત્રિના આહાર-પાણી પણ છોડી દીધા.

પાલેજનો જ બીજો એક પ્રસંગ જોઈએ. બહારગામના જાણીતા વેપારી પાલેજ આવ્યા હતા. કુંવરજીભાઈએ કાનજીને કહ્યું કે ઘરે જઈને કહી આવો કે મહેમાન જમવાના છે. કાનજીએ તો ઘરની નીચે ઉભા-ઉભા જ કહી દીધું કે મહેમાન જમવા આવશે. પણ ખુલાસો કર્યો નહીં કે આ મહેમાન એવા છે કે એમના માટે કંસાર બનાવવો. બધાં દુકાનેથી જમવા ઘરે આવ્યાં. બધું પીરસાઈ ગયું. પણ કંસાર ન આવ્યો. તેથી કુંવરજીભાઈએ મોટેથી કહ્યું કે 'કોણ જમવાનું કહેવા આવ્યું હતું? ખબર નથી કે મહેમાન જમવા આવવાના હતા? મિષ્ટાન્ન કરવું જોઈએ ને?' જવાબ મળ્યો કે 'ભગત કહેવા આવ્યા હતાં પણ ખુલાસો નહોતો કર્યો.' કુંવરજીભાઈ કહે કે 'ભગત તો એવાં જ છે. કાંઈ ખબર જ ન પડે.' અહા! જુઓ તો ખરા! ઘરમાં રહેતા હોવા છતાં તથા વેપારાદિનું કામકાજ કરતા હોવા છતાં પણ એનું મન કેટલું અલિપ્ત રહેતું હતું. ખરેખર તો સંસારમાં,

વેપારમાં કે તેના સંબંધોમાં-કયાંય-તેનું મન લાગ્યું જ નહોતું.

સંવત ૧૯૬૫ માં પાલેજમાં સૌ પ્રથમ 'અધ્યાત્મ-કલ્પદ્રુમ' નામનું પુસ્તક વાંચેલું. દુકાન ઉપર જ સજ્જાયમાળાના ચાર ભાગ વાંચેલા. તેમાંથી બે વાત બહુ ગમી હતી. એક તો એ હતી કે 'કેવળી આગળ રહી ગયો કોરો' અને બીજી એ હતી કે 'દ્રવ્ય-સંયમસે ગ્રૈવેક પાયો ફેર પીછો પટકયો'—આ વાંચીને મનમાં થતું કે અરે! આ શું કહે છે? અને ત્યારબાદ 'આચારાંગ' આદિ ગ્રંથો પણ વાંચેલા.

બીજી એક સંવત ૧૯૬૫-૬૬ સાલની વાત છે. પાલેજ સ્ટેશન નજીક એક ધર્મશાળા છે. ત્યાં કબીરપંથી સાધુ અને વેદાંતી સાધુ વચ્ચે ચર્ચા થયેલી. અને કાનજીને ધર્મનો રસ હતો એટલે તે પણ ચર્ચા સાંભળવા ગયેલા. વેદાંતી કહે કે 'ઈશ્વરે જગતને બનાવ્યું છે, ઈશ્વરે બધાને બનાવ્યા છે.' તો કબીરપંથી કહે કે 'જો ઈશ્વરે જગતને બનાવ્યું હોય તો, ઈશ્વરને કોણે બનાવ્યા? અને કયાં ઉભા રહીને ઈશ્વરે જગતને બનાવ્યું? બધી સામગ્રી કયાંથી લાવ્યા?' પછી જૈનોની સામે જોઈને તે કહે કે 'કેમ જૈનો! બરાબર છે ને?' કારણ કે જૈનો ઈશ્વરને કર્તા માનતા નથી ને? વેદાંતી કહે કે 'તું મારો શિષ્ય બન તો પછી સમજાવું' તો કબીરપંથી કહે કે 'પહેલા મને સમજાવ તો પછી તારો શિષ્ય બનું.'—આ પ્રસંગ પણ તેને ખૂબ જ યાદ રહી ગયો હતો.

સંવત ૧૯૬૬ની વાત છે. ત્યારે તેની ૨૦ વર્ષની ઉંમર હતી. કુંવરજીભાઈ દુકાને બેઠા હતા ને જમવાનો સમય થયો હોવાથી તેઓ ઘરે જમવા જવાની તૈયારી કરતા હતા. ત્યારે કુંવરજીભાઈને સહજપણે કુદરતે તેનાથી કહેવાઈ ગયું કે 'કુંવરજીભાઈ! આટલી મમતા? મને તો એમ લાગે છે કે મરીને તમે ઢોરમાં જાશો. કેમકે એટલા તો પુણ્ય નથી-પુણ્યના ઠેકાણા નથી-કે તમે સ્વર્ગમાં જાવ. સ્વર્ગમાં જવાના લક્ષણ દેખાતા નથી. તેમ જ મનુષ્ય થાય તેવું પણ મને દેખાતું નથી. અને માંસ,

દારૂ, જુગાર આદિ તો છે નહિ એટલે નરકમાં પણ નહીં જાવ. બાકી રહી ગઈ એક તિર્યંચ ગતિ. યાદ રાખજો કે આટલી મમતા છે તો મરીને ઢોરમાં જાશો.' કુંવરજીભાઈ ઉંમરમાં મોટા હતા. છતાં પણ આમ કહેવાઈ ગયું. અને તોપણ તેઓ સામે ન બોલે, પરંતુ વાત સાંભળી લે. કારણ કે બધા કહેતા કે ભગત કહે છે તે સાંભળો. તે જે કાંઈ કહેતા હશે તે સમજીને જ કહેતા હશે. અહા ! વેપાર તો પોતે પણ કરતા. પણ આટલો બધો લોહવાટ, મમતા કે હાયવોય નહોતી. જ્યારે આમને તો એટલું બધું અભિમાન કે બધું હું જ કરું છું, હું જ કરુ છું. હું દુકાન સારી ચલાવું છું બીજાની દુકાન તો પડી ભાંગી છે જ્યારે મારી દુકાન તો સારી ચાલે છે. અને નોકર શેઠ, શેઠ કરે તો રાજી રાજી થઈ જાય.—આવું કુંવરજીભાઈનું વર્તન જોઈને અને વેપારમાં આટલો રસ જોઈને તેમને ઘણીવાર કહેતા કે 'કુંવરજીભાઈ ! ગામમાં સાધુ આવ્યા છે. સામું તો જુઓ ! સત્સંગ કે દર્શને તો જાઓ ? છતાં, કુંવરજીભાઈ દુકાન બંધ કરી, નામું લખી તથા બીજું બધું કામ પતાવીને જ પછી ત્યાં રાતના જાય. તેથી સાધુ કહેતા કે રાતડિયા શ્રાવક આવ્યા ! પરંતુ કાનજીને તો આવો રસ હોવાથી તેમ જ બહારના સંસારમાં રસ ન હોવાથી સાધુને જોતાં જ તેની પાસે દોડી જતો.

સંવત ૧૯૬૬–૬૭ની એક વાત છે. દુકાન માટે માલ લેવા પાલેજથી મુંબઈ ગયેલા. ત્યાં પછી કોલાબા જોવા ગયા. કોલાબામાં એક જગ્યાએ સટ્ટાનો એક મારવાડી વેપારી 'લીધા–દીધા, લીધા–દીધા' એમ બોલ્યા કરતો હતો. તેને જોઈને તે વખતે થયું હતું કે આ તો ગાંડો–મૂર્ખ જેવો લાગે છે

તેઓએ કેવી પ્રમાણિકતાથી વેપાર કર્યો હતો તે દર્શાવતા બે પ્રસંગો જોઈ એ. એક વાર કુંવરજીભાઈ સાથે દુકાનનો માલ લેવા મુંબઈ ગયા હતા. માલ ખરીદીને મુંબઈથી ટ્રેન દ્વારા પાછા વળતી વખતે સાથે માલ-સામાન ઘણો હતો. તેથી, તેનું વજન કાયદા પ્રમાણે જેટલું જોઈએ તે કરતાં વધારે હતું. એટલે

મુંબઈ સ્ટેશને કુંવરજીભાઈને વધારાના વજનની ટિકિટ લેવા કહ્યું. ત્યારે કુંવરજીભાઈ કહે કે 'હવે વધારે વજનની ટિકિટ શું લેવી હતી ? અહીંથી બેઠા પછી કોણ પૂછવાનું હતું ? અને પાલેજના સ્ટેશન માસ્તર તો ઓળખીતા છે. માટે તેઓ પણ આપણને કાંઈ નહીં કરે, જવા દેશે.' તરત જ કાનજીએ કહ્યું કે 'ના, એવું ખોટું ન કરાય. વધારે વજનના જેટલા પૈસા લાગે તે ભરી દ્યો.' અને બીજો પ્રસંગ એવો બન્યો હતો કે મુંબઈમાં જે દુકાનેથી માલ લેતા હતા તે દુકાનનો નોકર ઓળખીતો હતો, ઉમરાળાનો જ હતો. એટલે ગોદામમાંથી બીલ પ્રમાણે માલ આપ્યા પછી તે નોકર કહે કે 'લ્યો, આ માલ મારા તરફથી. અને તેના પૈસા મને જ સીધા આપજો.' ત્યારે કાનજી કહે કે 'ના, અમને ચોરીનો માલ ન ખપે. અમે તો બીલ પ્રમાણે જેટલા પૈસા દુકાને ભર્યા છે તેટલો જ માલ લઈશું.'

—આવી રીતે પ્રમાણિકપણે વેપાર કરતાં શાખ તો વધી. પણ પોતાને અંતરમાં સંતોષ થતો નહોતો. કારણ કે પોતે જે ચીજની–સત્યની–શોધમાં હતા તે પ્રાપ્ત થયું નહોતું. તેથી ચિત્ત કયાંય—વેપારમાં કે સંસારમાં—લાગતું નહોતું. અને તે જ કારણે વધારે સમય તો સાધુની સેવામાં ને શાસ્ત્ર-વાંચનમાં જ ગાળતા.

પછી વડીલ બંધુ ખુશાલભાઈના લગ્ન થયાં. અને પોતાના માટે પણ લાખોપતિની કન્યાનું કહેણ–માગું–આવ્યું. ખુશાલભાઈ દુકાને આવ્યા અને કહ્યું કે 'ભાઈ! તારું સગપણ કરવું છે. તૈયારી રાખજે.' ત્યારે કાનજીએ કહ્યું કે 'મોટાભાઈ ! મારું નામ ન લેશો. મારે તો જાવજીવનું (જીવનપર્યંતનું) બ્રહ્મચર્ય છે. અને મારા ભાવ તો દીક્ષા લેવાના છે. નાનાભાઈ મગનનું સગપણ કરવું હોય તો કરો.' મોટાભાઈ ખુશાલભાઈને કાનજી ઉપર ખૂબ જ પ્રેમ હતો. તેથી તેમણે કાનજીને દીક્ષા ન લેવા સમજાવવા માટે, ખૂબ જ પ્રેમથી કહ્યું કે 'ભાઈ ! તારે પરણવું ન હોય તો કાંઈ નહીં. તારી ઇચ્છા. તેમ જ તારે દુકાને ન બેસવું હોય તો

પણ કાંઈ નહીં. પણ તું દીક્ષા ન લે. તું તારે ઉમરાળામાં આપણા ઘરે નિવૃત્તિથી રહેજે. જે કાંઈ ખર્ચ થશે તે અમે મોકલી આપશું. પણ તું દીક્ષા ન લે.' પરંતુ કાનજી તો મક્કમ હતો. તેથી કહે કે 'ભાઈ! તમે ગમે તે કહો. પણ મારે તો મારા આત્માનું કરવું છે. મારે તો દીક્ષા જ લેવી છે.'

પણ દીક્ષા લેવા માટે કોઈ આત્માર્થી ગુરુ તો જોઈએ ને? તેથી, એવા ગુરુની શોધ શરૂ કરી ઘણા સાધુઓ જોયા. પણ કોઈ પસંદ પડયા નહીં. અંતે બોટાદ સંપ્રદાયના હીરાચંદજી મહારાજ પસંદ પડયા. તેઓ એકદમ સરળ, શાંત પ્રકૃતિના હતા, કષાય ઘણો જ મંદ હતો ને સંપ્રદાયની ક્રિયાઓ પણ કડક રીતે પાળતા. તેથી તેમના હાથે દીક્ષા લેવાનું નક્કી કર્યું.

દીક્ષા લીધા પહેલા ખસ ગામમાં કાનજીએ પોતાને બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા દેવા ગુરુને વિનંતી કરી. ગુરુએ તેમના શિષ્યને બોલાવ્યા ને કહ્યું કે 'આ મોતીચંદ શેઠનો દીકરો બ્રહ્મચર્ય લેવા માગે છે. પરંતુ મોટાભાઈની રજા લીધી નથી.' ત્યારે કાનજી કહે કે 'મહારાજ! હું સ્વતંત્ર છું. મારા પર કોઈ પ્રતિબંધ નથી. માટે નિઃસંકોચ પ્રતિજ્ઞા આપો.' અને ભરસભામાં પ્રતિજ્ઞા લીધી. તથા પોતે પ્રભાવના પણ કરી હતી.

દુકાન છોડયા પહેલા ૧૯૬૮માં મુંબઈ ગયા હતા. ત્યાં એક પ્રદર્શન જોયું હતું જેમાં મોટા હિમાલયનો દેખાવ હતો. અને તેમાં એક પૈડાથી ચાલતી ટ્રેન પણ જોઈ હતી.

—આ રીતે આજે પોતે ઊંડા-ઊંડા વિચારમાં ઊતરીને પોતાનો વીતેલો કાળ–ભૂતકાળ–યાદ કરે છે અને આજના દિવસે એટલે કે સંવત ૧૯૬૮ના વૈશાખ માંહનામાં દીક્ષા લેવાના ભાવથી દુકાન છોડે છે. તે વિચાર કરે છે કે આ ભવ અનંત ભવના અંત માટે મળ્યો છે. તેથી હવે જલ્દીથી ગુરુ પાસે જઈને અભ્યાસ શરૂ કરવો. અને ત્યારબાદ દીક્ષા લઈને આત્માનું કલ્યાણ કરવું.

* * *

આજે સંવત ૧૯૭૦ના કારતક વદ અમાસના દિવસે

રૂગનાથ શેઠની દુકાને મારી દીક્ષા લેવાની ભાવના ફળી. જેની ઘણા વખતથી ઇચ્છા હતી તે દીક્ષા લેવાની આજે મને રજા મળી જતાં, માગશર સુદ નોમ ને રવિવારના દિવસે મને દીક્ષા દેવાનું નક્કી થઈ ગયું છે. અને હવે ખાતરી થઈ ગઈ છે કે હું મારા આત્માનું કલ્યાણ અવશ્ય કરી શકીશ.

સંવત ૧૯૬૮ના વૈશાખ મહિનામાં દીક્ષા લેવાના ભાવથી મેં દુકાન છોડી હતી. ત્યારબાદ ગુરુ પાસે અભ્યાસ કર્યો હતો. પાળીયાદમાં પણ ત્રણ મહિના અભ્યાસ કર્યો હતો જે દરમ્યાન ષટ્‌ગુણ-હાનિ-વૃદ્ધિના થોકડા પણ શીખ્યો હતો. તે પછી પાલેજમાં બધાની રજા લેવા પાળીયાદથી પાલેજ જવા નીકળ્યો. રસ્તામાં બોટાદ ઉતરવાનું થયું. ત્યાં ગુલાબચંદજી સાધુ મને મળ્યા. વાતચીત થતાં તેમણે કહ્યું કે 'સાધુ માટે બનાવેલા મકાનમાં સાધુથી રહેવાય નહીં. કારણ કે તેમાં અનુમોદના કોટિ તૂટે છે. અને એક કોટિ તૂટે તો નવેય કોટિ તૂટે છે, એકેય કોટિ રહેતી નથી.' હું તો વિચારમાં પડી ગયો. વિચાર કરતાં વાત સાચી લાગી કે સાધુથી સાધુ માટે બનાવેલા મકાનમાં–ઉપાશ્રયમાં–રહેવાય નહીં. તો પછી આ બધુ શું છે? બધાય સાધુ તો ઉપાશ્રયમાં જ રહે છે? અને હું પણ સાધુ થયા પછી તેમાં જ રહેવાનો છું. અને જો રહીશ તો અનુમોદના કોટિ તૂટશે. તથા એક કોટિ તૂટશે તો તે અખંડ રહેશે નહિ.–આમ ગુલાબચંદજીની વાત તો સાચી લાગી. અને એમ થયેલું કે હાલ પુરતું તો દીક્ષા લેવાનું મુલત્વી રાખું. પણ ના, લાવ ગુરુને પૂછી જોઉં. એમ વિચાર આવ્યો. એટલે ૧૯૬૯માં રાણપુરમાં ગુરુ પાસે જઈને મેં પૂછયું કે 'મહારાજ! સાધુ જો ઉપાશ્રય વાપરે તો કઈ કોટિ તૂટે?' ગુરુને તો ખબર હતી કે હું દીક્ષા લેવાનો છું. એટલે મને સમજાવવા જવાબ આપ્યો કે 'ખુશાલભાઈ તમારા માટે મકાન બનાવે અને તેમાં તમે રહો તો શું વાંધો આવે?' મને જો કે આ જવાબ અંદરમાં બરાબર બેઠો નહોતો. ને તેનાથી સંતોષ પણ થયો નહોતો, જવાબ યોગ્ય લાગ્યો નહોતો. કેમકે

તેનાથી તો અનુમોદના કોટિ તૂટે છે અને એક કોટિ તૂટે તો બધીય કોટિ તૂટે છે. અને તેથી તો છેલ્લા આઠ મહિના ગઢડામાં ગડમથલમાં કાઢ્યા હતા કે હવે મારે શું કરવું ? દીક્ષા લેવાનું તો મેં નક્કી કર્યું છે. પણ જે પંથમાં મારે દીક્ષા લેવાની છે તે પંથની શરૂઆતમાં જ જો મને આ રીતના પ્રશ્નો ઉદ્ભવે ને તે અનુત્તર રહે તો મને સત્ય ક્યાંથી મળે ? પણ પછી થયું કે ચાલો, દુકાન તો છોડી છે ને વળી બ્રહ્મચર્ય પણ લીધું છે. માટે દીક્ષા તો લેવી. પરંતુ પછી હું મારી હાથે જ સત્યને ગોતી કાઢીશ.

—આમ નક્કી કરી હું પાલેજ ગયો. પાલેજથી ઉમરાળા આવ્યો અને આજે—કારતક વદ અમાસના દિવસે—રંગનાથ શેઠની દુકાને નક્કી થયું કે માગસર સુદ નોમ ને રવિવારના દિવસે મને દીક્ષા દેવી. મને એ પણ વાત યાદ આવે છે કે જ્યારે હું ગઢડામાં હતો ત્યારે સ્વામીનારાયણનું મંદિર જોવા ગયો હતો. હું દીક્ષા લેવાનો છું એ વાતની ત્યાં રહેતા સાધુઓને ખબર હતી. તેથી, મને જોઈને સંભળાવવા માટે, એક સાધુ બીજા સાધુને કહે કે 'ઈશ્વરની ઇચ્છા વિના એક પાંદડું પણ હલે નહિ.' કેમકે આપણે જૈનો ઈશ્વરને કર્તા માનીએ નહીં ને ?

—આ રીતે માગસર સુદ નોમ ને રવિવારે દીક્ષા આપવાનું નક્કી થયું અને તે દિવસે મોટાભાઈ ખુશાલભાઈએ ખૂબ ધામ-ધૂમથી દીક્ષા આપી. તે જમાનામાં તેમણે રૂપિયા ૧૮૦૦નો ખર્ચ કરેલો. દીક્ષાયાત્રા પ્રસંગે ખાસ વલ્લભીપુરથી હાથી પણ મંગાવ્યો હતો. તે હાથી ઉપર ચડતાં—ચડતાં નીસરણીમાં ધોતિયું ભરાવાથી ફાટ્યું હતું. અને ત્યારે પોતાને પણ શંકા ગયેલી કે કાંઈક ખોટું થાય છે. પરંતુ તેનો ખુલાસો તો પછી થયો કે વસ્ત્ર સહિત મુનિપણું હોય નહીં.

દીક્ષા લીધા પછી તરત જ શ્વેતાંબર શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ શરૂ કર્યો. અભ્યાસની એવી તો ધૂન લાગેલી કે બીજા કાર્યોમાં સમય જતો તે પણ ખટકતો. કોઈ દર્શન કરવા આવે

તોપણ કાનજીસ્વામી તેમની સામું જોતા નહીં. પરંતુ એ તો વાંચનમાં જ મશગૂલ રહેતા. પાતરાને રંગ દેવામાં અને તેને સૂકવવામાં ઘણો સમય જતો. અને તે પણ તેમને ગમતું નહીં. એટલે એકવાર તેઓ બોલ્યા કે 'આ શું ? સ્વાધ્યાય છોડીને આ કરવું ?' ગુરુ હીરાચંદજી મહારાજને તેમની ઉપર અથાગ પ્રેમ હતો એટલે તેમણે ઘણા જ મીઠાશથી કહ્યું કે 'તો પછી પાતરા વિનાના સાધુને શોધી—ગોતી લાવજે !' ગુરુને એમ કે શું પાતરા વિનાના કોઈ સાધુ હોતા હશે ? પરંતુ કાનજીસ્વામી તો પાછળથી પાતરા વિનાના કુંદકુંદાચાર્યદેવને શોધી જ લાવ્યાને ?

ગુરુ હીરાચંદજી મહારાજ બહુ સરળ પરિણામી ને ભદ્રિક હતાં. ક્યારેય મોટા અવાજે બોલતા નહીં. એક વાર કાનજીસ્વામી થાકી ગયા હોવાથી સાંજના સૂતા—સૂતા સ્વાધ્યાય કરતાં હતા. ત્યારે ગુરુએ ઘણા જ પ્રેમથી કહ્યું કે 'કાનજી ! આ આપણને ન શોભે. થાકી ગયા હોઈએ તો શાસ્ત્રને બંધ કરી આડે પડખે થવું. પણ આ રીતે સૂતા—સૂતા શાસ્ત્ર ન વંચાય. અશાતના થાય.'

હવે દીક્ષા લીધા પછીના બીજા પ્રસંગો જોઈએ :

સંવત ૧૯૭૦ માગશર મહિનો જેતપુર : દીક્ષા લીધા પછી તરત જ જેતપુર ગયેલા. ત્યાં એક કંદોઈનો છોકરો હતો. તેનું નામ હતું ભગવાન. પણ તે બહુ ભોળો હતો એટલે લોકો તેને 'ભગુ' કહેતા. અને પરસ્પર લોકો તેની વાત કરતા હોય ત્યારે બોલે કે 'ભગુ પશુ છે.' અને તેથી તે છોકરો પણ એમ બોલતો કે 'મહારાજ ! ભગુ પશુ છે.' અરે ! અજ્ઞાની પણ ભગવાન થઈને પોતાને પશુ સમાન જ માને છે ને !

સંવત ૧૯૭૧ લાઠી : અહીંયા શાસ્ત્રોનો અભ્યાસ કરવા ઉપધાન કરેલા. એટલે કે એક દિવસ ખાવું ને બીજે દિવસે ન ખાવું—ઉપવાસ કરવો. તથા અહીંયાથી જ જાહેરમાં પ્રવચનો આપવા શરૂ કર્યા હતા. આઠમ ને પૂનમને દિવસે પોષા કરીને બધા બેઠા હોય ત્યારે કાનજીસ્વામી વાંચતા. તેમાં એકવાર

પ્રવચનમાં એમ કહ્યું કે 'જીવ પોતાથી રાગ-દ્વેષ અને મિથ્યાત્વ કરે છે. અર્થાત્ જીવ સ્વતંત્રપણે વિકાર કરે છે. પરંતુ કર્મ કે પરને લઈને તે વિકાર થતો નથી. વિકાર છે તે કર્મથી બિલકુલ થતો નથી. પણ પોતાના ઊંધા પુરુષાર્થથી જ જીવ વિકાર કરે છે. અને સવળા પુરુષાર્થથી તેને ટાળી શકે છે.' અહા! હજી તો દીક્ષાને દોઢ વર્ષ થયું હતું તોપણ આવી વાત એ વખતે તેમણે કરી હતી. કારણ કે ભગવતી સૂત્રમાં એમ આવે છે કે સંશય પોતાથી થાય છે. અને તેથી તેનો આવો અર્થ તેમણે એ વખતે કરેલો. હજી દિગંબર ધર્મના શાસ્ત્રો તો હાથમાં પણ આવ્યા નહોતા. છતાં પણ, તે પહેલાં તેમણે આવો અર્થ કર્યો હતો. અને તોપણ ગુરુએ, ગુરુભાઈએ કે શ્રોતાઓએ તેનો કોઈ વિરોધ ન કર્યો પરંતુ એક દામોદર શેઠ વિરુદ્ધમાં પડયા. છતાં પણ તેઓ સામું ન બોલી શકે. એટલે બીજાને દામોદર શેઠે ખાનગીમાં કહ્યું કે 'મહારાજે (કાનજીસ્વામીએ) આ નવું કયાંથી કાઢયું? આપણા ગુરુએ (હીરાચંદજી મહારાજે) તો કયારેય આવું કહ્યું નથી. તેમ જ આવું આપણે માનતા પણ નથી. આપણે તો કર્મથી જ વિકાર થાય છે તેમ માનીએ છીએ. અને છતાં આમણે આ નવી વાત કયાંથી કાઢી? આ વગર દોરાની પડાઈ (પતંગ) ઉડી છે. પરંતુ કોણ જાણે તે કયાં જઈને પડશે?' જુઓ, અંતે તે દિગંબર જૈન ધર્મમાં જઈને પડી.

સંવત ૧૯૭૧ વેજલકા : અહીંયા રાત્રિના સ્વપ્નમાં એવું આવ્યું કે આખું આકાશ શાસ્ત્રોથી ભરેલું છે. જાણે કે પરમાગમ મંદિરનો સંકેત!

સંવત ૧૯૭૨ ફાગણ સુદ-૧૩-૧૪ સરવા : અહીંયા બનેલી એક ઘટના જોઈએ. ફાગણ સુદ ૧૩-૧૪ ના રાતની આ વાત છે. ગુરુભાઈ મૂળચંદજી વારંવાર કહેતા કે 'કેવળીએ દીઠું હશે તેમ થશે. આપણે શું કરી શકીએ? કેવળીએ દીઠું હશે તો પુરુષાર્થ થશે.' આવી પુરુષાર્થહીન વાત તેઓ વારંવાર કરતા જે કાનજીસ્વામીને ગમતી નહીં. છતાં થોડો વખત

તો સાંભળી લીધી. કેમકે હજી તો પોતે નવ દીક્ષિત હતાને? પરંતુ હવે વધારે વખત સાંખી શકયા નહીં. એટલે કાનજી-સ્વામીએ કહ્યું કે 'કેવળીએ જોયું છે તેમ થશે તે વાત તો બરાબર છે પણ કેવળજ્ઞાન જગતમાં છે તેની પ્રતીતિ કોને થાય? કે જ્ઞાનસ્વભાવી આત્માની દૃષ્ટિ જેને થાય તેને જ તેવી પ્રતીતિ થાય છે. અને ત્રણકાળ-ત્રણલોકને જાણે એવું કેવળજ્ઞાન જેને અંતર બેઠું છે તેના ભવ ભગવાને જોયા જ નથી. એક જ્ઞાનગુણની એક પરિપૂર્ણ પર્યાય તે કેવળજ્ઞાન છે. તો, ત્રણકાળ ત્રણલોકને જાણી શકે એવી એક ગુણની એક સમયની પર્યાયની તાકાત છે. અને આવી તાકાતની જેને શ્રદ્ધા હોય તેને ભવ હોય જ નહીં. અર્થાત્ ભગવાને જોયું છે તેમ થશે એવું જેની દૃષ્ટિમાં બેસી ગયું તેને ભવ હોય જ નહીં.' અને અહો! આ જ ભાવ શ્રી પ્રવચનસારજીની ૮૦ મી ગાથામાં પણ છે ને! કેઃ

'જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.'

આ પ્રવચનસારજી શાસ્ત્ર તો તેમણે ત્યારે વાંચ્યું પણ નહોતું. છતાં, પૂર્વના સંસ્કાર હતા તેથી પ્રવચનસારજીની ૮૦ મી ગાથાના ભાવ વગર વાંચે અંદરથી આવ્યા હતા. કાનજી સ્વામીએ દૃષ્ટાંત આપતા આગળ કહ્યું કે 'ગજસુકુમારનો જ દાખલો જુઓને! ગજસુકુમાર શ્રીકૃષ્ણ સાથે શ્રી નેમિનાથ ભગવાનના સમવસરણમાં ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવા ગયા. વાણી સાંભળતા જ ગજસુકુમારનો અંતરથી પુરુષાર્થ જાગ્યો. ને ભગવાનને કહ્યું કે "મને ભાગવતી દીક્ષા આપો. હું આજ જ મુનિપણું ગ્રહણ કરવા ઇચ્છું છું. ને દ્વારિકાના સ્મશાનમાં ધ્યાન કરવાની મારી ભાવના છે." તો, ભગવાનની વાણી કેવી હશે? શું એવી હશે કે અમે જોયું હશે તેમ થશે. પણ તમે પુરુષાર્થ નહીં કરી શકો? શું એવી પુરુષાર્થહીન વાણી હશે? ભગવાન રાગ ને અજ્ઞાનનો નાશ કરીને વીતરાગ ને સર્વજ્ઞ થયા છે. તેથી તેમની વાણીમાં પણ પૂર્ણ થવાની જ વાત આવે છે. અને તેથી

ભગવાન જેના જ્ઞાનમાં બેઠા છે તેનો પુરુષાર્થ જાગી જ ઉઠ્યો છે ને તેના ભગવાને ભવ જોયા જ નથી'. અહા! પોતાની તો હજી બે વર્ષની દીક્ષા હતી. જ્યારે ગુરુભાઈ મૂળચંદજીની તો દીક્ષા જુની હતી. છતાં, આવી પુરુષાર્થ પ્રેરક વાત કરી. અને પછી કહ્યું કે 'આવી શ્રદ્ધા એટલે કે ભગવાને દીઠું હશે તે દિ' પુરુષાર્થ થશે. આપણે શું કરી શકીએ? આવા શ્રદ્ધા અમને માન્ય નથી. અને આવી શ્રદ્ધાવાળા સંપ્રદાય કે ગુરુ પણ અમને ન જોઈએ.'—એમ કહીને સંપ્રદાય ને ગુરુને છોડીને ઉપાશ્રયની બહાર નીકળતા હતા ત્યારે ગુરુ કહે કે 'કાનજી! આવી શ્રદ્ધા ન નડે.' (અર્થાત્ મૂર્તિને માને તે શ્રદ્ધા નડે. પરંતુ આવી શ્રદ્ધા ન નડે.) ત્યારે કાનજીસ્વામી કહે કે 'ના, આવી શ્રદ્ધા જ નડે.' આમ કહી ગુરુ, સંપ્રદાય વગેરે બધાને છોડીને એકલા બાજુના ગામમાં ચાલ્યા ગયા. પણ પછી બીજે દિવસે મોટા શેઠિયાઓ (કેશવજી ગણેશ વગેરે) તેમને સમજાવવા ગયા. અને મનાવીને પાછા લઈ આવ્યા. તેઓ (કાનજીસ્વામી) પાછા તો આવ્યા. પણ ગુરુ તેમ જ સંપ્રદાય ઉપરથી શ્રદ્ધા ઉઠી ગઈ. ને સત્ય તો મારે જ ગોતવું પડશે તેમ મનમાં નિર્ણય કર્યો.

સંવત ૧૯૭૨ રાણપુર : અષાઢ વદ એકમથી ભાદરવા સુદ પાંચમ સુધી લગાતાર ૫૦ દિવસ પ્રવચન આપ્યા.

સંવત ૧૯૭૩ દામનગર : શાસ્ત્ર વાંચતા વાંચતા એમ આવ્યું કે જક્ષની મૂર્તિની ઊંચાઈ તીર્થંકરની ઊંચાઈ જેટલી છે. આ વાતમાં શંકા પડી કે જક્ષની મૂર્તિને શું તીર્થંકરની સાથે સરખાવાય? તેથી, ગુરુભાઈને ખાનગીમાં આ વિષે પૂછ્યું. તો તે કહે કે 'એ છે તો જિનની—તીર્થંકરની—પ્રતિમા. એ કાંઈ જક્ષની પ્રતિમા નથી. પણ આપણે પ્રતિમાને માનીએ નહીં એટલે તીર્થંકરની પ્રતિમાને બદલે તે જક્ષની પ્રતિમા છે એમ લખ્યું છે.' ત્યારે તરત જ મનમાં થયું કે અરે! આ શું? અંદર માનવું કાંઈક ને બહારમાં કહેવું કાંઈક? ના, ના, ના, આ સત્પંથ નથી. આ શ્રદ્ધા ખોટી છે ને આ મારગ પણ ખોટો છે.

સંવત ૧૯૭૪ અમરેલી: રાજકોટવાળા પ્રાણજીવન માસ્તર સાથે ચર્ચા થઈ કે આકાશના એક પ્રદેશમાં જીવના કેટલા પ્રદેશ રહે? ત્યારે ઉત્તર આપ્યો કે 'આત્મા કયારેય સંખ્યાત પ્રદેશમાં ન રહે. તે અસંખ્ય પ્રદેશમાં જ રહે. તેને રહેવા માટે અસંખ્ય પ્રદેશ જ જોઈએ. હા, આકાશના એક પ્રદેશમાં અનંત આત્માના અનંત પ્રદેશ રહી શકે. પણ એક આખો જીવ રહી શકે નહીં.' આમ જ્યાં કહ્યું ત્યાં ગુરુભાઈ મૂળચંદજી કહે કે 'આવું કયાંથી કાઢ્યું?' તેમણે કહ્યું કે 'કાઢ્યું શું? આ તો વસ્તુનું સ્વરૂપ છે. અને શાસ્ત્રમાં પણ જોઈ લ્યોને!' અને કોઈપણ સિદ્ધાંતને તેની અંદર ઉતરીને તથા ઝીણવટ ભરી રીતે તેને તપાસીને કહેવાની જાણે કે શરૂઆત કરી દીધી.

સંવત ૧૯૭૪ : ગુરુ હીરાચંદજી મહારાજ આ પહેલા વારંવાર કહેતા કે 'કાનજી તું સભામાં વાંચ.' ત્યારે કાનજીસ્વામી કહેતા કે 'મહારાજ! હું વાંચવા નથી આવ્યો. પણ હું તો મારા આત્માનું કરવા આવ્યો છું. અને તેના માટે મેં દીક્ષા લીધી છે.' હીરાચંદજી મહારાજ સમજાવતા કહેતા કે 'તું સભામાં વાંચીશ તો તને નવા-નવા તર્ક ઉઠશે, નવું-નવું જાણવા મળશે.' કાનજીસ્વામી ધીરેથી પણ મક્કમતાથી કહેતા કે 'મને વાંચવાનું કહેવું નહીં. હું તો મારા આત્માનું કાર્ય કરવાનો છું.' છતાં, કોઈ-કોઈવાર ન છૂટકે—જેમ કે લાઠીમાં ને રાણપુરમાં વાંચવું પડ્યું હતું તેમ—વાંચતા. પરંતુ જ્યારે ૧૯૭૪ માં ગુરુ હીરાચંદજી મહારાજ કાળધર્મ પામ્યા ત્યારે તો સકળ સંઘે વિનંતી કરી કે હવે તો કાનજીસ્વામી જ વાંચે. જો કે ગુરુભાઈ દીક્ષામાં મોટા હતા. છતાં સંઘે કહ્યું કે 'કાનજીસ્વામી જ વાંચે.' કેમકે ગુરુભાઈની પ્રકૃતિ એવી ન હતી કે વાંચી શકે. તેથી, સંઘે કાનજીસ્વામીને વિનંતી કરી કે 'સાહેબ! આપ જ વ્યાખ્યાન વાંચો.' એટલે કાનજીસ્વામીની માથે વ્યાખ્યાન કરવાનું આવી પડ્યું. અને ત્યારથી જ જાહેરમાં નિયમિત રીતે દરરોજ વ્યાખ્યાન આપવાનું શરૂ કર્યું.

સંવત ૧૯૭૬ વિઠ્ઠલગઢ : એકવાર વિહાર કરતા કરતા વિરમગામ પાસે આવેલા વિઠ્ઠલગઢ નામના ગામમાં આવ્યા. ગામ ગરીબ હતું. એટલે બીજું કાંઈ ન મળ્યું પણ માત્ર લાલ જુવારના ફોતરાના રોટલા મળેલા.

સંવત ૧૯૭૬ દામનગર : દામોદર શેઠ કહે 'મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી જ મૂર્તિપૂજા હોય. સમકિત થયા પછી મૂર્તિપૂજા ન હોય.' સ્થાનકવાસી મૂર્તિને માને નહીં એટલા માટે તેમણે આમ કહ્યું. ત્યારે કાનજીસ્વામી કહે, 'ના, સમકિતીને જ સાચી મૂર્તિપૂજા હોય છે. મિથ્યાદૃષ્ટિને નહીં. કારણ કે મૂર્તિ એ સ્થાપના છે ને સ્થાપના એ નિક્ષેપનો ભેદ છે. તેથી, જેને નય હોય તેને જ નિક્ષેપ લાગુ પડે છે. કેમકે નયનો વિષય નિક્ષેપ છે. નિક્ષેપ જ્ઞેયનો ભેદ છે જ્યારે નય જ્ઞાનનો ભેદ છે. માટે જેને નય હોય તેને જ નિક્ષેપ હોય છે. અને નય જેને પ્રમાણ જ્ઞાન–શ્રુતજ્ઞાન–હોય તેને જ હોય છે. પરંતુ શ્રુતજ્ઞાન તો સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. મિથ્યાદૃષ્ટિને નહીં. માટે સાચી મૂર્તિપૂજા તેને જ હોય છે. અર્થાત્ જેને શ્રુતજ્ઞાન છે તેને નય છે ને જેને નય છે તેને નિક્ષેપ છે અને તેથી જેને નિક્ષેપ છે તેને જ સાચી મૂર્તિપૂજા હોય છે.'

બીજી એક ચર્ચા વખતે દામોદર શેઠ કહે કે 'તમે પુરુષાર્થની બહુ વાત કરો છો તો, વિકાર થવામાં કર્મના ૪૯% (ટકા) ને ૫૧% (ટકા) જીવના પુરુષાર્થના રાખો.' તો કાનજીસ્વામી કહે કે 'ના, વિકાર થવામાં એકેય ટકો કર્મનો નથી. સો એ સો ટકા જીવના જીવમાં છે. અને સો એ સો ટકા કર્મના કર્મમાં છે. જીવનો એકેય ટકો કર્મમાં છે કે કર્મનો જીવમાં છે એમ બીલકુલ નથી.'

સંવત ૧૯૭૬ નું ચોમાસું દામનગરમાં કર્યું હતું. ત્યારે અધિક માસ હોવાથી ચોમાસું પાંચ મહિનાનું હતું. આ પાંચ મહિના દરમ્યાન શ્વેતાંબરના ૪૫ સૂત્રો ટીકા સહિત વાંચ્યા

હતા. અને એકવાર તો એક દિવસમાં દશ હજાર શ્લોક વાંચ્યા હતા. દિવસમાં દશ-દશ કલાક વાંચન કરતાં.

સંવત ૧૯૭૭ ગોંડલ : 'સાધુને આહાર આપે તો સંસાર ટળે.—આ વાત બરાબર છેને?' આવો કાનજીસ્વામીને પ્રશ્ન થયેલો. તેનો ઉત્તર આપતા કહ્યું કે 'ભાઈ! સંપ્રદાયમાં છીએ એટલે શું કહીએ? તીર્થંકરને રોગ હોય, તેઓ દવા લે અને સાધુને આહાર આપે એટલે ભવ ટળે વગેરે આવી બધી વાતો રહેવા દ્યો. સંપ્રદાયમાં છીએ એટલે કહેતા નથી. પણ આ બધી વાતો સત્ય નથી.'

સંવત ૧૯૭૭ મોટાદ : જેણે I. C. S. ની પરીક્ષા પાસ કરી હતી એવા શીવલાલ પાનાચંદ શાહ પ્રવચન સાંભળવા આવ્યા. તેમને કાનજીસ્વામીએ પૂછ્યું કે 'ભાઈ! આત્માનું કાંઈ વાંચ્યું છે?' ત્યારે તે કહે કે 'વાંચ્યું છે ખરું પણ આત્મા છે કે નહિ તે હજી નિર્ણય કર્યો નથી.'—આ મોટા ભણીને આવ્યા હજી આત્મા છે એમ તેનો નિર્ણય પણ નથી તો પછી આત્મા કેવો છે ને કેમ છે એ વાત તો દૂર રહી.

અહીંયા જ પોરબંદરના એક ભાઈ કહે કે 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે...—આમાં શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે મારે એક ભવે મોક્ષ જવું છે. તો, શ્રીમદ્ છદ્મસ્થ હતા ને ગૃહસ્થાશ્રમમાં હતા તોપણ આવી વાત કરે છે? પંચમ આરાનો ગૃહસ્થાશ્રમી જીવ શું આવું જાણી શકે?' ઉત્તર આપ્યો કે 'અરે! ન જાણી શકે એ પ્રશ્ન જ નથી. ભગવાન આત્મા બધું જાણી શકે તેમ છે. મતિજ્ઞાનવડે ઉપયોગ લાગુ પડી ગયો તો, તે એટલું બધું જાણી લે કે ક્યારે કેવળજ્ઞાન થશે. તે પણ જાણી લે. માટે, શ્રીમદે કહ્યું છે તે બરાબર કહ્યું છે. શ્રુતજ્ઞાન સર્વભાવને જાણે છે તેમ શાસ્ત્રમાં છે. કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે છે જ્યારે શ્રુતજ્ઞાન પરોક્ષ જાણે છે. પરંતુ જાણે છે પૂર્ણ. ભાઈ! આત્માના જ્ઞાનની તાકાતની લોકોને ખબર નથી.'

સંવત ૧૯૭૭ વાંકાનેર : સૌ પ્રથમ ૐકાર અહીં આવ્યો. તથા દીક્ષા લીધા પછી એકવડિયો, ઊંચા દેહવાળો ને ઝરીવાળાં કપડાં પહેરેલ રાજકુમાર સ્વપ્નમાં આવતો. પણ તે કોણ છે તેની સમજ પડતી નહોતી. અને કોઈ કોઈ વાર તો 'હું તીર્થંકર છું' એમ પણ આવતું. તેથી આશ્ચર્ય થતું કે હું તો મનુષ્ય છું છતાં આ શું આવે છે? આમ આનો કયાંય મેળ ખાતો નહીં—આ શું આવે છે તેની સમજણ પડતી નહીં. પરંતુ વારંવાર આ પ્રકારે સ્વપ્નો આવતાં પોતે ઊંડા વિચારમાં ઉતરી જતાં. અને પછી તો ભગવતી માતા પૂ. બહેનશ્રીને જાતિસ્મરણ થતાં બધો મેળ બેસી ગયો કે પોતે ભૂતકાળમાં રાજકુમાર હતા ને ભવિષ્યમાં તીર્થંકર થશે.

સંવત ૧૯૭૮ વૈશાખ વદ આઠમ વિંછીયા : આ દિવસે ૐકાર ધ્વનિ ફરીને આવ્યો. પહેલા આખો ૐ આવ્યો. ત્યારબાદ અડધો ૐ આવ્યો. તે સાથે સાડા બાર કરોડ વાજાં પણ હતા. સ્થાનકવાસી તો ૐકારને માને નહીં. તેથી આશ્ચર્ય થયું કે આ શું? માટે, નારણભાઈને પૂછ્યું કે 'આ શું છે?' તો, તેમણે તરત જ કહ્યું કે 'તમે ભગવાન પાસેથી ભગવાનની વાણી સાંભળીને આવ્યા લાગો છો.' બસ, પછી તો અંતરમાં બધો ફેરફાર ફેરફાર થઈ ગયો.

—આમ દીક્ષા લીધા પછી આઠ વર્ષ વીતી ગયા. તે દરમ્યાન શ્વેતાંબર શાસ્ત્રોનો ઘણો અભ્યાસ કર્યો. અને જેમ જેમ અભ્યાસ કરતાં ગયા તેમ તેમ શંકા—પ્રશ્નો ઉત્પન્ન થવા લાગ્યા. પણ તેનો ઉત્તર મળતો નહીં, સમાધાન થતું નહીં. પોતાનો સ્વભાવ એવો હતો કે તર્કની કસોટી ઉપર ખરી ઉતર્યા પહેલા કોઈપણ વાત માનવી નહીં. તેથી, એમ ને એમ અંધશ્રદ્ધાએ પણ કોઈ વાત માનતા નહીં. માટે મનના પ્રશ્નો નિરુત્તર જ રહેતા. અને એટલે સત્ય પ્રાપ્તિની જિજ્ઞાસા ઉગ્રથી ઉગ્રત્તર થતી ચાલી.

જ્ઞાનપિપાસાની સાથે સાથે સંપ્રદાયનું ચારિત્ર પણ તેઓ કડક રીતે પાળતાં. પોતાના માટે બનાવેલ અનાજનો એક કણ

કે પાણીનું એક બિંદુ પણ તેઓ લેતા નહીં. અને ગામડામાં જતા ત્યારે પાણી ન મળે તો, છાશ પીને પણ ચલાવી લેતા. તેઓને આહાર આપવાની બધાને ઉત્કંઠા રહેતી. પણ આહાર આપતી વેળાએ જરા સરખી પણ ભૂલ થઈ જાય તો ત્યાંથી આહાર લેતા નહીં. આ બધા કારણોને લઈને તેમની ખ્યાતિ આખા સૌરાષ્ટ્રમાં ફેલાઈ હતી. અને તેથી જ્યાં જ્યાં કાનજીસ્વામી પધારતાં ત્યાં ત્યાં લોકોના ટોળાં તેમને સાંભળવા ઉમટી પડતાં. લોકો તેમને પ્રભુ તુલ્ય માનતા અને પૂજતાં. પણ તેઓને અંતરમાં ખટક રહ્યા કરતી કે મારે જે જોઈએ છે—જે પ્રાપ્ત કરવું છે—તે આ નથી.

પરંતુ, તે પણ ખરું જ છે ને કે જે સાચી ભાવના હોય તો તે ફળ્યે જ છૂટકો. જો તીવ્ર ઝંખના જાગી હોય—લગની લાગી હોય—તો વસ્તુ પ્રાપ્ત થાય જ. તો પછી, સત્ય પ્રાપ્તિની લગની લાગી હોય ને તે પ્રાપ્ત ન થાય તેમ કેમ બને? કાનજીસ્વામીના જીવનમાં પણ એક એવો પ્રસંગ બની ગયો કે જેણે તેમનું આખું જીવન ને જીવન દિશા જ બદલી નાખી.

સંવત ૧૯૭૮ ફાગણ માસ દામનગર : દામોદર શેઠે સમયસાર આપ્યું. અને ત્યારે તેમણે કહ્યું કે 'શેઠ! આ અશરીરી થવાનું શાસ્ત્ર છે.' અહા! જે જોઈતું હતું, જે પ્રાપ્ત કરવાની અંતરની ઝંખના હતી તે પ્રાપ્ત થતાં તેમને અપૂર્વ આનંદ થયો હતો. કેમ ન થાય? શું તરસ્યાને અમૃતપાન પીતાં ને ભૂખ્યાને મીઠાં ભોજન મળતાં આનંદ ન થાય? પછી તો સમયસારજીનો સ્વાધ્યાય કરવા, દરરોજ સવારના એક વાર પ્રવચન આપીને તથા આહાર લઈને, ગામની બહાર ચાલ્યા જતાં. ગામની બહાર તળાવ આગળ લાખો મણ ધૂળ કાઢેલ એક ઊંડો ખાડો હતો. તેમાં એકાંતમાં બેસીને સ્વાધ્યાય કરતાં અને પછી છેક સાંજે પાછા આવતાં. સમયસાર વાંચ્યું ત્યારથી જ પર્યાય ક્રમસર—ક્રમબદ્ધ થાય છે તેમ અંદરથી આવ્યું હતું. જો કે આ પહેલાં ૧૯૭૭ ની સાલમાં બોટાદમાં સમયસાર મળેલું. પણ ત્યારે વાંચ્યું નહીં. માત્ર જોઈને બાજુમાં મૂકી દીધેલું. પણ

પછી જ્યારે અહીં દામનગરમાં સમયસાર મળ્યું ત્યારે તો તેને વાંચ્યું ને તેના અલૌકિક ભાવોને અંતરમાં ઉતાર્યા. અધ્યાત્મના ગૂઢ રહસ્યોથી ભરેલા આ પરમાગમના એક-એક શબ્દમાં, પદમાં, વાકયમાં રહેલાં અપૂર્વ ચૈતન્યરસને જ્ઞાનનેત્રથી નીહાળ્યો ને ઘૂંટડે-ઘૂંટડે પીધો, આત્મસાત કર્યો. આથી, અત્યાર સુધી અનુત્તર રહેલા પ્રશ્નોના ધીરે-ધીરે ઉત્તર મળવા લાગ્યા, શંકાનું સમાધાન થવા લાગ્યું. અને એવી પ્રતીતિ થઈ કે સત્ય તો આમાંથી જ મળશે.

પછી તો, એક પછી એક દિગંબર શાસ્ત્રો મળવા લાગ્યા. ૧૯૭૮માં જ પ્રવચનસાર પણ મળ્યું કે જેની ૮૦ મી ગાથાનો ભાવ ૧૯૭૨ માં વગર વાંચ્યે જ ખ્યાલમાં આવી ગયો હતો. પછી અષ્ટપાહુડ મળ્યું. સમ્યગ્જ્ઞાનદીપિકા પણ ૧૯૭૮ માં જ મળી.

સંવત ૧૯૭૮ ચુડા : પ્રવચન પૂરું થયા પછી એક પોલીસે પ્રશ્ન કર્યો કે 'જેમ આપ કહો છો તેમ જો બધા કરવા લાગશે તો પછી આ સંસારના કામ કોણ કરશે?' ત્યારે જવાબ આપ્યો કે 'કરોડપતિ જેને થવું હોય તે એમ વિચાર ન કરે કે બધા કરોડપતિ થઈ જશે તો પછી વાસણ સાફ કરવાવાળા કોણ રહેશે?'

સંવત ૧૯૮૦ બોટાદ : પ્રવચનમાં કહ્યું કે 'કદાચ ઝાઝું જ્ઞાન ન હોય પણ જો આત્માની સાચી શ્રદ્ધા થઈ હોય તો તે સંક્ષેપરુચિ છે. પરંતુ સંપ્રદાયમાં જન્મ્યા એટલે સાચી શ્રદ્ધા છે-સંક્ષેપરુચિ છે એમ નથી.'

એકવાર કહ્યું કે 'આત્માનો અનુભવ તે જ વસ્તુ છે. અને રાગ તે આત્માનો વિભાવ છે' આ સાંભળી એક ભાઈ કહે કે 'આવું કયાંથી કાઢયું? જૈનમાં તો અનુભવ હોય નહીં ને? અને વિભાવ એટલે વળી શું?' અહા! સંપ્રદાયમાં એટલી પણ લોકોને હજુ ખબર નહોતી.

આ જ સાલમાં એક પંડિતની પરીક્ષા કરવા પૂછ્યું કે 'સંજોગી કેવળી એટલે શું?' જવાબ મળ્યો કે 'સમ્+જોગી

કેવળી.' ત્યારે કાનજીસ્વામીએ કહ્યું કે 'ભાઈ! એ સંજોગી શબ્દ જ ખોટો છે. સંજોગી કેવળી ન કહેવાય. પણ સજોગી કેવળી કહેવાય.' આ ઉપરથી મનમાં એમ થયું કે આ કાંઈ પંડિતાઈનો—ભાષાજ્ઞાનનો—વિષય નથી. પણ આ તો ગુરુગમે જાણીને, સમજીને અનુભવ કરવા યોગ્ય વિષય છે. અનુભવનો વિષય છે.

સંવત ૧૯૮૧ ગઢડા : 'જેટલો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય તેટલું આત્મામાં જ્ઞાન થાય' એમ એક ભાઈએ કહ્યું. ત્યારે તેમણે કહ્યું કે 'ના, જેટલો પુરુષાર્થ કરે તેટલું જ્ઞાન થાય.'

સંવત ૧૯૮૨ જામનગર : અહીંયા જીવનમાં પ્રથમવાર આવવું થયું ને તારાચંદભાઈ વારીયા સાથે ચર્ચા થઈ. તેઓ કહે કે 'મન-વચન-કાયની સરળતા તે ધર્મ છે.' ત્યારે કાનજીસ્વામી કહે કે 'ના. અરે, દયા, દાન, વ્રત પણ ધર્મ નથી. તેમ જ સામાયિક આદિથી પણ ધર્મ ન થાય. પરંતુ શુભભાવ થાય. જુઓ, "જ્ઞાનસાગર." તમારે ત્યાંથી પુનાતર તરફથી જે જ્ઞાનસાગર (એક પુસ્તકનું નામ) છપાયેલું છે તેમાં જ કહ્યું છે કે મન-વચન-કાયની સરળતાથી શુભનામ કર્મ બંધાય છે. માટે, તે ધર્મ નથી.' અને બીજી વાત એ કહી કે 'અત્યારે આપણે જે માનીએ છીએ તે મારગ નથી.'

સંવત ૧૯૮૨ વઢવાણ : સુખલાલભાઈ કહે કે 'તરે તે તારે એમ ન કહો. પણ તારે તે તરે એમ કહો.' ત્યારે કાનજીસ્વામીએ પ્રશ્ન કર્યો કે 'ભાઈ! કેટલાને તારે તો તરે? માટે, તારે તે તરે એમ નથી. પરંતુ પોતે તરે તો પછી બીજાને તારવામાં નિમિત્ત થાય.'

સંવત ૧૯૮૨ રાજકોટ : અહીંયા શ્રી મોક્ષમાર્ગપ્રકાશક મળ્યું અને વાંચ્યું. વાંચતા-વાંચતા એવી તો ધુન ચડેલી કે ખાવું, પીવું કે એવી બીજી કોઈ પ્રવૃત્તિ પણ જરાય ગમતી નહીં.

સંવત ૧૯૮૩ : વિરજીભાઈએ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી કાનજી-

સ્વામીને આપવા માટે દામોદર શેઠને દામનગર મોકલેલી. પરંતુ તે ચિઠ્ઠી દામોદર શેઠે આપી નહીં. જો કે પાછળથી તે ૧૯૮૪માં અમરેલીમાં મળી હતી.

સંવત ૧૯૮૩ દામનગર : દામોદર શેઠ અને વિરજીભાઈ વચ્ચે ચર્ચા થઈ. દામોદર શેઠ કહે કે 'લોકાલોક છે તો જ્ઞાન છે' જ્યારે વિરજીભાઈ કહે કે 'લોકાલોક છે માટે જ્ઞાન છે એમ નથી.'—આમ ચર્ચા ચાલી. પછી આ પ્રશ્ન લઈને તેઓ બન્ને કાનજીસ્વામી પાસે આવ્યા. અને પૂછ્યું કે 'આમાં શું સાચું છે?' ત્યારે તેમણે કહ્યું કે 'લોકાલોક છે માટે જ્ઞાનની પર્યાય છે એમ બીલકુલ નથી. જ્ઞાનની પર્યાય તો પોતાને કારણે સ્વતંત્ર ઉભી થાય છે.'

બીજી એક ચર્ચા વખતે પ્રશ્ન થયો કે શાસ્ત્રમાં ઉદીર્ણાની વાત આવે છે ને? ત્યારે જવાબ આપ્યો કે 'તેથી શુ થયું? કાંઈ તેનો અર્થ એવો નથી કે આડું-અવળું થાય છે.'

આ જ સાલમાં દામનગરમાં દામોદર શેઠ સાથે બીજી એક ચર્ચા થઈ. તેમણે કહ્યું કે 'કાળલબ્ધિ પાકશે ત્યારે મોક્ષ થશે. તેમાં પુરુષાર્થ શું કરવો?' ત્યારે કાનજીસ્વામીએ કહ્યું કે 'કાળ-લબ્ધિ શું ચીજ છે? જુઓ, મોક્ષમાર્ગપ્રકાશકમાં પંડિત ટોડરમલજી શું કહે છે? તેઓ (પંડિત ટોડરમલજી) તો એમ કહે છે કે જે સમયે કાર્ય થાય તે કાળલબ્ધિ છે. અને તે વખતે જે ભાવ છે તે ભવિતવ્યતા છે. પરંતુ એ કોઈ વસ્તુ નથી.' ત્યારે દામોદર શેઠ કહે કે 'શું પંડિતજી કેવળી થઈ ગયા? તેમને કેવળજ્ઞાન થઈ ગયું?' ઉત્તર આપ્યો કે 'ભાઈ! કેવળી નથી થયા, કેવળજ્ઞાન નથી થયું. પણ યથાર્થ વાત તો કરે છે કે નહીં? તો, તે વાત તો સાંભળો! શેઠ, વાદવિવાદ ન કરો. કેમકે બોજી જીવે છે અને વાદી મરે છે.—સત્યને શોધવાવાળાનું જીવન રહે છે. જ્યારે વાદી મરે છે.'

સંવત ૧૯૮૪ દામનગર : અહીંયા દ્રવ્યસંગ્રહ વાંચ્યું.

પછી અહીંથી ચોમાસા માટે રાણપુર ગયા. તે દરમ્યાન ચર્ચા થઈ કે કાળદ્રવ્ય પરિણમનમાં નિમિત્ત છે છતાં પણ તે હેય છે અને કાળે પર્યાય થાય છે તેની શ્રદ્ધા કોને હોય? કે જે જ્ઞાનસ્વભાવ સન્મુખ થાય તેને. જ્ઞાનસ્વભાવ સન્મુખ થયા વિના તેનો નિર્ણય હોઈ શકે નહિ.

સંવત ૧૯૮૪ રાણપુર : આ સાલનું ચોમાસું અહીં હતું. ઉપાશ્રયની સામે એક ખૂબ જ ગરીબ માણસ ખાટલો ભરતો હતો. ખાવાનો સમય થતાં તે સૂકો રોટલો ને છાશ ખાતો હતો. છતાં તે એવા રસથી ખાતો હતો કે જાણે કે ચક્રવર્તી ખાતો ન હોય?

અહીંયા જ વાંચતા-વાંચતા એમ આવ્યું કે ઉત્કૃષ્ટ સંવરથી તીર્થંકરગોત્ર બંધાય છે અને જઘન્ય સંવરથી નિર્જરા થાય છે. મનમાં પ્રશ્ન થયો કે આમ કેમ હોઈ શકે? શું સંવરથી કાંઈ બંધ થાય? અને જો આમ હોય તો આ તો બંધને નિર્જરાની અપેક્ષાએ સારો ઠરાવ્યો.

રાણપુરની જ એક બીજી વાત જોઈએ : રૂગનાથ ખત્રી વેદાંતી હતા. તેમણે પ્રશ્ન કર્યો કે 'પરને આત્મા જાણે છે તો તે પરમાં પ્રવેશ કર્યા વગર કેમ જાણે?' કારણ કે તેમને તો બધું અદ્વૈત સિદ્ધ કરવું હતું ને! તેમને જવાબ આપ્યો કે 'આત્મા અગ્નિનું જ્ઞાન કરે છે તો તે અગ્નિમાં પ્રવેશ કર્યા વિના કરે છે કે નહીં? આત્મા અગ્નિને જાણે છે કે નહીં? (હા.) તો તે અગ્નિનું જ્ઞાન અગ્નિમાં પ્રવેશીને થાય છે કે દૂર રહીને થાય છે? (દૂર રહીને થાય છે.) માટે જેમ અગ્નિનું જ્ઞાન દૂર રહીને થઈ શકે છે તેમ લોકાલોકનું જ્ઞાન પણ લોકા-લોકમાં પ્રવેશ કર્યા વિના થઈ શકે છે—થાય છે.'

વીરજીભાઈ વારીયાએ પ્રશ્ન કર્યો કે 'કર્મને કારણે જીવો નિગોદમાં રહ્યા છે ને?' તો જવાબ આપ્યો કે 'ના, પોતાને કારણે રહ્યા છે.'

સંવત ૧૯૮૪ બગસરા : શ્રી મોક્ષમાર્ગપ્રકાશકનો સાતમો

અધિકાર વાંચતા તે ખૂબ જ ગમી ગયેા. પરંતુ શાસ્ત્રો તેા સાથે રાખતા નહિ. તેથી બીજા પાસે તે સાતમેા અધિકાર હાથેથી લખાવી લીધેા.

સંવત ૧૯૮૫ પેાષ મહિનેા બેાટાદ : સભામાં વ્યાખ્યાન આપતા કહ્યું કે 'જે ભાવે તીર્થંકરગેાત્ર બંધાય તે ભાવ ધર્મ નથી. કારણ કે ધર્મથી બંધ ન હેાય અને જેનાથી બંધ થાય તે ધર્મ હેાય નહીં. માટે જે ભાવથી બંધ થાય તે ધર્મ નથી. અને મીઠાશથી–ધીમેથી કહીએ તેા તે અધર્મ છે.' અને બીજી એ વાત કહી કે 'જે મહાવ્રતના ભાવ થાય છે તે આસ્રવ છે.'— આ વાત સાંભળતા તે સહન ન થઈ એટલે એક સાધુ 'વેાસરે, વેાસરે' કહેતા કહેતા ઊઠીને ચાલ્યા ગયા. પણ સભા તેા ખૂબ જ શાંતિથી સાંભળતી રહી. કારણ કે લેાકેાને કાનજીસ્વામી ઉપર ખૂબ જ પ્રેમ હતેા ને! તેથી કાનજીસ્વામી જે કાંઈ કહેતા તે લેાકેા શાંતિથી સાંભળતા. પછી તે સાધુને બીજાએ કહ્યું કે 'તમને એ વાત ગમતી નહાતી તેા શાંતિથી બેસી રહેવું હતું ને? તમેા ઉઠી ગયા તેાપણ જુએા, લેાકેા શાંતિથી કાનજીસ્વામીની વાત સાંભળતા રહ્યા. પરંતુ તમારી વાત લેાકેાએ સાંભળી નહીં.'

સંવત ૧૯૮૫ વઢવાણ : મેાહનલાલજી નામના સાધુએ એક મેાહનમાળા નામનું પુસ્તક બનાવ્યું હતું. તેમની સાથે આ પુસ્તક વિષે ચર્ચા થઈ. તે પુસ્તકમાં એમ લખ્યું હતું કે અભવિને ત્રણ જ આવરણ હેાય. પણ અભવિને મનઃપર્યયજ્ઞાનાવરણીય કે કેવળજ્ઞાનાવરણીય ન હેાય. કારણ કે તેને મનઃપર્યયજ્ઞાન કે કેવળજ્ઞાન થવાનું નથી. ત્યારે તેમને કાનજીસ્વામીએ કહ્યું કે 'આ શું લખ્યું છે? અભવિ પણ કેવળજ્ઞાનસ્વભાવી છે. માટે તેને પાંચેય આવરણ હેાય છે. કેવળજ્ઞાન પ્રગટ ન થાય એ બીજી વાત છે. પરંતુ હેાય તેા પાંચેય આવરણ.' ત્યારે બીજા મુનિ મેાહનલાલજીને કહે કે 'કાનજીમુનિ કહે છે તે સાંભળેા કેમકે લેાકેા તેમનું માનશે. પણ તમારું નહીં માને.'

સંવત ૧૯૮૬ અમરેલી : પ્રવચનમાં ઝીણી વાત આવી

ત્યારે રામજીભાઈ કામાણી કહે કે 'મહારાજ! આવી ઊંચી વાત? અમારી હેાજરી તે પચાવી નહીં શકે, આવી વાત પચાવવી કઠણ પડે છે.' ત્યારે જવાબ આપ્યેા કે 'ભાઈ! રેાટલા ખાતા હેા ને ત્યારે કેાઈ મિષ્ટાન્ન આપે તેા શું એમ કહેા છેા કે અમારી હેાજરી પચાવી નહીં શકે? ત્યારે શું એમ ના પાડેા છેા? તેા પછી આ વાત ન પચે તેમ કેમ કહેા છેા?'

આ જ સાલમાં ને અહીંયા જ નારણભાઈ સાથે 'અનુયેાગ દ્વાર' ચર્ચાયેા હતેા. અને તે ચર્ચા વખતે કહ્યું હતું કે 'મતિ–શ્રુતજ્ઞાની અમુક ન જાણી શકે એ વાત અહીં છે જ નહીં.'

જીવનમાં પહેલી જ વાર આ સાલમાં અહીંયા જાહેર સભામાં સમયસાર પરમાગમ વાંચેલું. પરંતુ ત્યારે લેાકેાને પ્રેમ અને વિશ્વાસ હતેા એટલે કેાઈ પૂછતું નહીં કે શું વાંચેા છેા.

સંવત ૧૯૮૬ વઢવાણ : વીરજીભાઈ સાથે ચર્ચા થઈ કે પેાતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને તથા ત્રણ કાળ ત્રણ લેાકને એક સમયની જ્ઞાનપર્યાય જાણે છે. માટે તે એક જ્ઞાનપર્યાયનું અસ્તિત્વ જ બસ છે.

સંવત ૧૯૮૬ ભાવનગર : કાનજીસ્વામી ભાવનગર પધારેલા. પૂ. બહેનશ્રી ચંપાબહેન તેમના પ્રવચનેા સાંભળીને પછી ઘરે યાદ કરીને લખી લેતાં. એકવાર આહાર લેવા તેમના ઘરે ગયા. ત્યારે પૂ. બહેનશ્રીને જોઈને જ કહ્યું કે 'આ કેાઈ અલૌકિક વ્યક્તિ છે.'

સંવત ૧૯૮૭ વિછીંયા : આ સાલથી જ સામાન્યપણે વિચારેા આવતા કે હવે પરિવર્તન કરવું છે. કારણ કે આ વેશમાં ધર્મનું સાચું સ્વરૂપ ખુલ્લી રીતે મૂકી શકાતું નથી અને તે અંતરમાં ખટકતું. તેથી મેાટાભાઈ ખુશાલભાઈને પણ કહી દીધું કે 'ભાઈ! આ માર્ગ સાચેા નથી. હું હવે આમાં રહેવાનેા નથી ને આ સાધુપણું નથી.' ત્યારે કાનજીસ્વામી ઉપર બહુ જ પ્રેમ હેાવાથી મેાટાભાઈએ કહ્યું કે 'ભાઈ! ધીરે ધીરે છેાડવું.'

એકવાર એક ભાઈ સાથે ચર્ચા થયેલી. તે ભાઈ કહે કે 'મૂર્છા એ પરિગ્રહ છે પણ વસ્ત્ર કયાં પરિગ્રહ છે?' (કેમકે

સ્થાનકવાસીમાં મુનિને વસ્ત્ર હોય છે એમ ઠરાવ્યું છે ને?) ત્યારે તેમણે કહ્યું કે 'પરંતુ ભાઈ! વસ્ત્ર લેવાનો ભાવ જ મૂર્છા કે ને તેથી ત્યાં ચારિત્ર (મુનિપણું) હોતું નથી.'

એક ભાઈ કહે કે 'બધાની એકતા કરો.' (બધા સંપ્રદાયને એક કરો.) ત્યારે એવો ઉત્તર આપ્યો કે 'ભાઈ! દેડકાની સાંધણે ઘી ન તોળાય. તેમ વિચારની એકતા વિના વર્તનની એકતા ન થાય.'

સંવત ૧૯૮૮ જામનગર: આ સાલનું ચોમાસું અહીં હતું. અને ત્યારે ઘણા કાળદ્રવ્યને ઉપચાર માને છે તે સંબંધમાં કહ્યું કે 'જેણે કાળદ્રવ્યને માન્યું નથી તેને નિર્મળ પરિણમન થતું જ નથી.' કેમકે કાળદ્રવ્ય પરિણમનમાં નિમિત્ત છે ને!

બીજી એકવાર કહ્યું કે 'આલોચના, પ્રત્યાખ્યાન ને પ્રતિક્રમણ એક જ છે.' ત્યારે બીજાએ પ્રશ્ન કર્યો કે 'પણ શાસ્ત્રમાં ત્રણ કહ્યા છે માટે તેમાં ભેદ છે ને?' સમાધાન કરતાં કહ્યું કે 'ના, તેઓ છે તો એક જ. પણ કથન પદ્ધતિમાં ત્રણ ભેદ પડે છે.'

સંવત ૧૯૮૯ જેઠ મહિનો ચોટીલા: ગુલાબચંદજી નામના એક સાધુ સાથે વાતચીત થઈ. તેઓ કહે કે 'શાસ્ત્રમાં **જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ** કહ્યો છે ને?' તેનો ઉત્તર આપતાં કહ્યું કે 'રાગ વિનાના આત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. જ્યારે આત્મામાં રમણતા તે ક્રિયા છે. અને આનું નામ **જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ** છે.' પછી ગુલાબચંદજીને કાનજીસ્વામીએ કહ્યું કે 'શાસ્ત્રમાં પ્રતિમા છે.' ત્યારે ગુલાબચંદજી કહે કે 'હા, મને ખબર છે. અને મારી જિંદગી શંકામાં જ ગઈ છે. પરંતુ જો હું શિષ્યોને કહું તો તેઓની શ્રદ્ધા ઉઠી જશે' અહા! અંતરમાં શ્રદ્ધા કાંઈક ને બહારમાં કહેવું કાંઈક? કાનજીસ્વામી કોઈ સાધુ સાથે ઉતરતા નહીં. કેમકે તેઓ તો કોઈ સાધુને સાધુ માનતા જ નહીં. એટલે ચોટીલામાં આગમન થતાં તેઓ બીજે-ઉપાશ્રય સિવાય

બીજે સ્થળે-ઉતર્યા. પરંતુ ગુલાબચંદજી સાધુ કે જેઓ દીક્ષામાં તથા ઉંમરમાં મોટા હતા તેમણે કહેરાવ્યું કે મહારાજને કહો કે મારી સાથે તેઓ ઉતરશે તો મને બહુ આનંદ થશે. એટલે પછી કાનજીસ્વામી તેઓની સાથે ઉતર્યા. તેથી ગુલાબચંદજી બહુ ખુશ થયેલા ને પછી ઉપર મુજબ વાતચીત થયેલી.

સંપ્રદાયમાં એકવાર કહેલું કે 'જે કોઈ જીવ જેવડો ને જેવો છે તેવો ન માનતા, તેને રાગવાળો કે અલ્પજ્ઞ માને છે તે પોતાના જીવને આળ આપે છે અને તેથી તે એવી જગ્યાએ ઉપજશે કે જ્યાં એને બીજા જીવો પણ "આ જીવ છે" તેમ નહીં માને.'

સંવત ૧૯૯૦ વઢવાણ: અનંત કાળથી ક્રમે-ક્રમે કરીને અનંતા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ જાણ્યા છે. પરંતુ અક્રમે—એકી સાથે—અનંતા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જાણ્યા નથી.—આવી વાત ત્યાં થયેલી.

સંવત ૧૯૯૦ રાજકોટ: પરિવર્તન પહેલાના આ છેલ્લા ચોમાસા દરમ્યાન સદરમાં શ્રી સમયસારજીની ૧ થી ૯૯ ગાથા ઉપર જાહેર સભામાં પ્રવચનો થયા હતા. અને ત્યારે કહ્યું હતું કે 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.' પૂર્ણતા એટલે સાધ્ય; મોક્ષ.

એક વાર વીરજીભાઈ સાથે ચર્ચામાં કહ્યું કે 'જાણવું તે બંધનું કારણ નથી.' એકવાર કોઈકે પ્રશ્ન કર્યો કે 'અમે ભવિ છીએ કે અભવિ?' જવાબ આપ્યો કે 'આવો પ્રશ્ન જ ન કરવો. શંકા જ રાખવી નહીં કે હું ભવિ છું કે અભવિ. હું ભવિ જ છું તેવો વિશ્વાસ રાખવો, શ્રદ્ધા કરવી.'

અને આ જ સાલમાં જાહેર કર્યું કે 'હવે હું સંપ્રદાયમાં રહેવાનો નથી.' અરે! પોતાના સંપ્રદાયનો હીરો—પોતાના સંપ્રદાયનો મુખ્ય આધાર એવી વ્યક્તિ—એમ કહે કે હવે હું સંપ્રદાયમાં રહેવાનો નથી? બસ, લોકોમાં ખળભળાટ-ખળભળાટ થઈ ગયો. જેને પ્રેમ હતો તેઓ એમ વિચારવા લાગ્યા કે

કાનજીસ્વામીની એક એક વાત અમારા હૃદયમાં બેસી જાય છે. તેથી તેઓ સંપ્રદાયમાં રહેવાના નથી એમ જે કહે છે તેની પાછળ જરૂર કોઈ કારણ હશે. જે લોકો સરળ સ્વભાવના હતા તેઓ એમ વિચારતા થયા કે જોઈએ તો ખરા તેઓ શું કરે છે. અને જેઓ હઠાગ્રહી ને મતાગ્રહી હતા તેઓએ એમ વિચાર્યું કે જોઈએ તો ખરા કેમ પરિવર્તન કરે છે? પરંતુ કાનજીસ્વામીના ભક્તોને તેમના ઉપર ઊંડી–અપાર શ્રદ્ધા હતી. તેથી તેઓ તો જાણતા હતા કે કાનજીસ્વામી જે કાંઈ કરશે તે સમજીને જ કરશે. જે કાંઈ કરતા હશે તે યોગ્ય હશે તો જ કરતા હશે. છતાં પણ આ તો વાડો– સંપ્રદાય છોડવાની વાત હતી ને! એટલે ધીરે ધીરે ખળભળાટ પ્રસરવા લાગ્યો. અને તોપણ તેઓ તો અડગ રહ્યા.

સંવત ૧૯૯૦ નું રાજકોટ સદરનું ચોમાસું પૂરું કરીને માગસર મહિનામાં રાજકોટથી જામનગર આવ્યા. અને અહીંયા શ્રી સમયસારજીની ૧૦૦ મી ગાથા ઉપર પ્રવચનો કર્યાં.

જામનગરથી વિહાર કરીને ધ્રુવાણ ગામે (જામનગર પાસેનું એક ગામ) આવ્યા. ત્યાં એક પારસીના પુત્ર સાથે—કે જે નાસ્તિક હતો તેની સાથે—વાતચીત થઈ. ત્યારે કહ્યું કે 'આ આકાશના ક્ષેત્રનો અંત ક્યાં છે? ચારે બાજુ ને ઉપર–નીચે એમ દશે દિશાએ તમે ચાલ્યા જાવ તો પણ તેનો ક્યાંય અંત છે? અને જો તેનો અંત આવે તો પછી શું? શું કોઈ નદી, તળાવ, દિવાલ કે વાડ છે? જો તે હોય તો તેના પછી શું? પછી...પછી...કરતાં શું ક્યાંય તેનો અંત છે? તો, તે જેમ છે...છે...છે...તેમ તેને જાણનાર જ્ઞાન પણ છે...છે...છે.

ધ્રુવાણ ગામથી વિહાર કરીને ગઢડા વગેરે ગામોમાં ગયા. અને પરિવર્તન માટેના યોગ્યસ્થળની શોધ કરવા લાગ્યા. ત્યાંથી ઉમરાળા ગયા. કારણ કે દીક્ષા પણ ઉમરાળામાં જ લીધી હતીને? પરંતુ ઉમરાળામાં તો વધુ વિરોધ થયો. લોકો પરિવર્તન ન કરવા સમજાવવા લાગ્યા. કોઈ તો પ્રલોભન પણ આપવા લાગ્યા

કે 'સાહેબ! આપ ગમે તે વાંચો તેનો સંઘને કોઈ વાંધો નથી. પણ આપ આ વેશ–સંપ્રદાય ન છોડો.' ત્યારે તેમણે કહ્યું કે 'ભાઈ! અંતરમાં કાંઈક બીજું રાખવું ને બાહ્યમાં કાંઈક બીજું કહેવું એ અમારો સ્વભાવ નથી.' આવી દૃઢતા જોઈ એટલે લોકોએ ભય પણ બતાવ્યો કે જો પરિવર્તન કરશો તો પછી કોઈ તમારી પાસે આવશે પણ નહીં. તથા તમે જ્યાં જાશો ત્યાં પણ લોકો નહીં આવે. લોકો તમારી વાત સાંભળશે નહીં. અરે, લોકો આહાર-પાણી પણ આપશે નહીં. પરંતુ આવા કોઈ ભયથી ડરે કે આવા કોઈ પ્રલોભનથી લલચાય તેવા તો કાનજીસ્વામી હતા જ નહીં. એવો તેમનો સ્વભાવ જ હતો નહીં. તેઓ તો સિંહ-વૃત્તિના નીડર, સ્વમાની મહાપુરુષ હતા. પછી, ઉમરાળામાં પરિવર્તન કરવું નહીં એમ નક્કી કરી સંવત ૧૯૯૧ ના ફાગણ વદ ત્રીજના દિવસે સોનગઢ આવ્યા.

શાંત શાંત ટેકરીઓની વચ્ચે ધરતી પરની સ્વર્ગ જેવી એ જગ્યા જોતાં જ જાણે કે તેમને ઊંડે ઊંડેથી હકાર આવ્યો કે આ તો જુગ જુગ જૂની ધરતી જાણે કે રાહ જોઈને ઊભી છે.—એવું મનમાં લાગ્યું અને પોતાનું મન પણ શાંત થયું. ફર ફર કોઈ એકાંતવાળા નાનકડા ગામમાં—કે જ્યાં મોટા જૈન સમાજ વિના માત્ર એક કે બે જૈનના ઘર હોય તેવા ગામમાં—પરિવર્તન કરવું જેથી કરીને લોકોને મારા કારણે કષાય પણ ન થાય–આમ વિચારીને સોનગઢમાં પરિવર્તન કરવાનું નક્કી કર્યું. ત્યારે હીરાભાઈ દામાણીએ કહ્યું કે 'સાહેબ! આ મારી બંગલી છે. તો આપને યોગ્ય લાગે તો આમાં જ રહીને પરિવર્તન કરો.' એ બંગલીનું નામ હતું સ્ટાર ઓફ ઇન્ડિયા. અને એ રીતે ચૈત્ર સુદ તેરસે—મહાવીર જયંતિના દિવસે—શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચિત્રપટ સમક્ષ સંપ્રદાયનું ચિહ્ન જે મુહપત્તિ હતી તેનો ત્યાગ કર્યો. અને પોતાને સંપ્રદાયના સાધુને બદલે સનાતન દિગંબર જૈન ધર્મના અવતી શ્રાવક ઘોષિત કર્યાં. તે પ્રસંગે એક નિવેદન લખેલું. જે નીચે મુજબ છે :

નિવેદન

ૐ શાંતિ ૐ શાંતિ

શ્રી પરમ સહજસ્વરૂપ જિનેન્દ્ર વીતરાગાય નમઃ

વર્તમાન સ્થિતિનું પરિવર્તન

આમાં મારા આત્મહિતની વિશેષ વૃદ્ધિના કારણો મને ન લાગતાં, સંવત ૧૯૮૯ના પર્યુષણમાંથી ફેરફાર કરવાની વિશેષવૃત્તિ જણાઈ. જો કે ૮૭થી તે સામાન્યપણે વિચારો આવતા હતા. તેના કારણોમાં ધર્મની વિશાળતાનું સ્વરૂપ બહાર મૂકતાં અચકાવું પડતું તે ચિત્તમાં આઘાતરૂપ લાગવું. તેમ જ બહારની કેટલીક મતની સંકુચિતતાના લીધે જે સ્થિતિમાં છઉં તેમાં, વિરૂદ્ધતા ન થાય તો ઠીક તેમ થઈ કેટલોક વખત વીત્યો. ૮૭ની સાલથી નિવૃત્તિ લેવી, પ્રતિબંધ ઓછા કરવા તેમ વારંવાર વિચારો આવ્યા કરતા હતા. તેમાં ૮૯ પછી તુરત જ નિવૃત્તિ લઈ કયાંક વિશેષ રોકાવું તેવા ઘણા જ વિચારો આવતા. પણ કયાં રહેવું તે નક્કી થતું નહીં. પછી તેમ વિચારો થયા કે ૯૦ની સાલ રાજકોટ રહેવું. પછી નિર્ણય ઉપર આવવું. હવે મારું હિત વર્તમાન સ્થિતિમાં વિશેષ વૃદ્ધિરૂપ ન લાગતાં આ પરિવર્તન થાય છે. મને આ સંપ્રદાયમાં દીક્ષિત થયા ૨૧ વરસ થયા. તેમાં મારી યથાશક્તિ સૂત્રો, ગ્રંથો વાંચી–વિચારી–જાણીને મને આ રીતે હવે અનુકૂળતા જણાઈ તે માટે આ પરિવર્તન છે...

—આમ આપણે જોયું કે જન્મથી લઈને તેર વર્ષની ઉંમર સુધી ૧૩ વર્ષ (સંવત ૧૯૪૬ થી ૧૯૫૯ સુધી) ઉમરાળામાં રહ્યા. પછી ૨૨ વર્ષની ઉંમર સુધી એટલે કે બીજા નવ વર્ષ (સંવત ૧૯૫૯ થી ૧૯૬૮ સુધી) પાલેજમાં રહ્યા. ત્યારબાદ ૧૧ વર્ષ (સંવત ૧૯૬૮થી ૧૯૭૦ સુધી) ગુરુ પાસે અભ્યાસ કર્યો અને પછી ૨૪ વર્ષની ઉંમરથી ૪૫ વર્ષની ઉંમર સુધી ૨૧ વર્ષ ને ચાર મહિના (સંવત ૧૯૭૦થી ૧૯૯૧ સુધી) સંપ્રદાયમાં સાધુ તરીકે રહ્યા ને પછી ૪૫ વર્ષની વયે પરિવર્તન કર્યું. ત્યારબાદ...

(ક્રમશઃ)

ૐ શાંતિ નિવેદન ૐ શાંતિ, શ્રી પરમ મૌનસ્પદ જ્ઞાનંદ વિતરાગાય નમઃ

વર્તમાન સ્થિતનું પરિવર્તન. આમા મારું આત્મ હિત ના વિશેષ વૃધ્ધિના કારણે મનને લાગતાં સંવત
૧૯૮૯ના પર્યુષણમાંથી ફેરફાર કરવાની વિશેષવૃત્તિ જણાઈ જેથી છ એ તે સામાન્યપણે વિચારો
આવતા હતા. તેના કારણો મા વિશાળતાનું સ્વરૂપ બહાર મુકતાં અયોગ્ય પડતું તે ચિત્તમાં આધાંત રૂપ લાગ્યું તે
મન બહારની ફિલસૂફ મનની સંકુચિતતાનો સિધ્ધ, જે સ્થિતિમાં છઉં તેમાં વિરોધતા નવાય તો ઠીક તેમ થઈ ફિલોસ્ફ વધુ
ન વિચ્યો. છ ની સાલથી નિવૃત્તિ લેવી પ્રતીબંધ ઓછા કરવા તેમ વારંવાર વિચારો આવ્યા કરતા હતા
તો તેમાં ૮૯ પછી તુરંત જ નિવૃત્તિ લઈ ક્યોંક વિશેષ રોકાવું તેવા ઘણાજ વિચારો આવતા પણ ક્યાં રહેવું
તે નક્કી થયું નહિ. પછી તેમ વિચારો થવાથી ૯૦ની સાલ રાજકોટ રહેવું પછી નિર્ણય ઉપર આવ્યું,
હવે જો મારું હિત પર્વતમાન સ્થિતમાં વિશેષ વૃધ્ધિ રૂપ ન લાગતો આ પરિવર્તન મન આ સંપ્રદાયમાં થયું છે
દિક્ષિત થયાં ૨૧ વરસ થયાં તેમાં મારી યથા શક્તિએ સુત્રો ગ્રંથો વાંચ્યા વિચારી જણાતા મને આ
રીતે રૂપે અનુકૂળતા જણાઈ તેમાંથી આ પરિવર્તન છે

(પૂ. ગુરૂદેવ શ્રી કાનજીસ્વામીનું પરિવર્તન કરતી વખતનું નિવેદન તેઓશ્રીના હસ્તાક્ષરમાં)

કહાન મેરો કહાન....

(રાગ :–ગીત ગાતા ચલ, સીયારામ જયજયરામ)

કહાન મેરો કહાન તેરો નામ હૈ મહાન...(૨)

એ...સુદ વૈશાખી દૂજ વો આયી,
વિદેહસે મહેમાન કો લાઈ...કહાન મેરો કહાન.

એ...બચપન બીતા આયી યુવાની,
આતમ બિન કછુ બાત ન ભાઈ...કહાન મેરો કહાન.

એ...ચોબીસ વર્ષે દીક્ષા પાયી
સત્કી જ્યોત હાથ ન આયી...કહાન મેરો કહાન.

એ...ક્રિયા કર્મમેં ધર્મહી મનાના,
બાત વો તુજકો રાસ ન આયી....કહાન મેરો કહાન.

એ...પુણ્ય ઉદય હમ સબકા આયા,
સમયસાર તેરે હાથમેં આયા...કહાન મેરો કહાન.

એ...મુક્ત સ્વરૂપકો બંધન કૈસા,
પરિવર્તન કર તૂને દિખલાયા...કહાન મેરો કહાન.

એ...ચૈત્ર શુકલા વો તેરસ આયી,
સુવર્ણપુરીમેં જ્ઞાનગંગા બહાયી...કહાન મેરો કહાન.

એ...સ્યાદવાદ અનેકાંત બતાયા,
ઘર ઘર આતમ રામ પહુંચાયા...કહાન મેરો કહાન.

એ...ફર ફર ફરકે ધરમ ધ્વજાએ,
દેશવિદેશ જિનાલય પાએ...કહાન મેરો કહાન.

એ...રંગ રાગ ઔર ભેદસે ભીન્ન મૈં,
ભક્ત કો તૂને ભગવાન બનાયા...કહાન મેરો કહાન.

એ...છોડ ચલે હમ સબકો અચાનક,
ઉદય અશુભ હમ સબકા આયા...કહાન મેરો કહાન.

એ...આખિર સંદેશ સહજાતમકા,
સર્વજ્ઞદેવ વો ગુરુ દિખાયા...કહાન મેરો કહાન.

એ...ઇસ મિટ્ટીમેં ભી આતમ આતમ,
ઇસ હવામેં ભી ધ્રુવ પરમાતમ...કહાન મેરો કહાન.

—૦—

પરમાગમસાર

[પૂ. ગુરુદેવે ખાસ લખાવેલા પરમાગમના સારભૂત અમૂલ્ય સિદ્ધાંતો]

૧ એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહીં, સ્પર્શે નહીં. —સમયસાર ગા. ૩

૨ દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે. —સમયસાર ગા. ૩૦૮/૩૧૧

૩ ઉત્પાદ, ઉત્પાદથી છે. વ્યય કે ધ્રુવથી નથી. —પ્રવચનસાર ગા. ૧૦૧

૪ ઉત્પાદ, પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે. —પંચાસ્તિકાય ગા. ૬૨

૫ પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે. —સમયસાર ગા. ૧૮૧/૧૮૩

૬ ભાવશક્તિને કારણે પર્યાય હોય જ છે. કરવી પડતી નથી. —સમયસાર શક્તિ ૩૩

૭ ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. —સમયસાર ગા. ૧૧

૮ ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. —પંચાસ્તિકાય ગા. ૧૭૨

૯ સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે. —નિયમસાર ગા. ૧૪૫

૧૦ ધ્રુવનું આલંબન પણ વેદન નહીં. અને પર્યાયનું વેદન પણ આલંબન નહીં. —વચનામૃત બોલ ૩૭૬

૧૧ સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ.
પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ કલ્પના.
સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ.
પરક્ષેત્ર એટલે પ્રદેશમાં ભેદ પાડવો. તે.
સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા.

પરકાળ એટલે એક સમયની પર્યાય.
સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજશક્તિ
પરભાવ એટલે ગુણભેદ (ગુણમાં ભેદ પાડવો તે.)
—સમયસાર કલશ ટીકા. કલશ નં. ૨૫૨

૧૨ પર્યાયનું કારણ પર્યાય જ છે.
પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે.
પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે.
પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે.
પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે.—ચિદ્વિલાસ પા. ૮૯

૧૩ એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. —ચિદ્વિલાસ પા. ૭૫

૧૪ એક દ્રવ્યમાં અનંત ગુણ.
એક ગુણની અનંત પર્યાય.
એક પર્યાયમાં અનંત નૃત્ય.
એક નૃત્યમાં અનંત થટ.
એક થટમાં અનંત કળા.
એક કળામાં અનંત રૂપ.
એક રૂપમાં અનંત સત્. (સત્તા)
એક સત્તામાં અનંત ભાવ.
એક ભાવમાં અનંત રસ.
એક રસમાં અનંત પ્રભાવ
—અધ્યાત્મપંચસંગ્રહ (સવૈયા પાનું ૧, જ્ઞાનદર્પણ પાનું ૨૬)

૧૫ સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.
સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.
પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.

પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજે.
પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજે.
પરભાવથી વિરકત થા. —શ્રીમદ્ રાજચંદ્ર

૧૬ ભાવશક્તિ : વિદ્યમાન — અવસ્થાવાળાપણારૂપ. (અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય એવાપણારૂપ ભાવશક્તિ).
ભાવશક્તિ : (કર્તા, કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી (હોવામાત્રમયી, થવામાત્રમયી).
ભાવનય : આત્મદ્રવ્ય, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળ પર્યાયરૂપે ઉલ્લસે-પ્રકાશે-પ્રતિભાસે છે.
—સમયસાર શક્તિ ૩૩, ૩૯. પ્રવચનસાર નય ૧૫

૧૭ અનેકાંત : એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.
—સમયસાર પરિશિષ્ટ પાનું ૬૦૯

૧૮ પરમાં અકિંચિત્કર હોવાથી આ અધ્યવસાન પોતાની અર્થ-ક્રિયા કરનારું નથી.
—સમયસાર ગાથા ૨૬૬

૧૯ दंसणभट्टा भट्टा दंसणभट्टस्स णत्थि णिव्वाणं ।
सिज्झंति चरियभट्टा दंसणभट्टा ण सिज्झंति ॥
દ્રગ્ભ્રષ્ટ જીવો ભ્રષ્ટ છે, દ્રગ્ભ્રષ્ટનો નહિ મોક્ષ છે;
ચારિત્રભ્રષ્ટ મુકાય છે, દ્રગ્ભ્રષ્ટ નહિ મુક્તિ લહે.
—દર્શન પાહુડ ગા. ૩

૨૦ जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा ।
कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ॥
જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.
—નિયમસાર ગા. ૩૮

૨૧ पुव्वुत्तसयलभावा परदव्व परसहावमिदि हेयं ।
सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा ॥
જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ શુદ્ધનિશ્ચયનયના બળે

હોય છે. કારણ કે તેઓ પરસ્વભાવો છે અને તેથી જ પરદ્રવ્ય છે.
—નિયમસાર ગા. ૫૦.

૨૨ એક જ સમયમાં સર્વદર્શિત્વશક્તિ અને સર્વજ્ઞત્વશક્તિ છે —આ અદ્ભુત રસ છે. —અધ્યાત્મ પંચ સંગ્રહ
(પરમાત્મપુરાણ પા. ૫૨)

—૦—

અનેકાંતને હજુ વિશેષ ચર્ચે છે.

(શ્રી સમયસારજીના પરિશિષ્ટ ઉપરથી પૂજ્ય ગુરુદેવે લખાવેલી નોંધ)

૧ ક્રમરૂપ અને અક્રમરૂપ અનંત ધર્મસમૂહ જે કાંઈ જેવડો લક્ષિત થાય છે તે સઘળોય ખરેખર એક આત્મા છે.
૨ જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની અનંત શક્તિઓ ઊછળે છે.
૩ ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે.
૪ એકેક શક્તિ અનંતમાં વ્યાપક છે.
૫ એક શક્તિ અનંતને નિમિત્ત છે.
૬ એક શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે છે.
૭ એક શક્તિમાં ધ્રુવ ઉપાદાન, ક્ષણિક ઉપાદાન છે.
૮ એકેક શક્તિમાં વ્યવહારનો અભાવ છે.
૯ તે જ અનેકાંત છે, સ્યાદ્વાદ છે.
૧૦ શક્તિ પારિણામિકભાવે છે.
૧૧ કર્તા આદિ છ કારકો અભિન્ન છે અને નિરપેક્ષ છે.
૧૨ એકેક શક્તિમાં અનંત શક્તિનું રૂપ છે.
૧૩ જન્મક્ષણ, તે જ નાશક્ષણ.
૧૪ ઉત્પાદ, ઉત્પાદના કારણે છે.
૧૫ કાળલબ્ધિ છે.
૧૬ પોતપોતાના અવસરે થાય છે.
૧૭ નિશ્ચય-વ્યવહાર છે.

૧૮ શક્તિ અને શક્તિવાનનો ભેદ પણ દૃષ્ટિનો વિષય નથી.
૧૯ ક્રમવર્તી જ્ઞાનપર્યાય તે પરને જાણે એ પણ વ્યવહાર છે
૨૦ જાણનાર જાણનારનો છે એવા સ્વ-સ્વામી અંશથી શું સાધ્ય છે?
૨૧ રાગને ઉપાદેય માને તે આત્માને હેય માને છે;
—આત્માને ઉપાદેય માને તે રાગને હેય માને છે.
૨૨ દરેક શક્તિમાં અકાર્ય–કારણનું રૂપ છે.
૨૩ દરેક શક્તિમાં ત્યાગ–ઉપાદાન શૂન્યત્વ છે.

* શક્તિઓ *

(પરમાગમ શ્રી સમયસારજીની ૪૭ શક્તિઓ ઉપરાંત, શાસ્ત્ર-સમુદ્રનું મંથન કરીને પૂ. ગુરુદેવે શોધી કાઢેલી કેટલીક શક્તિઓ.....)

૧–સમકિત.
૨–ચારિત્ર.
૩–સ્વયંસિદ્ધત્વ.
૪–અજ.
૫–અખંડતા.
૬–વિમળ.
૭–ભેદ.
૮–અભેદ.
૯–નાસ્તિ.
૧૦–સાકાર.
૧૧–નિરાકાર.
૧૨–વસ્તુત્વ.
૧૩–અચળ.
૧૪–ઊર્ધ્વગમનત્વ.
૧૫–સત્.
૧૬–અસત્.
૧૭–સૂક્ષ્મ.
૧૮ સ્થૂલ.
૧૯–અપ્રમેયત્વ.
૨૦–અન્યત્વ.
૨૧–અનંત અગુરુલઘુત્વ
૨૨–ભવ્ય
૨૩–અભવ્ય.
૨૪–સર્વગતત્ત્વ.
૨૫–દ્રવ્યત્વ.
૨૬–અવગાહન.
૨૭–અવ્યાબાધ.
૨૮–સૂક્ષ્મ.
૨૯ અગુરુલઘુ.
૩૦–વિભાવ.
૩૧–યોગ.
૩૨–અવગાહન.
૩૩–ક્રિયાવતી.
૩૪–ભોકતૃત્વ.
૩૫–અસર્વગતત્ત્વ.
૩૬–પૂર્ણ.

૩૭–અનાદિ સંતતિ બંધનબદ્ધત્વ.
૩૮–નિત્ય.
૩૯–પરમભાવ.
૪૦–નિજધર્મભાવ.
૪૧–ધ્રુવભાવ.
૪૨–કેવળભાવ.
૪૩–શાશ્વતભાવ.
૪૪–અતુલભાવ.
૪૫–અછેદ્યભાવ.
૪૬–અમિતભાવ.
૪૭–પ્રકાશભાવ.
૪૮–અપાર મહિમાભાવ.
૪૯–અકલંકભાવ.
૫૦–અકર્મભાવ.
૫૧–અઘટભાવ.
૫૨–અભેદભાવ.
૫૩–નિઃસંસારભાવ.
૫૪–કલ્યાણભાવ.

(આધાર—પ્રવચનસાર પૃ. ૧૫૦, અનુભવપ્રકાશ પૃ. ૬, રાજવાર્તિક પૃ. ૫૫૯, પદ્મનંદીપંચવિંશતિકા પૃ. ૧૮૧, પરમાત્મ-પુરાણ પૃ. ૩૫).

નિત્ય ક્રમ....

(પૂ. ગુરુદેવશ્રીની દિવસ દરમ્યાન પ્રવૃત્તિની—દિનચર્યાની —આછી ઝલક)

સવારે:—દરરોજ વહેલી સવારે (લગભગ ૪ વાગે) ઉઠી જવું અને પથારીમાં જ બેઠાબેઠા ચિદાનંદ ભગવાન તથા વીતરાગી પરમાત્માઓનું સ્મરણ કરીને 'નિત્ય સ્વાધ્યાય' કરવો. આ યાદ કરેલો મૌખિક સ્વાધ્યાય નીચે મુજબનો હતો—

૧. ૧૬ સમયસારજીની ગાથા. (૧ થી ૧૬ સુધીની મૂળ ગાથાઓ)
૨. ૪૭ સમયસારજીની શક્તિ. (વ્યાખ્યા સહિત)
૩. ૪૭ પ્રવચનસારજીની નય. (વ્યાખ્યા સહિત)
૪. ૨૦ અલિંગગ્રહણના બોલ. (પ્રવચનસારની ૧૭૨ મી ગાથા)
૫. ૬ અવ્યક્તના બોલ. (સમયસારજીની ૪૯ મી ગાથા)
૬. ૧૦ શ્રીમદ્ રાજચંદ્રજીના બોલ. (સ્વદ્રવ્ય-અન્યદ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ આદિ)
૭. ૨૪ તીર્થંકર.
૮. ૫ બાલ બ્રહ્મચારી તીર્થંકર.

ઉપર મુજબનું બધું જ મોઢે કરેલું અને દરરોજ સવારે પથારીમાં બેઠા-બેઠા તેનું સ્મરણ કરતાં અને તેમાંથી નવા નવા ન્યાયો વિચારતાં-કાઢતાં. તે ઉપરાંત સ્વરૂપનું મનન-ચિંતવન-મંથન-ઘૂંટણ કરતાં. પછી પથારીનો ત્યાગ કરવો. અને વ્હાલા સીમંધરાદિ ભગવંતોને બહારથી જ વંદન કરીને શૌચાર્થે ફરવા જવું. ઘણી વાર તો પાલીતાણા બાજુ જ જતાં. પરંતુ કોઈક વાર રાજકોટ રોડ ઉપર પણ ફરવા જતાં. (સૂર્યોદયમાં થતા ફેરફાર પ્રમાણે ફરવા જવાના સમયમાં પણ ફેરફાર થતો.) ઘણા વર્ષો સુધી તો બેઢાદ માઈલ જેટલું ફરવા જતાં. પણ પછીથી થોડે સુધી જ ફરવા જતાં અને છેલ્લે તો સ્વાધ્યાય-મંદિરમાં જ ફરતાં. ફરવા જતી વખતે સાથે મુમુક્ષુઓ પણ રહેતા. અને તેઓની સાથે તત્ત્વચર્ચા-વાર્તા થતી. કોઈ કોઈ વાર આવેલ સ્વપ્નાની કે વિચારમાં-મંથનમાં-આવેલ કોઈ નવા ન્યાયની વાત પણ કરતા.

ફરીને આવ્યા પછી તથા સૂર્યોદય થયા પછી, મુખશુદ્ધિ આદિથી સ્વચ્છ થઈને સૌથી પહેલાં જિનેન્દ્ર ભગવાનના દર્શને જતાં ને વિદેહીનાથ આદિ સર્વે ભગવંતોની ભાવ-દ્રવ્ય સ્તુતિ કરીને અર્ઘ ચડાવતા. વીતરાગી પ્રભુને ભેટ્યા પછી સ્વાધ્યાય-મંદિરમાં બિરાજમાન જિનવાણીમાતા અને શ્રી કુંદકુંદાચાર્યદેવના દર્શન કરતા. તે પછી ગાયનું તદ્દન મોળું (સાકર વિનાનું) દૂધ વાપરતા. ત્યારબાદ સવારની સ્વાધ્યાય કરતા. જેમાં 'શ્રી પ્રણવ-માહાત્મ્ય' વાંચતા અને શ્રી સમયસારજીની ૩૨૦ ગાથા ઉપર શ્રી જયસેનાચાર્ય કૃત ટીકાના આ વાક્યનું સ્મરણ કરતાં : તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિકપરમ-ભાવલક્ષણ-નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું.' પરંતુ એમ ભાવતો નથી કે 'અખંડજ્ઞાનરૂપ હું છું.' તથા સવારના પ્રવચનમાં જે વિષય આવવાનો હોય તેની ઉપર વિચાર-મનન-મંથન કરતાં. પછી ૮ વાગે (ઋતુ પ્રમાણે ૮ કે ૮॥) બરોબર એક કલાક માટે

તેમની અધ્યાત્મરસ ઝરતી અમૃતમય વાણીની વર્ષા થતી. ૪૫-૪૫ વર્ષ સુધીના આ સવાર-બપોરના એક એક કલાકના નિયમિત પ્રવચનોથી જૈનધર્મનો ઈતિહાસ જ બદલાઈ ગયો. આત્મા, પરમાત્મા કેમ બને એટલે કે ભક્ત ભગવાન કેમ બને તેનો સાચો રાહ બતાવતા તેમના પ્રવચનની વિશિષ્ટ શૈલીથી સમગ્ર સમુદાય અધ્યાત્મરસમાં લીન થઈ જતો.

ભવ્ય જીવોના સંસાર-તાપને નાશ કરતી શીતળ-અમૃત વાણી વરસાવ્યા પછી મુમુક્ષુભાઈઓ સાથે ચર્ચા-વાર્તા ચાલતી. તે પછી આહાર લેતાં. ઘણા વર્ષોથી એક જ પ્રકારનો બહુ જ સાદો આહાર લેતાં. અને તે પણ અલુબ્ધ ભાવે. આહારમાં સ્વાદની કચારેય મુખ્યતા નહોતી. માત્ર શરીર ટકે તે માટે થોડું અનાજ લેવાય તે જ પ્રયોજન હતું. આહાર લેતાં-લેતાં કચારેક એવા તો સ્વરૂપ મંથન કે તત્ત્વ-વિચારમાં ચડી જતા કે શું આહાર લીધો, કેટલો આહાર લીધો, તે પણ ખ્યાલ રહેતો નહીં. 'ખાય છે પણ ખાતા નથી, બોલે છે પણ બોલતા નથી અને સેવક છે છતાં અસેવક છે'—જ્ઞાનીને માટે શાસ્ત્રમાં કહેલી આ વાતનો ત્યારે સ્પષ્ટ અનુભવ થતો. છેલ્લા ઘણા વર્ષોથી માત્ર ચાર રોટલીનો ખોરાક હતો. ભૂખ પ્રમાણે ખોરાક નહીં, પરંતુ નિયમિત આટલો જ ખોરાક લેવો. છેલ્લા ઘણા વર્ષોથી સાકર કે મિષ્ટાન્નનું તો નામ જ નહીં. આહાર લીધા પછી સ્વાધ્યાય મંદિરમાં થોડું ફરવાનું અને પછી પોણો કલાક શારીરિક આરામ. કારણ કે ત્યારે પણ વિચારકક્ષાએ મનમાં તો સ્વ-પર કલ્યાણના જ વિચારો ચાલતા. સૂતા-જાગતા, ખાતા-પીતા, ચાલતા-બોલતા એક જ ધૂન કે મારું હિત કેમ થાય? અને દુઃખથી તૃપ્ત જીવો પણ સુખને કેમ પ્રાપ્ત થાય.

બપોરે :—

આરામ કર્યા પછી સ્વાધ્યાયનો કાર્યક્રમ હોય. કોઈ પત્ર કે સામાયિક આવ્યા હોય તો તે વાંચતાં. પરંતુ કોઈને કચારેય

કાગળનો જવાબ આપ્યો નથી કે કોઈ વિરોધિના આક્ષેપોનો પ્રત્યુત્તર દીધો નથી. ઉલ્ટાનું વિરોધ કરનારના અજ્ઞાન ઉપર દયા આવતી, કરુણા આવતી. ઘણીવાર કહેતાં કે પ્રભુ! પ્રભુ! આ તું શું કરે છો? તું પણ દ્રવ્યે પરમાત્મા-ભગવાન છો ને! તેથી સાધર્મી છો. તારા પ્રત્યે દ્વેષ-તિરસ્કાર નથી હોં! તું પણ અજ્ઞાન ટાળીને પરમાત્મા થા. દ્રવ્યસંગ્રહનું તે વાક્ય વારંવાર યાદ કરતાં કે 'જ્ઞાનીની તો આવી ભાવના હોય છે કે હું તો આઠ કર્મથી મુકત થવાનો જ છું. પણ જગતના બધા જીવો આઠ કર્મથી રહિત થાવ'—આમ કોઈ કદાચિત્ તેમની નિંદા કરતા તોપણ તેઓ કદાપિ કોઈની નિંદા કરતા નહીં. તે પછી કોઈ નવા પ્રકાશિત શાસ્ત્રનું અથવા તો જેનો નિયમિત સ્વાધ્યાય ચાલતો હોય તેનું વાંચન કરતાં. વચ્ચે-વચ્ચે કોઈ મહેમાન કે મુમુક્ષુ દર્શનાર્થે આવ્યા હોય તો દર્શન પણ આપતા અને છેલ્લે બપોરના પ્રવચનમાં આવનાર વિષય સંબંધી વાંચન-વિચાર કરતા. આ બપોરના સ્વાધ્યાયમાં જ (જાહેર પ્રવચનોમાં ૧૯ વાર શ્રી સમયસારજી પરમાગમનું વાંચન થયું હતું તોપણ) સેંકડોવાર તે પરમાગમનું તથા અન્ય પરમાગમોનું એકાંતમાં વાંચન કર્યું હતું. ત્યાર બાદ બપોરે અઢીથી (ઋતુ પ્રમાણે સમયમાં ફેરફાર થતો) સાડા ત્રણ—એક કલાક—બપોરનું વ્યાખ્યાન.

દાવાનળને શાંત કરનાર મેઘની સમાન દિવ્યધ્વનિ વરસાવીને પૂ. ગુરુદેવ જિનેન્દ્ર ભગવાનની ભક્તિમાં પધારતા. પણ હજી તો હમણા પ્રવચનમાં જ શુભભાવને હેય કહ્યો હતો ને? છતાં આ ભક્તિ? ભાઈ! ભૂમિકાને યોગ્ય શુભભાવ આવ્યા વગર રહેતો નથી. છતાં પણ તે છે હેય. તે ધર્મ નથી તેમ જ ધર્મનું કારણ પણ નથી. ભક્તિના રસથી ભરેલાં ભાવભીનાં પ્યાલા પીધા પછી ફરીને મુમુક્ષુઓ સાથે ચર્ચા વાર્તા થતી.

સાંજે :—

આહારનો સમય થતાં આહાર લેવો. સાંજના તો બહુ જ થોડો-ભૂખથી પણ ઓછો આહાર લેતાં. આહાર લીધા પછી

થોડુંક ફરવાનું. પહેલા તો પ્રવચન-મંડપ અને માનસ્થંભની આસપાસ ફરતા અને પછી સ્વાધ્યાયમંદિરની ઓસરીમાં બેસતા કે જ્યાં મુમુક્ષુઓ પણ આવતા. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી તો સ્વાધ્યાયમંદિરમાં જ ફરતા અને પછી પોતાની રૂમમાં (ગુરુ-આવાસમાં) એકાંતમાં-ધ્યાનમાં-બેસતાં. ૭૦ વર્ષથી રાત્રિના આહાર-પાણીનો ત્યાગ હતો. તેથી સૂર્યાસ્ત પહેલાં જ દવા-પાણી લઈ લેતાં અને સવારના પણ સૂર્યોદય થયા પછી જ પાણી આદિ વાપરતાં.

ત્યારબાદ છેલ્લો જાહેર કાર્યક્રમ રાત્રિચર્ચાનો રહેતો. જેમાં જિજ્ઞાસુઓ પોતાના પ્રશ્નોના ઉત્તરો મેળવતા, શંકા-આશંકાનું સમાધાન થતું. ગમે તેવા પ્રશ્નો આવતા તોપણ તરત જ ઉત્તર મળતો. હજુ પ્રશ્ન પૂરો થયો નથી કે ઉત્તર મળી જતો. શ્રોતાઓ આશ્ચર્યચકિત થઈ જતાં. વાયદો નહીં કે પછી શાસ્ત્રોમાં જોઈને ઉત્તર મળશે. કેમકે શાસ્ત્ર-વાંચન (સ્વાધ્યાય) કરતી વખતે પોતે જ તેમાંથી શકય એટલા પ્રશ્નો ઉઠાવતાં અને તેનું સમાધાન પણ સ્વયં પોતે કરી લેતા. ખરેખર તો પ્રવચનમાં ચારે બાજુથી એટલી સ્પષ્ટતા થતી કે આશંકા ઉત્પન્ન થાય તેવી શકયતા જ નહિવત્ રહેતી. બસ, પછી બાહ્ય પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ, પથારીમાં વહેલી સવારે કરેલો સ્વાધ્યાય ફરીને કરતા. આવી રીતે આખો દિવસ મુખ્યતઃ સ્વાધ્યાય-વાંચન-વિચાર-મનન-મંથન-ચિંતવનમાં જ વ્યતીત થતો અને તેથી જ તો સ્વપ્ના પણ તેવા જ—તેના જ આવતાં. આમ આત્મલાભપૂર્વક એક મંગલ દિવસ પૂર્ણ થતો.....

—o—

સ્વપ્ના....

[પૂજ્ય ગુરુદેવશ્રીને આવેલા મંગલકારી અર્થગર્ભિત કેટલાક સ્વપ્ના]

૧. ૧૯૭૧માં વેજલકા ગામે રાત્રિના સ્વપ્ન આવ્યું હતું. જેમાં આખું આકાશ શાસ્ત્રો લખેલાં પાટિયાંઓથી ભરેલું હતું. (શું આગમ મંદિરનો સંકેત હતો ?)

૨. દીક્ષા લીધા પછી એકવડિયો, ઊંચા દેહવાળો અને ઝરીવાળા કપડાં પહેરેલ રાજકુમાર વારંવાર સ્વપ્નમાં આવતો. પરંતુ તે કોણ છે તેની ખબર પડતી નહીં. પણ પછી જ્યારે ભગવતી માતા પૂ. બહેનશ્રીને સાતિશય જાતિસ્મરણ થયું અને વાત થઈ ત્યારે ખબર પડી કે પોતે (પૂ. ગુરુદેવ) ભૂતકાળના ભવમાં ફત્તેહકુમાર નામના રાજકુમાર હતા.

૩. પૂ ગુરુદેવશ્રીને આવેલ એક સ્વપ્ન તેમનાં જ શબ્દોમાં :—
ૐ સહજસ્વરૂપ પરમ સદ્‌ગુરુવે નમઃ
આસો સુદ પાંચમ રાત્રે શ્રીમદ્ (રાજચંદ્ર) આવી મારી પાસે બેઠા હતા. મારી સામું જોઈ રહ્યા હતા.
આસો સુદ નોમ. મંગળવારની રાતના ૧૧ વાગે અમૃત ચોઘડીયે (શ્રીમદ્ રાજચંદ્ર) મારી પાસે આવી મારા મોઢામાં પાણીની ત્રણ ચમચી અનુક્રમે નાખી. મેં તે ત્રણે ચમચીનું પાણી મોઢામાં એકઠું કરી પછી પી ગયો. તરત જાગૃત થયો...અદ્‌ભુતતા લાગી.....

૪. ૨૦૦૯ ના માગસર સુદ એકમે રાત્રિના સ્વપ્નમાં પૂ. ગુરુદેવે શ્રી સીમંધરનાથના અદ્‌ભુત દિવ્ય દેદાર દેખ્યા હતા. (બરાબર તે દિવસે શ્રી માનસ્થંભમાં ભગવાનની બેઠકનું સ્થાપન થયું હતું.)

૫. પૂ. ગુરુદેવશ્રીને ૨૦૧૭ના જેઠ સુદ ૮ બુધવારે રાતના લગભગ ૧૦–૪૫ પહેલા આવેલું સ્વપ્ન :– ' શ્રી કુંદકુંદાચાર્ય આવ્યા છે, સાક્ષાત્ કુંદકુંદાચાર્ય આવ્યા છે. ચાલો રે ચાલો... બધા ત્યાં જઈએ... દર્શન કરવા જઈએ. ' — આમ બધાને લેગા કરવાનો તથા કપડાં પહેરી તૈયાર થવાનો કોલાહલ–શોરબકોર થઈ રહ્યો છે. પૂજ્ય ગુરુદેવનો આત્મા ઘણો જ

આનંદમાં આવી ગયો છે, ખૂબ જ ઉલ્લાસમાં આવી ગયો છે, અંદરમાં રોમ–રોમ ઉલ્લસી ગયા છે. જાણે કે અંદરમાં કોઈ ચમક આવી ન હોય ! કોઈ ચમત્કાર થયો હોય એવો અતિશય આહ્‌લાદ–આનંદ થયો છે. સ્વપ્નમાં વિચાર આવ્યો કે કુંદકુંદાચાર્ય અહીં કેવી રીતે ! અહીં કયાંથી ! શું લબ્ધિ પ્રગટી હશે !!! તે ઉપરથી જાણે મહાવિદેહમાં કુંદકુંદાચાર્ય પધાર્યા હોય તે પ્રસંગનો ભાવ લાગતો હતો. પૂ. ગુરુદેવને પોતાના શરીરની ઉંચાઈ વગેરે વર્તમાન દેહ જેવું ભાસતું હતું. અને ભાવ વિદેહક્ષેત્રમાં કુંદકુંદાચાર્ય પધાર્યા હોય એવો લાગતો હતો. શ્રી કુંદકુંદાચાર્ય બહાર વનમાં છે. ત્યાં સાક્ષાત્ બિરાજે છે, સાક્ષાત્ પધાર્યા છે અને તેમના દર્શન કરવા જવું છે તેનો પૂ. ગુરુદેવશ્રીને કોઈ અવર્ણનીય ખૂબ જ ઉલ્લાસ–આનંદ હતો. તે ઉલ્લાસ ને ઉલ્લાસમાં આંખ ઉઘડી ગઈ...

જેઠ સુદ નોમ ને ગુરુવારે આ સ્વપ્નાની વાત કરતાં કહ્યું કે સ્વપ્નમાં કોઈ અનેરો ઉલ્લાસ હતો. જે વનમાં કુંદકુંદાચાર્ય-દેવ આવ્યા હતા તે વન બહુ મોટું અને મનહર હતું. તે આ (સોનગઢ) ગામ નહોતું, પણ કોઈ મોટું નગર હતું. તે નગર વિદેહનું હતું કે અહીંનું તેનો બહુ ખ્યાલ નથી આવ્યો. તોપણ વિદેહનું હોય તેવો ભાસ થતો હતો. હાલમાં કુંદકુંદાચાર્યદેવ સંબંધી કોઈ વિચારો કે એવું કાંઈ આવ્યું નથી. આવું સ્વપ્ન અચાનક કુદરતે આવ્યું છે. આવું આનંદ–ઉલ્લાસભર્યું સ્વપ્ન પહેલા કદી નથી આવ્યું. આ સ્વપ્ન નીકટતા બતાવે છે. આ સ્વપ્ન જરૂર કાંઈક સૂચક છે.

૬. ૨૦૨૦ પોષ સુદ દસમે સ્વપ્નમાં બાહુબલી ભગવાનના દર્શન કર્યા હતા.

૭. એકવાર સ્વપ્નમાં ઉછળતો દરિયો દેખાયેલો. પણ જેવા તેઓશ્રી (પૂ. ગુરુદેવશ્રી) દરિયાની નજીક ગયા કે તરત જ કુદરતે તેના બે ભાગ પડી ગયા અને વચ્ચે રસ્તો થઈ ગયો.

૮. ૨૦૨૩ મહા સુદ એકમની રાત્રે સ્વપ્ન આવેલું કે ગારૂડી સર્પના દર પાસે એવી કોઈ વનસ્પતિ મૂકે છે કે સર્પ બહાર આવીને ઝેર ઓકી જાય છે.

૯. ૨૦૨૩ના શરદપૂર્ણિમાની રાત્રે સ્વપ્નમાં ખડ્ગાસન ભગવાનના દર્શન કર્યા. સ્ફટિક જેવા સ્વચ્છ અને જાણે કે અખંડ સાકરના ગાંગડામાંથી બન્યા ન હોય? તેવા ભગવાન હતા.

૧૦. ૨૦૨૫ ની સાલમાં એકવાર સ્વપ્નમાં એવું આવ્યું કે આકાશમાંથી એક બંધ કવર પૂ. ગુરુદેવના ખોળામાં આવ્યું. તેમાં શું છે તે જોવા કવર ઉઘાડે છે ત્યાં તો આંખ ઉઘડી ગઈ...(જાણે કે ભગવાનનો કોઈ દિવ્ય સંદેશ ન હોય!)

૧૧. તા. ૮-૧-૭૯ ના રોજ 'જ્ઞાયકમાં બધું જ સમાય જાય છે. પરનો કર્તા નથી, રાગનો અકર્તા છે વગેરે બધા જ સિદ્ધાંતો તેમાં આવી જાય છે,—આમ સભામાં પૂ. ગુરુદેવ પ્રતિપાદન કરે છે તેવું સ્વપ્ન વહેલી સવારે આવ્યું.

૧૨. ૨૦૩૬ ના ફાગણ વદ ૧૩ ની પાછલી રાત્રે સુરેન્દ્રનગરમાં એવું સ્વપ્ન આવ્યું કે પૂ. ગુરુદેવશ્રી સ્વાધ્યાયમંદિરના શ્રી સમયસારજીના ગોખલા આગળ ઊભા છે અને તેમાંથી અવાજ આવ્યો કે 'જિનવાણી જયવંત વર્તો...જિનવાણી જયવંત વર્તો...જિનવાણી જયવંત વર્તો.'

૧૩. મહાવિદેહનું સમવસરણ અહીં આવે તો...?—તેવો ભાવ તા. ૨૩-૩-૮૦ ના રોજ આવ્યો. અહા! મહાવિદેહ યાદ આવતા રોમ-રોમ ખડા થઈ જાય છે, આંખમાં આંસુ આવે છે. અહા! કુંદકુંદાચાર્ય તો સદેહે ત્યાં ગયા હતા. પરંતુ અમે...(તો જઈ શકતા નથી.) અને ભરતનો માનવી ત્યાં ગયો હતો. પણ શું ત્યાંથી કોઈ અહીં આવે?

૧૪. 'ગુણવંતા જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં'...આમ પૂ. ગુરુદેવશ્રી ઘણી વાર કહેતા હતા. તે ઉપરથી એકવાર સ્વપ્નમાં —એમ આવ્યું કે 'ગુણવંતા **પરમાત્મા** અમૃત વરસ્યા રે પંચમકાળમાં...'

—૦—

મંગલ મૂર્તિની મંગલ વાણી.....

(પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો રૂપી અમૃતસાગરમાંથી ચૂંટેલાં મંગલકારી અમૃત બિંદુઓ)

* ભાઈ! જગતની મહત્તા ને મોટપ આગળ તારી પોતાની મોટપને તું ભૂલી ગયો છો. એક સમયની પર્યાયમાં પણ તું આવી જતો નથી એવી તારી મોટપ છે. એવો વર્તમાનમાં તું છો. છતાં, આવું આખું દ્રવ્ય એક સમયમાત્રમાં પ્રતીતિમાં આપી શકે છે. અને તોપણ, તે દ્રવ્ય પર્યાયમાં આવી જતું નથી.

* જેના આશ્રયે સમ્યક્ પર્યાયો પ્રગટ થાય છે તેવો ભગવાન આત્મા, પર્યાયની પાછળ આખો પડયો છે. આવા અનંત ગુણના ધામ ધ્રુવસ્વભાવની દૃષ્ટિ કરતાં અંતરમાંથી જ ઝરમર-ઝરમર અતીન્દ્રિય આનંદ વરસે છે. આવી આનંદની પર્યાય પ્રગટ થાય તે જ ખરેખર નવા વર્ષની—નવા જીવનની શરૂઆત છે.

* મારે તો એક ભગવાન આત્મા જ જોઈએ છે. બીજું કાંઈ જોઈતું નથી—એમ એકવાર જ્ઞાનના દોરમાં તો લે? આવું જ વસ્તુનું સ્વરૂપ છે તેમ એકવાર શ્રદ્ધા-જ્ઞાન તો કર?

* સદ્ગુરુના શબ્દોરૂપી બાણ જો અંતરમાં લાગશે તો ભગવાન આત્મા અંતરમાંથી ખીલી ઉઠશે. કારણ કે તેઓ અંતરથી ખીલવાની જ વાત કરે છે.

* અરે! જીવોએ પોતાના ગાણાં પણ સાંભળ્યા નથી. તો પછી પ્રગટ તો ક્યાંથી કર્યા હોય?

* તારા ચૈતન્યહીરલાને તેં રાગમાં રોળીને બગાડી નાખ્યો છે.

* અમૃતસ્વરૂપ ભગવાન આત્મા પોતે જ એવો છે કે તેનો કદી નાશ થતો નથી. તેથી આવા અવિનાશી સુખસાગરની

દૃષ્ટિ થતાં જે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય છે તે પણ હવે અવિનાશી જ રહે છે. પરંતુ પાછી પડતી નથી. આ તો સત્‌ની રેલમછેલ છે !

* અનિત્ય એવી પર્યાયને સુખ પ્રાપ્ત કરવા માટે નિત્ય એવા ત્રિકાળી જ્ઞાનસ્વભાવનો આશરો લેવો પડે છે. કેમકે નહીંતર તેને સુખ પ્રાપ્ત થતું નથી.

* જ્ઞાનીને શુભરાગ આવે છે પણ તે ગમતો નથી. જ્યારે અજ્ઞાનીને શુભરાગ ન આવે તો ગમતું નથી.

* પરલક્ષી જે જ્ઞાન છે તે પરજ્ઞેય છે ને તેમાં જે લુબ્ધ છે તે જ્ઞેયલુબ્ધ છે. પણ જ્ઞાનલુબ્ધ નથી.

* બીજાની તો શું વાત કરવી પણ સાધકનું સાધકદશા ઉપર પણ જોર હોતું નથી.

* અશુભ તેમ જ શુભભાવ રચવો-કરવો તે નપુસંકતા છે. જ્યારે શુભાશુભભાવમાં ધર્મ માનવો તે અનંતી નપુસંકતા છે.

* મુનિરાજ બાહ્યદૃષ્ટિથી એવા જંગલમાં વસે છે કે જ્યાં કોઈનો પગરવ પણ હોતો નથી. અને અંતરદૃષ્ટિથી જેમાં પર્યાયનો પણ પગરવ નથી એવા ધ્રુવમાં વસે છે.

* તત્ત્વોનું સાચું જ્ઞાન હોવા છતાં પણ, જો અયથાર્થ પ્રયોજન હોય તો તે અજ્ઞાન છે.

* વીતરાગતાનું પ્રયોજન સિદ્ધ કરવા માટે, ત્રિકાળ ધ્યેયભાવને નિશ્ચય અને પરિણામી દ્રવ્યને વ્યવહાર કહેવાય છે. અભેદ સ્વભાવ દર્શાવવા માટે, અભેદસ્વભાવને નિશ્ચય અને દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદને વ્યવહાર કહેવાય છે. પર્યાયદૃષ્ટિ છોડાવવા માટે, ત્રિકાળી સ્વભાવને નિશ્ચય અને શુદ્ધપર્યાયને વ્યવહાર કહેવાય છે. રાગથી ભેદજ્ઞાન કરાવવા માટે, મોક્ષ-માર્ગની શુદ્ધપર્યાયને નિશ્ચય અને શુભરાગને વ્યવહાર કહેવાય છે. જ્યારે પરદ્રવ્યથી ભિન્ન કરાવવા માટે અશુભરાગને પણ જીવની અનન્યપર્યાય કહેવાય છે. તેથી, જ્યાં જે અપેક્ષાએ કથન કર્યું હોય ત્યાં તે જ અપેક્ષાએ સમજવું.

અહો ! ભગવાનના-કેવળજ્ઞાનના-વિરહા પડ્યા અને આ નિશ્ચય-વ્યવહારના ઝઘડા ઊભા થયા. છતાં પણ, હજી લોકોના ભાગ્ય છે કે ઝઘડાને ટાળનાર આવું સત્ય બહાર આવ્યું છે.

* જેમ દોરીમાં ગૂંચ પડી હોય તો, તેને ઉકેલવા માટે ધીરજ જોઈએ. તેવી જ રીતે આ નિશ્ચય-વ્યવહારની જે ગૂંચ પડી છે તેને ઉકેલવા ધીરજ જોઈએ. જે રીતે નિશ્ચય-વ્યવહારની સ્થિતિ છે તેને તે રીતે જ જાણવી જોઈએ. પણ જો બીજું કરવા જઈશ તો તત્ત્વ હાથ નહીં આવે.

* દ્રવ્ય તે નિશ્ચય છે. જ્યારે તેનો જે ભેદ છે તે જ ખરેખર તેનો વ્યવહાર છે.

* નિજઘરમાં રમતા જ્ઞાનીને જ્ઞાનમાં નિરંતર ધ્યેય જ જણાય છે. દૃષ્ટિ-જ્ઞાનમાં નિરંતર જ્ઞાયક જ હોવાથી તેને જ જ્ઞાની અનુભવે છે. અને જ્ઞાયકનો અનુભવ—આનંદનો ભોગવટો—તે જ મોક્ષનો માર્ગ છે.

* ભાઈ! તારી દશાની દિશા ફેરવી નાખ ! આ તારાથી થઈ શકે તેમ છે હોં. ન થઈ શકે તેવું આ કાર્ય નથી. ભગવાનના આ સમાચાર છે કે આત્માની શ્રદ્ધા કર ને તેનું જ્ઞાન કર. માટે. તે ન થઈ શકે તેમ હવે શ્રદ્ધામાંથી કાઢી નાખ, આવો માર્ગ ન હોય તેમ શ્રદ્ધામાંથી છોડી દે અને અત્યારે શુદ્ધોપયોગ-મોક્ષમાર્ગ પ્રગટ થઈ શકે છે એમ એકવાર હા પાડ.

* જાગ રે જાગ ચેતન, તારા ચૈતન્યમહેલમાં હવે જા.

* દયા, દાન તથા પૂજાના ભાવ કરનાર આત્મતત્ત્વ નથી, પણ તે જડની સત્તામાં થાય છે.—આમ નક્કી કરનાર જ્ઞાની છે.

* અનેક જ્ઞેયો જણાવા છતાં પણ જ્ઞાન જેમ અખંડ અને એકરૂપ રહે છે પરંતુ પોતાનું અખંડપણું છોડતું નથી. તેમ અનેક પ્રકારની અવસ્થા થવા છતાં પણ દ્રવ્યસ્વભાવ ત્રણેકાળ એકરૂપે જ રહે છે. એક સમયની પર્યાય પણ જેને ન અડે

દૃષ્ટિ થતાં જે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય છે તે પણ હવે અવિનાશી જ રહે છે. પરંતુ પાછી પડતી નથી. આ તો સત્‌ની રેલમછેલ છે!

* અનિત્ય એવી પર્યાયને સુખ પ્રાપ્ત કરવા માટે નિત્ય એવા ત્રિકાળી જ્ઞાનસ્વભાવનો આશરો લેવો પડે છે. કેમકે નહીંતર તેને સુખ પ્રાપ્ત થતું નથી.
* જ્ઞાનીને શુભરાગ આવે છે પણ તે ગમતો નથી. જ્યારે અજ્ઞાનીને શુભરાગ ન આવે તો ગમતું નથી.
* પરલક્ષી જે જ્ઞાન છે તે પરજ્ઞેય છે ને તેમાં જે લુબ્ધ છે તે જ્ઞેયલુબ્ધ છે. પણ જ્ઞાનલુબ્ધ નથી.
* બીજાની તો શું વાત કરવી પણ સાધકનું સાધકદશા ઉપર પણ જોર હોતું નથી.
* અશુભ તેમ જ શુભભાવ રચવો-કરવો તે નપુસંકતા છે. જ્યારે શુભાશુભભાવમાં ધર્મ માનવો તે અનંતી નપુસંકતા છે.
* મુનિરાજ બાહ્યદૃષ્ટિથી એવા જંગલમાં વસે છે કે જ્યાં કોઈનો પગરવ પણ હોતો નથી. અને અંતરદૃષ્ટિથી જેમાં પર્યાયનો પણ પગરવ નથી એવા ધ્રુવમાં વસે છે.
* તત્ત્વોનું સાચું જ્ઞાન હોવા છતાં પણ, જો અયથાર્થ પ્રયોજન હોય તો તે અજ્ઞાન છે.
* વીતરાગતાનું પ્રયોજન સિદ્ધ કરવા માટે, ત્રિકાળ ધ્યેયભાવને નિશ્ચય અને પરિણામી દ્રવ્યને વ્યવહાર કહેવાય છે. અભેદ સ્વભાવ દર્શાવવા માટે, અભેદસ્વભાવને નિશ્ચય અને દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદને વ્યવહાર કહેવાય છે. પર્યાયદૃષ્ટિ છોડાવવા માટે, ત્રિકાળી સ્વભાવને નિશ્ચય અને શુદ્ધપર્યાયને વ્યવહાર કહેવાય છે. રાગથી ભેદજ્ઞાન કરાવવા માટે, મોક્ષ-માર્ગની શુદ્ધપર્યાયને નિશ્ચય અને શુભરાગને વ્યવહાર કહેવાય છે. જ્યારે પરદ્રવ્યથી ભિન્ન કરાવવા માટે અશુભરાગને પણ જીવની અનન્યપર્યાય કહેવાય છે. તેથી, જ્યાં જે અપેક્ષાએ કથન કર્યું હોય ત્યાં તે જ અપેક્ષાએ સમજવું.

અહો! ભગવાનના-કેવળજ્ઞાનના-વિરહા પડ્યા અને આ નિશ્ચય-વ્યવહારના ઝઘડા ઊભા થયા. છતાં પણ, હજી લોકોના ભાગ્ય છે કે ઝઘડાને ટાળનાર આવું સત્ય બહાર આવ્યું છે.

* જેમ દોરીમાં ગૂંચ પડી હોય તો, તેને ઉકેલવા માટે ધીરજ જોઈએ. તેવી જ રીતે આ નિશ્ચય-વ્યવહારની જે ગૂંચ પડી છે તેને ઉકેલવા ધીરજ જોઈએ. જે રીતે નિશ્ચય-વ્યવહારની સ્થિતિ છે તેને તે રીતે જ જાણવી જોઈએ. પણ જો બીજું કરવા જઈશ તો તત્ત્વ હાથ નહીં આવે.
* દ્રવ્ય તે નિશ્ચય છે. જ્યારે તેનો જે ભેદ છે તે જ ખરેખર તેનો વ્યવહાર છે.
* નિજઘરમાં રમતા જ્ઞાનીને જ્ઞાનમાં નિરંતર ધ્યેય જ જણાય છે. દૃષ્ટિ-જ્ઞાનમાં નિરંતર જ્ઞાયક જ હોવાથી તેને જ જ્ઞાની અનુભવે છે. અને જ્ઞાયકનો અનુભવ—આનંદનો ભોગવટો—તે જ મોક્ષનો માર્ગ છે.
* ભાઈ! તારી દશાની દિશા ફેરવી નાખ! આ તારાથી થઈ શકે તેમ છે હોં. ન થઈ શકે તેવું આ કાર્ય નથી. ભગવાનના આ સમાચાર છે કે આત્માની શ્રદ્ધા કર ને તેનું જ્ઞાન કર. માટે. તે ન થઈ શકે તેમ હવે શ્રદ્ધામાંથી કાઢી નાખ, આવો માર્ગ ન હોય તેમ શ્રદ્ધામાંથી છોડી દે અને અત્યારે શુદ્ધોપયોગ-મોક્ષમાર્ગ પ્રગટ થઈ શકે છે એમ એકવાર હા પાડ.
* જાગ રે જાગ ચેતન, તારા ચૈતન્યમહેલમાં હવે જા.
* દયા, દાન તથા પૂજાના ભાવ કરનાર આત્મતત્ત્વ નથી, પણ તે જડની સત્તામાં થાય છે.—આમ નક્કી કરનાર જ્ઞાની છે.
* અનેક જ્ઞેયો જણાવા છતાં પણ જ્ઞાન જેમ અખંડ અને એકરૂપ રહે છે પરંતુ પોતાનું અખંડપણું છોડતું નથી. તેમ અનેક પ્રકારની અવસ્થા થવા છતાં પણ દ્રવ્યસ્વભાવ ત્રણેકાળ એકરૂપે જ રહે છે. એક સમયની પર્યાય પણ જેને ન અડે

ભક્તિ ગીત

* ગુરુદેવ મારા હૃદયમાં—કૃતિ

ગુરુદેવ મારા હૃદયમાં, ગુરુદેવ મારા હૃદયમાં,
ગુરુદેવ મારા હૃદયમાં, ગુરુદેવ મારા હૃદયમાં. ૧

ગુરુદેવ મારા નયનમાં, ગુરુદેવ મારા વચનમાં,
ગુરુદેવ મારા મનમાં, ગુરુદેવ મારા તનમાં. ૨

ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન,
ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન,
ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન. ૩

ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન,
ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન,
ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન. ૪

ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન,
ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન,
ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન. ૫

ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન,
ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન,
ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન. ૬

ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન,
ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન,
ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન. ૭

ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન,
ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન,
ગુરુદેવ ! તમે જ્ઞાન ને ગુરુદેવ ! તમે ધ્યાન. ૮

—o—

* જે જણાય છે તે વેદાતું નથી. પણ જેમાં જણાય છે તે વેદાય છે. (દ્રવ્ય વેદાય નહીં પણ પર્યાયનું વેદન હોય છે.)

* જૈનશાસ્ત્રોમાં વ્યવહારની વાત કરી છે. પરંતુ જેને તે વ્યવહારની રુચિ છે તે અજ્ઞાની છે.

* આત્મા શુદ્ધ છે એમ તો અજ્ઞાની પણ કહે છે. પરંતુ શુદ્ધાત્માનો તેને સ્વીકાર કર્યો છે ? અને તેનો સ્વીકાર નથી તેથી અર્થાત તેની પર્યાય અશુદ્ધ છે તેથી, તેના માટે ખરેખર તો દ્રવ્ય પણ શુદ્ધ નથી. પરંતુ નિમિત્તનું અવલંબન છોડીને પોતાની પર્યાયે પોતાના સ્વભાવની સન્મુખ કરતાં જ્યારે પર્યાય પણ શુદ્ધ થાય છે ત્યારે, તેને માટે દ્રવ્ય શુદ્ધ છે તેમ ખરેખર કહેવાય છે.

* અજ્ઞાની પ્રગટ કરે છે તો અશુદ્ધતા, ને માને છે કે હું શુદ્ધ છું. પણ ભાઈ! હું શુદ્ધ છું તેવી દૃષ્ટિ તને કયાં છે ?

* અંતરમાં વિકલ્પની ઉત્પત્તિ ન થવી તે નગ્નપણું છે.

* બુદ્ધિ તો તેને કહીએ કે જે આત્માને અંતરમાં જવાને પ્રેરે અને તથા વીર્ય તેને કહીએ કે જે પરદ્રવ્યને ઉપરથી ખસેડી આવી બુદ્ધિવાળો ને વીર્યવાળો જે છે તે ધીર ને વીર છે.

* અલ્પજ્ઞાન હોવા છતાં પણ જો તે સ્વભાવનું હશે તો તે ક્રમે ક્રમે વધીને કેવળજ્ઞાન પામશે. બાકી બાહ્ય સંયોગોનું ઘણું જ્ઞાન પણ ક્રમે ક્રમે નાશ પામશે.

* એવી ત્રિકાળી વસ્તુ આત્મામાં કયારેય પણ છોડતી નથી. કેમકે અનેકપણું તો અશુદ્ધતામાં હોય છે.

ગુરુદેવ પ્રત્યે ક્ષમાપના–સ્તુતિ

ગુરુદેવ ! તારા ચરણમાં ફરી ફરી કરું હું વંદના,
સ્થાપી અનંતાનંત તુજ ઉપકાર મારા હૃદયમાં. ૧

કરીને કૃપાદૃષ્ટિ, પ્રભુ ! નિત રાખજે તુમ ચરણમાં,
રે ! ધન્ય છે એ જીવન જે વીતે શીતળ તુજ છાંયમાં. ૨

ગુરુદેવ ! અવિનય કંઈ થયો, અપરાધ કંઈ પણ જે થયા,
કરજે ક્ષમા અમ બાળને, એ દીનભાવે યાચના. ૩

મન–વચન–કાય થકી થયા જાણ્યે–અજાણ્યે દોષ જે,
કરજે ક્ષમા સૌ દોષની, હે નાથ ! વિનવું આપને. ૪

તારી ચરણ સેવા થકી સૌ દોષ સહેજે જાય છે,
ક્રોધાદિ ભાવ દૂરે થઈ ભાવો ક્ષમાદિક થાય છે. ૫

ગુરુવર ! નમું હું આપને, અમ જીવનના આધારને,
વૈરાગ્યપૂરિત જ્ઞાન-અમૃત સીંચનારા મેઘને. ૬

મિથ્યાત્વભાવે મૂઢ થઈ નિજતત્ત્વ નહિ જાણ્યું અરે !
આપી ક્ષમા એ દોષની આ પરિભ્રમણ ટાળો હવે. ૭

સમ્યક્ત્વ-આદિક ધર્મ પામું, તુજ ચરણ-આશ્રય વડે,
જય જય થજો પ્રભુ આપનો, સૌ ભક્ત શાસનના ચહે. ૮

—o—

પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવના વિરહભાવભર્યું ગીત

[પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
ભક્તિપૂર્ણ હૃદયમાંથી વહેલું]

(રાગ :—અપૂર્વ અવસર...)

ચાંદલિયા ! સંદેશ દેજે ગુરુદેવને,
(શશિયર ! સંદેશો દેજે ગુરુદેવને,)
વસી રહ્યા છે સ્વર્ગપુરીને ધામ જો;
વૈમાનિક સ્વર્ગે મુજ ગુરુજી બિરાજતા,
ઇન્દ્ર સરીખા શોભી રહ્યા એ દેવ જો...ચાંદલિયા ! ૧

વિદેહમાં સ્વર્ગેથી ગુરુજી પધારતા,
સીમંધરદર્શનથી તૃપ્તિ અપાર જો;
વૈમાનિક–પરિષદમાં ગુરુવર–બેસણું,
ભાવભીના ઝીલે ધ્વનિ અમૃતધાર જો...ચાંદલિયા ! ૨

સ્વર્ણપુરીનાં ધામો આ સૂનાં થયાં,
ભરતક્ષેત્રને છોડી ચાલ્યા નાથ જો;
(સ્વર્ણપુરીને છોડી ચાલ્યા નાથ જો;)
તુજ વિરહે હૃદયો ભક્તોનાં રડી રહ્યાં,
ટળવળતાં જ્યમ માતવિહૂણાં બાળ જો...ચાંદલિયા ! ૩

વિદેહક્ષેત્રે ગુરુજી ! જેમ પધારતા,
તેમ પધારો સ્વર્ણપુરી મોઝાર જો;
સ્વર્ણપુરે ભક્તો તુજ દર્શન ઝંખતા,
દર્શન દો, વાણી વરસાવો, નાથ ! જો...ચાંદલિયા ! ૪

તુજ ચરણોમાં મનડું મુજ લાગી રહ્યું,
અંતરમાંહી લાગ્યો રંગ મજીઠ જો;
તુજ દર્શનની સેવકને નિત ઝંખના,
શ્રવણ કરાવો ચિદ્‌રસઝરતા નાદ જો...ચાંદલિયા ! ૫

વિમાનવાસી, દિવ્ય શક્તિધર દેવ છો,
વિધવિધ કાર્યે સમર્થ છો ગુરુદેવ! જો;
આશા પૂર્ણ કરોને ગુરુજી! દાસની,
સ્વર્ણે પધારી વર્તાવો જયકાર જો.
(આનંદમંગળ વર્તાવો ગુરુરાજ! જો.)...ચાંદલિયા! ૬.

ભરતે એક અજોડ રતન ગુરુજી! તમે,
અંતર ઊછળ્યાં શ્રુતસાગરનાં પૂર જો;
સ્વર્ણે નિત ગુરુમુખથી અમીવર્ષા થતી,
પંચમ કાળે પરાક્રમી ભડવીર જો...ચાંદલિયા! ૭.

ગુણમૂર્તિ અદ્‌ભુત શ્રુતધર ગુરુદેવ! છો,
ચિંતામણિ સમ ચિંતિત ફળ દાતાર જો;
મંગળતામય શીતળ તારી છાંયડી,
સત્ય ધરમના આંબા રોપ્યા નાથ! જો...ચાંદલિયા! ૮.

ગુરુજી તારા પડ્યા વિરહ વસમા ઘણા,
તારણહાર થયા નયનોથી દૂર જો;
સેવકને છોડી ગુરુજી ચાલ્યા ગયા,
અંતરમાં તો નિત્ય બિરાજે નાથ! જો...ચાંદલિયા! ૯.

ભવભવમાં હો તુજ ચરણોની સેવના,
અનંત-ઉપકારી ભાવી ભગવંત જો;
શુદ્ધાત્માના શરણે સાધી સાધના,
નિત્યે રહેશું દેવ-ગુરુની સાથ જો...ચાંદલિયા! ૧૦.

—o—

કહાનગુરુ-સ્તુતિ

(રાગ : ધર્મધ્વજ ફરકે છે...)

કહાનગુરુ બિરાજે મનમંદિરિયે,
વસો વિદેહી ગુરુ અમ અંતરિયે,
કલ્પવૃક્ષ ફળ્યાં અમ આંગણિયે.

શી શી કરું તુજ પૂજના, શી શી કરું તુજ વંદના,
ગુરુજી પધાર્યા આંગણે, અમ હૃદય ઉલસિત થઈ રહ્યા,
...પંચમ કાળે પધાર્યા ગુરુ તારણહાર,
સ્વર્ણે બિરાજ્યા સત્ય પ્રકાશનહાર.....કહાનગુરુ. ૧

દિવ્ય તારું દ્રવ્ય છે ને દિવ્ય તારું જ્ઞાન છે,
દિવ્ય તારી વાણી છે ને અમ જીવન-આધાર છે,
...ચૈતન્યદેવ પ્રકાશ્યા ગુરુ-અંતરમાં,
અમૃતધારા વરસી સારા ભારતમાં.....કહાનગુરુ. ૨

સૂર્ય-ચંદ્રો ગગનમાં ગુણગાન તુજ કરતા અહો!
મહિમાભર્યા ગુરુદેવ છો, શાસનતણા શણગાર છો
...નિત્યે શુદ્ધાત્મદેવ-આરાધનહાર,
જ્ઞાયકદેવના સાચા સ્થાપનહાર.....કહાનગુરુ. ૩

શ્રુતતણા અવતાર છો, ભારત તણા ભગવંત છો,
અધ્યાત્મમૂર્તિ દેવ છો ને જગત તારણહાર છો,
...સૂક્ષ્મ તત્ત્વના ભાવો જાણનહાર,
મુક્તિપંથના સાચા પ્રકાશનહાર.....કહાનગુરુ. ૪

ભરી અર્ઘના થાળો વધાવું ભાવથી ગુરુરાજને,
ભગવંત ભાવીના પધાર્યા, સેવક તારણહાર છે,
...કૃપાનાથને અંતરની અરદાસ,
ગુરુચરણોમાં નિત્યે હોજો નિવાસ.....કહાનગુરુ. ૫

—o—

ગુરુદેવ-સ્તુતિ

વિદેહવાસી કહાનગુરુ ભરતે પધાર્યા રે,
સુવર્ણપુરીમાં નિત્યે ચૈતન્યરસ વરસ્યા રે,
ઉજમબાને દ્વાર અતિ આનંદ છવાયા રે,
આવો પધારો મારા સદ્‌ગુરુદેવા,
શી શી કરું તુજ ચરણની સેવા;
વિધવિધ રત્નોનાં થાળ ભરાવું રે,
વિધવિધ ભક્તિથી ગુરુને વધાવું રે...વિદેહ...૧

દિવ્ય અચરજકારી ગુરુ અહો! જાગ્યા,
પ્રભાવશાળી સંત અજેડ પધાર્યા;
વાણીની મંજરીથી બ્રહ્માંડ ડોલે રે,
ગુરુગુણગીતો ગગનમાંહી ગાજે રે...વિદેહ...૨

શ્રુતાવતારી અહો! ગુરુજી અમારાં,
અગણિત જીવોના અંતર ઉજાળ્યાં;
સત્ય ધરમના આંબા ફળા રોપ્યા રે,
અતિશય ગુણધારી ગુરુ ગુણવંતા રે...વિદેહ...૩

કામધેનુ કલ્પવૃક્ષ અહો! ફળિયા,
ભાવી તણા ભગવંત મુજ મળિયા;
અનુપમ ધર્મધારી ગુરુ ભગવંતા રે,
નિશદિન હોજો તુજ ચરણોની સેવા રે...વિદેહ...૪

નિશદિન ગુરુજીની વાટ અમે જોતા,
અમ અંતરિયામાં દર્શનની આશા;
સ્વર્ણે પધારો પુનઃ કૃપાળુદેવા રે,
અનુભવવાણી ને દર્શન દેવા રે,
ભવભવ હોજો ગુરુચરણોની સેવા રે...વિદેહ...૫

—૦—

ગુરુ ભક્તિ

[પૂ. શાંતાબેન]

(રાગ : ગઝલ)

અહો ગુરુ ભાનુ ભારતના અંધારા જગતમાં કીધા,
વીત્યા વર્ષ ત્રણ તોયે ના દર્શન અમને જરા દીધા. ૧

સ્વાનુભૂતિથી ઝળકેલા ચૈતન્ય તેજથી ચમકેલા,
આતમ તેજથી દીપેલા ગયા ક્યાં કહાનગુરુ વ્હાલા. ૨

હિંદમાં ગુરુ હતા મોટા જડે નહિ ક્યાંય તુજ જોટા,
ગુરુ વિરહા પડ્યા મોટા જઈને સ્વર્ગમાં બેઠા. ૩

ગુરુ તમે જ્ઞાન ગંભીરા ઉછળ્યા શ્રુતના દરિયા,
અચિંત્ય ગુણથી ભરિયા સેવક તુમ ભક્તિના રસિયા. ૪

ગુરુનું નામ અમર હોજો ગુરુનું ધામ અમર હોજો,
તમારી સાધના જ્યાં હો અમારો વાસ ત્યાં હોજો. ૫

ગુરુ ગુરુ ઝંખના થાએ ગુરુ વિન ચેન ના પાએ,
ગુરુ વિણ રાત-દિન જાએ મળીશું શાશ્વતા ધામે. ૬

ચૈતન્ય આનંદ દેનારી જ્ઞાયક સાક્ષાત્ કરનારી,
પ્રજ્ઞાછીણીમાં જ રમનારી અહો ગુરુ કહાનની વાણી. ૭

ચૈતન્ય તલ સ્પર્શતી વાણી સેવકને પાય છે પાણી,
મુમુક્ષુને મુગ્ધ કરનારી જયજય ગુરુકહાનની વાણી. ૮

મુનિવર મહિમા ગુરુ ગાતા સંયમની ભાવના ભાતા,
જિનેશ્વર મારગે જાતા થશે ગુરુ ધ્યાનના ધ્યાતા. ૯

ગુરુવર બોધને પામી દૃષ્ટિ ચૈતન્યમાં જામી,
શાશ્વત એ ધામને પામી થશું આનંદના ધામી. ૧૦

—૦—

શ્રી ગુરુદેવ–સ્તવન

માતાને સ્વપ્નાં લાધ્યાં ને, ઝબકીને જાગ્યા ઉજમબા;
સ્વપ્નાં એ મીઠડાં લાગ્યાં ને, દુંદુભિ વાગ્યા ઉજમબા. ૧

જોયું હૃદયમાં જાગી ને, નીંદડી ત્યાગી ઉજમબા;
કુંખે આવ્યા છે વડભાગી ને, ભાવઠ ભાંગી ઉજમબા. ૨

માતાને ઉછરંગ આવ્યો ને, સંદેશો સુણાવ્યો ઉજમબા;
માતપિતાને હર્ષ ન માયો, જોષીને તેડાવ્યો ઉજમબા; ૩

જોષીએ જોષ એમ જોયાં ને, મનડાં મોહ્યાં ઉજમબા;
કાં કોઈ નગરીનો રાયા કે, જગતારણહારો ઉજમબા. ૪

મીઠડાં ફળ એમ સુણ્યાં ને, ઉછરંગ આવ્યા ઉજમબા;
પરમ પુરુષ એ જન્મ્યા ને, તેજ ઉભરાણા ઉજમબા. ૫

તેજ દેખીને માત મોહ્યાં ને, કાન નામ રાખ્યા ઉજમબા;
માતને કાનુડા પ્યારા કે, અજબ બાળ લીલા ઉજમબા. ૬

કહાને એવી બંસરી બજાવી કે, આત્મનાદ ગજાવ્યા ઉજમબા,
થયો ધર્મ-ધુરંધર ધોરી કે, જગતારણહારો ઉજમબા. ૭

—o—

* અજ્ઞાની, જ્ઞાનીની બાહ્યક્રિયાને જ જોવે છે. પરંતુ અંતરમાં પ્રગટ થયેલી જ્ઞાનક્રિયાને જોતો નથી. અને તેથી તે જ્ઞાનીનું અનુકરણ કરે છે તોપણ અજ્ઞાની જ રહે છે.

* જાણનારને જાણ્યો નથી તેથી, જાણીતા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ ને ભવમાંથી અજાણ્યા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ ને ભવમાં જવું પડશે.

* વસ્તુ વચનાતીત છે એમ વાણી–વચન કહે છે.

શ્રી ગુરુરાજ–મહિમા

શ્રી સદ્‌ગુરુજી મહિમા અપાર કે,
હું શું કથી શકું રે લોલ. ૧

તેમનાં ગુણ છે અપરંપાર કે,
અચિંત્ય આત્મ ઝળકી રહ્યો રે લોલ. ૨

અદ્‌ભુત જ્ઞાનઝળનો અપાર કે,
ચરણાદિક શોભી રહ્યા રે લોલ. ૩

ખીલેલ આતમશક્તિ અપાર કે,
ચૈતન્ય તેજ દીપી રહ્યું રે લોલ. ૪

સમયસાર આદિમાંથી કાઢેલ મેવો કે,
ખવડાવ્યો ખંતથી રે લોલ. ૫

પીંખી પીંખી અને સમજાવ્યું,
રહસ્ય હૃદયનું રે લોલ. ૬

અસલી સ્વરૂપનું આપ્યું જ્ઞાન કે,
ન્યાલ સેવકને કર્યો રે લોલ. ૭

આવો પુરુષ આ કાળે અજોડ કે,
દુર્લભતા સત્ તણી રે લોલ. ૮

પ્રભુ નાતાં કેવળી સંતના જોગ કે,
એકાકી સત્ શોધીયું રે લોલ. ૯

પ્રભુ મત મતાંતરના મોટા ભેદ કે,
વચ્ચેથી સાર કાઢીયો રે લોલ. ૧૦

સુરલોકે ઇંદ્રો ગાય છે ગીત કે,
ભરતના આ ભૂપના રે લોલ. ૧૧

ભરતમાં વર્તી રહ્યો છે જયકાર કે,
મહિમા કહાનગુરુ તણો રે લોલ. ૧૨

શ્રી ગુરુદેવ-સ્તવન

માતાને સ્વપ્નાં લાધ્યાં ને, ઝબકીને જાગ્યા ઉજમબા;
સ્વપ્નાં એ મીઠડાં લાગ્યાં ને, દુંદુભિ વાગ્યા ઉજમબા. ૧

જોયું હૃદયમાં જાગી ને, નીંદડી ત્યાગી ઉજમબા;
કુંખે આવ્યા છે વડભાગી ને, ભાવઠ ભાંગી ઉજમબા. ૨

માતાને ઉછરંગ આવ્યો ને, સંદેશો સુણાવ્યો ઉજમબા;
માતપિતાને હર્ષ ન માયો, જોષીને તેડાવ્યો ઉજમબા; ૩

જોષીએ જોષ એમ જોયાં ને, મનડાં મોહ્યાં ઉજમબા;
કાં કોઈ નગરીનો રાયા કે, જગતારણહારો ઉજમબા. ૪

મીઠડાં ફળ એમ સુણ્યાં ને, ઉછરંગ આવ્યા ઉજમબા;
પરમ પુરુષ એ જન્મ્યા ને, તેજ ઉભરાણા ઉજમબા. ૫

તેજ દેખીને માત મોહ્યાં ને, કાન નામ રાખ્યા ઉજમબા;
માતને કાનુડા પ્યારા કે, અજબ બાળ લીલા ઉજમબા. ૬

કહાને એવી બંસરી બજાવી કે, આતમનાદ ગજાવ્યા ઉજમબા,
થયો ધર્મ-ધુરંધર ધોરી કે, જગતારણહારો ઉજમબા. ૭

—o—

* અજ્ઞાની, જ્ઞાનીની બાહ્યક્રિયાને જ જોવે છે. પરંતુ અંતરમાં પ્રગટ થયેલી જ્ઞાનક્રિયાને જોતો નથી. અને તેથી તે જ્ઞાનીનું અનુકરણ કરે છે તોપણ અજ્ઞાની જ રહે છે.

* જાણનારને જાણ્યો નથી તેથી, જાણીતા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ને ભવમાંથી અજાણ્યા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ને ભવમાં જવું પડશે.

* વસ્તુ વચનાતીત છે એમ વાણી-વચન કહે છે.

શ્રી ગુરુરાજ-મહિમા

શ્રી સદ્‌ગુરુજી મહિમા અપાર કે,
હું શું કથી શકું રે લોલ. ૧

તેમનાં ગુણ છે અપરંપાર કે,
અચિંત્ય આતમ ઝળકી રહ્યો રે લોલ. ૨

અદ્‌ભુત જ્ઞાનઝબકનો અપાર કે,
ચરણાદિક શોભી રહ્યા રે લોલ. ૩

ખીલેલ આતમશક્તિ અપાર કે,
ચૈતન્ય તેજ દીપી રહ્યું રે લોલ. ૪

સમયસાર આદિમાંથી કાઢેલ માવો કે,
ખવડાવ્યો ખંતથી રે લોલ. ૫

પીંખી પીંખી અને સમજાવ્યું,
રહસ્ય હૃદયનું રે લોલ. ૬

અસલી સ્વરૂપનું આપ્યું જ્ઞાન કે,
ન્યાલ સેવકને કર્યો રે લોલ. ૭

આવો પુરુષ આ કાળે અજોડ કે,
દુર્લભતા સત્ તણી રે લોલ. ૮

પ્રભુ નોતાં કેવળી સંતના જોગ કે,
એકાકી સત્ શોધીયું રે લોલ. ૯

પ્રભુ મત મતાંતરના મોટા ભેદ કે,
વચ્ચેથી સાર કાઢીયો રે લોલ. ૧૦

સુરલોકે ઇંદ્રો ગાય છે ગીત કે,
ભરતના આ ભૂપના રે લોલ. ૧૧

ભરતમાં વર્તી રહ્યો છે જયકાર કે,
મહિમા કહાનગુરુ તણો રે લોલ. ૧૨

પ્રભુ પામરને કર્યો ઉપકાર અમાપ કે,
અમૃત રેડીયાં રે લોલ. ૧૩
આ શરીરની શીવડાવું ખોળ કે,
બદલો નવી વળે રે લોલ. ૧૪
આગું શું કહીએ કૃપાનાથ કે,
દાસ હું આપનો રે લોલ. ૧૫
પ્રભુ અતિ અતિ દીજીએ આત્મતણો લાભ કે,
કૃપા વરસાવીને રે લોલ. ૧૬
સાક્ષાત્ સુરમણી સુરતરુ નાથ કે,
ફળીઓ સત્ ગુરુ રે લોલ ૧૭
કઈ વિધ પુજું કઈ વિધ વંદુ નાથ કે,
ગુરુ માહમા અપાર છે રે લોલ. ૧૮

—o—

શ્રી ગુરુદેવ-સ્તવન

(રાગ-ભેટે ઝૂલે છે તલવાર)

વૈશાખ સુદ બીજને વાર, ઉજમબા ઘેર કહાન પધાર્યા;
ગજર્યા દુદુંભિના નાદ, ઉમરાળા ગામે કહાન પધાર્યા.
ન માય આનંદ કુટુંબીજન હૈયે, ભાગ્યવાન મોતીચંદભાઈ...ઉજમબા
ત્યાં વીત્યા તે કાંઈ બાળકાળ વીત્યા,
લાગી ધૂન આતમાની માંહી .....ઉજમબા
વૈરાગી કહાને ત્યાગ જ લીધો, કાઢયું અલૌકિક કાંઈ...ઉજમબા
પાકયા છે યુગપ્રધાની સંત એ, સેવકને હરખ ન માય...ઉજમબા
એવા સંતની ચરણસેવાથી, ભવના આવે છે અંત...ઉજમબા
પંચમકાળે અહો ભાગ્ય ખિલ્યા છે, વંદન લોજો અનંત...ઉજમબા

—o—

શ્રી ગુરુદેવ-સ્તવન

મારા નાથની વધાઈ આજે છે,
મારા સ્વામીની વધાઈ આજે છે;
ગુરુદેવની વધાઈ આજે છે,
એના શબ્દ ગગનમાં ગાજે છે...મારા
વીરમાર્ગ-પ્રવર્તક ભરતે ગાજે છે,
ધર્મ ધ્વજનો ડંકો બજાવે છે;
શાસન ઉન્નતિ આજે છે...મારા
મુમુક્ષુ હૃદયો ઉલસે છે,
આજે અમૃત વરસા વરસે છે;
જૈનશાસનનો જયકાર ગાજે છે...મારા
આજે સ્વર્ગેથી ભક્ત દેવો આવે છે,
આવી ભક્તિની ધૂન મચાવે છે;
ગુરુરાજનો જયકાર ગજાવે છે...મારા
વૃક્ષોને વેલડીયો નાચે છે,
ફળ ફૂલ આજે પાય લાગે છે;
ગુરુભક્તિમાં સહકાર આપે છે...મારા
અજોડ સંતની વધાઈ વાગે છે,
કેસરી સિંહની વધાઈ વાગે છે;
એ તો ગુણમાં વધતો ગાજે છે...મારા
દિવ્યધ્વનિના રહસ્યો જેણે ખોલ્યાં છે,
શાસ્ત્રના ઉંડા મર્મ ઉકેલ્યા છે;
એ તો જગના તારણહાર જાગ્યા છે...મારા
પ્રભુ સેવક લખી પાય લાગે છે,
આત્મલાભની વધાઈ આજે માગે છે;
કૃપાનાથ કૃપા વરસાવે છે...મારા

—o—

શ્રી ગુરુદેવ–સ્તવન

ભારતખંડમાં સંત એક ઊગિયેા, ભાગ્યવાન આંગણે
કહાન એ પાકિયેા;
ચૈતન્ય જ્યેાતિ અખંડ, સંત એવા પૂજવા પધારજો. ૧

જાગિયેા એ સંત આજ, જગતને જગાડવા;
મુક્તિમંત્ર આપીયેા, સ્વતંત્રતાને પામવા;
શક્તિ એની છે પ્રચંડ...સંત. ૨

સીમંધરદેવના ચરણ–ઉપાસક,
પૂર્ણાનંદ સ્વરૂપતણેા ગ્રાહક;
જાગ્યેા એ સંત એકાએક...સંત. ૩

કુંદકુંદગુરુનેા કેડાયત સંત એ,
સમયસાર શાસ્ત્રનેા પચાવનાર સંત એ;
ખેાલ્યા રહસ્ય અણમૂલ...સંત. ૪

અજ્ઞાન અંધારા નશાડવા એ શૂરવીર,
જ્ઞાન પ્રકાશ પ્રકાશવા એ ભડવીર;
ભવ્યનેા ઉદ્ધારનાર વીર...સંત. ૫

નિજ સ્વરૂપની મસ્તીમાં મસ્ત એ,
આત્મ અખંડમાં થયા અલમસ્ત એ;
વાણીએ ઝરે અમીરસ...સંત. ૬

ઉત્તમ ભાગ્યથી સંત એ સેવીયા,
સેવકના સર્વકાર્ય સુધરીયા;
વંદન હેાજો અનંત...સંત. ૭

—o—

શ્રી ગુરુદેવ–સ્તવન

(સુંદર સ્વર્ણરવિ...)

શાસન ઉદ્ધારક પ્રભુ જન્મદિવસ છે આજનેા રે
સહુ જન સંગે હળીમળી મહેાત્સવ કરીએ આજ
મારા હૃદયે આજે આનંદના ઉભરા વહે રે. શાસન

(સાખી)

ઉમરાળામાં જનમીયા ઉજમબા કુખ નંદ,
કહાન તારું નામ છે જગત વંદ્ય અનુપ;

જયજયકાર જગતમાં થાયે તુજનેા આજ,
મહિમા તુજ ગુણની હું શી કહું મુખથી સાહિબા રે. શાસન

જ્ઞાન ભાનુ પ્રકાશિયેા ઝળકયેા જગત મેાઝાર,
સાગર અનુભવ જ્ઞાનનેા રેલાવ્યેા ગુરુરાજ;

વિષમ કાળે વરસ્યેા અમૃતનેા વરસાદ,
તારી ભક્તિતણેા આલ્હાદ ઇચ્છે ઇન્દ્રોપતિ રે. શાસન

સીમંધર જિનરાજના નંદન રૂડા કહાન,
ઉછળ્યા સાગરશ્રુતના તુજ આતમ મેાઝાર;

તારા જન્મે તેા હલાવ્યું આખા હિંદને રે,
પંચમકાળે તારેા અદ્વિતીય અવતાર
સારા ભરતે તારેા મહિમા અખંડ વ્યાપી રહ્યેા રે. શાસન

સેવા ચરણકમળતણી ઇચ્છું નિશદિન દેવ,
તુજ ચરણસમીપ રહી, કરીએ આત્મકલ્યાણ;

તારા ગુણ તણેા મહિમા છે અપરંપાર,
તારા જન્મે ગગને દેવ દુદુંભિ વાગિયા રે
ઇન્દ્રો ચંદ્રો તારા જન્મ દિવસને ઉજવે રે. શાસન

—o—

શ્રી ગુરુરાજ-સ્તુતિ

શ્રી ગુરુરાજ તેરા ચરણોમેં શિર નમાવું,
મૈં ભક્તિ ભેટ આપની બલિદાનમેં ચડાવું;
બ્રહ્માંડમાંહી ભાનુ તેરી આરતી ઉતારે,
શ્રી ગુરુદેવ તેરો મહિમા દિગન્તે ગાજે;

કુંદકુંદે કુંદન રોપ્યાં અમૃતે અમૃત રેડ્યાં,
કાન પ્રભુએ ઘાટ ઘડિયા અચિંત્ય કાજ સરિયા;
કુંદકુંદ મુખારવિંદતે પ્રગટી એ દિવ્યવાણી,
ગુરુજી ઘટ વ્યાપી પરમ પ્રકાશ પામી;

મંગળતરુ ધરનારી ભવજળ તારનારી,
બંધ વિદારણહારી મુક્તિની એ નિસરણી;
શ્રી સમયસાર વાણી ત્રિજગ હિતકારી,
મહિમા કરું શી તેરી અલ્પ મતિ છે મેરી;

હે સદ્ગુરુદેવા સુરરાજ સારે સેવા,
મોક્ષમાર્ગ એવા સમયસાર આપ્યા મેવા;
હે જય જગત ત્રાતા હે જય જગત ભ્રાતા,
હે સુખશાંતિ દાતા સેવક દાન દાતા;

પ્રભુ! જય મંગળકારી છો મહા ઉપકારી,
પૂર્ણ સ્વરૂપનો હું પ્યાસી આશ પૂરજો હે સ્વામી;
પરભાવના વિસામે શરણે આવ્યો હું તારે,
વ્યવહાર વિભક્તે સ્વભાવમાં એકત્વે;

તેરે હી કામ આવું તેરા હી મંત્ર ગાઉં,
મન ઔર દેહ તેરા બલિદાનમેં ચડાઉં;
સેવામેં તેરી સારી તનકો મેં ભૂલ જાઉં,
મૈં ભક્તિ ભેટ આપની બલિદાનમેં ચડાઉં.

—o—

અધ્યાત્મમૂર્તિ શ્રી સદ્ગુરુદેવ સ્તવન

શાસનતણા-શિરોમણી સ્તવના કરું "ગુરુ કહાનની"
તુજ દિવ્યમૂર્તિ જળહળે અધ્યાત્મરસના રાજવી. ૧

અધ્યાત્મ કલ્પવૃક્ષના ફળનો રસીલો તું થયો,
તું શીઘ્ર રસ સાધક બન્યો અંતર તણી સૃષ્ટિ લહ્યો. ૨

તું લોક સંજ્ઞા જીતિને અલમસ્ત થઈ જગમાં ફર્યો,
પરમાત્મનું ધ્યાન જ ધરી તુજ આત્મને સ્વચ્છ જ કર્યો. ૩

પ્રતિબંધ ટાળી લોકનો આનંદની મોજે રહ્યો,
તેં શુદ્ધ ચૈતન્ય ધર્મનો અનુભવ હૃદયમાંહી લહ્યો. ૪

અંતરતણા આનંદમાં શૂરતા લગાવી પ્રેમથી,
શુભ દ્રવ્ય ભાવે તપ તપેથી શુદ્ધિ કરી શુભ નેમથી. ૫

નિંદા કરી ના કોઈની નિંદા કરી સહુ તેં સહી,
શુદ્ધ આત્મરસ ભોગીભ્રમર શુભ દૃષ્ટિ તારામાં રહી. ૬

ઔદાર્ય ને તેં આદરી જગમાં જણાવ્યું બોલથી,
આચારમાં મૂકી ઘણું જોયું અનુભવ તોલથી. ૭

તારા હૃદયની ગૂઢતા ત્યાં મૂઢ જનની મૂઢતા,
જે આત્મ યોગી હોય તે જાણે ખરે તવ શુદ્ધતા. ૮

પહોંચ્યો અને પહોંચાડતો તું લોકને શુદ્ધ ભાવમાં,
અધ્યાત્મ રસીયા જે થયા બેઠા ખરે શુદ્ધ નાવમાં. ૯

દુનિયા થકી ડરતો નથી આશા નથી મમતા જરી,
જ્યાં હું વસુ ત્યાં તું નહીં એ ભાવના વિલસે ખરી. ૧૦

સ્યાદ્વાદ પારાવાર છે આનંદ અપરંપાર છે,
સાચા હૃદયનો સંત છો પરવા નથી જયકાર છે. ૧૧

આશા નથી કીર્તિતણી અપકીર્તિને ગણતો નથી,
લોકો મને એ શું કહે ત્યાં લક્ષને દેતો નથી. ૧૨

વ્યવહારનાં ભેદો ઘણા ત્યાં કલેશને કરતો નથી,
લાગી લગનવા આત્મની બીજું કશું જોતો નથી. ૧૩

તેં ભાવસંયમ ઓટમાં બેસી પ્રયાણ જ આદર્યું,
ભવ પયોદધિ તરવા વિષે તેં લક્ષ અંતરમાં ધર્યું. ૧૪

જે જે ભર્યું તુજ ચિત્તમાં તો બાહ્યમાં દેખાય છે,
અધ્યાત્મ-રસ રસીયા જનોથી તુજ હૃદય પરખાય છે. ૧૫

એકાંતથી અધ્યાત્મમાં જે શુષ્ક થઈને ચાલતો,
ચાબુક તેને મારીને વ્યવહાર માંહી વાળતો. ૧૬

શાસનતણા શિરોમણી સ્તવના કરું "ગુરુ કહાનની"
તુજ દિવ્યમૂર્તિ જળહળે અધ્યાત્મરસના રાજવી. ૧૭

—o—

શ્રી ગુરુ ગુણ-વંદના

(શાર્દૂલવિક્રીડિત છંદ)

બોધાધાર સર્વે ભવિક જનને, શુદ્ધોપદેશી સદા;
શાંતિદાયક એ શ્રી કહાનગુરુને, શ્રીમંત ત્રાતા મુદા. ૧

વંદું હું વિનયે સદા પરમથી, ધ્યાતો નિજાનંદને;
જાગ્યો છું સુણિ વાણી તારી વિમલી, સાચા ખરા ઉદ્યમે. ૨

વાણી જે ન લહી તુમારી ભવમાં, દુઃખે ભરી મેં સહ્યો;
પામ્યો આજ મનુજનો સફલ તો, કીજે પ્રભુએ કહ્યો. ૩

વાણી આજ લહી પ્રભુની અચલી, સિદ્ધિ લહીશું ખરી;
સાધીશું કરી મોહ દૂર સુમતે, સંતોષ હૈડે ઠરી. ૪

—o—

અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવને

(હરિગીત)

તુજ પાદપંકજ જ્યાં થયાં તે દેશને પણ ધન્ય છે,
એ ગામ-પુરને ધન્ય છે, એ માતકુળ જ વન્દ્ય છે;
તારા કર્યાં દર્શન અરે! તે લોક પણ કૃતપુણ્ય છે,
તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે.

તારી મતિ, તારી ગતિ, ચારિત્ર લોકાતીત છે,
આદર્શ સાધક તું થયો, વૈરાગ્ય વચનાતીત છે;
વૈરાગ્યમૂર્તિ, શાન્તમુદ્રા, જ્ઞાનનો અવતાર તું,
ઓ દેવના દેવેંદ્ર વ્હાલા! ગુણ તારા શું કથું?

અનુભવમહીં આનંદતો સાપેક્ષ દૃષ્ટિ તું ધરે,
દુનિયા બિચારી બાવરી તુજ દિલ દેખે કયાં અરે?
તારા હૃદયના તારમાં રણકાર પ્રભુના નામના,
એ નામ 'સોહં' નામનું, ભાષા પરા જ્યાં કામ ના.

અધ્યાત્મની વાતો કરે, અધ્યાત્મની દૃષ્ટિ ધરે,
નિજ દેહ અણુઅણુમાં અહો! અધ્યાત્મરસ ભાવે ભરે;
અધ્યાત્મમાં તન્મય બની અધ્યાત્મને ફેલાવતો,
કાયા અને વાણી-હૃદય, અધ્યાત્મમાં રેલાવતો.

જ્યાં જ્યાં તમારી દૃષ્ટિ ત્યાં આનંદના ઉભરા વહે,
છાયા છવાયે શાન્તિની તું શાંતમૂર્તે! જ્યાં રહે;
અધ્યાત્મમૂર્તિ, શાન્તમુદ્રા, જ્ઞાનનો અવતાર તું,
ઓ કહાનદેવ દેવેન્દ્ર વ્હાલા! ગુણ તારા શું કથું?

—o—

* જાણનારો પરને જાણવા જાય છે. પરંતુ જાણનારને જાણતો નથી જે અજ્ઞાન છે.

ગુરુદેવના ઉપકાર

(મંદાક્રાન્તા)

જ્યાં જોઉં ત્યાં નજર પડતાં રાગ ને દ્વેષ હા! હા!
જ્યાં જોઉં ત્યાં શ્રવણ પડતાં પુણ્ય ને પાપ ગાથા;
જિજ્ઞાસુને શરણસ્થળ ક્યાં? તત્ત્વની વાત ક્યાં છે?
પૂછે કોને પથ પથિક જ્યાં આંધળા સર્વ પાસે.

(શાર્દૂલવિક્રીડિત છંદ)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી, ગગનથી ઓ કહાન તું ઉતરે,
અંધારે ડૂબતા અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

જેનો જન્મ થતાં સહુ જગતનાં પાખંડ પાછાં પડે,
જેનો જન્મ થતાં મુમુક્ષુ હૃદયો ઉલ્લાસથી વિકસે;
જેના જ્ઞાનકટાક્ષથી ઉદય ને ચૈતન્ય જુદાં પડે,
ઇન્દ્રો એ જિન સુતના જનમને આનંદથી ઊજવે.

(અનુષ્ટુપ)

ડૂબેલું સત્ય અંધારે આવતું તરી આખરે;
ફરી એ વીર વાક્યોમાં પ્રાણ ને ચેતના વહે.

—૦—

* સમયસાર (શુદ્ધાત્મા) ભૂપ-બાદશાહ-રાજા છે. જ્યારે તેની શુદ્ધપર્યાય તેનું ચલણી નાણું છે.

* જીવનમાં કરવાનું તો કર્યું નથી પણ શું કરવાનું છે તે પણ જાણ્યું નથી.

* આત્મામાં એટલા બધા ગુણ છે કે તેમાં આ છેલ્લો ગુણ છે એમ તો નથી પણ આ છેલ્લા અનંતગુણ છે તેમ પણ નથી. આ નિર્વિકલ્પ થયે સમજાય એવું છે.

શ્રી ગુરુદેવના જન્મોત્સવની મંગલ વધાઈ !

આજ મંગળ વધાઈ વાગતી રે,
કહાન કુંવર જન્મ્યા અહો આજ...આજ મંગળ...

ધન્ય ધન્ય ઉમરાળા ગામને રે,
ધન્ય ધન્ય ઉજમબા માત...આજ મંગળ...૧

ધન્ય માત પિતા કુળ જાતને રે,
જેને આંગણ જન્મ્યા બાળ કહાન...આજ મંગળ...૨

આજ તેજ થયા જન્મ ધામમાં રે,
એનો ભરત ખંડમાં પ્રકાશ...આજ મંગળ...૩

આજ આનંદ મંગળ ઘેર ઘેર થયા રે,
ઠેર ઠેર અહો ! લીલા લહેર...આજ મંગળ...૪

બાળ કુંવર કહાન એ લાડિલા રે,
માત પૂરે કુંવરના કોડ...આજ મંગળ...૫

પ્રભુ પારણેથી આત્મનાદ ગાજતા રે,
એની મુદ્રા અહો અદ્‌ભુત...આજ મંગળ...૬

કુંવર કહાને અપૂર્વ સત્‌ શોધિયું રે,
એના વૈરાગ્ય તણો નહીં પાર...આજ મંગળ...૭

એણે ત્યાગ કર્યો સંસારનો રે,
પ્રકાશ્યા મુક્તિ કેરા પંથ...આજ મંગળ...૮

કહાનગુરુએ હલાવ્યા હિંદને રે,
અહો ! મલાવ્યો જ્ઞાયકદેવ...આજ મંગળ...૯

ધર્મ ચક્રી ભરતમાં ઊતર્યા રે,
અહો ધર્માવતારી પુરુષ...આજ મંગળ...૧૦

જ્ઞાન અવતારી અહો આવીયા રે,
પધાર્યા સીમંધર સુત...આજમંગળ...૧૧

કહાન ગુરુજીના જન્મ એ મીઠડાં રે,
એના મીઠાં વાણીના સૂર...આજમંગળ...૧૨
ગુરુદેવના ગુણને શું કથું રે,
પ્રભુ સેવક તણા શણગાર...આજમંગળ...૧૩

—o—

કહાનગુરુ જન્મોત્સવ

(પ્રભુ હમ સબકા એક.....)

ધન્ય ધન્ય દિન આજ, સમય યહ કૈસા પ્યારા હૈ.....
સમય યહ.....ધન્ય ધન્ય...
કહાન ગુરુ જન્મોત્સવ, જગ ઉમટા સારા હૈ.....
હાં હાં જગ ઉમટા...ધન્ય ધન્ય...
વિમલ સમ્યક્ દર્શન ધારી, પરમ જ્ઞાન–વૈરાગ્ય હૈ ભારી,
જય જય જય સર્વત્ર જિનહોંકા બજા નગારા હૈ.....
જિનહોંકા બજા...ધન્ય ધન્ય...
સીમંધરકે નંદ દુલારે, ધર્મ દિવાકર હૈ ઉજિયારે,
જિન શાસનકે વિમલ ગગન તુમ દિવ્ય સિતારા હૈ...
ગગન તુમ...ધન્ય ધન્ય.....
અનેક વક્તા જૈનધરમકા, આતમ રક્ષક અમ ભક્તોકા,
સફલ હુઆ સૌભાગ્ય પાય તુમ ચરણ સહારા હૈ...
હાં હાં તુમ ચરણ...ધન્ય ધન્ય.....
ઉજમબા કે લાલ દુલારે, સુવર્ણ નગરકે ચમકીત તારે,
જન્મોત્સવકા આજ ગગનમેં બાજાં બાજે રે...
ગગનમેં બાજાં...ધન્ય ધન્ય.....

—o—

* અનાદિના જાણીતાને હવે અજાણ્યા કરીને, અનાદિના અજાણ્યાને જાણીતો કર.

કહાનગુરુકા જન્મોત્સવ

(રાખના રમકડાંને.....)

ગુરુકહાનના એ જન્મને હાં...ભક્તો, સૌ ભક્તો ભાવે ઊજવે રે...
જયજયકાર ગજાવી આજે મંગલનાદે વધાવે રે.....એ.....
—કહાનના એ જન્મને.....૧

ડગલે પગલે રંગ રંગથી જનમોત્સવ સૌ મ્હાલે,
સ્વાધ્યાયમંદિર–જિનમંદિરમાં હર્ષનાદ ગજાવે રે.....એ.....
—કહાનના એ જન્મને.....૨

ઘનનન નાદે ગગન ગજાવી આનંદલેરી બજાવે,
અનેક જ્યોતિ ઝગમગ ઝગમગ દીપકમાલા ઝબકે રે.....એ.....
—કહાનના એ જન્મને.....૩

કુંદકુંદ પ્રભુ આશિષ આપે, દેવો પુષ્પે વધાવે,
ઉમંગ ભર્યા ભક્તોનાં હૈયાં ગુરુદેવ અભિનંદે રે.....એ.....
—કહાનના એ જન્મને.....૪

જન્મ વધાઈ સૂણતાં આવે દેશોદેશ સંદેશા,
જયજય હોજો જયજય હોજો, જયજય તારી જગમાં રે.....એ.....
—કહાનના એ જન્મને.....૫

* અમાપ એવા દ્રવ્યસ્વભાવનું માપ લેનાર જ્ઞાનની કેટલી તાકાત છે!

* આત્મા કામધેનુ છે. જ્યારે માંગો ત્યારે આનંદ હાજર.

* આતમરામ, રાગરૂપી રાવણને મારી નાખે તે સાચી 'વિજયાદશમી' છે.

—o—

શ્રી સ્તવન

(પ્રભુ પાવન કરોને મારું આંગણું રે...)

કહાનગુરુએ કાદવમાંથી કાઢીયા રે,
ચડાવ્યા એ રાજમાર્ગ દ્વાર...રૂડા ગુરુવર અહીં પધારજો રે....
સીમંધરના નાદ કુંદ લાવીયા રે,
રણશીંગા વગાડયા ભરતમાંય...રૂડા ગુરુવર અહીં પધારજો રે....
ગુરુકહાને રણશીંગા સાંભળ્યા રે,
વગાડનાર એ છે કોણ...રૂડા ગુરુવર અહીં પધારજો રે....
ગુરુકહાને એ કુંદકુંદ શોધીયા રે,
શોધી લીધો શાસનનો થંભ...રૂડા ગુરુવર અહીં પધારજો રે....
વીરપુત્ર એવા કહાનગુરુ પાકીયા રે,
જેણે સુણાવ્યા ઝૅના સ્વરૂપ...રૂડા ગુરુવર અહીં પધારજો રે...
ગુરુકહાને ભરતને જગાડીયું રે,
જાગો જાગો એ ઊંઘતા અંધ...રૂડા ગુરુવર અહીં પધારજો રે....
ગુરુકહાને ચિદ્ઘાતમ બતાવીયો રે,
રોપ્યા છે મુક્તિકેરા થંભ...રૂડા ગુરુવર અહીં પધારજો રે.....
ચૈતન્ય ચકી કહાનગુરુએ રે,
ખોલ્યા દિવ્યધ્વનિના રહસ્ય રૂડા ગુરુવર અહીં પધારજો રે...
એવા શાસન સ્થંભ મારા નાથ છે રે,
તેને જોઈ જોઈ અંતર ઉભરાય...રૂડા ગુરુવર અહીં પધારજો રે...
ગુરુના હૃદયે જિનેશ્વર વસી રહ્યા રે,
ગુરુના શિરે જિનેશ્વરનો હાથ...રૂડા ગુરુવર અહીં પધારજો રે...
ગુરુ સેવક રત્નત્રય માગતા રે,
એ તો ઢળી ઢળી લાગે પાય...રૂડા ગુરુવર અહીં પધારજો રે...
ગુરુરાજની સેવા હૃદયે વસો રે,
વસો વસો એ ગુરુ ત્રિકાળ...રૂડા ગુરુવર અહીં પધારજો રે...
ગુરુકહાન ભક્તિ મુજ અંતરે રે,
જેથી પામું હું પૂર્ણ સ્વરૂપ...રૂડા ગુરુવર અહીં પધારજો રે...

શ્રી ગુરુદેવ-સ્તવન

(રાગ–જ્યોતિ ભક્તિની જગાવ)

ધન્ય ધન્ય શ્રી ઉમરાળા ગામ, પ્રગટયા ધર્મધુરંધર કા'ન;
તારા શા શા કરું સન્માન, જગમાં સત્ય પ્રકાશનહાર.
ઓગણીસ છેતાલીસ વૈશાખે, દ્વિતીય ચંદ્ર સૂર્ય વારે;
ઝળહળ જગમાં ભાનુ પ્રકાશ, જનમ્યા કા'નકુંવર ગુરુરાજ;
માતા ઉજમબા કુંખ નંદ, જનમ્યો ભારતનો આ ચંદ—ધન્ય.

પ્રભુ નિર્મળ બાળ લીલાએ, તું વધીયો વિવેક ભાવે;
રહેતો અંતરથી ઉદાસ, અદ્ભુત એવી તારી વાત—ધન્ય.

કુંદામૃત પાન પીધાં, નિજ આતમ કાજ કીધાં;
જિનની સાચી રાખી ટેક, જાગ્યો સત્ય સુકાની દેવ;
તારી મહિમા અપરંપાર, તારા શા કરીએ સન્માન—ધન્ય.

પ્રભુ જ્ઞાન ખજાના ખોલ્યા, તુજ આતમમાંહી પ્રકાશ્યા;
દીપે બાહ્યાંતર ગુરુરાજ, જગમાં સત્ય પ્રકાશનહાર—ધન્ય.

શોભે જન્મભૂમિનાં સ્થાન, જનમ્યા લાડીલા ગુરુકહાન;
ધન્ય ધન્ય માતપિતા કુળજાત, જનમ્યો જગનો તારણહાર;
મારો આતમનો આધાર, જનમ્યો જગનો તારણહાર—ધન્ય.

સીમંધર સુત જનમ્યા, ગગનમાં વાજાં વાગ્યાં;
ઇંદ્રો આનંદ મંગળ ગાય, જનમ્યા કા'નકુંવર ગુરુરાજ;
માતા ઉજમબાના લાલ, જય જયકાર જગતમાં આજ—ધન્ય.

જગમાં બહુ હતાં અંધારા, સૂઝે નહિ મારગ સાચા;
સાથી સાચો જાગ્યો કા'ન, જગમાં સત્ય પ્રકાશનહાર—ધન્ય.

પ્રભુ મંગળમૂર્તિ તમારી, દર્શન હર્ષ અપારી;
વંદન હોજો અગણિત વાર, જગમાં સત્ય પ્રકાશનહાર—ધન્ય.

શ્રી સ્તવન

મીઠી લાગે છે કાન જન્મની વધામણી,
મીઠા વધામણીના સૂર.....
—કાન જન્મ લાગે મીઠા રે.
અવનિને આંગણિયે સોહે સોહામણાં,
ભારતમાં જનમ્યા કુંવર કહાન
રમતા'તા જન્મથી એ જ્ઞાનરસ કુંજમાં,
નીરખ્યા ઉજમબાના નંદ.....
—ઉમરાળા ગામ લાગે મીઠા રે.
—જન્મધામ લાગે મીઠા રે.
નીરખ્યા નીરખ્યા મેં શાસન સોહામણાં,
હિંદમાંહિ એક ગુરુ કહાન
અદ્‌ભુત શ્રુતજ્ઞાની વ્હાલા જગતને,
દીઠા ભવ્યોના તારણહાર.....
—કહાન જન્મ લાગે મીઠા રે.
—શાસન સંત લાગે મીઠા રે.
અચિંત્ય ન્યાયોની એ વર્ષા વરસાવતા,
ભવ્ય હૃદયો એ નીરથી ભીંજાય,
નિરપેક્ષ તત્ત્વ કેરું સ્વરૂપ સમજાવતા,
વાણી સુણી ચરણે નમી જાય.....
વાણી સુણી શિર ઝુકી જાય.....
—કાન સંત લાગે મીઠા રે.
વીર શાસન શોભે કહાન ગુરુદેવથી,
સુરેંદ્રો જન્મગીત ગાય
સુરેંદ્રો મંગળ ગીત ગાય
વર્તે અખંડ આણ કુંદ—કહાન દેવની
જયકાર જન્મના ગવાય.....
જય જય હો ગુરુ કાન.....
—કહાન ગુરુ લાગે મીઠા રે.—શાસન સંત લાગે મીઠા રે.

શ્રી સ્તવન

જૈન ડંકા વાગ્યા ને ભવ્યો જાગ્યા શાસનમાં;
રણકાર એ સુણ્યા ને મનને ગમ્યા આનંદમાં.
વગાડનાર કોણ છે શૂરો ને ગુણમાં પૂરો શાસનમાં;
જોયું જગતમાં ફરી ને નક્કી શોધી શાસનમાં.
દિવ્ય પુરુષ એ દીઠા ને કહાન નામે ઓળખ્યા શાસનમાં;
ચિત્તમાં ચમત્કાર ચીતર્યા ને વાણી અમૃત પીરસ્યાં શાસનમાં.
વીતરાગી અરિહંતને ઓળખાવ્યા ને જયકાર ફેલાવ્યા શાસનમાં;
પામરને પ્રભુ પરખાવ્યા ભક્તને ભગવાન ભેટાડ્યા શાસનમાં.
ભક્તિ ભર્યું ચિત્ત ભેટ્યું ને ડગમગ ડોલ્યું શાસનમાં;
કોઈ જય જય બોલ્યું ને કોઈ ચરણમાં નમ્યું શાસનમાં.

—૦—

શ્રી ગુરુદેવ-સ્તવન

બહેની આજ આનંદ મારે ઉર ઘણો,
નયને નીરખ્યા શ્રી સદ્‌ગુરુદેવ, બલિહારી કુંવર કહાનને.
પ્રભુએ જન્મભૂમિને પાવન કરી,
ધન્ય ઉમરાળાના અહો ભાગ્ય...બલિહારી. ૨
તાત મોતીચંદ મૌક્તિક સમા,
ધન્ય ધન્ય ઉજમબાની કુખ...બલિહારી ૩
પ્રગટયા કહાન કુંવર તેને આંગણે,
પૂર્ણચંદ્ર સમાન જેનું મુખ...બલિહારી. ૪
ભ્રમ ટાળ્યો જગતના જીવનો,
કર્યો જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ...બલિહારી. ૫
તાપ ત્રિવિધમાં તપતા જીવને,
જેનાં વચન કિરણ સુખરાશ...બલિહારી. ૬
આવાં અનુપમ સુખ અમને આપજો,
માગે એજ સદા તુમ દાસ...બલિહારી ૭

—૦—

શ્રી ગુરુદેવ-સ્તવન

વૈશાખ સુદ બીજને વાર, ઉજમબા ઘેર કહાન પધાર્યા.
ગર્જ્યા દુંદુભિના નાદ, ઉમરાળા ગામે કહાન પધાર્યા.
ન માય આનંદ કુટુંબીજન હૈયે, ભાગ્યવાન મોતીચંદભાઈ...ઉ.
કહાન કુંવરનો જન્મ જ થાતાં, ગંધોદક વૃષ્ટિ થાય...ઉ.

કહાન કુંવરનો જન્મ જ થાતાં,
મનવાંછિત કુદરત થાય...ઉજમબા.
કહાન જનમતાં ભરતખંડ ડોલ્યું,
જનમ્યાં અનુપમ કહાન...ઉજમબા.
મોતીચંદભાઈ ઘેર નૃત્ય આજ થાય છે,
ઘેર ઘેર મંગળ થાય...ઉજમબા.
દેવ દેવેંદ્રો (સહુમળી) મંગળ આજ ગાય છે,
ભરતખંડમાં ડંકા થાય...ઉજમબા.
બાળકુંવર કહાન એ જુદા હતા કોઈ,
ખેલતા'તા જ્ઞાનકુંજ માંહી...ઉજમબા.
વીત્યા વીત્યા તે કાંઈ બાળકાળ વીત્યા,
લાગી ધૂન આતમાની માંહી...ઉજમબા.
વૈરાગી કહાને ત્યાગ જ લીધો,
કાઢ્યું અલૌકિક કાંઈ...ઉજમબા.
કહાન પ્રભુએ બંસરી બજાવી,
મીઠા એ બંસરીના સૂર...ઉજમબા.
મીઠા આ સૂર અહીં આવ્યા છે ક્યાંથી,
જાગ્યો છે એક કોઈ સંત...ઉજમબા.
ચાલો સહુ એ સુણવા જઈએ,
મીઠા આ બંસરીના સૂર...ઉજમબા.
અવધૂત અલખ જગાડનાર સંત આ,
દેવોને આશ્ચર્ય થાય, આજ ગુરુજન્મ વધામણા.

અધ્યાત્મરસનો રસીલો સંત આ,
શ્રુતસાગર ઊછળ્યા મહાન...આજ ગુરુ
પાક્યા છે યુગપ્રધાની સંત આ,
સેવકને હરખ ન માય...આજ ગુરુ
એવા સંતની ચરણસેવાથી,
ભવના આવે છે અંત...આજ ગુરુ
પંચમકાળે અહો ભાગ્ય બીલ્યાં છે,
વંદન હોજો અનંત...આજ ગુરુ

—o—

શ્રી ગુરુવાણી-સ્તવન

સુણો ભાવિ ભગવંતની વાણ, એ ભવોદધિ તારણહાર;
સુણો સદ્ગુરુદેવની વાણ, એ આતમ તારણહાર;
સુણો કહાનગુરુની વાણ, ચૈતન્ય ઝળકાવણહાર.
જ્ઞાન વિકસાવનારી વાણી અહો, જડ ચૈતન્ય ભેદાવનાર વાણી અહો;
તારા ભાવે પૂજન કરું આજ, જય ગુરુવાણી અહો.....
ત્રણલોકમાં ઉદ્યોત કરનારી અહો, મહા મંગળ મહોત્સવ દેનારી અહો;
તારા લાલન પાલન કરું આજ, જય ગુરુવાણી અહો.....
જ્યાં રત્નત્રય તોરણ ઝૂલે અહો, એવા મુક્તિ મંડપ રચનારી અહો;
અનંત આનંદરસ દેનાર, જય ગુરુવાણી અહો.....
ગુરુ જ્ઞાન ગુંજારવ કાને આવે, આ ચૈતન્યમાં રણકાર જાગી ઊઠે;
મારું હૈયું આનંદે ઉભરાય, જય ગુરુવાણી અહો.....
ગુરુ પર્યાયે પર્યાયે જ્ઞાન દીવડા જગ્યા, જાણે ગગનેથી ભાનુ આવી મળ્યાં;
એવા તેજ અંબાર છલકાય, જય ગુરુવાણી અહો.....
શ્રુતસાગર ઊછળ્યા મહાન, જય ગુરુવાણી અહો.....
ધન્ય ધન્ય સીમંધર નંદન અહો, ધન્ય ધન્ય કુંદ કેડાયત અહો;
તારા ચરણોમાં રહીએ સદાય, જય ગુરુવાણી અહો.....

—o—

શ્રી સદ્‌ગુરુદેવકે ચરણોંમેં

તુમ એક અલૌકિક હો ભગવન્ !
ત્રિભુવનમેં સચમુચ લાખોંમેં;
હૈ મધુર શાન્ત–રસ ભરા હુઆ,
ભરપૂર તુમ્હારી આંખોમેં. ૧

તુમ જગસે બિલકુલ ન્યારે હો,
જીવન આધાર હમારે હો;
તુમ ભૂલ ગયે હો પાપોંકો,
હૈ ધર્મ તુમ્હારી આંખોંમેં. ૨

શુભ સહનશીલતા પાઠ પઢા,
મનમેં વિરાગકા રંગ ચઢા;
દિખલાઈ પડતા હૈ અતિશય,
અધ્યાત્મ તુમ્હારી આંખોંમેં. ૩

મમતાકા ગલા દબાયા હૈ,
જગવર્દ્ધક લોભ હટાયા હૈ;
ઉપશમ સમતાદિ ગુણોંકા હૈ,
ભંડાર તુમ્હારી આંખોંમેં. ૪

યે વચન તુમ્હારે સુધા ભરે,
જગભરકા સબ સન્તાપ હરે;
અતિ ફૂટ–ફૂટ કર ભરી હુઈ,
'સ્વદયા' તુમ્હારી આંખોંમેં. ૫

તુમ જીવન–માર્ગ દિખાતે હો,
ચહુંગતિસે હમેં બચાતે હો;
લખ તુમ્હેં હર્ષ ઉભરાતા હૈ,
હે નાથ ! હમારી આંખોંમેં. ૬

—૦—

સ્વાનુભૂતિના સંત મહાન

(રાગ : રઘુપતિ રાઘવ રાજારામ)

સ્વાનુભૂતિના સંત મહાન, શત શત વંદન કરીએ આજ.....
હૃદયમાં રમતાં સીમંધરનાથ, હતો જીવનમાં કુંદનો સાથ;
જિનવાણીનો શિર પર હાથ, શીવરમણીના જપતા જાપ...સ્વાનુ૦
સુવર્ણપુરીને સુની કરી, સ્વર્ગપુરીને મંગલકરી;
અમ અંતરને ઉજ્જડ કરી, ચાલ્યા ગયા કર્યાં ધીંગ ધણી...સ્વાનુ૦
બાળ તમારા વીનવે આજ, પાછા પધારો હે જગના ભાણુ;
દર્શન આપો કૃપા નિધાન, ગુરુનો બોલો જય જય કાર...સ્વાનુ૦
ગુરુ અમારા કહાન પ્રભુ, માત અમારા ભગવતી માત;
આપો રત્નત્રયના દાન, શાશ્વત હોજો તમારો સાથ...સ્વાનુ૦
જ્ઞાયક જ્ઞાયક જ્ઞાયક દેવ, પાઠ પઢાવે દિન ને રાત;
વાણી સુખમય રહી ગઈ, કહાન ગુરુએ લીધી વિદાય. સ્વાનુ૦

—૦—

શ્રી ગુરુદેવ–સ્તવન

સાગર ઊછળ્યો ને જાણે લહેરીઓ ચડી,
ગુરુજીની વાણી એવા ગગને અડી;
પંખી ઊડતાતાં હતી એક આશડી,
તરસ્યું છીપે જો મળે મીઠી વીરડી...સાગર.

ઝાંઝવાના જળથી છીપી નહિ તરસડી,
એવા મિથ્યા નીરની જ્યારે ખબરું પડી...સાગર.

તરસ્યા જીવોને સત્ય વાટ સાંપડી,
કે ખારા સમુદ્રે છે એક મીઠી વીરડી...સાગર.

આત્મધર્મ બોધ્યો છીપાવી તરસડી,
અજ્ઞાન સમુદ્રે છો કાન જ્ઞાન વીરડી...સાગર.

વિનવું પ્રભુ આપને હું પાયલે પડી,
અવિચળ રહેજો એ મારી મીઠી વીરડી...સાગર.

—૦—

વિનંતિ

(રાગ : જય જગદીશ હરે)

ॐ જય ગુરુ કાન પ્રભુ, સ્વામી જય ગુરુ કાન પ્રભુ;
આનંદ મંગલ આજે, આનંદ ઉત્સવ આજે,
ભક્તિ કરું ભાવે...ૐ જયગુરુ કાન પ્રભુ ૧
નંદન પ્યારો સીમંધરનો, ભક્ત તું કુંદકુંદનો...સ્વામી (૨)
ચંદ મોતીચંદ કુળનો, ઉજમ નંદ કિશોર...ૐ જયગુરુ કાન પ્રભુ ૨
સાર સમયનો ખૂબ પિછાણી, ધ્રુવપદ ધ્યાન ધરી...સ્વામી (૨)
જ્ઞાયક નિજપદ નીરખી, સમકિત બીજ ઉગી...ૐ જયગુરુ કાન પ્રભુ ૩
તું જ્ઞાતા હૈ તું દ્રષ્ટા હૈ, તું હૈ સંત મહંત...સ્વામી (૨)
મુદ્રા સૌમ્ય મનોહર, તું ભાવિ ભગવંત...ૐ જયગુરુ કાન પ્રભુ ૪
ચાર ગતિ ચોરાસી માંહિ, ભવ ભવ હું ભટક્યો...સ્વામી (૨)
પરમાતમ પદ સ્થાપી, સંકટ શીઘ્ર હરો...ૐ જયગુરુ કાન પ્રભુ ૫

—૦—

પુનઃ પધારજો

કહાનગુરુ ઓ! વહાલા પુનઃ પધારજો!
સીમંધર–ગણધરના સત્સંગી તમે,
આવ્યા રંકઘરે શો પુણ્યપ્રભાવ જો;
અર્પણતા પૂરી ના અમને આવડી,
લેશ ન લીધો ઉરકરુણાનો લાભ જો.....કહાનગુરુ૦
સત્યામૃત વરસાવ્યાં આ કાળે તમે,
આશય અતિશય ઊંડા ને ગંભીર જો;
નંદનવન સમ શીતળ છાંય પ્રસારતા,
જ્ઞાનપ્રભાકર પ્રગટી જ્યોત અપાર જો.....કહાનગુરુ૦
અણમૂલા સુતનુએ! શાસનદેવીના,
આત્માર્થીની એક અનુપમ આંખ જો;
સંત સલૂણા! કલ્પવૃક્ષ! ચિંતામણિ!
પંચમ કાળે દુર્લભ તમ દિદાર જો.....કહાનગુરુ૦

—૦—

બોલો જય જયકાર

(રાગ : દુહા)

એ...વીતરાગી ગુરુ કહાનના, છે વીતરાગી દેદાર;
એવા ગુરુજી આપણા, બોલો જય જયકાર...
વિદેહમાંથી તું આવિયો, અમ બાળકને કાજ;
અમ બાળકને તારવા, તારો છે અવતાર...
ભણ્યો અંગ નવ પૂર્વ પણ, જે જાણ્યો નહીં આત્મ;
તે સર્વે અજ્ઞાન છે, સાક્ષી છે કુંદ કહાન...
ભાવ મતિશ્રુતના, તાક્યા ગુરુ એ નિશાન;
કુમતિ કુશ્રુતને, માર્યા ગુરુએ બાણ...
આ ગુરુદેવની વાણીનો, ભાગ્યે લાભ લેવાય;
ધન ખરચતાં ના મળે, આ વાણીનો લાભ...
ભાવે ભજિલો કહાનને, બનો આજ મસ્તાન;
કાંઈક કરજો આત્મનું, મળ્યો મનુષ્ય અવતાર...
જ્ઞાનભાનુ પ્રકાશિયો, ઝળક્યો ભારત મોઝાર;
સાગર જેવું જ્ઞાન છે, મહિમાનો નહીં પાર...
ગુરુવાણી રામબાણ છે, ત્રિકાળ નહીં ફરનાર;
ભવ્ય હશે તે ઝીલશે, આ વાણીના બાણ...
સર્વ દ્રવ્ય સ્વતંત્ર છે, રહ્યો મુખ્ય ઉપદેશ;
સર્વ દ્રવ્ય જ્ઞાતા રહો, એમ કહે ગુરુરાજ...
ક્રમબદ્ધ પર્યાયને, સમજાવે ગુરુ કહાન;
જે સમજે તેહને, ભવ-ભ્રમણ ટળી જાય...
ભાવિ ગુરુ છો તમે, ત્રણ લોકના નાથ;
ભાવિ ગણધર પણ અહીં, બોલો જયજયકાર...
અમ નયનના તારલા, છો હૈયાના હાર;
અમી દ્રષ્ટિ તારી ઘણી, શા કરીએ સન્માન...

કુંદ કહાન શાસનમાં, મળ્યેા મનુષ્ય અવતાર;
ગુરુજી કરુણામૂર્તિ છેા, રાખેા સાથેા સાથ...

આવા જ્ઞાની નહિ મળે, ફરી ફરી ભગવાન;
આંગણે કલ્પવૃક્ષ હતેા, મન ચિંતિત દાતાર...

જ્ઞાની ગુરુ ચુડામણી, જગ જીવન જિનચંદ;
મળિયેા તું ગુરુ જે સમે, ફળિયેા સુર તરુ કંદ...

દેવેા પૂજે આ તાતને, એના મહિમાનેા નહિ પાર;
જન્મ હતેા આ ગુરુદેવનેા, ભક્ત જનેાને કાજ...

દુર્લભ છે સંસારમાં, તુમ સરીખા ગુરુરાજ;
સમય છતાં ન સેવીયેા, તે મૂરખનેા સરદાર...

—o—

અવનિ ઉદ્ધારવા....

(રાગ : સાચા સિપાહી અન્યા નેતા સુભાષ)

અવનિ ઉદ્ધારવા, ભવ્યેાને તારવા, તારેા અવતાર
કહાન તારી બંસીમાં, ડેાલે નરનાર (૨)—ટેક

સત્યને સ્થાપવા, અસત્યને ઉથાપવા,
થયેા ભારતમાં (૨) તારેા અવતાર...કહાન...૧

આત્મ ઉદ્ધારવા, ભવસાગર તારવા,
જિજ્ઞાસુ જીવનેા (૨) સાચેા સરદાર...કહાન...૨

અજ્ઞાન મિટાવવા, જ્યેાતિ પ્રગટાવવા,
જ્ઞાનામૃત સીંચી (૨) જીવન દેનાર...કહાન...૩

આત્મદૃષ્ટિ આપતેા, જડતાને કાપતેા,
અજ્ઞાની અમ પર (૨) તારા ઉપકાર...કહાન...૪

આત્મસ્વરૂપે લીન, જગથી ઉદાસીન,
સાચું પવિત્ર તું (૨) જીવન જીવનાર...કહાન...૫

જિન શાસન કાજ, ધર્મ ઉદ્ધારવા જ,
ડંકેા વગાડયેા તેં (૨) ભારત મેાજાર...કહાન...૬

—o—

ચેતવણી.....

(રાગ : મારા જીવનના સાચા સુકાન)

તમે ભાવે ભજી લ્યેા ગુરુ કહાન, જીવન થેાડું રહ્યું;
કંઈક આત્માનું કરજે કલ્યાણ, જીવન થેાડું રહ્યું.....

એને દીધેલાં કેાલ તેા ભૂલી ગયા,
જૂઠી માયાના મેાહમાં ઘેલા થયા,
ચેતેા ચેતેા શું ભૂલ્યાં છેા ભાન...જીવન થેાડું રહ્યું...તમે...૧

બાળપણ ને યુવાનીમાં અડધું ગયું,
નિજ હિતના માર્ગે શું ડગલું ભર્યું?
બનેા ભક્તિથી ગુરુમાં મસ્તાન...જીવન થેાડું રહ્યું...તમે...૨

જરા ચેતીને જ્ઞાનનું ભાથું ભરેા,
કેાઈક વાત તેા ગુરુની દિલમાં ધરેા,
છીએ થેાડાં દિવસના મહેમાન...જીવન થેાડું રહ્યું...તમે...૩

બધા આળસમાં દિન આમ વીતી જાશે,
પછી ઓચિંતુ મૃત્યુનું તેડું થાશે,
નહિ ચાલે તમારું કાંઈ....જીવન થેાડું રહ્યું...તમે....૪

એક જ કહેવું ગુરુનું ચિત્તમાં ધરેા,
સ્વને જાણીને પરને તજો,
ઝાલેા ઝાલેા જ્ઞાનનું સુકાન....જીવન થેાડું રહ્યું...તમે....૫

એ જ કહેવું આ જ્ઞાતાનું ધ્યાનમાં રાખેા,
ચિત્ત રાખી ગુરુને ભાવે ભજો,
ભક્તો ભાવે ધ્યાવેા ગુરુરાજ....જીવન થેાડું રહ્યું...તમે....૬

—o—

કોના પગલે પગલે.....

(રાગ : કોઈના લાડકવાયા જેવો)

કોના પગલે પગલે ચાલે મુક્તિની વણજાર,
કોના સાદે અમર થાવા આવે નર ને નાર;
અનંત મુક્તિગામી જીવનો તું સાચો સરદાર,
એ કહાનગુરુ તુજ ચરણકમલમાં વંદન વારંવાર...કોના...૧

સ્વતંત્રતાનો શંખ ફૂંકીને કર્યો અસત્ સંહાર,
સાચો મુક્તિ પંથ બતાવી દૂર કર્યો અંધકાર;
કેવળી પ્રભુના વિરહ ભુલાવી વર્ષાવી શ્રુતધાર,
જૈનધર્મ જયનાદ ગજાવી વર્તાવ્યો જયકાર...કોના...૨

વીતરાગી વાણી છે જેની ત્રિકાળ નહીં ફરનાર,
સુપાત્ર જીવને અંતર સ્પર્શી ખોલે આતમ દ્વાર;
સિંહ બનીને ઝુમ્યો જગમાં કોઈથી ના ડરનાર,
રાય રંકનો ભેદ ન જેને ધન્ય ધન્ય અવતાર...કોના...૩

અનંત ભવના અમ દુખિયાનો તું છો તારણહાર,
પામર અમને પ્રભુતા આપી દીધો આતમસાર;
સત્ય અહિંસક પવિત્રતાનું આત્મ જીવન જીવનાર,
એ કહાન ગુરુનો જોટો જગમાં કયાંય નહીં જડનાર...કોના...૪

જેની કીર્તિ ગાજે આજે ભારત દેશ મોઝાર,
જય જય હોજો કહાન ગુરુજી અનંત ગુણ ભંડાર;
એ ગુરુ સમીપે જીવન જેહનાં ધન્ય તે નરનાર,
અલ્પ કાળમાં ધર્મ પામીને વરશે તે નિરવાણ...કોના...૫

—o—

ગુરુ-સ્તવન

(રાગ : કાલી કમલીવાલે)

સુવર્ણપુરીના વાસી ગુરુને લાખો પ્રણામ, ગુરુને ક્રોડો પ્રણામ.
આતમ સુખ અનુભવી ગુરુને લાખો પ્રણામ, ગુરુને ક્રોડો પ્રણામ.

મોક્ષમાર્ગ પ્રત્યક્ષ દીઠો,
સમ્યગ્દર્શનનો રસ પીધો, અખૂટ જ્ઞાન ભંડાર—ગુરુને ૧

સર્વજ્ઞે જે ત્રિકાળ દીઠો,
તે ક્રમબદ્ધનો મહિમા કીધો, દુઃખ સકળ હરનાર—ગુરુને ૨

નિશ્ચયનયનો પક્ષ લીધો,
વ્યવહાર તેં ફોગટ કીધો, શાસનના શણગાર—ગુરુને ૩

અનેકાંત આતમને ભાખ્યો,
પાખંડને મૂળમાંથી કાપ્યો, લાખોના તારણહાર—ગુરુને ૪

ભેદજ્ઞાનમય વાણી તારી,
પ્રજ્ઞાછીણી ભવ ભાંગનારી, અમ હૈયાના હાર—ગુરુને ૫

કર્તૃત્વવાદને તેં કંપાવ્યો,
કર્મોનો રે કાર ન ફાવ્યો, અમ આતમ આધાર—ગુરુને ૬

જૈનધર્મ વીતરાગી ભાખ્યો,
મુનિમારગને શુદ્ધ પ્રકાશ્યો, અમ જીવન ઘડનાર—ગુરુને ૭

કહાન ગુરુ જયવંત હોજો,
સદાકાળ પથદર્શક હોજો, બોલો જયજયકાર—ગુરુને ૮

—o—

કહાન આવ્યા...

કોણ આવ્યું ?

કહાન આવ્યા. અમ તારણહાર આવ્યા;
નેતાના એ નેતા આવ્યા; વિશ્વના વિજેતા આવ્યા;
રાજાના એ રાજા આવ્યા; બાળકના એ પિતા આવ્યા;
પ્રજાના એ પાલક આવ્યા; સુવર્ણપુરીના સંત આવ્યા;
ભારતના ભડવીર આવ્યા; કુંદકુંદના વારસ આવ્યા;
અરિહંતના ભક્ત આવ્યા; સિદ્ધપદના સાધક આવ્યા.

ક્યાંથી આવ્યા ?

દૂર વિદેહના દેશમાંથી આકાશે ઊતરીને આવ્યા.

કેમ આવ્યા ?

કેમ આવ્યા શું ? એમ આવ્યા !
સીમંધર કહ્યેથી આવ્યા; કુંદકુંદ મળવાને આવ્યા;
જંગલમાં મંગલ કરવાને, સીમંધર મંદિર કરવાને,
તીર્થમહીં વંદન કરવાને, સમકિત સિદ્ધ કરવા આવ્યા.

શું શું લાવ્યા ?

શું ના લાવ્યા ? બધું લાવ્યા !
સુખ લાવ્યા, જ્ઞાન લાવ્યા; દર્શન ને વીર્ય લાવ્યા;
ચારિત્ર પુરુષાર્થ લાવ્યા; સમકિતના ભણકાર લાવ્યા;
સિદ્ધના એંધાણ લાવ્યા.

શું વાંચ્યું ?

સમયસાર વાંચ્યું.

શાથી વાંચ્યું ?

પૂર્વજન્મના યોગે વાંચ્યું; તમ જેવાના પુણ્યે વાંચ્યું;
પંચમ કાળે પારસ પાક્યું !

બીજું ના વાંચ્યું ?

વાંચ્યું ! વાંચ્યું !
સમયના સાર સાથે પ્રવચનસાર વાંચ્યું;
પાંચ – અસ્તિકાય વાંચ્યું; ગોમ્મટસાર વાંચ્યું;
મોક્ષ–પ્રકાશ વાંચ્યું; મોક્ષનું શાસ્ત્ર વાંચ્યું;
વનનું શાસ્ત્ર વાંચ્યું;
બાર અંગ ને ચૌદ પૂર્વનું રહસ્ય વાંચ્યું.

કોને કોને વાંચ્યાં ?

કુંદકુંદ આચાર્ય વાંચ્યાં; યોગીન્દ્રદેવ વાંચ્યા;
અમૃતચંદ્ર, વીરસેન ને ધરસેન આચાર્ય વાંચ્યાં;
ઉમાસ્વામી, પદ્મનંદી ને બનારસીદાસ વાંચ્યાં;
ટોડરમલજીને વાંચ્યાં.
પૂજ્યપાદ, ગુણભદ્ર ને કાર્તિકસ્વામીને વાંચ્યાં;
નેમિચંદ્રસિદ્ધાંત વાંચ્યાં; સમન્તભદ્રને વાંચ્યાં;
પુષ્પદંત, ભૂતબલી ને ગુણધર આચાર્ય વાંચ્યાં;
દોલતરામ, દીપચંદ ને શ્રીમદ્રાયને વાંચ્યાં;
શુભચંદ્ર, શિવકોટી સાથે રાજમલજીને વાંચ્યાં;
સઘળાં આચાર્ય વાંચ્યાં; સઘળાં પંડિત વાંચ્યા.

ક્યાં જવાના ?

એ જાણો ના ક્યાં જવાનાં ?
એક બે ભવની બે માંહે તીર્થંકરને દેશ જવાના;
વિદેહના વાસી બનવાના.

અમ બાળકનું શું ?

તમ બાળકને લઈ જવાનાં તેથી તો પૃથ્વીપર આવ્યા.
આપણે આતમજ્ઞાની થવાના.
વહેલાં જે પહેલાં નિકટ ગુરુની સમજે તે સૌ મોક્ષ જવાના.

કહાન જય જયકાર થવાના! ગુરુના જય જયકાર થવાના!
જગમાં જય જયકાર થવાના! કહાન આવ્યા! કહાન આવ્યા!
બોલો જય જય કાર! જય જય કાર!
જય હો! વિજય હો! કહાન વિજય હો!

—૦—

ગુરુદેવનો ઉપકાર

[પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના અંતરમાંથી વહેલી ભક્તિભાવલીની ગુરુ-સ્તુતિ]

મેરા મનડામાંહી ગુરુદેવ રમે,
જગના તારણહારાને મારું દિલ નમે.

શાસનતણા સમ્રાટ અમારે આંગણે આવ્યા,
અદ્‌ભુત યોગિરાજ અમારા ધામ દીપાવ્યા;
મીઠો મહેરામણ આંગણિયે કહાન મહારાજ,
પુણ્યોદયનાં મીઠાં ફળ ફળીયાં આજ.....મેરા.....૧

અમૃતભર્યાં જ્યાં ઉર છે નયને વિજયના નૂર છે,
જ્ઞાનામૃતે ભરપૂર છે બ્રહ્મચારી એ ભડવીર છે;
યુક્તિ-ન્યાયમાં શૂરા છો યોગીરાજ,
નિશ્ચય-વ્યવહારના સાચા છો જાણનહાર.....મેરા.....૨

દેહે મઢેલા દેવ છો ચરિતે સુવર્ણવિશુદ્ધ છો,
ધર્મેધુરંધર સંત છો શૌર્યે સિંહણ પીધ દૂધ છો;
મુક્તિ વરવાને ચાલ્યા છો યોગીરાજ,
સનાતન ધર્મના સાચા છો ઋષિરાજ.....મેરા.....૩

સૂત્રો બતાવ્યા શાસ્ત્રમાં ઉકેલવા મુશ્કેલ છે,
અક્ષર તણો સંગ્રહ ઘણો પણ જ્ઞાન પેલે પાર છે;
અંતર્ગતના ભાવોને ઓળખનાર,
આત્મિક વીર્યના સાચા સેવનહાર.....મેરા.....૪

—૦—

પત્ર...

પત્ર લખ્યો શ્રી ગુરુદેવને, પહોંચે સ્વર્ગપુરીને દ્વાર;
કૃપા કરીને વાંચજો, ભારત ભક્તો વિનવે આજ...પત્ર

દિન પર દિન તો વીતી રહ્યાં છે, દર્શન માટે તડપી રહ્યા છે;
એકવાર આવો આ સુવર્ણે, ધર્મવૃદ્ધિ આશીષ દ્યો તાત. પત્ર.

શું લખવું એની સૂઝ ના પડે, શોધુ છતાંએ શબ્દો ના જડે;
લખ્યા વિના હું રહી શકું ના, અંતરમાં ઉઠે પોકાર. પત્ર. ૨

શાસન તમારું સૂનું થયું છે, આસન આપનું ખાલી પડયું છે;
મંત્ર મુગ્ધ સમ વાણી આપની, સુણવા હૃદયો સુહુનાં તલપાય. પત્ર ૩

વસ્તુ સ્વાતંત્રતાનો શંખ ફૂંકયો તેં, નિશ્ચય વ્યવહારની સંધિ કરી તેં;
ધ્રુવના ધામે દૃષ્ટિ દીધી તેં, બહિર્દૃષ્ટિને દીધી વિદાય. પત્ર ૪

કહાન નામ સાર્થક કર્યું તેં, સમયસારના સૂર છોડીને;
આત્મતત્ત્વની મોરલી સુણીને, ઘેલો બન્યો તો આખો સમાજ. પત્ર ૫

ભેદજ્ઞાનની દુદુંભી વાણી, ક્રીયાકાંડને ચેલેંજ ફેંકી;
દેશ વિદેશે જ્ઞાયકદેવનો, મંત્ર સુણાવીને કર્યો પડકાર. પત્ર ૬

માનવ મહેરામણ ઊછળી રહ્યો છે, માનવ શ્રેષ્ઠનો વિયોગ થયો છે;
મુક્તિ દૂતના દર્શન કરવા, ચાલી રહી જાણે વણઝાર. પત્ર ૭

શું શું લખવું શું ના લખવું, લખીને હૈયું ખાલી કરવું;
દુનિયા આખી ઝંખી રહી છે, આહીં પધારો હે ગુરુરાજ. પત્ર ૮

ભગવતી માતા વિનંતી કરે છે, હે પ્રભો અમને એકલા મૂકીને;
આવો વિહાર ના શોભે પ્રભુજી, પાછા પધારો હે ભારત ભગવાન. પત્ર ૯

—૦—

આવા તે મારગ

(રાગ : હે કાળુભાઈના કુંવર)

હે મોતીભાઈના કુંવર, આવાતે મારગ કયાંથી શોધીયા
ડેલીયે પિતાજી વાટુ જોઈ રહ્યા,
ઓરડે માતાજી વાટુ જોઈ રહ્યા,
કયારે આવે વૈરાગી કુંવર કહાન રે...મોતીભાઈ...૧
પુરુષાર્થ કરી સંસાર તોડીયેા.
તોડીને કાંઈ કર્યું ભેદજ્ઞાન રે...મોતીભાઈના...૨
ગુરુને ભક્તની ભાવના ઉપડી,
કયારે કરું જગતનો ઉદ્ધાર રે...મોતીભાઈના...૩
ગુરુને વાત્સલ્યભાવ આવીયેા,
પ્રગટયા છે કાંઈ ગુરુને ગુણ આઠ રે...મોતીભાઈના...૪
ગુરુએ ભારતમાં ડંકેા મારીયેા,
જાગેા રે લેાકેા કરેા ભેદજ્ઞાન રે...મોતીભાઈના...૫
ગુરુએ મેાક્ષના મંડપ રેાપીયા,
ચાલેા ભવીએા સિદ્ધિ વરવા કાજ રે...મોતીભાઈના...૬
ગુરુરાજે આતમરામ શેાધિયા,
સત્ પ્રયાસે સાધ્યું સ્વ કલ્યાણ રે...મોતીભાઈના...૭
અંતર ભક્તિથી કુંદ શેાધિયા,
ક્ષણમાં શેાધ્યેા સમયનેા સાર રે...મોતીભાઈના...૮
ભારતમાં તત્ત્વજ્ઞાન ફેલીયું,
ઠેર ઠેર ગીત ગુરુના ગવાય રે...મોતીભાઈના...૯
ભારત આખું દર્શને ઉમટયું,
ફેલ્યેા છે કાંઈ ગુરુદેવનેા પ્રભાવ રે...મોતીભાઈના...૧૦
મોતીભાઈનું કુળ દીપાવીયું,
રાખ્યા છે કાંઈ ઉજમબાના નામ રે...મોતીભાઈના...૧૧
ગુરુદેવની મહિમા શું કર્યું,
ચરણમાંહી વંદન વારંવાર રે...મોતીભાઈના...૧૨

—o—

મોરલી કયારે વગાડી ?

(રાગ—ખમ્મા મારા નંદજીના લાલ)

ખમ્મા મારા ઉજમબાના કહાન, મોરલી કયારે વગાડી ?
જય જય હેા ઉજમબાના લાલ, મોરલી કયારે વગાડી ?

સૂતેા હતેા હું તેા મેાહકેરા ધામમાં,
સાંભળ્યેા મેં મોરલીનેા નાદ..... મોરલી.
નાદ સુણીને હું તેા ઝબકીને જાગ્યેા,
દર્શન દીધા રે ગુરુરાજ..... મોરલી.
સીમંધર દેવના લાડકવાયા,
ભરતે પધાર્યા ગુરુ કહાન..... મોરલી.
કુંદકુંદ પ્રભુ પાસે જ્ઞાન લઈને,
ભક્તોના કર્યા ઉદ્ધાર..... મોરલી.
સારા ભારતમાં ધર્મ ફેલાવી,
કહેવાયા આત્મજ્ઞાની કહાન..... મોરલી.
મોતીચંદભાઈનું કુળ દીપાવી,
વરતાવ્યેા જય જય કાર..... મોરલી.
ભવસાગરમાં તરવાને માટે, સમકિત નાવ ધરી હાથ...મોરલી.
ખારા સમુદ્રમાં મીઠી વીરડી,
વહાવી અમૃતધાર..... મોરલી.
સેાનગઢમાં ગુરુ કાયમ રહીને,
સમજાવ્યેા સમય કેરેા સાર..... મોરલી
બે કર જોડીને "કમલ" વિનવે,
ક્ષતી દેાષ કરજો માફ..... મોરલી

—o—

અમૃતરસ ઘોળ્યા ગુરુદેવ.....

(રાગ : સોના વાટકડી રે કેસર ઘોળ્યા)

ધીરી મીઠી વાણીથી રે અમૃતરસ ઘોળ્યા ગુરુદેવ,
ભવ્યોની ભવવાટ ભાંગીને મનડા ખોલ્યા ગુરુદેવ.....

આતમાનું સાચું સ્વરૂપ છે દોહ્યલું (૨)
પંચમ કાળે થયો યોગ,
આજ મારા ભાગ્ય ખુલી ગયા.....ધીરી મીઠી.

રખડું અનાદિથી આરો ના આવ્યો (૨)
મળ્યો સાચો સુકાની આજ,
આજ મારા ભાગ્ય ખુલી ગયા.....ધીરી મીઠી.

અનેકાંતનો ગુરુ માર્ગ બતાવ્યો (૨)
કેમ પામર હું ગુણ ગાઉં,
આજ મારા ભાગ્ય ખુલી ગયા.....ધીરી મીઠી.

આજે અંતરમાં ધર્મ ગીત ગુંજતા (૨)
'કમલ' આનંદે નાચે આજ,
આજ મારા ભાગ્ય ખુલી ગયા.....ધીરી મીઠી.

—o—

અહો! સર્વોત્કૃષ્ટ શાંત રસમય સન્માર્ગ,

અહો! તે સર્વોત્કૃષ્ટ શાંત રસ પ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞદેવ,

અહો! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ સુપ્રતિત કરાવ્યો એવા પરમકૃપાળુ સદ્ગુરુદેવ, આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્તો, જયવંત વર્તો.

—શ્રીમદ્ રાજચંદ્ર

—o—

વંદન અમારા

(આવેલ આશા ભર્યા.....)

કહાન મોરલીયે હિંદ જગાડ્યું એને વંદન વારંવાર રે,
કહાન ગુરુ વંદન અમારા...
ગુરુનો જય જય બોલો...

ધન્ય સૌરાષ્ટ્રની પાવન ભૂમિ જ્યાં, અવતર્યા સદ્ગુરુ કહાન રે ૧
જૈનધર્મની વૃદ્ધિના કારણે, પધાર્યા શ્રી ગુરુરાજ રે...ગુરુનો ૨
ભવ્યજીવોના હિતના કારણે, લાવ્યા શ્રી જિન સંદેશ રે....કહાન ૩
સાચા સિદ્ધાંતનો ઝંડો લઈને, ફરકાવ્યો ભારત દેશ રે....ગુરુનો ૪
ઠેર ઠેર જિન મંદિરો સ્થપાયા, થયો શાસન ઉદ્ધાર રે....કહાન ૫
ગામેગામ ફરી ભવ્ય જીવોને, આપ્યો બોધ અપાર રે....ગુરુનો ૬
કેવળી પ્રભુના વિરહ ભુલાવી, વર્ષાવ્યા જ્ઞાનના ધોધ રે....કહાન ૭
જડ ચેતનને ભિન્ન જણાવી, દીધો શુદ્ધાતમ બોધ રે....ગુરુનો ૮
અજ્ઞાનતાથી ભૂલ્યા જીવોને, વાળ્યા પ્રભુતા પંથ રે...કહાન ૯
પરમાતમનું ભાન કરાવી, લાવ્યા ભવના અંત રે ...ગુરુનો ૧૦
તત્ત્વ રસિક જીવ ઠેર ઠેર જાગ્યા, થયા જ્ઞાન ઉજાશ રે...કહાન ૧૧
જેના પુનિત પ્રતાપે આજે, ધર્મ ઉદ્યોત જણાય રે....ગુરુનો ૧૨
સુરતરુ સમ ગુરુજી મળીયા, સિદ્ધ થશે અમ કાજ રે....કહાન ૧૩
ઉદય ઉદય સદ્ભાગ્ય અમારા, ભેટ્યા શ્રી સદ્ગુરુ રાજ રે...ગુરુનો ૧૪
ભાવ વીતરાગી વાણી વીતરાગી, હૈયે વીતરાગી ધબકાર રે....કહાન ૧૫
લાગી લગન પરિપૂર્ણ વીતરાગની, એક શુદ્ધાતમ સાર રે... ગુરુનો ૧૬

—o—

કૌન હમારા

(જબ તુમહી ચલે પરદેશ...)

જબ તુમ્હી ચલે સ્વર્ગ દેશ, હમકો છોડ,
ગુરુજી પ્યારા, અબ દુનિયામેં કૌન હમારા....
હમ દેહકો અપના માનતે થે, શુભભાવમેં ધર્મ જાનતે થે;
તુને હી આકર દીયા જ્ઞાન અપારા... અબ દુનિયામેં ૧
હમ અબતક પરમેં ભૂલે થે, વિપરીત રાહોમેં ફૂલે થે;
તુને હી દિખાયા મુક્તિપંથ કિનારા....અબ દુનિયામેં ૨
હમ ખુદકો કભી ન પહિચાના, અપના સુખકો બાહિર જાના;
તુને હી બતાયા શાશ્વત સુખ ભંડારા....અબ દુનિયામેં ૩
હમ જ્ઞાનાનંદ પરમાત્મા હૈ, સુખસે ભરા સહજાત્મા હૈં;
તુને હી દિયા જ્ઞાયકરૂપ હમારા...અબ દુનિયામેં ૪
હમ તુજ પે વારી જાયેંગે, તેરા હી ધ્યાન લગાયેંગે;
ભક્તિ કરેંગે યહ જીવન સારા....અબ દુનિયામેં ૫

—o—

ગુરુ-વંદન

(હરિગીત)

વંદન કરીએ કહાન ગુરુને, કોટિ વંદન અમારા રે;
જેણે જ્ઞાન દીપક પ્રગટાવી, મોહ તિમિરને ટાળ્યાં રે.....૧
ધર્મના જ્ઞાયક ધર્મ વિધાયક, ધર્મ ધુરંધર ધોરી રે;
ધર્મ પ્રભાવક બોધી દાતા, ભવિજન તારણહારી રે.....૨
અખંડ જ્ઞાયક દૃષ્ટિ જેની, પર પરિણતિને હટાવે રે;
અંતર લક્ષે અનુભવ ધારી, મુક્તિ પદને ધ્યાવે રે.....૩
સ્વરૂપ જીવનની મોજો માણે, સહજમાં ભવપારી રે;
આપ તરે ને પરને તારે, સ્વપર હિતકારી રે.....૪
પવિત્ર જેની વાણી સુણતાં, પાપ પલાયન લાગે રે;
અંતર આતમ દર્શન કરતાં, નિજ પરમાતમ જાગે રે.....૫
જ્ઞાની ગુરુનું શરણ ગ્રહીને, ચરણ કમલમાં રહેવું રે;
ગુરુ આજ્ઞાએ આતમ સાધી, અજર અમર પદ લેવું રે.....૬

—o—

સબ નમન કરો....

યહાં ધરા પર કહાનગુરુકા, નામ સદા જયવંત રહો;
જ્ઞાનપુંજ ઉસ આત્મજ્યોતિકો, બાર બાર સબ નમન કરો.

ધન્ય ધન્ય તુમ ગુરુવર મેરે, આત્મ જ્યોતિકો જગા દિયા;
કોટિ જન્મકે અંધ જ્ઞાનકા, પલ ભરમેંહી નાશ કિયા.

ભેદજ્ઞાન જગા અંતરમેં, નિજપરકા હૈ ભેદ લિયા;
મૈં હી સ્વ હૂં યે સબ પર હૈ, સમયસારકા મનન કિયા.

મૈં નહિ કરતા પર વસ્તુકા, જો નહિં મેરી અપની ચીજ;
ગુરુ વચનામૃતકી ધારાસે, જ્ઞાનબેલ તું અપની સીંચ.

કેવલ મૈં કરતા હૂં અપના, અપના જ્ઞાન જગાઉંગા;
નય પ્રમાણકી ચક્કીમેંસે, નિજકા તત્ત્વ છુડાઉંગા.

ભિન્ન ભિન્ન જો તત્ત્વ કહે હૈ, નિજ કર્મોકે કરતા હૈ,
અપને અપને ગુણકે કારણ, અપને અપને ભરતા હૈ;

યેં કયોં વિઘ્નરૂપ હોય મુજકો, મૈં આત્મતત્ત્વ નિરાલા હૂં;
નિત્ય નિરંજન જ્ઞાનસ્વરૂપી, જ્ઞાન ધર્મસે ઉજિયાલા હૂં.

પરકા રાગ ઘટે તત્ક્ષણ, જિસ ક્ષણ યહ વિશ્વાસ જગે;
નિત્ય સુખી હોનેમેં મુજકો, નહીં કભી આયાસ લગે.

ચૂર ચૂર અભિમાન ગલેગા, મૈં ત્યાગી હૂં ત્યાગ કિયા;
પૃથક્ આપ પર હો જાયેંગે, ગુરુ વાણીસે જ્ઞાન લિયા.

કુંદકુંદ-અમૃતકે ચરણમેં સેવકકા કોટિ પ્રણામ;
ઔર કહાન ગુરુવરકો; ભી, અર્પિત હૈ ભક્તિ માલ.

—o—

ભક્તિ ભેટ

શ્રી કહાન ગુરુદેવ ચરણોમેં શિર નમાઉં,
મૈં ભક્તિ ભેટ અપની તેરી શરનમેં લાઉં;
તુમ શાંત મુદ્રાધારી વૈરાગ્યવંત મૂર્તિ,
મૈં જ્ઞાન તેરા પાકર શુદ્ધાત્મ ભાન પાઉં.

તુમ સત્ય જ્ઞાનધારી હો મહા ઉપકારી,
તારક હો જગતકા ગુણગાન તેરા ગાઉં;
તુમ દિવ્ય-વાણી સુનાકર સરિતા સુધા ચલાઈ,
ઉસ દિવ્ય જ્ઞાન પાકર નિર્મલ સદા હો જાઉં.

તેરે હી વચનામૃતસે ધર્મકા ધ્વજ ફરકે,
કલ્યાણકારી સબકા તેરા ગુરુત્વ ગાઉં,
સબ મિલકર તેરા, સેવન સદા કરત હૈ,
ભાવિ ભગવંત તુમકો અંતર હૃદય બિઠાઉં.

તેરી હી વાણી સુનકર ભવી આત્મભાન કરતે,
વીતરાગ ભાવ કારન, નિમિત્ત તુજે બનાઉં,
તેરી શરનમેં આઉં તેરા હી મંત્ર ગાઉં,
મન ઔર દેહ તુઝપર બલિદાન મૈં ચડાઉં.

—૦—

અહો! સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ—

સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર
પડતી વૃત્તિને સ્થિર રાખનાર

દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયત અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત, છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર,

ત્રિકાળ જયવંત વર્તો!

આવો આવો કહાન ગુરુજી

આવો આવો કહાન ગુરુજી, આજ હમારે દ્વાર જી;
લાવો લાવો જિન સંદેશા, ભવિજનકે હિતકાર જી.....૧

કયા કરે સન્માન તુમારા, કયા વિનય સત્કાર જી;
દેખી મંગલ મૂરત તેરી, મસ્તક ઝુકી જાય જી.....૨

આજ હમારે આંગન પધારો, વર્તે મંગલાચાર જી;
જય હો! જય હો! ગુરુ તુમારી, બોલે સબ નરનાર જી.....૩

સુવર્ણપુરીકે સંત ગુરુવર, ફિરસે યહાઁ પધારો જી;
અમૃતવાણી ગુરુજી વર્ષાવો, તાત્ત્વિક રસ ભરપૂર જી.....૪

જ્ઞાન સુધારસ છોળો ઉછાળો, અમ આંગણ મોજાર જી;
આવે આત્માર્થી સૌ આવે, પ્યાલા અમર પીવા જી.....૫

જ્ઞાની ગુરુકે ચરણ સેવનસે, આતમ દૃષ્ટિ ઉઘડે જી;
સ્વરૂપ જીવન શીઘ્ર પાકર, બને મુક્તિવધૂકે કંથજી.....૬

—૦—

ભાવના....

(સજનવા બૈરી હો ગયે કુમાર)

ગુરુજી દેજો સમ્યક્‌જ્ઞાન.....
અજ્ઞાનીને કયાંથી સમજાયે (૨)
દેજો આતમ ભાન.....ગુરુજી દેજો

ભવોભવથી ભટકી રહ્યો છું કયારે થશે ભવ અંત,
સત્ય તત્ત્વ અંતર ઉતરી કયારે મળે આનંદ,
દોષ ક્ષતિ પ્રભુ કાંઈ જો થાયે (૨) દેજો ક્ષમાના દાન...ગુરુજી દેજો

સત્ય ધરમ પંથ સૌને બતાવી તાર્યા જીવ અનંત,
ભવ્ય જીવોના કલ્યાણ કરીને બતાવ્યો આનંદ પંથ,
ભાવના "કમલ" મારે હૃદામાં એવી (૨) પામવો તારો પ્રસાદ. ગુરુજી દેજો

—૦—

મારા મનોમંદિરે

(જ્યોતિ ભક્તિની જગાવ...)

આતમ બોધ વરસાવ મારા મનોમંદિરે;
જ્ઞાયક દેવ બતાવ, મારા મનોમંદિરે.
વીર પ્રભુનું શાસન ચલાવો, ભક્તજનના હિત કાજે;
વાણી વીતરાગી સંભળાવ, મારા મનોમંદિરે. આ૦...૧
અનાદિ અજ્ઞાન છોડાવા, સંધિ જ્ઞાન ને રાગ તોડવા;
સાર સમયનો દેખાડ, મારા મનોમંદિરે. આ૦...૨
મિથ્યાત્વનું વમન કરવો, સમ્યક્ રત્નત્રય પ્રગટાવો;
શુદ્ધાતમ બીજ રોપાવ, મારા મનોમંદિરે. આ૦...૩
વિભાવના છે દોષ અનંતા, ટાળે ક્ષણમાં બળવંતા;
જ્ઞાયક તત્ત્વ સમજાવ, મારા મનોમંદિરે. આ૦....૪
સત્સંગ જગમાંહી દુર્લભ, મળ્યો હતો તું અણમૂલ્ય;
સેવે મુક્તિ પંથ જણાય, મારા મનોમંદિરે. આ૦ .. ૫
આત્માર્થી તુજ વાણી ઝીલે, અંતરમાં ઉજવળતા ખીલે;
હૈયા આનંદે ઉભરાય, મારા મનોમંદિરે. આ૦....૬
જો તુજ સમાગમ પામું, ચરણ-કમળમાં શરણ પામું;
આત્મધર્મ પામી જાવ, મારા મનોમંદિરે. આ૦....૭

—o—

પૂજ્ય ગુરુદેવે આપેલા મંત્રો :—

૧. શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.

૨. ધ્રુવધામના-ધ્યેયના-ધ્યાનની ધખતી ધૂણી ધગશ ને ધીરજથી ધખાવવી તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.

—ભાવનગર, તા. ૨૮-૨-૭૭.

૩. ચૈતન્યધાતુને ધરનાર ધ્રુવ ધણીનો ધુની, ધૈર્યવાન, ધર્મધ્યાની ધર્મી ધન્ય છે. —ભાવનગર, તા. ૨૮-૨-૭૭.

૪. સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ—મુંબઈ, તા. ૧૯-૧૧-૮૦.

શાસન શિરતાજ

(કૌન બજાવે બાંસુરીયા...)

મન ડોલે, જયજય બોલે, શાસનના શિરતાજ
પધારો કહાન ગુરુ મહારાજ.....
સ્વર્ણપુરીમાં ગુરુ પધારો પાવન આંગણ આજ,
મંગલ ભાવના ઘરઘર વર્તે ભવ્યોને સુખ સાજ
રે પ્રભુ ભવ્યોને સુખ સાજ....મન...૧
આતમ જ્ઞાની ગુરુ મળ્યા છે ભાવે ભેટો રાજ,
સંસાર તરવા મુક્તિ વરવા તરણ તારણ જહાજ
રે પ્રભુ તરણ તારણ જહાજ....મન...૨
ધર્મની મૂર્તિ કહાન ગુરુ તું પવિત્ર આતમ રામ,
તારું અંતર દર્શન કરતાં પામું અક્ષય ધામ
રે પ્રભુ પામું અક્ષય ધામ....મન...૩
ચંદ્ર સૂરજ સમ તપે અવિચળ જગમાં તારું નામ,
જય જયકાર જગતમાં વર્તો એ અમ અંતર હામ
રે પ્રભુ એ અમ અંતર હામ....મન...૪

—o—

ગુરુના મીઠા સંભારણા....

ઉજમબા જાયાની લાગી મને માયા, ગુરુના મીઠા સંભારણા...
ગુરુવર સાથે મેં તો બાંધી છે પ્રીતડી,
દિલમાં વસી ગઈ છે વાણી અલબેલડી;
પામું જ્ઞાન કેરા નીર... ગુરુના મીઠા સંભારણા
આતમાની જ્યોત જેણે જગમાં જગાવી,
સ્વપર ઉદ્ધાર કાજે જિંદગી વીતાવી;
સાગર સમાન ગંભીર...ગુરુના મીઠા સંભારણા
ભજતાં ભાવે ભવ દુઃખ બપાવે, શિવલક્ષ્મી સુખ-સંપદ પાવે;
ઉતારે ભવજલ તીર...ગુરુના મીઠા સંભારણા.

—o—

અમારી સ્વર્ણપુરીમાં

(નાગરવેલીયેા રેાપાવ.....)

પધારેા ગુરુદેવ શ્રી કહાન, અમારી સ્વર્ણપુરીમાં;
કરીએ ભાવભર્યા સન્માન અમારી સ્વર્ણપુરીમાં.....૧

સુવર્ણપુરીના સંત પધારેા, આજ અહેા અમ આંગણે;
રંક ઘરે પ્રભુ મહેમાન અમારી સ્વર્ણપુરીમાં.....૨

કરશું ગુરુજી દર્શન તારાં, ઉડી જશે અજ્ઞાન અંધારા;
કરશું વચન સુધારસ પાન અમારી સ્વર્ણપુરીમાં.....૩

કરતાં નિત્ય સમાગમ તારેા, ઉડી જશે સંશય અમારેા;
કરશું પરમાતમનું ભાન અમારી સ્વર્ણપુરીમાં. ...૪

અમ આંગણે ગુરુજી પધારી, જ્ઞાન સુધામૃત પાન કરાવી;
દેજો આત્મસ્વરૂપનાં દાન અમારી સ્વર્ણપુરીમાં.....૫

ઉદય ઉદય સદ્ભાગ્ય અમારાં, મળ્યા વીતરાગી ગુરુ પ્યારા;
મેળવશું અમૃત રાજ અમારી સ્વર્ણપુરીમાં. ...૬

ભક્તો આનંદ મંગલ ગાવેા, ગુરુવરનેા જયકાર ગજાવેા;
રાખી અંતર આતમ ભાન અમારી સ્વર્ણપુરીમાં.....૭

—o—

સહુ જય બેાલેા

વીર શાસન વૃદ્ધકાળ દેખું, સહુ જય બેાલેા,
પ્રગટયા વીર સુપુત્ર કહાન, ગુરુજીનેા જય બેાલેા.
સત્ ધર્મના દરિયા વહાવિયા, સહુ જય બેાલેા,
જેણે ઉછાળ્યા આખા ભારત, ગુરુજીનેા જય બેાલેા.
(જેણે હલાવ્યા આખા હિંદ, ગુરુજીનેા જય બેાલેા.)
શાસન–વૃદ્ધિ–દિન આજનેા, સહુ જય બેાલેા,
આજે મળ્યા શ્રી સદ્ગુરુદેવ, ગુરુજીનેા જય બેાલેા.
ભાવિ ભગવંત ગુરુદેવનેા, સહુ જય બેાલેા,
મારા વંદન હેાજો અનંત, ગુરુજીનેા જય બેાલેા.

—o—

કથા ગુરુ કહાનકી

(આવેા અચ્ચેા તુમ્હેં દિખાયે...)

આવેા ભક્તો તુમ્હેં સુનાઉં કથા ગુરુ કહાનકી,
જૈન ધરમકા મરમ બતાયા ગુરુ વેા મહાનકી,
જૈનં જયતુ શાસનં... (૩)

જબ જબ ઇસ ભારતભૂમિ પર અંધેરાસા છાયા થા,
સૌરાષ્ટ્ર ધરતીમેંસે તબ તબ મહાન નેતા આયા થા,
સંતેા ઔર શૂરવીરોંસે યહ ધરતી ભી મહાન હૈ...જૈનધરમકા ૧

સંવત ઉન્નીસેા છયાલીસમેં માસ થા વૈશાખકા,
સુદ દ્વિતીયાકે દિન પર જબ હુઆ એક પ્રકાશ થા,
ઉજમબાકી ગેાદીમેં ખેલે વેા કહાન મહાનકી...જૈનધરમકા ૨

બચપન બીતા આયા યુવાની મેાતીચંદકે લાલકેા,
ખેલ–કૂદમેં જી ન લગતા કરને ધર્મ–ધ્યાનકેા,
ચેાબીસ વરસે દીક્ષા લેકર છેાડા સબ સંસારકેા...જૈનધરમકા ૩

બત્તીસ વર્ષે અમૃત પાયા નામ સમયસાર થા,
પૈતાલીસપે પરિવર્તન કર દેખા સચ્ચા સાર થા,
સેાનગઢમેં શુરુ હુઈ વેા વાણી અમૃત કહાનકી...જૈનધરમકા ૪

કીર્તિ ફૈલી દેશેા દેશમેં માર્ગ થા વીતરાગકા,
દશેા દિશામેં જૈન ધરમકા હુઆ મહાપ્રકાશ થા,
સેંકડેા મંદિર નયે બને હૈ કૃપા હૈ ગુરુરાજકી....જૈનધરમકા ૫

અમર બનાયે આગમ મંદિર પરમાગમ યે પાંચસે,
ઘર ઘર ગુંજન હેા રહા હૈ લગન લગી હૈ સાચસે,
જયવંત રહે શ્રી કહાન ગુરુજી "કમલ" કહું જયકારજી...જૈનધરમ ૬

—o—

ગુરુવાણી

(રાગ : મા પાવા તે ગઢથી ઉતર્યા મા કાલી રે...)

આ સુવર્ણપુરેથી છૂટતી ગુરુવાણી રે,
એ તો વહેતીમુક્તિને નિવાસ, ધન ગુરુવાણી રે !.....૧

આ વન-જંગલમાંથી મળી ગુરુવાણી રે,
એ તો કુંદકુંદની કમાલ, ધન ગુરુવાણી રે !.....૨

આ વિદેહમાં જઈ સાંભળી ગુરુવાણી રે,
એ તો વરસી સીમંધર મુખ, ધન ગુરુવાણી રે !.....૩

એના ઓલે વરસે અમી મેહુલા ગુરુવાણી રે,
જુગ જૂની તૃષા છીપાય, ધન ગુરુવાણી રે !.....૪

એના પડઘા પડે આ દેશમાં ગુરુવાણી રે,
નવ ચેતનનો સંદેશ, ધન ગુરુવાણી રે !.....૫

એના કંપનથી કર્મો શમે ગુરુવાણી રે,
જ્ઞાન કેવળનો ટહુકાર, ધન ગુરુવાણી રે !.....૬

સત્ ધર્મની આપે પ્રેરણા ગુરુવાણી રે,
સમકિત તણો ઝમકાર, ધન ગુરુવાણી રે !.....૭

આ કામધેનુ આજે મળી ગુરુવાણી રે,
લૂંટો લૂંટો સહુ ઝવેરાત, ધન ગુરુવાણી રે !.....૮

આ બંસી વાગે છે કહાનની ગુરુવાણી રે,
સુણો, ભવાતાપ સમી જાય, ધન ગુરુવાણી રે !.....૯

આ અનંત ગુણોની છાબડી ગુરુવાણી રે,
મહા જ્ઞાન સુવાસ ફેલાય, ધન ગુરુવાણી રે !.....૧૦

કેવી મીઠી મધુરી સુરની ગુરુવાણી રે,
મારે હૃદયે વસો સદાય, ધન ગુરુવાણી રે !.....૧૧

આ દિવ્યધ્વનિ શી સાંપડી ગુરુવાણી રે,
મને મુક્તિપુરે લઈ જાય. ધન ગુરુવાણી રે !.....૧૨

—૦—

સીમંધર-આડતિયા

(વહુએ વગોવ્યા મોટા બોરડા)

પંચમ કાળે આ વાત દોહ્યલી રે લોલ,
સાંભળ સાંભળ ભવિયા આજ
જગમાં આતમ (૨) વાત ભારે દોહ્યલી રે લોલ...૧

ઓશીયાળી અથડામણ આ જગની રે લોલ,
શાને ન મૂકે તું અભિમાન
માનવભવ (૨) ફરી ફરી નહીં મળે રે લોલ...૨

વિદેહવાસી ભરતે પધારીયા રે લોલ,
વહાવે જ્ઞેને અમૃતધાર
એનો જયકાર (૨) જગમાં થઈ રહ્યો રે લોલ...૩

આડતીયા મળ્યા શ્રી સીમંધર નાથના રે લોલ,
આવી રૂબરૂ વિદેહીનાથની વાત
ગુરુરાજે (૨) ધર્મ ધ્વજ ફરકાવિયા રે લોલ...૪

ઊંનાદ સમોસરણમાં સુણીયો રે લોલ,
ઊંનામ ઉમરાળા ગામ
ઊંનામે (૨) ઉજમબા નામ આવતા રે લોલ...૫

દર્શન બીજ 'કમલ' જ્ઞે પ્રગટે રે લોલ,
નક્કી મોક્ષ પૂનમ એ થઈ જાય
આવા ટાણા (૨) અરે રે નવ ચૂકશો રે લોલ...૬

—૦—

ઉપકાર

(રાગ : કોઈ જન તુમ્હારા હૃદય તોડ દે)

તારો જ્ઞે સંગ આ મળશે ફરી, ભવ્યો અમે સૌ રે જાશું તરી,
પંચમ કાળે આ વાણી મળી, ઉપકાર તારો અહોહો ગુરુજી,
અહોહો ગુરુ...તારો...૧

હવે મોતની કોઈ પરવા નથી, અસ્તિત્વ મારું આ જાણ્યું છે મેં,
કમબદ્ધની વાતો સુણી આ મુખે, જીવન મંગલ પીછાણ્યું છે મેં,
અવસર ફરી આવા દેજો ગુરુ, ભાવે ગુરુજી હું વંદન કરું,
પંચમકાળે આ વાણી મળી, ઉપકાર તારો અહોહો ગુરુજી(૨)તારો. ૨

સ્વર્ગે હવે મારે જાવું નથી, સુવર્ણપુરીએ સ્વર્ગ થયું,
વિદેહી જીવો રૂબરૂ આ મળ્યા, વિદેહ બીજું આ ભરતે વસ્યું,
પધારોજો ગુરૂજી પધારજો ફરી, દર્શન દેવા દાસને જરી,
ભાગ્યે "કમલ" ની ભક્તિ ફળી, ઉપકાર તારો અહોહો ગુરુજી (૨)તારો.૩

—૦—

જ્ઞાનીના ભાવ

(રાગ–ગઝલ)

ગહન છે ભાવ જ્ઞાનીના કહો અજ્ઞાની શું જાણે,
ડૂબેલાં કુમળા જીવો સાગર સ્વરૂપ શું જાણે.....ટેક
બિરાજે જ્ઞાન મંદિરમાં પ્રભુ ચૈતન્ય વીતરાગી,
બિચારા દેહ દૃષ્ટિથી જગત જોનાર શું જાણે.....ગહન–૧
વસે છે જ્ઞાનીના દિલમાં જ્ઞાન વૈરાગ્યના ભાવો,
અંતર પરિણામ જ્ઞાનીના બહિર્દૃષ્ટિ તે શું જાણે.....ગહન–૨
જ્ઞાની જ્ઞાનમય ભાવે નિરંતર સ્વરૂપમાં રમતો,
સ્વપરના ભેદ વિજ્ઞાને અસંગી સર્વથી જાણે.....ગહન–૩
શુદ્ધ સ્વભાવ દૃષ્ટિમાં શુભાશુભ સર્વ નિષેધી,
જ્ઞાતા ઉદયનો રહીને સાક્ષી માત્ર થઈ જાણે.....ગહન–૪
જે રસ દેવને દુર્લભ તે રસ જ્ઞાનીઓ માણે,
ભર્યું શું જ્ઞાનીના દિલમાં જ્ઞાની હોય તે જાણે.....ગહન–૫
ઘણો ઉપદેશ સૂણીને સૂત્રો શાસ્ત્ર ભણી ભણીને,
ન ભાસ્યો ભાવ અંતરમાં પ્રભુને કેમ કરી જાણે.....ગહન–૬
બધું જાણ્યું વૃથા થાવે વિના નિજ આત્માને જાણ્યે,
જો નિજ આત્મને જાણે યથારથ સર્વને જાણે.....ગહન–૭

—૦—

પધારો રે

(રાગ : આવો આવો સીમંધરનાથ)

આવો આવો ઉજમબા નંદ અમ ઘેર આવો રે,
ભલા ભવિકના સુખકંદ ગુરુજી પધારો રે...૧

અહો અધ્યાત્મરસના રાજ અમ ઘેર આવો રે,
થાયે આનંદ મંગળ દિન ભવિક મન ભાવો રે...૨

અમે શાં કરીએ સન્માન ગુરુજી તમારાં રે,
મારા અણમૂલા મહેમાન નયનના તારા રે...૩

ભાવ ભક્તિના ફૂલડે આજ ગુરુજી વધાવું રે,
તારા ચરણ કમલની માંય શીર ઝુકાવું રે..૪

તારી પવિત્ર મૂર્તિ દેખી નયણાં ઠરશે રે,
તારો પવિત્ર આતમ દેખી દુઃખડા ટળશે રે...૫

વીતરાગી મળ્યા ગુરુરાજ નેહ કેમ છોડું રે,
લેવા મુક્તિ રહી તુજ સાથ આતમ ચિત્ત જોડું રે...૬

ગુરુ ચરણમાં વંદન કોટિ અમારાં રે,
જયવંત રહો ગુરુ કહાન ભવિકને પ્યારા રે....૭

—૦—

ગુરુ નામ ગાજે છે

(રાગ: તુમ્હારે દર્શ વિન સ્વામી)

આતમ ઉદ્ધાર કરનારા ગુરુના નામ ગાજે છે,
અમારા કર્ણપટ ઉપર ગુરુના નાદ ગાજે છે....૧

મોતીચંદભાઈના કુલમાં ઉજમબા માતની કુંખે,
લીધા અવતાર શ્રીગુરુએ થયા શ્રી જિન લઘુનંદન...૨

ચોવીસ વર્ષની વયમાં જગતના મોહને છોડી,
લીધા વૈરાગ્ય શ્રી ગુરુએ ભવોના બંધને તોડી....૩

કર્યો ઉપકાર ભવ્યો પર સુણાવી વાણી શ્રી વીરની,
સુણીને અનુસર્યા જેઓ થયા તે ભવ્ય પણ જ્ઞાની....૪

શ્રી સમયસાર જિનવાણી ગુરુના મુખમાં ગાજે,
દિવ્ય શ્રુતજ્ઞાન ધારી છો હિંદમાં કહાન ગાજે છે...૫

અમોઘ ગુરુ વાણીના રણકાર ભરતમાં ગાજતા રહેશે,
શ્રી ગુરુદેવના સ્મરણો હૃદયમાં શાશ્વતા રહેશે...૬

પ્રભુશ્રી વીરનું શાસન વિજયવંતુ રહો વિશ્વે,
સદ્‌ગુરુ કાનજી સ્વામી સદા જયવંત હો વિશ્વે...૭

—o—

સુવર્ણપુરીના સંત

(રાગ : અજિત નાથજી મોહ ટાળજો)

સુવર્ણપુરીના સંત એ પ્રભુ,
તુજ વિના હવે કર્યાં જવું પ્રભુ...
ભારત ભાનુ આ અસ્ત થઈ ગયા,
દરશ નાથના કર્યાંય ના રહ્યા...૧
સુવર્ણ પુરીના તેજ કર્યાં ગયા,
પ્રભુ વિના સૌ રખડતા થયા...૨
હિંદના હીરા હાથથી ગયા,
જીવન આપણા શૂન્ય તો થયા...૩
લાખો ભક્તના મનમાં તું હતો,
શાસન સ્થંભ તું એકલો હતો...૪
જ્ઞાયક દેવના મંત્ર આપીને,
જીવન મુક્તિના પંથ સ્થાપીને...૫
ભવના અંતની વાત કર્યાં મળે,
જીવન નાથ રે શરણું કર્યાં હવે...૬

ગુરુ ગુરુ રટી હૃદય તો રડે,
અશ્રુધાર તો નયનમાં વહે...૭
ભક્ત ભાવના દિલ ધારજે,
અમી ભરી કૃપા દૃષ્ટિ રાખજે...૮
સુખદ વાણી છે જીવંત તાહરી,
શરણ તે લઈ શાંતિ પામીએ...૯
અનંતા અનંત ઉપકારી છો,
સ્મરણ તાહરા જીવનમાં રહો...૧૦
કલ્પવૃક્ષની છાંયા કર્યાં ગઈ,
હૃદય તૃપ્તની શાંતિ કર્યાં ગઈ...૧૧
વિરહ તાપની કરી શ્રદ્ધાંજલિ,
ચરણમાં ધરી દુઃખદ ભાવથી...૧૨

—o—

ભક્તો આવો

(રાગ : ડંકો વાગ્યો શાસનના પ્રેમી જગજંતે રે)

ભક્તો આવો ગુરુને ભાવે ભેટવા રે,
ભાવે ભેટવા રે વાણી સુણવા રે...ભક્તો.....૧
ભરતે દિવ્યધ્વનિના નાદ આવીયા રે,
નાદ આવીયા રે ગુરુજી લાવીયા રે...ભક્તો.....૨
બીજ સત્યના કાન ગુરુએ રોપીયા રે,
ગુરુએ રોપીયા રે અમૃત સીંચીયા રે...ભક્તો.....૩
ભવ્ય ભક્તોના સદ્‌ભાગ્ય ખીલીયા રે,
ભાગ્ય ખીલીયા રે ગુરુજી પધારીયા રે...ભક્તો.....૪
ધન્ય ધન્ય સીમંધર તારા પુત્રને રે,
તારા પુત્રને રે અમારા નાથને રે...ભક્તો ૫
વીરકુંદના કેડાયત ગુરુ કહાન છે રે,
ગુરુ કહાન છે રે શાસન સ્થંભ છે રે...ભક્તો.....૬

ભરત ક્ષેત્રે અણમૂલા ગુરુ એક છે રે,
ગુરુ એક છે રે કલ્પતરુ છે રે....ભક્તો.....૭
પંચમ કાળે અનેડ ગુરુજી જાગીયા રે,
ગુરુજી જાગીયા રે સત્ય સ્થાપિયા રે...ભક્તો.....૮
ત્રણે કાળે સત્યનો મારગ એક છે રે,
મારગ એક છે રે ભવ્યની ટેક છે રે...ભક્તો...૯
ગુરુજી પ્રતાપે શાસનનો જય જયકાર છે રે,
જય જયકાર છે રે વિજય ત્રિકાળ છે રે...ભક્તો.....૧૦

—o—

ગુરુવર આવો

(દરબાર તુમારા મનહર હૈ)

આજ હમારે ગુરુવર આવો આનંદ આનંદ છાયે રે
ગુરુરાજ હમારે આવો રે (૨)...ટેક

ધન્યભૂમિ ધન્ય સુઅવસર જબ મિલે અરાગી ગુરુવર,
આંગન આયે જો કલ્પતરુવર મનવાંછિત મિલાયે રે...ગુરુરાજ
સ્વર્ણપુરીમેં પ્રભુ પધારો મંગલવાણી ફિરસે વરસાવો,
ભાવભક્તિકા પુષ્પ ચઢાયેં ચરણોમેં શીશ નમાયે રે... ૨
મંગલ મૂરત મંગલ સુરત મંગલ દ્રવ્ય તુમ્હારા હૈ,
અંતર મંગલ દર્શ કરે હમ મંગલરૂપ હો જાયે રે... ૩
ભેટો ગુરુજી તરણતારી વાણી જિસકી હૈ હિતકારી,
ભવિજનકો અમૃત પાનારી પરમાત્મ દર્શ કરાયે રે... ૪
જય હો જય હો નાથ તુમારી જય હો મુક્તિ પંથ વિહારી,
મુક્તિરમા હૈ નેમ હમારી હિલમિલ હમ તુમ પાયે રે... ૫

—o—

ગુણીયલ ગુરુજી

(રાગ : નિરખી નિરખી મનહર મૂરત)

આવો આવો ! ગુણીયલ ગુરુજી મૂર્તિ મંગલકાર રે
સ્વર્ણપુરીમાં ગુરુજી પધારો, ભક્ત જુએ છે વાટ રે—ટેક

ધર્મ પ્રભાવક નાથ પધારો, અમ જીવન આધાર રે (૨)
ધર્મ લાભ તુજ સંગે પામી, કરશું આત્મ ઉદ્ધાર રે (૨)
ભલે મળ્યો તું માર્ગ પ્રણેતા, ધર્મ પ્રકાશનહાર રે—આવો

ધન્યભૂમિ પાવન ચરણે, મંગલ તીર્થ બની રહે (૨)
અંતર અનુભવ સ્પર્શી વાણી, અમૃતરસ ઝરતી વહે (૨)
મંગલ મૂરત મંગલ સુરત, શુદ્ધાત્મ દિખાવનહાર રે—આવો

વણથંભી વણજાર મુક્તિની, તુજ પ્રતાપથી બની રહે (૨)
ભવ્યજીવ સુમાર્ગ પામી, સંસાર તરીને મુક્તિ લહે (૨)
મુક્તિ નેતા ગુરુજી તારો, ત્રિલોક જય જયકાર રે—આવો

—o—

શ્રેય અંશ આપોને

(રાગ : ઝટ જાઓ ચંદન હાર લાવો)

નિત આપો, કહાન ગુરુ આપો, શ્રેય—અંશ આપોને;
રંગ લાવ્યો ગુરુવર તારો, સેવક કષ્ટ કાપોને....

(સાખી)

શ્રેય કરનારા ગુરુજી, તુમ ગુણ રત્ન ભંડાર;
ગુણ એક આપી પ્રેમથી, રંક જીવન ઉદ્ધાર રે....સેવક કષ્ટ....નિત.

ભક્તિ અધિકી મુક્તિથી, એ અમ રંગ અભંગ;
ચમક ખેંચે જેમ લોહને, તિમ ભક્તિ મુક્તિનો પ્રસંગ રે...સેવક કષ્ટ..નિત

તરણ તારણ ગુરુરાજ તું, ભવ જલધિમાં જહાજ;
કાજ અમારા સારીને, શિવપુરીનું દેજો રાજ રે....સેવક કષ્ટ....નિત

પ્રણમું ભાવિ ભગવંતને, લેવા મુક્તિપુરી રાહ;
દાસ શિશુ એમ વિનવે, શ્રી સદ્‌ગુરુ છે મહાન રે....સેવક કષ્ટ....નિત

—o—

ચમકિત તારો

(રાગ : નિરખી નિરખી મનહર મૂરત)

જિન શાસનનો ચમકિત તારો જિણુંદનો દુલારો રે
આવો સ્વર્ણપુરીમાં ગુરુજી, ભવિજન તારણહારો રે...ટેક

ધર્મમૂર્તિ તું ધર્મનો વૈભવ, સ્વર્ણપુરે લઈ આવ્યો રે (૨)
અમૃતરસની લ્હાણ કરાવી, ભવિકને મન ભાવ્યો રે (૨)
એ અમૃતરસ પાન કરંતા, અજરઅમર બનનારો રે...જિન-૧

શાં કરીએ સન્માન ગુરુજી, શાં કરીએ સન્માન રે (૨)
ભાવ ભક્તિથી સ્વાગત કરીએ, લાવી અંતર માન રે (૨)
તુજ દર્શન અમ ભક્તોને, આનંદ મંગલકાર રે...જિન-૨

ચંદ્ર સૂરજ સમ તપો અવિચલ, ધર્મ પ્રભાવના તારો રે (૨)
જયવંત હોજો કહાન ગુરુજી, સ્વરૂપ જીવન જીવનારો રે (૨)
જય જયકાર થાયે જગતમાં, ભવિજનનો આધારો રે...જિન-૩

કોટિ કોટિ વંદન ગુરુજી, ભાવ ચરણને ધ્યાઉં રે (૨)
અૈક્ય સાધી આત્મ આરાધી, સહજ સ્વરૂપને પાઉં રે (૨)
શાંત સુધારસ ભોગી ભ્રમર થઈ, શિવરમણી રમનારો રે...જિન-૪

—o—

ભારે મસ્તાનો

ભારે બન્યો મસ્તાનો, ઉજમબા તમારો કાનો કાનો;
જ્ઞાનમહી મસ્તાનો.....ઉજમબા..... ૧
વાત કરે છે જ્ઞાનતણી એ, દિલડા હરે છે લોકોના એ;
કુંદ સુત કેસરી જાગ્યો.....ઉજમબા..... ૧
ભવ્યોનો તારણહારો.....ઉજમબા..... ૧

એકાકી સત શોધી કાઢયું, દ્વૈત મિટાવી અદ્વૈત બતાવ્યું;
ધુરંધર મસ્તાનો.....ઉજમબા..... ૨
ભરતમાં એક મસ્તાનો.....ઉજમબા..... ૨

જગમાં કોઈ અન્ય ન માનું, ધુન મચાવી અલખ જગાવું;
સીમંધર લાડકવાયો.....ઉજમબા..... ૩
અમને મળ્યો એ કાનો.....ઉજમબા..... ૩

જૈન ધરમની જ્યોત જગાવી, અજ્ઞાન અંધારા દૂર હઠાવી;
જગમાં માનો ન માનો.....ઉજમબા..... ૪
ભાવી તણો ભગવંતો.....ઉજમબા..... ૪

એકલે હાથે માર્ગ ચલાવ્યો, પંડિતોનો કાંઈ ગર્વ ઉતાર્યો;
તોયે કહે હું નાનો.....ઉજમબા..... ૫
એવો અદ્ભુત કાનો.....ઉજમબા..... ૫

હિંદને હલાવનારો.....ઉજમબા..... ૫
અમને વ્હાલો એ કાનો.....ઉજમબા..... ૫

—o—

એ પ્રભાવશાળી આતમા

એક અદ્ભુત વાણીયો વીરનો મારગ જાણીયો,
મુમુક્ષુઓએ વખાણીયો એ પ્રભાવશાળી આતમા. ૧

ઉમરાળાનો રહેવાસી નામ પડયું મિથુન રાશિ,
શિવરમણીનો છે પ્યાસી એ પ્રભાવશાળી સંત છે. ૨

પાલેજથી તે ઓળખાયો અનેકના દિલને ભાયો,
સુવર્ણપુરીનો મહારાયો એ પ્રભાવશાળી આતમા. ૩

શ્રી કાનજીસ્વામી નામ છે ભવ તરવાનું કામ છે,
આનંદી આતમરામ છે એ પ્રભાવશાળી સંત છે. ૪

શ્રી ગુરુજી ઉપર પ્યાર છે સાચો તેનો આધાર છે,
તે નાવિક તારણહાર છે એ પ્રભાવશાળી આતમા. ૫

સમયસારને છણનારો સર્વ દોષને હણનારો,
મુક્તિને તે વરનારો એ પ્રભાવશાળી સંત છે. ૬

અધ્યાત્મિક એ યોગી છે આતમરસનો ભોગી છે,
શુદ્ધ સ્વરૂપ સંયોગી છે એ પ્રભાવશાળી આતમા. ૭

પૂરવ ભવમાં પામેલો તે પણ સાથે લાવેલો,
તત્ત્વજ્ઞાનમાં રસઘેલો એ પ્રભાવશાળી સંત છે. ૮

કુંદ–સીમંધર વારસ છે રત્ન-ચિંતામણી પારસ છે,
અંતર જેનું આરસ છે એ પ્રભાવશાળી આતમા. ૯

અંતરમાં ઓળખાણ છે સર્વ શાસ્ત્રનો જાણ છે,
વાણી અમીરસ ખાણ છે એ પ્રભાવશાળી સંત છે. ૧૦

અંતરમાં ઉજમાળ છે વ્યાખ્યાન અમૃતથાળ છે,
તે હૃદયનો વિશાળ છે એ પ્રભાવશાળી આતમા. ૧૧

આત્મ-મસ્તીમાં મસ્ત રહે સઘળાનું તે હિત ચહે,
કર્મશત્રુને નિત્ય દહે એ પ્રભાવશાળી સંત છે. ૧૨

મિથ્યાત્વનો વિરોધક છે સત્યતણો એ સ્થાપક છે,
પરમ શ્રુતનો બોધક છે એ પ્રભાવશાળી આતમા. ૧૩

અપૂર્વ શાંતિ વેદક છે તમામ ગ્રંથી ભેદક છે,
ચતુર ને વળી ચેતક છે એ પ્રભાવશાળી સંત છે. ૧૪

મહા પ્રતાપી પુરુષ છે ભેદજ્ઞાનનો સ્ફૂરક છે,
જાણે ઉગતો સૂરજ છે એ પ્રભાવશાળી આતમા. ૧૫

અજબ એની સ્મૃતિ છે ગજબ તેની સ્ફૂર્તિ છે,
કેવળ કરુણામૂર્તિ છે એ પ્રભાવશાળી સંત છે. ૧૬

એને આતમ જ્યોતિ જાગી છે પ્રભુમય લગની લાગી છે,
ભ્રમણા સૌની ભાંગી છે એ પ્રભાવશાળી આતમા. ૧૭

શ્રીમંત-ધીમંત આવે છે ચરણોમાં શિર ઝુકાવે છે,
માનીનાં માન મુકાવે છે એ પ્રભાવશાળી સંત છે. ૧૮

અંતર શોધ કરાવે છે ભક્તજનોને ભાવે છે,
આતમજ્ઞાને સોહે છે એ પ્રભાવશાળી આતમા. ૧૯

અજબ-ગજબની વ્યક્તિ છે અનોખી એની શક્તિ છે,
નિષ્કામ પ્રભુની ભક્તિ છે એ પ્રભાવશાળી સંત છે. ૨૦

ભાવિકને સંભાળે છે આતમ લક્ષે વાળે છે,
સંશય સૌનાં ટાળે છે એ પ્રભાવશાળી આતમા. ૨૧

આત્મજ્ઞાનનો રસિયો છે અમ અંતરમાં વસીયો છે,
સંસારથી દૂર ખસીયો છે એ પ્રભાવશાળી સંત છે. ૨૨

સત્ય સ્વરૂપમાં રમી રહ્યો આતમ ઓળખવા કહી રહ્યો,
સમયે સમયે બોધી રહ્યો એ પ્રભાવશાળી આતમા. ૨૩

કર્મ શત્રુને હણનારો સાચો અનુભવ કરનારો,
બિરુદ ધર્યું તારણહારો એ પ્રભાવશાળી સંત છે. ૨૪

સુંવાળી એની કાયા છે શીતળ જેની છાયા છે,
તે ઉજમબાના જાયા છે એ પ્રભાવશાળી આતમા. ૨૫

રોકાયો નહીં માયામાં જેને મોહ નથી આ કાયામાં,
રહેવું એની છાયામાં એ પ્રભાવશાળી સંત છે. ૨૬

એને નહીં ઓળખે તે પસ્તાશે ભવ રખડી ખત્તા ખાશે,
જાણનારા કાવી જાશે એ પ્રભાવશાળી આતમા. ૨૭

તેને કદી ના વીસરીયે આજ્ઞા એની શિર ધરીએ,
ભવસાગર સહેજે તરીયે એ પ્રભાવશાળી સંત છે. ૨૮

સુવર્ણપુરી મોઝાર છે પુણ્યશાળી પારાવાર છે,
શ્રદ્ધાથી બેડો પાર છે એ પ્રભાવશાળી આતમા ૨૯

કરુણા અપરંપાર છે અનંત ગુણ ભંડાર છે,
તેને વંદન લાખો વાર છે એ પ્રભાવશાળી સંત છે. ૩૦

સદ્‌ગુરુ નાવિક તું સાચો ઉતારુ પ્રભુ! હું કાચો,
મનમંદિર કર વાસો એ પ્રભાવશાળી આતમા. ૩૧

ગુરુદેવને પાયે લાગું છું અવિનયની માફી માંગું છું,
સેવા ભક્તિ યાચું છું એ પ્રભાવશાળી સંત છે. ૩૨

આત્મલક્ષ્મીથી શોભે છે જ્ઞાનગુણથી ઓપે છે,
મુક્તિના મંડપ રોપે છે એ પ્રભાવશાળી આતમા. ૩૩

સત્ શાસ્ત્રોનો જાણુ છે કુંદવાણી પ્રમાણ છે,
તેના વચનો રામબાણ છે એ પ્રભાવશાળી સંત છે. ૩૪
અધ્યાત્મયોગી મહંત છે એના દીલડે ભગવંત છે,
સુવર્ણપુરીના સંત છે એ પ્રભાવશાળી આતમા. ૩૫
એ ભારતની વિભૂતિ છે સિદ્ધપદની સમજુતી છે,
કેવળ કરુણામૂર્તિ છે એ પ્રભાવશાળી સંત છે. ૩૬
સદ્‌ગુરુ બાલ બ્રહ્મચારી છે અંતરમાં અમૃત કચારી છે,
એના જીવનની બલિહારી છે એ પ્રભાવશાળી આતમા. ૩૭
આત્મજ્ઞાનથી પંકાયા ભારતભરમાં ઓળખાયા,
છે સુવર્ણપુરીના મહારાયા એ પ્રભાવશાળી સંત છે. ૩૮

—o—

વંદન ગુરુને કરીએ....

આવો આવો ગાવોને નરનાર, વંદન ગુરુને કરીએ;
જોડો જોડો હૈયાના તારે તાર, વંદન ગુરુને કરીએ.

તનનો હું તંબૂર બનાવું, ગુરુ ભક્તિએ ધૂન મચાવું;
ઉઠે ઉઠે રોમે રોમે રણકાર.....વંદન
મન પુષ્પોનો અર્ઘ રચશું, પૂજન મારા ગુરુના કરશું;
ગાશું ગાશું અંતરના આધાર.....વંદન
ઉપકારી ગુરુદેવ સમરવા, જ્યોતિ તારા જીવન ભરવા;
વાગે વાગે સેવકની સિતાર.....વંદન
તનનો હું તંબૂર બનાવું, વાણીની હું વીણા બજાવું;
વાગે વાગે ગુરુ ગુણતણા રણકાર.....વંદન
બે કરના હું ઝાંઝ બનાવું, તાલે તાલે નાચ નચાવું;
ગાજે ગાજે ગુરુજીના જયકાર.....વંદન
જયવંત વર્તો સેવકના વ્હાલા ગુરુદેવ.....વંદન

—o—

જય બોલો....જય બોલો

જય બોલો જય બોલો શ્રી કહાન ગુરુની જય બોલો.

ચૈતન્યમૂર્તિ ગુરુવર સોહે, અમૃત વાણી મનને મોહે;
અજબ નિરાલી શાન, ગુરુની જય બોલો.....જય બોલો ૧
સીમંધર પ્રભુએ કૃપા કરીને, ભરતે મોકલ્યા ગુરુવરને;
છે ગુરુરાજ મહાન, ગુરુની જય બોલો.....જય બોલો ૨
સુવર્ણપુરીમાં કાયમ રહીને, દિવ્ય વાણીની વર્ષા કરીને;
દીધા આતમ જ્ઞાન, ગુરુની જય બોલો.....જય બોલો ૩
ગુરુ જ્ઞાન પરખે જો કોઈ, તેને સંસાર ભ્રમણ ન હોઈ;
અંતે મળે શિવસ્થાન, ગુરુની જય બોલો.....જય બોલો ૪
છે ગુરુનો અહો ઉપકાર, ગુરુની જય બોલો.....જય બોલો ૪

—o—

તારો જરૂર તારો....

ભક્તિ તો કર રહા હું, તારો જરૂર તારો.....
ગુરુ અમ આધાર તુમ હો, ભાવિ તીર્થનાથ તુમ હો;
તુમ પાસ આ રહા હું, તારો જરૂર તારો...ભક્તિ...૧
ગુરુ સેવ્ય નામ તુમારા, સેવક નામ હમારા;
સેવા તો કર રહા હું, તારો જરૂર તારો...ભક્તિ...૨
ગુરુ કલ્પવૃક્ષ તુમ હો, ગુરુ કામધેનુ તુમ હો;
આશા તો રખ રહા હું, તારો જરૂર તારો...ભક્તિ....૩
ગુરુ માત તાત તુમ હો, ગુરુ ભ્રાત ત્રાતા તુમ હો;
શરણું તો લે રહા હું, તારો જરૂર તારો...ભક્તિ...૪
કહાન તુમ હો અચ્છા, તુમ ગુણરત્ન સ્વચ્છા;
તુજ ગુન ગા રહા હું, તારો જરૂર તારો...ભક્તિ...૫
શ્રી સદ્‌ગુરુ નામે દુઃખ જાવે, અમૃત સુખ પાવે;
હરરોજ રટ રહા હું, તારો જરૂર તારો....ભક્તિ....૬

—o—

ગુરુવર આવો અમારા

દેજો દિલાસા દિલવર દિલના, સેવક પર કરી મ્હેર
ગુરુવર આવો અમારા...

દિલડાના મારા દેવ તમે છો, સમરું છું આનંદલેર...ગુરુવર
સ્મરણો તમારા તરે છે નજરે, નિરખું છું ઠેર ઠેર...ગુરુવર
દાસ દુઃખી ગુરુ આપ સુખી એ, જોઈ શકો છો કેમ...ગુરુવર
ભક્તને ગુરુ પોતાના કરીને, રાખો સેવકની જેમ...ગુરુવર
ચોરી લીધું મેં હૈયું તમારું, જાશો હવે શી પેર...ગુરુવર
ભાગ્ય ઉદયથી તમને પાયો, આવી છે નવનિધિ ઘેર...ગુરુવર
સુવર્ણપુરીના કહાન ગુરુજી, રોકોને ભવના ફેર...ગુરુવર
ગાંડી ને ઘેલી ભક્તિ કરીને, જઈ શું શિવપુર શહેર....ગુરુવર
સર્વે મુમુક્ષુ વિનંતી કરે છે, આવોને વીતરાગી કહાન....ગુરુવર
સહુ નરનારના રોમે રોમે, વસો છો સદ્‌ગુરુ કહાન....ગુરુવર
સહુ ભવ્ય જનના રોમે રોમે, વસો છો સદ્‌ગુરુદેવ...ગુરુવર
દર્શન વંદન પૂજન કરતાં, થશે આનંદના ઢેર...ગુરુવર
આવો જો એકવાર સેવક જીવનમાં, વરતાય લીલા લહેર....ગુરુવર

—o—

ગુરુ કહાન ભજો

(રાગ : ભારતકા ડંકા આલમમેં, તોટક)

ગુરુ કહાન ભજો ગુરુ કહાન ભજો, ચિંતામણી ચિત્ત સદાએ હજો;
ગુણગણનો ગુરુમાં પાર નહીં, એવા ગુરુ મુજ શિરતાજ હજો...ગુરુ.

ગુરુરાજ ચરણ શરણ ગ્રહીયે, તો જલ્દી શિવપુર સુખ લહિયે;
ચોરાસી લાખ તણ જાય ટળી, નિજ આત્મદશા પ્રગટે સઘળી....ગુરુ.

મનમંદિરમાં પ્રભુ વાસ કરે, કુમતિ વાયુ જેમ ભવ પાથ તરે;
ગુરુનામ રટે સબ દુઃખ કટે, ભવ ભ્રમણા જીવની સર્વ હરે...ગુરુ.

જડવાદ બધો દીધો વામી, ગુરુ અમ ભક્તોના છો સ્વામી;
બની જ્ઞાની રાગ લીધો દામી, એ ગુરુવરનાં ચરણો પામી....ગુરુ.

હું ગુરુદેવ ગુણ ગીતગાન કરું, એ રૂપી અમૃતપાન કરું;
કર્મોનું વિષમ વિષ હરું, જન્મમરણ ભવજળ તરું....ગુરુ.

કહે તુજ સેવક ઉલસી ઉલસી, જાઓ કર્મબધાં મુજથી નિકસી;
ગુરુ ધ્યાન ધરે તે નર ન ડરે, હટ જાએ પાપી કર્મ અરે...ગુરુ.

* * *

ગુરુ નિર્મળ વિજ્ઞાની છો, દીન દુઃખીતણા વિશરામી છો;
ગુરુ અજરામરપદ ગામી છો, તમે ગુરુવર આતમરામી છો....૧

તમે કરુણાતણા દરીયા છો, અનંત અનંત ગુણે ભરીયા છો;
તમે શિવરમણીના કામી છો, તમે ગુરુવર....૨

તમે અમ જીવન આધારા છો, સર્વ ભક્તોના દુઃખ હરનારા છો;
તમે ચૈતન્ય અંતરજામી છો, તમે ગુરુવર...૩

તમે બોધી બીજના દાયક છો, સત્ ધર્મના સાચા પ્રભાવક છો;
તમે અમ બાળકના સ્વામી છો, તમે ગુરુવર....૪

તમે જ્ઞાન દીપક ધરનારા છો, રાગ મોહ તમિર હરનારા છો;
તમે ભવરોગના વામી છો, તમે ગુરુવર.....૫

એવા ગુરુવરજી મને મળીયા છો, મુજ આંગણે સુરતરૂ ફલીયા છો;
પદ આતમદાતા નામી છો, તમે ગુરુવર.. ..૬

* * *

સદ્‌ગુરુ ચૈતન્ય આરામી, ભાગ્યે મલીયા આનંદકારી;
અંતર હર્ષ અતિ પામી, તારું નામ રટું પલ પલ સ્વામી.....૧

અનંતકાળે ગુરુ આવી મળ્યો, મારા મનનો મનોરથ સકળ ફળ્યો;
ગુરુ ચૈતન્યપુરના છો પામી, તારું નામ રટું પલ પલ સ્વામી....૨

ગુરુ સુવર્ણપુરીનો તું વાસી, તારા બોધથી દુઃખ જાવે નાશી;
અક્ષય ગુણગણ રત્નધામી, તારું નામ રટું પલ પલ સ્વામી.....૩

એહ ગુરુવરનો મહિમા મોટો, જેનો જગમાં જડે ન કદી જોટો;
તેના ચરણોમાં જાઉં વારી, તારું નામ રટું પલ પલ સ્વામી....૪

મારા મનઘરમાં ગુરુ આવી રહો, પછી ખામી શાની નાથ મારે કહો;
લહે હર્ષ સેવક અંતરજામી, તારું નામ રટું પલ પલ સ્વામી....૫

—૦—

વ્હાલા ગુરુજી તુ આવ

(રાગ : નાગર વેલીયો રોપાવ તારા રાજ મહેલોમાં)

જ્યોતિ જ્ઞાનની જગાવ, મારા મનોમંદિરે;
વ્હાલા ગુરુજી તું આવ, મારા મનોમંદિરે....જ્યોતિ...૧

ભવ તારક ગુરુજી પ્યારા, દિવ્ય જ્ઞાન-વાણી ધારા;
દિવ્ય જ્ઞાન પ્રગટાવ, મારા મનોમંદિરે...જ્યોતિ...૨

ઉજમબા નંદન જગ સારા, તુજ સમ કો છે આધારા;
તારા સુગુણો વસાવ, મારા મનોમંદિરે...જ્યોતિ...૩

મોતીચંદ કુળે દીવો, મોહ તિમિર હરનારો;
જડ જીવન ઉડાવ, મારા મનોમંદિરે...જ્યોતિ...૪

નાવિક તું હિ સાચો, પણ ઉતારું હું છું કાચો;
જીવન નાવ તરાવ, મારા મનોમંદિરે...જ્યોતિ...૫

તું હિ શિવ સુંદરીનો કામી, આત્મિક સુખનો આસ્વાદી;
આતમ સુખ ચખાવ, મારા મનોમંદિરે...જ્યોતિ...૬

* * *

કરજો કરજો નૈયા પાર, ગુરુવર તારો છે આધાર....
મારા જીવનનો તું સાર, ગુરુરાજ તારો છે આધાર....
જૂઠી છે આ જગની માયા, જૂઠી છે આ કાચી કાયા;
જૂઠો જાણ્યો સઘ સંસાર...ગુરુવર તારો છે આધાર....

ભવભ્રમણ લાગે છે ખારું, નામ તમારું લાગે પ્યારું;
તમે છો સૌનાં તારણહાર.....ગુરુરાજ તારો.....
મારી અરજી ઉરમાં ધરજો, સંકટ મારા દૂરે કરજો;
તમે છો શરણના દાતાર.....ગુરુવર તારો.....
મારી નૈયા નિર્ભય કરજો, ગુરુ તમે સુકાની બનજો;
હરજો આતમના અંધકાર.....ગુરુરાજ તારો.....
સેવક ગુણ તુમારા ગાવે, ગુરુજી! તમને મળવા માગે;
સુનો લાગે છે સંસાર.....ગુરુવર તારો.....
ગુરુરાજ તારો.....

* * *

સદ્‌ગુરુદેવને વસાવ, તારા ચિત્ત મંદિરમાં,
શ્રીગુરુરાજને વસાવ, તારા ચિત્ત મંદિરમાં,
કહાન ગુરુને વસાવ, તારા ચિત્ત મંદિરમાં.

ભક્તિ સુધારસ ઝીલી, આતમધ્યાનથી ખીલી;
શ્રદ્ધા જ્યોતિઓ જગાવ, તારા ચિત્ત મંદિરમાં....સદ્‌ગુરુદેવને
ઉમરાળા નગરી જાય, જેને આતમાની છે માયા;
ઉજમબા નંદને વસાવ, તારા ચિત્ત મંદિરમાં....શ્રીગુરુરાજને
ગુરુવરને દિલમાં વસાવી, અજ્ઞાન મોહ હટાવી;
જ્ઞાન તોરણ બંધાવ, તારા ચિત્ત મંદિરમાં....કહાનગુરુને
અનંત ઉપકારીની સેવા, કર શિવ મેવા લેવા;
મંગળ ઘંટડી બજાવ, તારા ચિત્ત મંદિરમાં....સદ્‌ગુરુદેવને
શ્રી કહાન સદ્‌ગુરુદેવા, પ્રણમે સેવક તુજ પાયા;
ભક્ત જીવન ઉદ્ધાર, તારા ચિત્ત મંદિરમાં....શ્રીગુરુરાજને

* * *

સ્વામી શાસનના શિરતાજ, અમારે આંગણે આવો.
ગરવા ગુણીજન ગરીબ નિવાજ, અમારે આંગણે આવો.
તારા શાં કરીએ સન્માન, અમારે આંગણે આવો.
મીઠી જ્ઞાનની અમૃતધારા, ફેલાવી જગમાં દશે દિશા;
ધરી ને દિલમાં દીનની દાઝ.....અમારે.....

જૂઠા ઇન્દ્રિય મોહ વછૂટે, ભવના માયા બંધન તૂટે;
આતમ રસ પિવડાવા કાજ.....અમારે.....

ગુરુ તુમ શુદ્ધામૃત દાતારા, નિજ સ્વરૂપને જોનારા;
પામ્યા છો આતમજ્ઞાન મહાન.....અમારે.....

શ્રી જિનવર પાસેથી આવ્યા, ત્યાંથી સત્ય સંદેશા લાવ્યા;
ભરતે વરતાવ્યો જયકાર.....અમારે.....

ગુરુ તુમે નિજ આત્માને સાધ્યો, વળી મુક્તિનો માર્ગ બતાવ્યો;
સમજાવ્યો શ્રુતસાગર અગાધ.....અમ રે.....

હે કુંદકુંદ સુપુત્ર કહાન! તમે છો ભાવિ ભગવાન;
પ્રગટી છે આતમ શક્તિ અતુલ.....અમારે.....

તમે સૂતા જીવો જગાડ્યા, કુંદામૃત શાસ્ત્રો ઉકેલ્યા:
પ્રકાશી શ્રુતની છોળમ છોળ.....અમારે.....

અમ ભક્તતણાં ભાગ્ય ખીલ્યાં, કલ્પવૃક્ષ આંગણે ફળિયા;
પંચમકાળે વરસ્યા અમૃત મેહ.....અમારે.....

નિશદિન વાંછીએ તારી સેવ.....અમારે.....

* * *

કૃપા સાગર ગુરુરાજ, તારો તારો મહારાજ
આતમરામી શિરતાજ, તારો તારો મહારાજ
કહાન ગુરુજી ત્રાતા, ઉજમબા છે તુજ માતા;
આપો મંગલ દર્શન આજ.....તારો.....૧

ગુરુજી શુદ્ધ ગુણે બિરાજે, વળી અપૂર્વ શક્તિ ધરાવો;
છો તારણહાર જહાજ.....તારો.....૨

ગુરુ ચિંતામણી સમ મળીયા, હવે ટળશે દુઃખના દહાડા;
ફળશે સેવકનાં સહુ કાજ.....તારો.....૩

ગુરુ બહુ દૂરે તમે વસીયા, પણ મનડાથી નવિ ખસિયા;
જેમ મયૂરને મેઘરાજ.....તારો.....૪

ગુરુ મંગલ મૂર્તિ તુમારી, સ્મરું છું મનમાંહી;
હું પામું અમૃતરાજ.....તારો.. .....૫
પામું તુજ આશીર્વાદ.....તારો.... ....૫

* * *

જય જય મંગલકારી કહાન, પ્રાતઃ પ્રણમું હે ગુરુરાજ....
તું પરમ જ્ઞાન બતાવે, ભવ તાપોના દુઃખ બુજાવે,
ભક્તજનો પૂજે તારા પાદ...પ્રાતઃ....૧

તું સકલ અજ્ઞાન મિટાવે, તું વસ્તુસ્વરૂપ પ્રકાશે,
લઈ જાયે મોક્ષ મહાલ....પ્રાતઃ....૨

તું શુદ્ધામૃત પીવરાવે, સંતોના હૃદય દેખાડે,
બિરાજતા ભવ્યોના મનમાંય પ્રાતઃ....૩

તુજ વાણી અતિશય ગર્જે, ભવિ ચિત્ત મયૂર શું નાચે,
સુણતાં થાયે સહજ કલ્યાણ....પ્રાતઃ....૪

તારી ગહન ગંભીરતાને, અજ્ઞાની પાર ન પામે,
પામતા થાયે ભવથી પાર . પ્રાતઃ....૫

ભગવાન કહીને બોલાવતો, અમને પણ સાથે રાખતો,
તું છો એક અમ આધાર....પ્રાતઃ....૬

તું જ્ઞાન દર્શને પ્રકાશે, ભવ્ય જીવોને ઉદ્ધારે,
તારી મહિમા અપરંપાર....પ્રાતઃ....૭

—o—

સ્વામી શાસનના શિરતાજ, અમારે આંગણે આવો.
ગરવા ગુણીજન ગરીબ નિવાજ, અમારે આંગણે આવો.
તારા શાં કરીએ સન્માન, અમારે આંગણે આવો.
મીઠી જ્ઞાનની અમૃતધારા, ફેલાવી જગમાં દશે દિશા;
ધરી ને દિલમાં દીનની દાઝ.....અમારે.....

જૂઠા ઇન્દ્રિય મોહ વછૂટે, ભવના માયા બંધન તૂટે;
આતમ રસ પિવડાવા કાજ.....અમારે.....

ગુરુ તુમ શુદ્ધામૃત દાતારા, નિજ સ્વરૂપને જોનારા;
પામ્યા છો આતમજ્ઞાન મહાન.....અમારે.....

શ્રી જિનવર પાસેથી આવ્યા, ત્યાંથી સત્ય સંદેશા લાવ્યા;
ભરતે વરતાવ્યો જયકાર.....અમારે.....

ગુરુ તુમે નિજ આત્માને સાધ્યો, વળી મુક્તિનો માર્ગ બતાવ્યો;
સમજાવ્યો શ્રુતસાગર અગાધ.....અમ રે.....

હે કુંદકુંદ સુપુત્ર કહાન! તમે છો ભાવિ ભગવાન;
પ્રગટી છે આતમ શક્તિ અતુલ.....અમારે.....

તમે સૂતા જીવો જગાડ્યા, કુંદામૃત શાસ્ત્રો ઉકેલ્યા:
પ્રકાશી શ્રુતની છોળમ છોળ.....અમારે.....

અમ ભક્તતણાં ભાગ્ય ખીલ્યાં, કલ્પવૃક્ષ આંગણે ફળિયા;
પંચમકાળે વરસ્યા અમૃત મેહ.....અમારે.....

નિશદિન વાંછીએ તારી સેવ.....અમારે.....

* * *

કૃપા સાગર ગુરુરાજ, તારો તારો મહારાજ
આતમરામી શિરતાજ, તારો તારો મહારાજ
કહાન ગુરુજી ત્રાતા, ઉજમબા છે તુજ માતા;
આપો મંગલ દર્શન આજ.....તારો.....૧

ગુરુજી શુદ્ધ ગુણે બિરાજે, વળી અપૂર્વ શક્તિ ધરાવે;
છો તારણહાર જહાજ.....તારો.....૨

ગુરુ ચિંતામણી સમ મળીયા, હવે ટળશે દુઃખના દહાડા;
ફળશે સેવકનાં સહુ કાજ.....તારો.....૩

ગુરુ બહુ દૂરે તમે વસીયા, પણ મનડાથી નવિ ખસિયા;
જેમ મયૂરને મેઘરાજ.....તારો.....૪

ગુરુ મંગલ મૂર્તિ તુમારી, સ્મરું છું મનમાંહી;
હું પામું અમૃતરાજ.....તારો.. .....૫
પામું તુજ આશીર્વાદ.....તારો.... ....૫

* * *

જય જય મંગલકારી કહાન, પ્રાતઃ પ્રણમું હે ગુરુરાજ....
તું પરમ જ્ઞાન બતાવે, ભવ તાપોના દુઃખ બુજાવે,
ભક્તજનો પૂજે તારા પાદ...પ્રાતઃ....૧

તું સકલ અજ્ઞાન મિટાવે, તું વસ્તુસ્વરૂપ પ્રકાશે,
લઈ જાયે મોક્ષ મહાલ....પ્રાતઃ....૨

તું શુદ્ધામૃત પીવરાવે, સંતોના હૃદય દેખાડે,
બિરાજતા ભવ્યોના મનમાંય પ્રાતઃ....૩

તુજ વાણી અતિશય ગર્જે, ભવિ ચિત્ત મયૂર શું નાચે,
સુણતાં થાયે સહજ કલ્યાણ....પ્રાતઃ....૪

તારી ગહન ગંભીરતાને, અજ્ઞાની પાર ન પામે,
પામતા થાયે ભવથી પાર . પ્રાતઃ....૫

ભગવાન કહીને બોલાવતો, અમને પણ સાથે રાખતો,
તું છો એક અમ આધાર....પ્રાતઃ....૬

તું જ્ઞાન દર્શને પ્રકાશે, ભવ્ય જીવોને ઉદ્ધારે,
તારી મહિમા અપરંપાર....પ્રાતઃ....૭

—o—

પાર ઉતારજો

પ્યારા છો પ્રાણ થકી વ્હાલા ગુરુજી, જુઓ છો શેની વાટ રે....
ગુરુ મારા પાર ઉતારજો.
અનાદિ અજ્ઞાનથી પાપો કીધાં, કહેવી શું મારે વાત રે....ગુરુ૦
પરભાવ પ્રપંચના આ રે જીવનમાં, નેત્ર અંજન અમી છાંટ રે....ગુરુ૦
ડગલે ને પગલે આપને સંભારું, અંતરના જાય ઉચાટ રે....ગુરુ૦
પતિતપાવન મારા જીવન ઉદ્ધારક, હૈયામાં વસજો નાથ રે....ગુરુ૦
દર્શન વંદન તારાં ભાવે કરીને, જાવે સેવક મુક્તિ ઘાટ રે....ગુરુ૦

* * *

યાદ આવે છે દિનરાત તાહરી, દર્શન દ્યોને ગુરુરાજ રે...
ગુરુદેવ આવો અમારા
જ્ઞાનદિવાકર વંદન કરતાં, સિદ્ધશે અમારાં કાજ રે...ગુરુદેવ
વીતરાગી વાણી કાને સૂણતાં, ચિત્ત પામશે વિશરામ રે...ગુરુદેવ
તિમિર હઠાવી ને તેજ દેખાડી, બતાવો આતમરામ રે...ગુરુદેવ
પવિત્ર ગુરુવર નજર કરજો, લઉં છું પ્રભાતે ઉઠી નામ રે...ગુરુદેવ
સ્વાધ્યાય મંદિર ને પરમાગમ, હવે લાગે છે ખાલી ખમ રે...ગુરુદેવ
વાણી તમારી દિલમાં વસતા, સેવક લેશે શિવધામ રે...ગુરુદેવ

* * *

મીઠી લાગે છે મને ગુરુની ઉપાસના, ટાળે એ સઘળાં વિભાવ રે...
ગુરુજીની પ્યારી ઉપાસના.
અનાદિકાળના દુષ્ટ અજ્ઞાનનો, નિશ્ચય કરે એ નાશ રે...ગુરુ
મિથ્યાત્વ મોહનો નાશ કરીને, સરજાવે સમકિત સાર રે...ગુરુ
વેગે વિદારી નિશ્ચય એ વાસના, કાઢે શુભાશુભ ભાવ રે...ગુરુ
અનુક્રમે ગુરુમાં નિત્યની ઉપાસના, આપે એ અમૃત આવાસ રે...ગુરુ

—૦—

ગુરુજીની વાણી ભલી રે

(રાગ : આશા ભર્યા અમે આવીયા)

કહાન મુખથી ફૂલડાં ખરે, જેની ભક્તજન ગુંથે માળ રે....
ગુરુજીની વાણી ભલી રે....
વાણી ભલી મને લાગે રળી, જેમાં બતાવે આતમરામ રે....ગુરુ.
પંચાસ્તિકાય ને પાહુડ સમજાવી, સમજાવ્યું પ્રવચનસાર રે....ગુરુ.
સાર નિયમનો ભાવથી સમજાવી, સમજાવ્યો સમયનો સાર રે....ગુરુ.
દ્વાદશ અંગનો સાર બતાવી, સમજાવી સંતોની વાણ રે....ગુરુ.
સ્યાદ્વાદકેરી સુવાસે ભરેલો, ગુરુજીનો દિવ્ય નાદ રે....ગુરુ.
વંદુ જિનેશ્વર, વંદુ હું કુંદકુંદ, વંદુ એ ગુરુવર કહાન રે....ગુરુ.
હૈડે હજો, મારા ભાવે હજો, મારા ધ્યાને હજો ગુરુવાણ રે....ગુરુ.
ગુરુદેવની વાણીના વાયરા, વાજો મને દિનરાત રે....ગુરુ.

* * *

સદ્‌ગુરુ કહાનજી રે, રૂડી અરજ સુણો ગુરુરાજ રે....બલિહારી કહાનની રે.
વ્હાલા મારા નાથજી રે, મારે તું મુક્તિનો સાથ રે....બલિહારી
હરખ આવે તુજ દર્શને રે, હવે લાગી લગન મહાન રે....બલિહારી
તુજથી સત્‌જ્ઞાન પામીયો રે, કહો તુજ વિણ કેમ સુહાય રે....બલિહારી
કારજ સાર્યા માહરા રે, હવે કેમ મૂકું સંગાથ રે....બલિહારી
કરુણા નયનથી નીહાળીયે રે, મારું ભવભ્રમણ ટળી જાય રે....બલિહારી
કૃપા કરી ગુરુરાજ રે, મને કરજો તુજ સમાન રે....બલિહારી
મારે મન એક તું વસ્યો રે, વ્હાલા વસજો દિનરાત રે....બલિહારી
સફળ હોજો મુજ વિનતિ રે, રૂડા મોતીચંદના કહાન રે....બલિહારી
આશા ધરી મેં તો તાહરી રે, મને કરશો નહિ નિરાશ રે....બલિહારી
સેવક કરીને રાખજો રે, દેજો આશીર્વાદ સદાય રે....બલિહારી
ગ્રહી આત્મતણા ગુણ તાહરા રે, પામું પદ નિર્વાણ રે....બલિહારી
નમું હું તુજને સદા રે, રાખજો મુજને પાસ રે....બલિહારી

* * *

ગુરુની વાણી જોર રસાળ, મનડું સાંભળવા તલસે.....
સજલ જલદ જિમ ગાજતો, જાણે વરસે અમૃતધાર...મનડું.
સાંભળતા લાગે નહિ, થાક ભૂખ ને તરસ લગાર...મનડું.
સહસ વરસ જો સાંભળે, તોય તૃપ્તિ ન પામે મન...મનડું.
શાતા થતી સહુ જીવને, રોમાંચિત થાયે તન...મનડું.
નરનારી સહુ સાંભળે રે, સમજે હેય–ઉપાદેય.....મનડું.
વિશ્વમાં એ તો વિસ્તરી રે, નય ઉપનયની ખાણ.....મનડું.
વાણી કહાન ગુરુતણી રે, શિવરમણી દાતાર... મનડું.
શ્રી કહાન ગુરુદેવનો, સહુ બોલો જય જયકાર.....મનડું.

* * *

ગુરુ આશ ધરીને અમે આવીયા રે, અમને ઉતારો ભવદધિ પાર રે....
ગુરુરાજ લગન લાગી રે. ગુરુ ૧
ચૈતન્યમૂર્તિ ગુરુદેવ રે, છો સુવર્ણપુરીના સંત રે. ગુરુ ૨
અજ્ઞાન મલ્લ જીતિયો રે, દીઠે થાય મહા આનંદ રે. ગુરુ ૩
ગુરુજી સાથે પ્રીત બાંધી રે, મારા પુણ્ય ફળ્યા અપાર રે. ગુરુ ૪
મિથ્યામતિ જોર ટળશે રે, મળ્યા મનચિંતિત દાતાર રે. ગુરુ ૫
મનમંદિરે વ્હેલા આવજો રે, આપ સાથે કીધો ખરો સ્નેહ રે. ગુરુ ૬
નામ તમારું નિત્ય સાંભરે રે, વળી ટળે છે નામથી પાપ રે. ગુરુ ૭
ચંદ્ર સમાન શીતળ શોભતા રે, જેમ પૂનમચંદ્ર સુખકાર રે. ગુરુ ૮
વાણી લાગી છે મને મીઠડી રે, દાસ ચરણે નમે છે વારંવાર રે. ગુરુ ૯
સહકાર આગે શી માગણી રે, ગુરુ મોંઘે કાળે મળ્યો આજ રે. ગુરુ ૧૦
પાકા વોળાવા મને ભેટીયા રે, ગુરુભક્તના સિધ્યા કાજ રે. ગુરુ ૧૧

* * *

કહાન ગુરુના ભવ્ય શાસનમાં, જાગી છે ઉજ્જવલ જ્યોત રે...
ઘુંટડા ભક્તિ ઉમંગના....
કહાન ગુરુએ ભવ્ય હૃદય પર, વહાવ્યા વાણીના ધોધ રે...ઘુંટડા...૧
અમૃતધારા વર્ષી ભારતમાં, ભવ્ય–મયૂર થયા લીન રે...ઘુંટડા...૨

આત્મધર્મનો સૂર્ય પ્રકાશ્યો, ચારે દિશામાં ઉદ્યોત રે...ઘુંટડા...૩
માયામયી અંધારા પંથડામાં, જાગી છે ઝગમગ જ્યોત રે...ઘુંટડા...૪
વીરનંદન શ્રી સદ્‌ગુરુદેવે, કર્યો છે ધર્મનો જયકાર રે...ઘુંટડા...૫
આત્મધર્મની લબ્ધિ કરવા, અંતરમાં તત્ત્વ તું ગોત રે...ઘુંટડા...૬

* * *

કહાન ગુરુ માહરા રે, સુવર્ણપુરી શણગાર રે....ગુરુ વંદન અમારા...
વાલેસર! સુણો વિનતી રે, તું મુજ પ્રાણ આધાર રે.....ગુરુ...
તુજ વિણ હું ન રહી શકું રે, જિમ બાલક વિણ માત રે....ગુરુ....
નિત્ય સ્મરું છું વાહલા રે, તારા ગુણ દિનરાત રે... ગુરુ....
હવે મુજ મંદિર આવીયે રે, ન કરો દેવ! વિલંબ રે....ગુરુ....
અરજ સુણી હૃદયે આવશો રે, કહાન ગુરુ દયાલ રે....ગુરુ...
મન મંદિર છે માહરું રે, ગુરુ! તુજ વસવા લાગ રે....ગુરુ....
માયા કંટક કાઢીયા રે, કીધો ક્રોધ રજ ત્યાગ રે....ગુરુ ...
પ્રગટી સુરુચિ સુવાસના રે, મૃગમદ મિશ્ર કપૂર રે....ગુરુ...
ધૂપ ઘટી ઇહાં મહમહે રે, તુજ શ્રદ્ધા ભરપૂર રે....ગુરુ....
મન મંદિરે જો આવશો રે, એક વાર ધરી પ્રેમ રે....ગુરુ....
ભગતિભાવ દેખી ભલો રે, જઈ શકશો તો કેમ રે....ગુરુ
ઇહાં આવી ગુરુ બેસીએ રે, કીજે નિજ ગુણ લહાણ રે...ગુરુ...
કરશું તુમ સેવા ઘણી રે, અંતરંગ ભાવથી કહાન રે...ગુરુ....
અનાદિ કાળથી રખડી રહ્યો રે, છું હું દુઃખી અનાથ રે...ગુરુ...
જો તું મનવાસી થયો રે, તો હું થાઉં સનાથ રે...ગુરુ...
શ્રી સદ્‌ગુરુ કહાન તણો રે, અરજ કરે એમ ભક્ત રે...ગુરુ...
રમજો મુજ મનમંદિરે રે, ગુરુ! માગું હું નિશદિન રે...ગુરુ...

* * *

અમ મંદિરે પધારો

(રાગ : ધન્ય ભાગ્ય અમારે આંગણ પધાર્યા)

વિનવું ગુરુ ! અમ મંદિરે પધારો, કહાન ગુરુ ભગવાન;
વધાવું આજ અર્ઘ્યનો થાળ ભરી ભાવ સાથ...ટેક
ચંદ્ર સૂરજ સમ દિપે ગુરુવર, શાંતિના કરનાર;
ધર્મદાતા તારું દરિસન પ્યારું, નરનારી સુખકાર...વધાવું...૧
જૈનધર્મનો જય વરતાવ્યો, ધન્ય ! તુજ અવતાર;
શાંતિદાતા તારો બોધ લાગે, ભવિજનને હિતકાર...વધાવું...૨
સમ્યગ્દર્શન–જ્ઞાનને ધરતા, આતમ ગુણ ભંડાર;
શર્મદાતા તું ભવિજનત્રાતા, મનવાંછિત દાતાર...વધાવું...૩
સ્યાદ્વાદમય ધર્મપ્રરૂપક, ભક્તોના આધાર;
શ્રેયદાતા તું જગજનત્રાતા, ભવદુઃખને હરનાર...વધાવું...૪
મિથ્યાતમ સમ કો નહિ શત્રુ, હણી થયા જ્ઞાનવાન;
સૌમ્યતામાં પુનમ શશિસમ, ભક્ત પૂજે ભગવાન....વધાવું...૫

—o—

ભારતના ભવ્યોને

(રાગ : રાખનાં રમકડાં)

ભારતના ભવ્યોને, ગુરુ કહાને (૨) અમૃત પાયા રે,
પર્યાયબુદ્ધિ એકાંત છોડાવી, પરમાતમ ભાન કરાવ્યા રે....
ભારતના ભવ્યોને.... ટેક૦
ભવસાગરમાં બહુ ભમ્યા ને, અપાર દુખડાં સહ્યાં રે, (૨)
એ ભવસાગર પાર ઉતરવા, તરણતારણ ગુરુ મલિયા રે....ભારતના
જ્ઞાન સુધારસ ગુરુ મુખ વરસે, આતમ તૃષિત જીવ કાજે રે, (૨)
દેહાદિ અભિમાન છૂટે ને, પરમાતમા પદ પામે રે....ભારતના
મુક્તિ સ્વયંવર અહો રચાયો, આવો સૌ ભવ્યો આવો રે, (૨)
અનંત સિદ્ધ પ્રભુ સાક્ષીએ, શિવરમણીને વરીયે રે....ભારતના
મોક્ષ મંડળી અહીં ભરાણી, આત્માર્થી સહુ જાગો રે, (૨)
શુદ્ધભાવથી એક થઈને, સિદ્ધપુરિ સૌ જઈએ રે...ભારતના

નિકટ મોક્ષગામી ગુરુજી, આજ અમોને ભેટ્યા રે, (૨)
ઉપાદાન અમ જાગૃત કરીને, ગુરુ સંગે મોક્ષ વિચરીયે રે,...ભારતના
ધન્ય સૌરાષ્ટ્ર ભૂમિ અહો ! વીતરાગી ગુરુ જનમ્યા રે; (૨)
ગુરુ આજ્ઞાએ નિજપદ પામી, અજર અમર પદ વરીયે રે...ભારતના

—o—

પ્રાર્થના

મનકી મેના મીઠે સ્વરમેં ગાતી રાગ મલ્હાર રે,
જૈન ધરમકા ખિલા બગીચા, આઓ ગૂંથે હાર રે....મનકી.
ઉમરાળા સૌરાષ્ટ્ર દેશમેં, શ્રેષ્ઠી મોતીલાલ ઘર (૨)
માતા ઉજમબાને જાયા, પુત્ર રતન કુલ શ્રેષ્ઠ વર (૨)
દ્વિતીયા કે ચંદા સમ જિસકી, દિપે કલા સંસાર રે....મનકી.
અલ્પ સમયમેં પઢ-લિખ જિસને, ખૂબ કિયા વ્યાપાર થા (૨)
કિન્તુ કપટ છલ રુચા ન જિસકો, હેય જગત વ્યવહાર થા (૨)
બાલ બ્રહ્મવ્રત ધાર બઢા વો, કરને નિજ ઉદ્ધાર રે....મનકી.
જ્ઞાન–જ્યોતિમેં સત્ પથ દેખા, પરખા હૃદય–કસોટી પર (૨)
પંથ મોહકી પટ્ટી ફેંકી, સમયસારકા અનુભવ કર (૨)
પરમ દિગંબર ધરમ શરણ લી, ભવોદધિ તારણહાર રે....મનકી.
પાવનકારી જન્મજયંતી, આયી મંગલકાર રે (૨)
ગુરુવરસે કરેં પ્રાર્થના, દર્શન દો ગુરુરાજ રે (૨)
મોક્ષપંથમેં રહે સમાગમ, ચાહુ ઇતના આજ રે...મનકી.

—o—

ગુરુના ગીત

નાના નાના બાળ મળી સૌ, ગીત ગુરુના ગાશું,
અમે ગીત ગુરુના ગાશું.....
આતમ જ્ઞાની સુકાની મળીયા, કહાન ગુરુજી અમને,
અનંત ભવના બંધન ટળીયા, મુક્તિની ભેરી વાગે,
સેવા કરશું, ચરણમાં રહેશું, ભક્તિ ગુરુની કરશું
અમે ભક્તિ ગુરુની કરશું...નાના નાના.

ડગલે પગલે રાગના બંધન, આતમ ભાવને રોકે,
ગુરુદેવ આપો આશીષ અમને, શક્તિ સ્વભાવમાં લાગે,
પરભાવોમાં જાતા ધ્યાનને, સ્વભાવમાં સ્થિર કરશું
અમે ગીત ગુરુના ગાશું....નાના નાના.
મુક્તિપુરીના પથિક એવા, ગુરુજીની વાણી સુણીશું,
સ્વાધ્યાય મનન કરતાં કરતાં, આતમ અનુભવ કરશું,
અનુભવ કરશું, આનંદ લેશું, ગુરુ સમ સૌ બની જાશું,
અમે ગીત ગુરુના ગાશું...નાના નાના

* * *

તારા દર્શન માત્રથી દેવ, ભ્રમણા ભાગી રે...
મેં તો લોકલાજની કુટેવ, સરવે ત્યાગી રે...૧
ગુરુદેવનું નિરખી સ્વરૂપ, ઠરે છે નેણાં રે;
રૂડાં લાગે છે રસકૂપ, વ્હાલાં તારાં વેણાં રે.....૨
મેં તો પ્રીતિ કરી ગુરુ સાથ, બીજેથી તોડી રે;
હવે શ્રી સદ્‌ગુરુ સંગાથ, બની છે જોડી રે....૩
મેં તો પરિહર્યું મિથ્યાત્વ, નથી કાંઈ છાનો રે;
મેં તો મેલ્યો સર્વ ઉચાટ, માનો કે ન માનો રે....૪
મેં તો હૃદય રડાવી લોક, રાખ્યા હતા રાજી રે;
હવે એમ ન બનશે ફોક, બદલી ગઈ બાજી રે....૫
તોડો દાસની આશનો પાસ, પૂરો આશા રે;
મન તો તમારા સુખરાશ, છે દૃઢ વિશ્વાસા રે....૬

ધન્ય અવતાર

(રાગ : અયોધ્યા નગરીમાં જનમીયા રે લાલ)

ધન્ય અવતાર ગુરુરાજનો રે લાલ,
વંદન કરીએ ભાવથી રે લાલ...ધન્ય અવતાર
દીસે વૃદ્ધિકાળ વીર શાસને રે લાલ,
પ્રભુ! પ્રગટ્યા છે કહાન પુત્ર તાહરા રે લાલ...ધન્ય અવતાર

આતમયોગી આ જગીયો રે લાલ,
આતમનાદ વગાડીયા રે લાલ...ધન્ય અવતાર
કહાનદેવે આતમા બતાવીયો રે લાલ,
ભવ્યો સંબોધ્યા કળિકાળમાં રે લાલ...ધન્ય અવતાર
તેણે હલાવ્યા આખા હિંદને રે લાલ,
સત્ ધર્મના દરિયા વહાવીયા રે લાલ...ધન્ય અવતાર
શ્રુતસાગર ઉછળ્યા ગુરુ અંતરે રે લાલ,
અદ્વિતીય અવતાર ભરત ખંડમાં રે લાલ..ધન્ય અવતાર
શાસનવૃદ્ધિ દિન આજનો રે લાલ,
પૂજન કરું ગુરુદેવના રે લાલ...ધન્ય અવતાર
આજ મંગલ દિન અહો ઉગીયો રે લાલ,
ગુરુદેવના ચિદાતમે મંગળ થયા રે લાલ....ધન્ય અવતાર
ગુરુદેવ કૃપા વરસાવજો રે લાલ,
મુજ અંતર આતમમાં વસજો રે લાલ....ધન્ય અવતાર
ગુરુરાજ પ્રતાપે આત્મ ભેટશું રે લાલ,
ચિદાત્મમાંહી રાચશું રે લાલ...ધન્ય અવતાર
ગુરુ પ્રતાપે આત્મ દેખશું રે લાલ,
ભવભ્રમણ તેથી મેટશું રે લાલ....ધન્ય અવતાર
ગુરુરાજ પ્રતાપે આત્મ ભેટશું રે લાલ,
અવશ્ય વાંછિત ફળ પામશું રે લાલ...ધન્ય અવતાર
કહાન ગુરુની સમીપતા પામશું રે લાલ,
જેથી પૂર્ણાનંદને પામશું રે લાલ...ધન્ય અવતાર
વંદન કરું છું તુજ ચરણમાં રે લાલ,
રાખજો સેવકને સમીપમાં રે લાલ...ધન્ય અવતાર
ગુરુ કહાન સેવક અંતરે વસો રે લાલ,
ઝટ તારજો તારણહાર છો રે લાલ...ધન્ય અવતાર
કાનગુરુના ગુણને શું કથું રે લાલ,
તુજ ભક્તિ વસો મુજ અંતરે રે લાલ....ધન્ય અવતાર

—૦—

તારું જીવન ખરું

(રાગ : મારું વતન આ મારું વતન)

તારું જીવન ખરું તારું જીવન, જીવી જાણ્યું ગુરુ કહાને જીવન.
સૂતાં રે જાગતાં બેસતાં ઉઠતાં, હૈડે રહે તારું ખૂબ રટણ. તારું.
અશરણ ભક્તોને શરણે કરવાં, આવ્યા મહાવિદેહથી કહાન. તારું.
જન્મ જરા મરણોથી દુઃખી જગ, પેખી મોકલ્યા ભરતે ભુવન. તારું.
સ્વરૂપ પ્રાપ્ત કરવા કાજે, પામ્યા સમકિત થયા પાવન. તારું.
મિથ્યાત્વ અજ્ઞાન ટાળી મારા ગુરુજી, જોયું ચિદાનંદ ભુવન. તારું.
જીવ અજીવના તત્ત્વ પિછાણી, પામ્યા આત્મજ્ઞાન ગીત ગાવન. તારું.
ચૈતન્યમૂર્તિ કહાન ગુરુજી, સુવર્ણપુરીને કરી મહાન. તારું.
કથનાક્ષરી અક્ષર ન પાવે, અનંત ગુણાક્ષરી તારું લેખન. તારું.
સુવર્ણપુરીના કૃપાળુ સ્વામા, દર્શન દોને નાથ દયાળ. તારું.

—o—

અબોલડા શાને લીધા છે

(રાગ : અબોલડા શાને લીધા છે)

એકવાર બોલો ગુરુદેવ અબોલડા શાને લીધા છે.
એકવાર બોલો કહાનગુરુ અબોલડા શાને લીધા છે.
એકવાર દિવ્યવાણી છોડો અબોલડા શાને લીધા છે.

એકવાર ગુરુ દિવ્યવાણી છૂટે જો,
આનંદનો નહિ પાર...અબોલડા ૧

એકવાર રસાળ વાણી છૂટે તો,
ચોથો કાળ વરતાય...અબોલડા ૨

સેવકના દિલ ખુશ કરોને,
વરસાવો વાણી મંગલકાર...અબોલડા ૩

સૌ ભક્તજન વિનંતી કરે છે,
વાણી છોડોને ગુરુરાજ....અબોલડા ૪

હવે ગુરુજી ઢીલ ન કરો,
પાત્ર બેઠા છે તુજ પાસ....અબોલડા ૫

હે ગુરુવરજી ! શું વાટ જુઓ છો,
વાણી છોડો હવે આજ...અબોલડા ૬

અનંત રહસ્ય ગુરુ વાણીએ નીકળે,
સમાધાન સર્વના થાય...અબોલડા ૭

અનંતાનંત નમન હોજો અમારા,
શ્રી સદ્‌ગુરુ મહાન....અબોલડા ૮

બોલો બોલોને ગુરુરાજ અબોલડા છોડો ગુરુજી....
એકવાર બોલો ગુરુકહાન અબોલડા છોડો ગુરુજી....

—o—

મારા ઘેર આવોને

(રાગ : શેરી વળાવી સજ્જ કરું અથવા મા પાવા તે ગઢથી)

મારા જીવનતણી શુદ્ધ શેરીએ ગુરુ આવોને,
હું તો જોઉં ગુરુની વાટ મારા ઘેર આવોને...

મારા ચંદનના ચિત્ત ચોકમાં ગુરુ આવોને,
મારા આતમ સરોવર ઘાટ મારા ઘેર આવોને...

મેં છોડી સ્વછંદતા માહરી ગુરુ આવોને,
તુજ ચરણે કર્યું દિલ ડુલ મારા ઘેર આવોને...

હું જ્યોતિ જગાવું પ્રેમની ગુરુ આવોને,
નાથ વેર્યા આનંદના ફૂલ મારા ઘેર આવોને...

મને વ્યાપી વિરહતણી વેદના ગુરુ આવોને,
મારાથી ખમી ન ખમાય મારા ઘેર આવોને...

મારે એક ઘડી એક યુગ થઈ ગુરુ આવોને,
નાથ દરશન દેવાને દયાળ મારા ઘેર આવોને...

જ્ઞાનનિધિ જ્ઞાન પ્રગટાવવા ગુરુ આવોને,
મને પાવન કરો ધરી પાદ મારા ઘેર આવોને...

તમે મારા નયનના તારલા ગુરુ આવોને,
મારા હૈયાના અણમૂલા હાર મારા ઘેર આવોને...

આ ત્રિવિધ તાપને ટાળવા ગુરુ આવોને,
સંત સેવકતણા શણગાર મારા ઘેર આવોને...

—o—

ક્રોડો પ્રણામ

(રાગ : કાલી કમલીવાલે)

સુવર્ણપુરીના વાસી ગુરુને ક્રોડો પ્રણામ, નાથને ક્રોડો પ્રણામ....
સાચું જ્ઞાન ધર્મનું દેવા, ભરતના ભાવ્યોને તારવા;
અહીં પધાર્યા ગુરુરાજ, ગુરુને ક્રોડો પ્રણામ...નાથને ક્રોડો...૧

કહાન ગુરુવર આનંદદાયી, સુણતાં વાણી દુઃખ ખપાઈ;
પામે છે આતમજ્ઞાન, ગુરુને ક્રોડો પ્રણામ, નાથને ક્રોડો...૨

આત્મિક જ્ઞાન ગુરુએ દીધું. ભવભવનું અમ કારજ સીધું;
તારો અહો ઉપકાર, ગુરુને ક્રોડો પ્રણામ, નાથને ક્રોડો....૩

ભાવિનો ભગવાન તું છો, એક આશરો મારે તારો;
તું હી એક આધાર, ગુરુને ક્રોડો પ્રણામ, નાથને ક્રોડો...૪

ભવ-ભ્રમણ દુઃખથી ગુરુ થાકયો, મોક્ષ સુખ લેવા નિકટ આવ્યો;
હવે શું છે વાર, ગુરુને ક્રોડો પ્રણામ, નાથને ક્રોડો...૫

સેવક માગે ગુરુવર સેવા, આપે મીઠા મુક્તિ મેવા;
સેવક વરે શિવનાર, ગુરુને ક્રોડો પ્રણામ, નાથને ક્રોડો....૬

* * *

જય જય સદ્‌ગુરુદેવા તુમકો લાખો પ્રણામ, તુમકો ક્રોડો પ્રણામ...
જય જય ઉજમબાનંદ તુમકો લાખો પ્રણામ, તુમકો ક્રોડો પ્રણામ...

તૂં વસ્તુસ્વરૂપ બતાવે, અરૂ સકલ અજ્ઞાન મિટાવે,
હે ભવ્ય જીવન આધારા, તુમકો લાખો પ્રણામ, તુમકો ક્રોડો પ્રણામ...૧

તૂં કરે જ્ઞાયકનું સ્થાપન, મિથ્યા મારગનું ઉથાપાન,
હે ભક્તજન ત્રાતા, તુમકો લાખો પ્રણામ, તુમકો ક્રોડો પ્રણામ...૨

તૂં સ્વપરને ભિન્ન સુઝાવે, સિદ્ધાંતના મર્મ સમજાવે,
હે ભાવિના ભગવંતા, તુમકો લાખો પ્રણામ, તુમકો ક્રોડો પ્રણામ...૩

તૂં ચૈતન્યસ્વરૂપ પ્રકાશે, રંગ-રાગથી ભિન્ન જણાવે,
હે આત્મસ્વરૂપ જ્ઞાતા, તુમકો લાખો પ્રણામ...તુમકો.... ૪

હે ગુરુ હવે કૃપા કરજો, ભવભવના દુઃખડાને હરજો,
સેવક સદા ગુણ ગાતા, તુમકો લાખો પ્રણામ, તુમકો ક્રોડો પ્રણામ...૫

* * *

સુવર્ણપુરીના વાસી ગુરુદેવને પ્રાતઃ પ્રણામ, ગુરુને પ્રાતઃ પ્રણામ
મોતીચંદ નંદન રૂડો દીઠો, લાગે અમીરસથી પણ મીઠો,
અવર અનિઠ તમામ, ગુરુને પ્રાતઃ પ્રણામ (૨).....૧

તુજ દર્શનની માયા લાગી, અંતર આતમની જ્યોત જાગી,
સમરું સદા તુજ નામ, ગુરુને પ્રાતઃ પ્રણામ (૨).....૨

દિવ્યવાણી દીપે તમારી, ભવિતમ-તિમિરની હરનારી,
અભિનવ ભાનુ સ્વામ, ગુરુને પ્રાતઃ પ્રણામ ..... (૨).....૩

કહાન ગુરુ અલબેલા સ્વામી, કરુણાસાગર ભવિ હિત કામી,
જ્ઞાન દર્શન ગુણધામ, ગુરુને પ્રાતઃ પ્રણામ..... (૨).....૪

તુજ વચન અમૃતરસ પીધું, ભવભવનું અમ કારજ સીધું,
અવર શું મુજ ન કામ, ગુરુને પ્રાતઃ પ્રણામ.....(૨).....૫

* * *

પ્યારા શ્રી સદ્‌ગુરુદેવ નાથને વંદુ વાર હજાર, ગુરુને વંદુ વાર હજાર....
ચંદ્ર સૂરજ સમ કાંતિ સોહે, ભવિજનના મનડાને મોહે,
દર્શન આનંદકાર, નાથને વંદુ વાર હજાર, ગુરુને.....૧

ભવ્ય જનોનાં ભવ હરનારા, ભક્તજનોને સુખ કરનારા,
ભવજલ તારણહાર, નાથને વંદુ વાર હજાર, ગુરુને.....૨

મંગલ મૂરતિની બલિહારી, હર્ષથી વંદે સુર નરનારી,
વાણી આનંદકાર, નાથને વંદુ વાર હજાર, ગુરુને.....૩

શાસન સ્થંભ તું અમ આધારો, દાસના જીવનને ઘડનારો,
આતમના હિતકાર, નાથને વંદુ વાર હજાર, ગુરુને.....૪

આપ ચરણની સેવા માંગુ, દીનબંધુ તુમ ચરણે લાગું,
ભક્ત કરો ઉદ્ધાર, નાથને વંદુ વાર હજાર, ગુરુને.....૫

* * *

આતમજ્ઞાની રામી ગુરુને કરું પ્રણામ, નાથને કરું પ્રણામ....
જ્ઞાન દર્શનને ધરનારા, મિથ્યાતમ પર જય કરનારા,
તારો ભવથી પાર, ગુરુને કરું પ્રણામ, નાથને.....૧
આતમ સાધના સાધનારા, ભવિ જીવના દુઃખ હરનારા,
સંસાર પાર ઉતાર, ગુરુને કરું પ્રણામ, નાથને.....૨
કામધેનુ કામકુંભ સરિખા, કલ્પતરુ ચિંતામણી સરિખા,
ચૈતન્ય સુખ ચખાવ, ગુરુને કરું પ્રણામ, નાથને.....૩

—૦—

મિલે અમ આધાર

(રાગ : ચલે પવનકી ચાલ જગમેં)

મિલે અમ આધાર, અબ તો મિલે અમ આધાર;
તુંહિ શરણુ હૈ હમ લોગોંકા, તુંહિ આતમ ઉદ્ધાર...અબ તો મિલે
ગુરુવર તોરે ચરણકમલમેં, ઝુકે હમારે શીશ;
ભક્તિ તોરી ભવકી તરણી, કરે દુઃખકા નાશ...અબ તો મિલે
તુજ વાણીસે મનખા પાવન, હુઆ આજ સનાથ;
દુઃખકે કાંટે પિસ પિસ ભાંગે, હો જાઉં ભવપાર...અબ તો મિલે
સુરતરુસા હે ગુરુદેવા, કભી ન છોડું સાથ;
દાસ સુકાની ! ભવજલધિ સે તાર લેકર હાથ....અબ તો મિલે

—૦—

ગુરુ-ભક્તિ

(ગઝલ)

રસીલા ભક્તોનાં હૈડાં, ગુરુમાં અહર્નિશ રમતાં;
સલૂણાં ગુરુનાં સ્વપ્નાં, નજરથી ના જરી ખસતાં.....૧
ગુરુદેવ જે હોય હૈડે તો, બધીયે ઋદ્ધિ પાસે છે;
ખસે દૂર જો હૃદયથી એ, જીવન આ શૂન્ય ભાસે છે.....૨
અસાર સંસારને માની, જે ગુરુરાજને ધ્યાવે,
સકલ દૂરિત કરી હાની, એ સિદ્ધિમાં સધાવે છે.....૩

સમતા રસભરી વાણી, અહો સુધા તુલ્ય ભાસે છે;
ધરીને ભાવથી સુણે, જનમ નિસ્તાર તેને છે.....૪
પૂર્ણ આનંદને ધ્યેયે, જે ગુરુદેવને ગાવે;
અમર આત્મ સુખનો ભોગી, થઈ અમૃત સુહાવે છે.....૫

—૦—

(ગઝલ)

કહાનગુરુ કહોને અમી દૃષ્ટિ કયારે કરશો ?
ડગમગતી મેરી નૈયા ભવ પાર કયારે કરશો...કહાન ગુરુ કહોને...
વૈમાનિક સ્વર્ગે ગુરુ બિરાજો છો તમે,
ભરતે પધારી ગુરુવર, દરિશન કયારે દેશો...કહાન ગુરુ.....
તારા ચરણ પાસે લાગી રહ્યું છે હૈયું,
વાણી સુણાવી અમને એકતાન કયારે કરશો...કહાન ગુરુ.....
મન લાગ્યું તારી પાસે કાયા રહી છે દૂરે,
કરુણા કરીને ગુરુજી તુમ પાસે કયારે લેશો...કહાન ગુરુ.....
ટળવળતા તારા બાલક નીહાળવાને તુજને,
અમીભરી દૃષ્ટિ સાક્ષાત્ ગુરુરાજ કયારે કરશો...કહાન ગુરુ.....

—૦—

(ગઝલ)

ગુરુજી આપ બિન મેરે અંધેરા હી અંધેરા થા,
મુસીબતમેં ન કોઈ થા સહારા એક તેરા થા....
ઉદય જબ પુણ્યકા આયા વાણી મૈં નાથકી પાયા,
વાણીકો સુનકર હુઆ પ્રસન્ન મન આજ મેરા હૈ....
ગુરુ અબ દર્શ દો સાક્ષાત્ મુજે નહીં ચેન પડતા હૈ,
મિટા આવાગમન મેરા તુજે મૈં અરજ કરતા હું....
મુજે કુછ ચાહ નહીં જગકી વહી હૈ ચાહ સ્વામીજી,
જપું તુમ નામકી માલા જુ મેરે કામ આતી હૈ....
ગુરુ જબ આપ હિરદેમેં ઝુલે મન મેરા આનંદમેં,
સહારા તેરા હૈ ભારી ગુરુજી મેરે જીવનમેં....

—૦—

(ગઝલ)

આવી ઉભો છું દ્વારે, ગુરુદર્શ દેશો કયારે ?
અંતરની અભિલાષા, ગુરુ પૂર્ણ કરશો કયારે ?...આવી.
સળગી રહ્યો છું આજે, સંસાર કેરા તાપે
શીતલ તમારી છાયા, ગુરુ મુજને દેશો કયારે ?...આવી.
દૃષ્ટિ ન નિજની કરી, દુઃખી થયો છું ભારી;
અંધાર ભર્યા ઉરને, ગુરુ ઉજ્જવલ કરશો કયારે ?...આવી.
ભવ કેરા વનમાં ભમીને, આવ્યો છું તારે શરણે;
સૂના સૂના જીવનમાં, ગુરુ આવી મળશો કયારે ?...આવી.
ભક્તિ કરી ન ભાવથી, શક્તિ વૃથા ગુમાવી;
ફાવી ન કોઈ યુક્તિ, ગુરુ સંકટ હરશો કયારે ?...આવી.

—o—

તેરી વાણીસે

(રાગ : તેરે પૂજનકો ભગવાન બના મનમંદિર આલીશાન.....)

તેરી વાણીસે ગુરુરાજ અશુભ પરિણામ ગયે સબ ભાજ...
જિસને તેરા શરણા લીના, ઉસને જન્મ સફલ નિજ કીના;
સારે સુધરેં ઉસકે કાજ.....અશુભ પરિણામ.....૧
જિસને તેરી મહિમા ગાઈ, ઉસને સુખ સમૃદ્ધિ પાઈ;
પાતે આતમજ્ઞાન મહાન.....અશુભ પરિણામ.....૨
જિસને તુજસે નેહા જોડા, આવાગમનકા ફન્દા તોડા,
નહીં રહા અજ્ઞાન અંધકાર.....અશુભ પરિણામ.....૩
જિસને કહના તુમરા માના, શ્રદ્ધા અચલ સ્વગુણ પહિચાના;
દિનકરસમ હો સમ્યક્‌જ્ઞાન.....અશુભ પરિણામ.....૪
ભક્તોંકે ગુરુરાજ હમારે, સમ્યક્‌રૂપ વચન અતિ પ્યારે;
તુમ સમ નહિ ઉપકારી મહાન.....અશુભ પરિણામ.....૫
તુમ અધ્યાતમ વિદ્યાદાની, તુમ કર ભ્રમતમ સહજ પલાની;
કરાયા આતમકા પહિચાન.....અશુભ પરિણામ.....૬

કર્મોદય રસ ભિન્ન ચખાદો, શુદ્ધાતમરસમેં લલચાદો;
ભવ ભવ હોય સહજ કલ્યાણ.....અશુભ પરિણામ.....૭
ગાઉં ઉમંગ ઉમંગ ગુણ તેરે, વૃદ્ધિ હોય જ્ઞાનકી મેરે;
યાચૂં યહી જોડ કર આજ.....અશુભ પરિણામ.....૮

—o—

પધારો સદ્‌ગુરુ શ્રી કહાન

મેરે મન મંદિરમેં આન, પધારો સદ્‌ગુરુ શ્રી કહાન...ટેક.
ગુરુવર તુમ આનંદ સરોવર, જ્ઞાન તુમારા મહા મનોહર;
નિશદિન રહે તુમારી યાદ, પધારો સદ્‌ગુરુ શ્રી કહાન.....
નરનારી સબ મિલ ગુણ ગાતે, વાણી સુણી હર્ષ પાતે;
ગાતે સબ તેરા યશગાન, પધારો.....
જો તેરી શરણાગત આયા, ઉસકો આતમજ્ઞાન બતાયા;
તુમ હો ભાવિકા ભગવાન, પધારો.....
ભક્તજનોંકે દુઃખ નિવારે, આપ તિરે હમકો ભી તારે;
કીજે હમકો આપ સમાન, પધારો.....
આયે હૈ અબ શરણ તિહારી, ભક્તિ હો સ્વીકાર હમારી;
તુમ હો કરુણા દયા નિધાન, પધારો.....
રોમ રોમ પર તેજ હૈ છાયા, રવિસે ભી તુમ હો ઉજયારા;
હર દો સેવકકા અજ્ઞાન, પધારો.....

—o—

કહાન ગુરુજી બલિહારી

(રાગ : મથુરામાં ખેલ ખેલી)

કહાન ગુરુજી બલિહારી, શ્રીકાર આનંદકારી;
આનંદકારી ગુરુ આનંદકારી, કહાન ગુરુજી બલિહારી.....ટેક
જગજનમંડન પાપનિકંદન (૨)
પ્રાણ જીવન જાઉં વારી, હો કહાન જગ ઉપકારી...કહાન. ગુરુ. ૧

પરમ કૃપાનિધિ પરમ દયાળુ (૨)
જગદાવાનળવારિ, હો કહાન જગહિતકારી...કહાન ગુરુ. ૨
સુખ કરનારા દુઃખ હરનારા (૨)
સેવું ગુરુ મનોહારી, હો કહાન શિવસુખકારી...કહાન ગુરુ. ૩
નિજ ગુણધારી કર્મો હઠાવી (૨)
ધર્મધુરંધર ધોરી, હો કહાન દિલદુઃખવારિ...કહાન ગુરુ. ૪
ત્રિવિધ ત્રિવિધે વંદન કરું છું (૨)
તુજ સેવક સુખકારી હો, કહાન ભવદુઃખહારી...કહાન ગુરુ. ૫

—૦—

લગની લાગી

તુમસે લગની લાગી ગુરુવર તુમસે લગની લાગી,
અમ હૈડાનાં હાર ગુરુજી તુમસે લગની લાગી....
સ્વર્ણપુરે ગુરુજી બિરાજતા અમ આંખોના તારા,
અમી દૃષ્ટિથી અમ બાલકને ભવથી પાર ઉતાર્યા...હાં તુમસે.
કહાન ગુરુવર આજ પધારો સુવર્ણપુરી શોભાવા,
ગુરુવર તારા દરશન કરતાં આવે ભવના છેડા....હાં તુમસે.
ભાવિ ભગવાન ભરતે પધારો દર્શન દાસને દેવા,
ભાવથી અમે ભક્તિ કરીએ જોવા તારી મુદ્રા...હાં તુમસે.
દૂર દૂર ગુરુ દેશ તુમારા અમીદૃષ્ટિ તો રાખજો,
આનંદ સાગર ઉછળે તારા એના સ્વાદ ચખાવો...હાં તુમસે.
તુજને ભેટું આવી ગુરુજી પગલે પગલે તારા,
વિધવિધ ભાવે ભક્તિ કરીને અર્પું જીવન સારા...હાં તુમસે.
સાદિ અનંતનો સાથ જ તારો લગની તારી લાગી,
સેવક વિનવે તારા ગુરુજી કાટો ભવની બેડી...હાં તુમસે.
કૃપાદૃષ્ટિ ગુરુ અમ બાલક પર વરસે નિતનિત તારી,
પ્રસન્નતાથી આતમવૃદ્ધિ નિત નિત મંગલકારી...હાં તુમસે.
કહાન ગુરુનું શરણ ગ્રહીને જીવન સફલ બનાવું,
ભક્તિથી ભવપાર થઈને તુજ સમ હું થઈ જાઉ...હાં તુમસે.

* * *

મન મંદિરમેં આઓ

ગુરુજી મનમંદિરમેં આઓ, ગુરુજી મન મંદિરમેં આઓ...
નાથ પુજારી હું મૈં તેરા, સેવકકો અપનાઓ....ગુરુજી
શુદ્ધ હૃદયસે કરું વીનતી, આતમજ્ઞાન સિખાઓ...ગુરુજી
પર પરિણતિ તજ નિજ પરિણતિકા, સચ્ચા ભાન કરાઓ...ગુરુજી
મૈં તો ભૂલ ગયા થા તુમકો, તુમ ના મુઝે ભુલાવો....ગુરુજી
જીવન ધન્ય બનાઊં અપના, ઐસી રાહ સુઝાઓ...ગુરુજી
શ્રી ગુરુરાજ તોરે ચરણમેં, નિશદિન મુઝે બસાઓ....ગુરુજી
કરકે દયા ગુરુ સેવક પર, આવાગમન મિટાઓ...ગુરુજી
હૃદય સિંહાસન સૂના તુમ બિન, ઉસમેં આ બસ જાઓ...ગુરુજી
તાપ ત્રય સંતપ્ત આતમપર, શાંતિ સુધા બરસાઓ...ગુરુજી
નીરસ મનકો ભક્તિકે રસસે, ગુરુવર અબ સરસાઓ...ગુરુજી
ભર દો સદ્‌ગુણ ગણ મુજમેં, દુર્ગુણ દૂર હટાઓ...ગુરુજી
આનંદમય બન જાઉં ઐસા, ગુરુ સન્માર્ગ બતાઓ...ગુરુજી
જીવન યહ આદર્શ બને ગુરુ, જ્ઞાનકી જ્યોતિ જગાઓ...ગુરુજી
આતમસ્વરૂપકા જ્ઞાન કરું મૈં, સજ્જન તુમ મિલ જાઓ...ગુરુજી

—૦—

અમ ઘેર આવો

(રાગ : આવો આવો સીમંધરનાથ અમ ઘેર આવો રે)

શ્રી કહાન ગુરુદેવ માહરો સ્વામી રે,
મેં પૂરવ પુણ્યે આજ સેવા પામી રે....

મનચિંતિત ફળ દાતાર મુજને મળીયો રે,
હવે મિથ્યામતિનો જોર સહુયે ટળીયો રે...શ્રી કહાન...૧

તુજ સમ બીજો કોઈ ગુરુ મારે નયણે રે,
ન આવે આ જગમાંય સાચે વયણે રે...શ્રી કહાન... ૨

તમે ભાવિના ભગવાન કરુણાસાગર રે,
આવીને વસો મનમાંય કૃપા આગર રે...શ્રી કહાન...૩

ઉજમબાના નંદ મહેર કરજો રે,
શ્રેષ્ઠી મોતીભાઈ કુળચંદ દુરિત હરજો રે...શ્રી કહાન...૪

ભક્ત જાણીને ગુરુરાજ મુજને તારો રે,
દુઃખ દારિદ્ર ભયથી નાથ મુને ઉગારો રે...શ્રી કહાન...૫

ઝાઝી ઝાઝી શી વાત તુમને કહીએ રે,
ગુરુ! પોતાના કરી આજ હવે નિહાળીએ રે....શ્રી કહાન...૬

શ્રી આત્મસ્વરૂપી ગુરુદેવ ચરણે લાગું રે,
તુજ આશિષ પામી આજ નિજને પામું રે...શ્રી કહાન...૭

* * *

આવો આવો શ્રી સદ્‌ગુરુદેવ અમ ઘેર આવો રે,
રૂડા ભક્તિવત્સલ ગુરુરાજ નાથ પધારો રે....ટેક

શ્રી ભવ્યજન તારક ગુરુ મારે ઘેર આવો રે,
મારા મનના મનોરથ આજ પૂરા પાડો રે...આવો. ૧

એ ભેટયો શ્રી ગુરુરાજ આજે ભાગ્યથી રે,
મેં દેખ્યો એ સુખકાર દરિશણ પુણ્યથી રે...આવો. ૨

ગુરુ! સુણી ઉપશમ વાણ હૈડે હરખ્યો રે,
મેં દેખ્યો આત્મ દિદાર વાંછિત ફળીયો રે...આવો. ૩

તુજ પ્રતાપે આજ ચૈતન્યદેવ મળીયા રે,
મારા ભવભવના જે દુઃખ સર્વે ટળીયા રે...આવો. ૪

હું કઈ વિધ પૂજું નાથ કઈ વિધ વંદુ રે,
મારે આંગણે પધારો ગુરુદેવ વાટ જોઉં રે...આવો. ૫

સુરતરુથી પણ અધિક તું મુજને મળીયો રે,
મારો જન્મ થયો કૃતાર્થ સુરમણી ફળીયો રે...આવો. ૬

ગુરુરાજે કર્યો ઉપકાર રાખી નહિ ખામી રે,
આ પામર પર કરુણા અતિ વરસાવી રે....આવો. ૭

શ્રી દેવ અને ગરુરાજ મારે ઘેર આવો રે,
હું અંતરના ઉછરંગે પ્રભુજી વધાવું રે...આવો. ૮

—o—

ભાવિ ભગવાન

(રાગ : દુર્લભ ભવ લહી દોહીલો રે···)

આજ સફળ દિન માહરો રે, ભેટયો શ્રીગુરુ કહાન કે ભાવિ ભગવાન છે રે...
ઉજમબા માતનો નંદ છે રે, અમ ચિંતામણિનાથ કે ભાવિ...
રિદ્ધિસિદ્ધિ સુખ સંપદા રે, આવી છે મારે હાથ કે ભાવિ...
દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુણી ગુરુની વાણ કે ભાવિ....
ચિંતામણિ મુજ કર ચઢયું રે, પાયો ચિદાનંદ રાજ કે ભાવિ...
મુંહ માગ્યા પાસા ઢળ્યા રે, સિધ્યા વાંછિત કાજ કે ભાવિ....
ચિત્ત ચાહ્યા સાજન મળ્યા રે, કીધા અમને ન્યાલ કે ભાવિ....
સૌમ્ય નજર ગુરુજી કરો રે, દેજો સ્વરૂપના માલ કે ભાવિ....
ઝળહળ તેજે દીપતા રે, ઉગ્યો સમકિત સૂર કે ભાવિ....
શ્રી દેવ ગુરુરાજનો રે, ભક્ત લહે સુખ પૂર કે ભાવિ...

—o—

આવોને સુણવા

(રાગ : ભેટે ઝૂલે છે તલવાર)

ગુરુની વાણી અમૃત રસાળ, રસિયા આવોને સુણવા...
તીર્થંકરની વાણીના વાયરા, વાયા છે પંચમકાળ...રસિયા
ભારતના અહો ભાગ્ય ખીલ્યાં છે, પાક્યા ગુરુરત્ન કહાન...રસિયા.
સિંહ કેસરીએ સિંહનાદથી, હલાવ્યું છે આખું હિંદ...રસિયા.
સુવર્ણપુરીમાં ગુરુએ ગજાવ્યા, આત્મબંસી કેરા સુર....રસિયા.
નિરપેક્ષ તત્ત્વ સમજાવે ગુરુજી, સમજાવે નિશ્ચય વ્યવહાર....રસિયા.
જ્ઞાતા અકર્તાનું સ્વરૂપ સમજાવે, સ્વપરનો બતાવે ખરો ભેદ...રસિયા.

નિશ્ચય વ્યવહારની અપૂર્વ સંધિ, ગુરુવાણીએ સોહાય...રસિયા.
પરમાગમની અચિંત્ય રચના, સમજાવે ગુરુ કહાન....રસિયા.
કહાન ગુરુએ શ્રુતસાગર ઉછાળ્યા, વરસાવ્યા અમૃત મેહ...રસિયા.
અપૂર્વ અલખ હતો એણે જગાડ્યો, જગાડ્યા અનેક જીવ...રસિયા.
ગુરુ મુદ્રામાં શાંતરસ હતાં, વાણીમાં અમૃતધાર...રસિયા.
હતા ગુરુજી કરુણાસાગર, દૃઢતાનો નહિ પાર....રસિયા.
શ્રી ગુરુકહાનના પરમ પ્રતાપે, મળ્યો છે વાણીનો સાર....રસિયા.
દ્રવ્ય પર્યાયની સ્વતંત્રતાને, દર્શાવી કહાન ગુરુદેવે....રસિયા.
અદ્‌ભુત ગંભીરતા ભરી ગુરુવાણે, તેની મહિમાનો નહિ પાર...રસિયા.
સદ્‌ગુરુદેવની વાણી અણમૂલ છે, અણમૂલ ભર્યા છે ભંડાર...રસિયા.
ગુરુવાણીમાં ગૂઢતા ભરી છે, કળવી મહામુશ્કેલ....રસિયા.
આવી વાણી સુણવાનો લ્હાવો, મળે નહિ વાર વાર...રસિયા.
આતમ આધાર છે કહાન ગુરુજી, શિવપુરનો એ સાથ...રસિયા.
સદ્‌ગુરુદેવે અમૃત પીરસ્યું, સેવક વારી વારી જાય....રસિયા.
શ્રી ગુરુદેવની અમૃત વાણીથી, મારું અંતર ઉછળી જાય....રસિયા.
તનમનધન ગુરુ ચરણે અર્પું, તોયે પુરું નવ થાય....રસિયા.
દિવ્યધ્વનિ દાતા ગુરુવરનો, બોલો સહુ જય જયકાર...રસિયા.

—૦—

ભવથી ઉગારજો

દીઠા કહાન ગુરુ જ્ઞાની અલબેલડા, જ્ઞાની અલબેલડા,
ઉજ્જવલ કર્યો અવતાર રે...મોક્ષપંથી ભવથી ઉગારજો...
શિવપંથી ભવથી ઉગારજો....

પગલે પગલે ગુરુના ગુણો સંભારતા, ગુણો સંભારતા,
અંતરના વિસરે ઉચાટ રે.....મોક્ષપંથી.....૧

આપના વચનથી મેં આતમા જગાડીએ, આતમા જગાડીઓ,
જ્ઞાન દીપક પ્રગટાવ રે.....મોક્ષપંથી.....૨
આતમા ઘણા ગુરુ આપે ઉગારીયા, આપે ઉગારીયા,
તારો સેવકને ભવપાર રે.....મોક્ષપંથી.....૩

—૦—

શરણદાતા

હાં રે મને મળીયા પૂરણ ભાગ્યે શ્રી ગુરુરાજ જો,
દેખીને હું હરખ્યો ભવ ભ્રમણ ટળશે રે લોલ... ૧
હાં રે મ્હારે કહાન ગુરુવર શું લાગી પૂરણ પ્રીત જો,
ગુરુવરની સેવા ભવદુઃખ ભાંગશે રે લોલ... ૨
હાં રે જેને જોતાં લાધ્યો રત્ન ચિંતામણિ હાથ જો,
તેહને રે મૂકીને કોણ ગ્રહે કાચને રે લોલ... ૩
હાં રે જેને હૈડે લાગી ગુરુજીની વાણી જો,
તેહને મન બીજાનો સંગ નવી ગમે રે લોલ... ૪
હાં રે જે પામ્યા પરિમલ પ્રીતે અમૃતપાન જો,
ખારું જલ તે પીવા કહો કોણ મન કરે રે લોલ... ૫
હાં રે જે ઘરમાં બેઠા પામ્યા લખમી પૂરી જો,
ધનને કોજે દેશ દેશાંતર કોણ ફરે રે લોલ... ૬
હાં રે જેણે સેવ્યા પૂરણ ભાવે કહાન ગુરુ જો,
તેહના રે મનમાંહિ કેમ બીજા ગમે રે લોલ... ૭
હાં રે એ તો નિષ્કારણ કરુણાધારી ગુણ ભંડાર જો,
મનડું રે મારું ગુરુજી સાથે રમે રે લોલ... ૮

* * *

હાં રે મને શરણદાતા તું કહાન ગુરુરાજ જો,
મળીયો ભાગ્યે હું હળીયો પ્રીત પ્રસંગથી રે લોલ... ૧
હાં રે મને સુંદર લાગી વાણી તારી નાથ જો,
અલગો રે ન રહું હું ગુરુ તુજ સંગથી રે લોલ... ૨

હાં રે માનું અમૃત સાગર ઉપશમ રસ તુજ વાણી જો,
વીતરાગી ને શાંત વચન ગુરુ તાહરું રે લોલ... ૩

હાં રે ગુરુ કોઈની નહિ આ ભુવને તુજ સમ વાણી જો,
એહવી વાણી દેખી ઉલસ્યું મન માહરું રે લોલ.... ૪

હાં રે ગુરુ ભક્તજનો પર નજર જરા કરજો જો,
કરુણ નજરથી તુજ સેવકને બોલાવજો રે લોલ... ૫

હાં રે ગુરુ મંગલ દર્શન આપો એક વાર જો,
સેવકના મનમાંહિ આનંદ ઉપજાવજો રે લોલ... ૬

હાં રે તમે કરુણાસાગર દીનદયાળ કૃપાળુ જો,
મહેર કરી મુજ અંતરમાં આવી વસો રે લોલ.... ૭

હાં રે તમે નિજ બાળક સમ મુજને જાણજો જો,
ચરણની સેવા દેજો સેવક જાણીને રે લોલ.... ૮

હાં રે સમતારસ ભરપૂર દીસે તુજ દેદાર જો,
જ્ઞાન પ્રબળતાથી દિસે મુખ ચંદ્રમાં રે લોલ.... ૯

હાં રે ગુરુ તાહરી ભક્તિ ભીનું માહરું ચિત્ત જો,
નિર્મળ જ્ઞાન જ્યોતિ પ્રગટે દાસમાં રે લોલ.... ૧૦

* * *

હાંરે ગુરુ આજે તુજને દીઠા તારણહારજો,
લાગી રે તુજથી દૃઢ ધર્મની પ્રીતડી રે લો;
હાંરે ગુરુ સરસ સુકોમળ સુરતરુ દીધી બાથજો,
જાણ્યું રે મેં ભૂખે લીધી સુખડી રે લો....હાંરે....૧

હાંરે ગુરુ સકલ ગણે કરી ગિરુઓ તું હી જ એકજો,
દીઠો રે મન મીઠો ઇઠો રાજીઓ રે લો;
હાંરે ગુરુ તુજશું મિલતાં સાચો મુજશું વિવેકજો,
હું તો રે ધણીઆતો થઈને ગાજીઓ રે લો....હાંરે....૨

હાંરે ગુરુ નહિ છે માહરે હવે કોઈની પરવાહજો,
હેતે રે પકડી છે માહરી બાંહડી રે લો;

હાંરે ગુરુ તુજ પાસેથી અળગો ન રહું નાથજો,
દોડે રે કુણ તડકે છાંડિ છાંહડિ રે લો....હાંરે....૩

હાંરે ગુરુ ભાગ્યે લહીયેં તુજ સરીખાનો સંગજો,
આણે રે જમવારે ફિરિફિર દોહીલો રે લો;
હાંરે ગુરુ તું છો મનોહર ચિંતામણીનો નંગ જો,
જોવા રે મળવો નહિ જગમાં સોહિલો રે લો....હાંરે....૪

હાંરે ગુરુ ઉતારો મત ચિતડાથી નિજ દાસજો,
ચિંતા રે ચૂરંતા પ્રભુ ન કરો વિલંબ રે લો;
હાંરે ગુરુ પ્રેમે સ્વીકારો સેવક તણી અરદાસજો,
ગણતા રે પોતાનો સવિ લેખે થઈ રે લો....હાંરે....૫

* * *

હાંરે આજ મલિયો મુજને ભાવિનો ભગવાન જો,
ઉગ્યો સુખ સુરતરૂ મુજ ઘટ ઘર આંગણે રે જો;
હાંરે આજ અષ્ટ મહા સિદ્ધિ આવી મ્હારે હાથ જો,
નાઠા માઠા દહાડા દરિસણ ગુરુ તણે રે જો...૧

હાંરે મ્હારે હિયડે ઉલસી ઉલ્લસિત રસની રાશિ જો,
ભવ તારક વાણી સાંભળી તાહરી રે જો;
હાંરે હું તો જાણું નિશદિન બેસી રહું તુજ પાસ જો,
તારી વાણે ભાંગી ભીતી માહરી રે જો....૨

હાંરે ગુરુ તાહરી વાણી સાચી મોહન વેલ જો,
મોહ્યા તીન ભુવનજન દાસ થઈ રહ્યા રે જો;
હાંરે ગુરુ જે નવિ રંજ્યા તે સુરતરૂને હેલી જો,
દુઃખ વિષ વેલિ આદર કરવા ઉમહ્યા રે જો....૩

હાંરે ગુરુ તુજસ્યું મ્હારે ચોળ મજીઠો રંગ જો,
લાગ્યો એહવો તે છે કુણ ટાલી શકે રે જો;
હાંરે ગુરુ પલટે તે તો કાચો રંગ પતંગ જો,
લાગે ન લાગે રે દુરજનનો રંગ મુજ થકે રે જો....૪

હાંરે ગુરુ તાહરી ભક્તિ ભીનું માહરું ચિત્ત જો,
તલજિમ તેલે તેલે જેમ સુવાસના રે જો;
હાંરે ગુરુ તાહરી દીઠી જગમાં મોટી રીત જો,
સુફલ ફલ્યા અરદાસ વચન મુજ દાસના રે જો....૫

—o—

(રાગ : ભરથરી)

શ્રી સદ્‌ગુરુ કહાન વંદતાં, ઉલ્લસિત તન મન થાય;
વાણી અનુપમ સૂણુતા, ભવભવના દુઃખ જાય
જગત્‌ગુરુ નિત્ય વંદના...
નિશદિન સૂતાં જાગતાં, હીયડાથી ન રહે દૂર;
જ્ય ઉપકાર સંભારીયે, ઉપજે આનંદ પૂર...જગત્‌ગુરુ નિત્ય....
તુજ ઉપકાર અહો! અહો! શું કહીએ તુજ પાસ;
અંતર આશીષ આપજો, થઈએ ભવથી પાર ...જગત્‌ગુરુ નિત્ય...
આતમપદ અનુપમ અહો, ગુરુને અનુભવરૂપ;
હસ્ત કમલવત્ આપીયું, એ તો કદી ન ભુલાય....જગતગુરુ નિત્ય...
અક્ષર થોડા ગુણ ઘણા, ગુરુવરના ન લખાય;
ગુરુ ચરણે રહી રંગથી, આતમમાં પરખાય...જગત્‌ગુરુ નિત્ય....

* * *

(રાગ : ભરથરી)

ધન્ય દિવસ ધન્ય આજનો, ધન ધન ઘડી તેહ;
ધન્ય સમય નાથ માહરો, વાણી સૂણી આજ...
મન લાગ્યું રે મારા ગુરુજી...
અનુપમ વાણી સૂણી તાહરી, કેટલે દિવસે આજ;
હૃદય પાવન થયું માહરું, પાપ તિમિર ગયા ભાજ....મન...
સાચો ભક્ત જાણીને, કરુણા ધરો મનમાંહ્ય;
સેવક પર હિત આણીને, ધરી હૃદય ઉમાહ....મન લાગ્યું....
નિર્મળ સેવા આપીએ, ભવના ભુક્કેરે તાપ;
હવે દરિશણ વિરહ મત કરો, મેટો મનનો સંતાપ...મન લાગ્યું....

ઘણું ઘણું શું કહીએ તુમને, તુમે ચતુર સુજાણ;
મુજ મનવાંછિત પૂરજો, વ્હાલા સદ્‌ગુરુદેવ...મન લાગ્યું...

—o—

એકવાર આવજો

(રાગ : વંદના વંદના વંદના રે)

આવજો આવજો આવજો ગુરુજી, એકવાર સુવર્ણપુરે આવજો;
સેવકને પાય નમાવજો ગુરુજી, એકવાર સાક્ષાત્ આવજો...
સીમંધરનાથ શોભે જે રૂડા, દિવ્યધ્વનિ સાથે લાવજો ગુરુજી એકવાર.
ગણધરો દિવ્યવાણી ઝીલે જે, બાર અંગનો સાર લાવશો ગુરુજી એક.
કુંદકુંદદેવ સ્વર્ગને ઉજાળે, આશીષ તેમના લાવજો ગુરુજી એક.
અમૃતચંદ્ર સ્વર્ગમાં સોહે, જ્ઞાન તેમનું ન ભૂલશો ગુરુજી એક.
પદ્મપ્રભ બિરાજે ત્યાં જે, સારનિયમનો લઈ આવશો ગુરુજી એક.
બીજા સાધક જે કોઈ હોય, તેમને પણ સાથે લાવજો ગુરુજી એક.
વાણી સુણી સ્વરૂપને જાણી, થઈશ તમારો સેવક સાચો ગુરુજી એક.
સેવકની ગુરુ વિનંતી સ્વીકારી, કૃપાનાથજી જરૂર આવજો ગુરુજી એક.

* * *

કોડ

ગુરુવર દર્શનના જાગ્યા છે કોડ, વીતરાગી શીતલ એ છાંયડી;
કહાન ગુરુજી જગમાં અજોડ, શોભતી એ શીળી છાંયડી....
ગુરુવર ચરણનાં જાગ્યા છે કોડ, સંત કેરી શીળી એ છાંયડી...

શરણે તુમારે આ ભમતા સંસાર જો,
સંસાર અસાર મારે તારો આધાર જો;
સાચી ગુરુ ભક્તિથી ભવબંધ તોડ....વીતરાગી...

નિશદિન હું ગાઉં ગુણ ભાવે ગુરુદેવના,
વૈમાનીકવાસી એ સિદ્ધિ દેનારના;
પામું શિવલક્ષ્મી અહીં ભવભ્રમણ છોડ...વીતરાગી...

શ્રી ગુરુરાજ કેરી છાંયડીમાં વસતાં,
શ્રી ગુરુદેવના ચરણકમળ સેવતાં;
જ્ઞાન દર્શ ચારિત્રના પૂરાય કોડ...વીતરાગી...

—૦—

કેવાં હશે ?

મને કોને કહાન ગુરુ કેવાં હશે ? કેવા હશે શું કરતા હશે ?...મને....
સીમંધર પ્રભુની વાણી સુણીને, સંદેશો લાવનાર કેવા હશે ?...
પરમાગમનો સાર સમજાવી, હૈયા ડોલાવનાર કેવા હશે ?....
દર્શન મહત્તા ને ચેતનની શુદ્ધતા, વિશ્વે ગજાવનાર કેવા હશે ?...
નિશ્ચય બતાવનાર શાસન શોભાવનાર, સુધાના સીંચનાર કેવા હશે ?
ઉજમબા નંદન મોતી કુળચંદ, એ ભક્તોના તારણહાર હતા....
આવા કહાનગુરુ અહીં બિરાજતા રે.....
વિદેહી મહેમાન ઉમરાળા આવ્યા, એ તો ભવ્યોના ભગવાન હતા...
સંપ્રદાય ત્યાગી પરિવર્તન કર્યું, જંગલમાં મંગલ કરતા હતા...
સુવર્ણપુરીમાં કાયમ રહીને, ધર્મધ્વજ ફરકાવતા હતા...આવા...
અમૃતમય શુદ્ધ વીતરાગ વાણી, સદ્ભાય વર્ષા કરતા હતા....આવા...
ચૈતન્યપ્રભુને જાણી દેખી, રમવાની ભાવના ભાવતા હતા...આવા...
ક્ષમાધારક ને કરુણાસાગર, ભગવાન કહીને બોલાવતા હતા...આવા....
આવા ગુરુવર અહીંયા પધારો, સેવક કરે છે જયકાર....આવા

* * *

(રાગ : પારેવડા જ્યજે વીરાના દેશમાં)

હો ભવીયા પામી અમૂલ્ય ગુરુવાણી,
તું ઉતરજે અંતરમાંહી...હો ભવીયા...
આતમ જ્ઞાની ગુરુવરની સેવા, અખૂટ ગુણના મેવા લેવા;
સેવીએ આ સત્‌ધર્મ વાણી...હો ભવીયા...
દીપક જ્ઞાનનો ઘટમાં જગાવી, દર્શનશુદ્ધિ નિર્મળ પામી;
સુણીએ એ દિવ્ય ગુરુવાણી....હો ભવીયા...

વિશ્વ વિલોચન તારણહારી, કલ્પ વયણ છે ચમકત તારી;
અહો મનવાંછિત દેનારી...હો ભવીયા...
વિશ્વભરની એ પુનિત વાણી, ગુણગણગંગ પ્રવાહ નિશાની;
અહો ઉજમબા માત સુત વાણી...હો ભવીયા...
અમૂલ્ય રહસ્ય પરમાગમના, જ્ઞાન કપાટ ખોલીને બતાવ્યા;
ગુરુ કહાને અમૃત રેલાવીયા...હો ભવીયા...
ચૈતન્યદેવના હાર્દ તપાસનારી, ગુણના સૂક્ષ્મ ભાવો જણાવનારી;
એ અદ્‌ભુત ગુરુ કહાનવાણી...હો ભવીયા...
ચો બાજુથી સૂક્ષ્મ પટ ખોલનારી, નિત નિત આનંદ મંગલકારી;
ગુરુ કહાન વાણી ભવ તારી...હો ભવીયા...

* * *

શ્રી સદ્‌ગુરુ સ્વામી, ૐ શ્રી સદ્‌ગુરુ સ્વામી,
બાર બાર સિર નાવેં પાવેં નિજ આતમ ધામ...ૐ
ધન્ય ધન્ય ગુરુ સુવર્ણપુરીમેં ધર્મવૃષ્ટિ કરકે,
જ્ઞાનાંકુર ઉત્પન્ન કિયે હૈ મિથ્યા જડ હરકે.....ૐ
વસ્તુસ્વરૂપ ચરાચર તુમને જગકો દર્શાયા,
નિજ–પર ભેદ પ્રકટ કર પાવન ભવિમન હર્ષાયા.....ૐ
ભાવ ભક્તિસે કરે નમન તુજે ઝુક ઝુક સિર નાવેં,
તુમ સમ જ્ઞાન મિલે હમકો ગુરુ ભવ ભવ યહ ચાવેં.....ૐ

* * *

(રાગ : મહાવીરા તેરી ધૂનમેં.....)

આજ મારે રે આંગણીયે શ્રી ગુરુવરજી પધારો,
શ્રી ગુરુવરજી પધારો, શ્રી ગુરુવરજી પધારો;
શ્રી ગુરુવરજી પધારો.....આજ મારે.....૧
શ્રી સદ્‌ગુરુદેવ આવો ભાવિ તીર્થંકર પધારો; (૨)
જયનાદ ગગનમાં ગાજે, હૈડાં સેવકનાં હરખે.....આજ.....૨
હૈડાના હાર આવો, આતમ શણગાર પધારો; (૨)
પાવન સેવકને કરીને, સેવક સામું નિહાળો.....આજ.....૩

કઈ વિધ વંદુ ગુરુજી, કઈ વિધ પૂંજુ ગુરુજી; (૨)
આતમ આધાર પધારો, અમ સેવક આંગણીયે....આજ.....૪
શ્રી ગુરુરાજ ચરણે, મુક્તિનું સુખ નિહાળું; (૨)
દિનરાત ગુરુને ધ્યાવું, અંતરમાં નાથ વસાવું....આજ.....૫
ગુરુ કહાનને ભક્તો નીરખી, હૈડામાં હરખી જાયે; (૨)
તુજ વારણા ઉતારે, સુવર્ણ મંગલ થાયે ...આજ....૬
ગુરુ કહાનના પ્રતાપે, ચિદ્‌ઘન મળશે આજે; (૨)
આ પંચમકાળ ભુલાયે, નિત નિત મંગળ થાયે....આજ....૭

સત સત વંદન

(રાગ : માતા મારી મોક્ષ સાધીકા)

વીતરાગમૂર્તિ ચૈતન્ય પ્રતિમા, સત સત વંદન તુજને,
તુજ અંતરની મીઠી વાતો, વ્હાલી લાગે મુજને,
ગુરુજી વાણી તારી રે અમોને મોક્ષ દેનારી ...
સમ્યક્ ભાવના મીઠા ઝરણાં, તુજ મુખેથી વહેતા,
એ મીઠી ગંગાને ઝીલવા, જીવો અહીં મથમથતા,
ગુરુજી વાણી તારી રે અમોને મોક્ષ દેનારી...
ગુરુજી તું ભગવન કહે મુજને, એ ઉપકાર શે ભૂલું?
માંગુ ભવભવ તારું શરણું, શિવપદનું ભાતું રૂડું,
ગુરુજી વાણી તારી રે અમોને મોક્ષ દેનારી....
સૌ ભક્તજન તારા બાળક, તુજ સમવસરણે સોહે,
ઊંધ્વનિ ગુરુ તારો સુણીને, ઝટ ઝટ મોક્ષે પહુંચે,
ગુરુજી વાણી તારી રે અમોને મોક્ષ દેનારી....

આશીષ આપો

(તુમસે લાગી લગન લેલો અપની શરણ)

તેરી વાણી સૂણી, આતમ લગની લાગી,
ગુરુવર પ્યારા, મિટ ગયા હૈ ભ્રમણ હમારા.....

સુખકર તેરા શરણ, પલ નહિ છૂટે ચરન,
ગુરુવર પ્યારા, તેરે ચરણોંમેં વંદન હમારા.....
અબ તક પરકો થા અપના બનાયા, દુઃખ હી દુઃખ સંસારમેં પાયા;
સુને મંગલ વચન, મિટી મિથ્યા અગન,
ગુરુવર પ્યારા, પાયા આનંદ હી આનંદ પાયા....
તેરી વાણીમેં સચ્ચી નિધિ હૈ, વીતરાગ હોનેકી વરણી વિધિ હૈ;
બાહિર ભાવ ભાગે, અંતર ભાવ જાગે,
ગુરુવર પ્યારા, મિલ જાયે પરમાતમ સહારા.....
પર્યાય ભાવકો દૂર ભગાવે, ધ્રુવભાવસે એકમેક હો જાવે;
સમ્યક્ જ્ઞાની બને, આતમ ધ્યાની બને,
દાસ તુમારા, આશીષ આપો ગુરુજી હમારા.....

—૦—

ગુરુદેવને સંદેશો

આટલો સંદેશો ચંદા ગુરુજીને કહેજો,
તેનો પ્રત્યુત્તર અમને દેજો, સંદેશો ચંદા ગુરુજીને કહેજો.....
શ્રી સદ્‌ગુરુદેવ દૂરે વસો છો, વંદના સ્વીકારી મારી લેજો...સંદેશો
તુજ પદ પંકજ મુજ મન ભૃંગ, ચિત્તમાં લાગ્યો મજીઠો રંગ...સંદેશો
તરણતારણ ગુરુ મુજને તારો, તારક બિરુદને ધરજો....સંદેશો
તુજ વિરહમાં ગુરુ ટળવળતો દેખી, સેવકને ઝટ તારી લેજો....સંદેશો
વૈમાનિકમાં ગુરુ તમે બિરાજો, દર્શન દેવા પધારજો....સંદેશો
તો મુજ આશા પૂરણ થાય, આનંદ મંગળ વરતાય....સંદેશો
ગુરુરાજ તું તો કરુણાસાગર, હું વિનવું બે કર જોડ નાથ....સંદેશો

* * *

ગુરુરાજને પ્રાર્થના

કહાન ગુરુવર અવધારો કે, નાથ નિહાળજો રે લો,
તરણતારણ ગરીબ નિવાજ કે, વાચા પાળજો રે લો,
હરખે હું તુમ શરણે આવ્યો કે, મુજને રાખજો રે લો,
આકરા ચાર કષાય જે કુડા કે, તેહ દૂરે નાખજો રે લો.....૧

ગુરુજી ગુણ તણો વિકાસ કે, રૂડો થાપજો રે લો,
મોહન મહેર કરીને દરશણ, મુજને આપજો રે લો,
તારક તુજ પાલવ મેં ઝાલ્યો કે, હવે મુને તારજો રે લો,
અસ્થિર પરિણતિ થઈ છે કેડે કે, તેહને વારજો રે લો.....૨

લખ ગુણ ઉજમબા માતાએ જાયો કે, મુજ મન આવજો રે લો,
અનુભવ અનુપમ અમૃત મીઠો કે, સુખડી લાવજો રે લો,
નિષ્કારણ ઉપકારી પણ હું રાગી કે, મન માંહે રહો રે લો,
સેવક ચરણ કમળમાં વંદે કે, આતમ સુખ ચખાડજો રે લો.....૩

—૦—

ભરતે પધારોને

(રાગ : મારા નાથની વધાઈ આજે છે...)

મારા ગુરુજી ભરતે પધારોને, મારા ગુરુદેવ સુવર્ણે પધારોને;
તુમ વાણી આજે વરસાવોને, મારા ગુરુજી ભરતે પધારોને....

તુજ સેવકના હૃદયો તલસે છે, અમૃત વરસા માટે તરસે છે;
દિવ્ય ધ્વનિના નાદ ગજાવોને મારા ગુરુજી.....

આજે નગર નગરથી ભક્તો આવે છે, આવી ભક્તિની ધૂન મચાવે છે;
ગુરુરાજનો જયકાર ગજાવે છે.....મારા ગુરુજી.....

ગુરુ આતમજ્ઞાને સોહે છે, ગુણ રત્ન મુદ્રા શોભે છે;
એ તો સ્વરૂપમાં રમે છે.....મારા ગુરુજી.....

તુજ શરણે જે કોઈ આવે છે, તેના સર્વ કાર્યો સિદ્ધ થાયે છે;
ગુરુ કહાનનો પ્રભાવ એ ગાજે છે....મારા ગુરુજી....

ગુરુ સેવક ભળી પાય લાગે છે, તુમ ચરણ સેવા આજે માગે છે;
કૃપાનાથ કૃપા વરસાવોને.....મારા. ગુરુજી.....

સર્વ વાંછિત વધાઈ આજે માગે છે, તારો પ્રભાવ ભરતે ગાજે છે;
ભક્તાની અરજી સ્વીકારોને.....મારા ગુરુજી.....

—૦—

આવો આવો

(રાગ : નિરખી નિરખી મનહર મૂરત)

આવો આવો ગુરુવર આવો, શાંતિ સુધારસ પાવો રે.....
જગતારકનું બિરૂદ ધરાવો, દાસને શીઘ્ર તરસાવો રે.....આવો

અગણિત અધમાધમ ઉદ્ધાર્યા, મુજને કાં વિસરાવો રે (૨)
ભક્ત–વત્સલ ગુરુજી કહાવો, સાર્થક કરો એ દાવો રે (૨)
જગબંધુ તવ શરણે આવ્યો, દયા દિલમાં લાવો રે.....આવો

ત્રિવિધ તાપથી તપ્ત અંતર છે, કૃપામૃત વરસાવો રે (૨)
નિજ ગુણના પકવાન બનાવ્યા, સમ્યક્ સુખડી ચખાવો રે (૨)
તુમ સેવકની અરજ ઉર ધારો, જ્યોતિ અંતરમાં જગાવો રે.....આવો

—૦—

(રાગ : આદિત્ય અરિહંત)

સદ્‌ગુરુ શ્રી કહાન નયણે દીઠા રે,
જ્ઞાનવંત મહંત લાગે મીઠા રે;
મધુરી જેહની વાણી જેવી શેલડી,
સાંભળતાં સુખ થાય કામિત વેલડી.....

જાગ્યાં માહરાં ભાગ્ય તુજ ચરણ પાયો,
પાપ ગયા પલાય ગંગાજળ ન્હાયો;
દૂધે વસ્યા મેહ અશુભ દિવસ નાઠા,
દૂર ગયા દુઃખદંદ દુશ્મન થયા માઠા....

હવે માહરો અવતાર લેખું સફળ થયો,
જે મુજને એકવાર કૃપા નજરે દેખો;
સુરમણિથી પણ અધિક ગુરુજી તમે મલીયા,
પાસા માહરે દાવ મુહ માગ્યા ઢળીયા....

ભૂખ્યાને મહારાજ જિમ ભોજન મિલે,
તરસ્યાને ટાઢું નીર અંતર તાપ ટળે;

થાકયો તે સુખપાળ બેસી સુખ પામે,
તેમ ચાહંતાં મિત્ત મિલતા હિત જામે....

તાહરે ચરણે નાથ હેજે વળગ્યેા છું,
કદીય મ દેજો છેહ નહિ હું અળગેા છું;
શ્રી સદ્‌ગુરુ કહાન છેા મહા ઉપગારી,
સેવક નમે તુમ પાય થાયે શિવગામી....

—o—

ગુરુવરના સંતાન

અમે તેા ગુરુવરના સંતાન, ગુરુવર પંથે વિચરશું કે એના
પંથે વિચરશું.....

ગાતા ગુરુજીના ગુણગાન, ઉજ્જવલ આતમાને વરશું.....
જીવન વીતાવ્યું સ્વ અર્થે જેણે, સંપ્રદાય ત્યાગ્યેા છે એણે;
પામી આતમજ્ઞાન મહાન, ગુરુવર પંથે વિચરશું.....
સ્વતંત્રતાના સૂત્ર શિખવ્યાં, ભૂલ્યા પંથીને પંથ બતાવ્યા;
આપ્યા છે ચૈતન્ય નિધાન, ગુરુવર પંથે વિચરશું.....
ધર્મોપદેશ દીધા એણે, સમયસાર સમજાવી જેણે;
દીધાં દ્રવ્ય પર્યાયનાં જ્ઞાન, ગુરુવર પંથે વિચરશું.....
મિથ્યા મેાહ જિત્યા જયકારી, થયા ચિદ્‌લક્ષ્મીના સ્વામી;
પામી ગુરુજી સમ્યક્‌જ્ઞાન, ગુરુવર પંથે વિચરશું.....

(રાગ : તેાટક જેવેા)

ગુરુ ભજકે ભવકા પાર લહું,
ગુરુ ભજકે આતમ ધ્યાન ધરું;
ગુરુ સુમરનસેં ભ્રમ નિંદ ભગી,
ગુરુવાણી સુની હિય ઉમંગ જગી.....૧

ગુરુ વચનેાસે જિય ચેત જગી,
ગુરુ ભક્તિકી હું લગન લાગી;
ગુરુ ભજકે ભવકા પાર લહું,
બસ ગુરુવરકે ગુણગાન કરું.....૨

ગુરુ ચરણેામેં નિત શરણ ચહું,
ગુરુ દર્શનકે નિતભાવ ધરું;
તુમ ચરણાંબુજ મમ હિયબિચ હેા,
નિશ્ચલ ચિન્મૂરત વિલસિત હેા.....૩

કૈસે કહું ગુરુ મહિમા તેારી,
થક જાય વિકલ બુદ્ધિ મેારી;
ભવરેાગકે દેાષ મિટાયક હેા,
સંસાર તારન સહાયક હેા.....૪

તુમ ગુણ સંપત્ત વર દેા ગુરુજી,
સુનિજે વિનતિ કહાન ગુરુજી;
કૃત્યકૃત્ય સુબેાધિ સમાધિ દીજે,
ગુરુ ભક્તિ સદા જયવંત હજે..... ૫

—o—

(લાખ લાખ દીવડાની આરતી ઉતારજે...)

કેાડ કેાડ વંદન અમારા સ્વીકારજે,
અંતરમાં ભાવના એ થાય;
વારી જાઉં ગુરુને ઓવારણા.....
સેવકની અરજી આ દિલમાંહી ધારજે,
કેમ કરી દર્શન પમાય;
વારી જાઉં ગુરુને ઓવારણા.....
અંગે અંગે એ જ ઉઠે વિચારણા,
ડગલે પગલે એના આવે સંભારણા;
પામું તુજ ચરણ પાય, વારી જાઉં ગુરુને ઓવારણા.....
આવેા આવેા ગુરુ દર્શન આપજે,
સેવા આપીને શિવપુરીમાં પહેાંચાડજે;
સેવક સદા દિલ ચહાય, વારી જાઉં ગુરુને ઓવારણા.....

—o—

(રાગ : દિન રાત મેરે સ્વામી...)

હે કહાન ગુરુ દેવા, આ કર જરા દિખા જા;
સ્વાત્મોપયોગી બાતેં, ઇક બાર ફિર સુના જા...હે કહાન
અજ્ઞાની હો ભુલાયા, દુર્બુદ્ધિને સતાયા;
સમ્યક્ સુધા પિલાકર, સ્વાત્મિક કમલ ખિલાજા...હે કહાન
બહિરાત્મબુદ્ધિ ધારા, દુઃખ પાયા મૈં અપારા;
ભ્રમ સિંધુસે નિકાલો, પરમાત્મપદ દિખાજા...હે કહાન
નિજકો નજર ન આતા, પરભાવ હી સુહાતા;
જ્ઞાનાત્મ ભાવના કર, નિજ-આત્મમેં રિઝા જા...હે કહાન
કર્મોકા જાલ છાયા, અરુ મોહને સતાયા;
સાતા તનિક ન આતી, શુદ્ધાત્મરસ પિલા જા....હે કહાન
સમ્પત્તિ સભી વિરાની, ઉસ હી મેં ચિત્ત લુભાની;
મતિ મંદ હો પડા હૂં, કુછ જ્ઞાનધન દિલા જા...હે કહાન
જિનધર્મકો ભી પા કર, વિષયોમેં યોગ ઘાયા;
જ્ઞાનાંધકો મિટા દો, કરિયે યહી લિહાજા...હે કહાન
તત્ત્વોકો ના પિછાના, અતત્ત્વ તત્ત્વ માના;
હો તત્ત્વજ્ઞાન સમ્યક્, ટુક દૃષ્ટિકો ફિરા જા...હે કહાન
વિદ્યા વહી સિખા દો, અજ્ઞાન મૂલ ખો દો;
નિજાત્મકો મૈં પાઉં, દર્શ જરા દિખા જા...હે કહાન

—૦—

નમન

સુખ શાંતિ પ્રદાતા, જગના ત્રાતા, કહાન ગુરુરાજ;
જન ભ્રાંતિ વિધાતા, તત્ત્વોના જ્ઞાતા, નમન કરું છું આજ.....
જડતાનો આ ધરણી ઉપર, હતો પ્રબળ અધિકાર;
કર્યો ઉપકાર અપાર ગુરુ! તેં, વરસાવી અમૃતધાર રે.....સુખ.....
વરસાવી નિજ વચન સુધારસ, કર્યા સુશીતલ લોક;
પરભાગમનું પાન કરીને, ગયો માનસિક શોક રે.....સુખ.....
તારી વાણીનું મનન કરીને, પામું અલૌકિક ભાન;
ક્ષણે ક્ષણે જ્ઞાયક સમરું, પામું કેવળજ્ઞાન રે.....સુખ.....
તારું હૃદય ગુરુ! જ્ઞાન કરુણાનું, રહ્યું નિરંતર ધામ;
ઉપકારોની વિમલ યાદીમાં, લાખો વાર પ્રણામ રે.....સુખ.....

ગુરુજીની જોડ જગે નહીં જડે રે લોલ

(ગરબી)

શ્રી સહજાત્મ સ્વરૂપજી રે લોલ,
શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી જો.

સદ્ગુરુ સ્વરૂપ સદા સાંભરે રે લોલ.....ટેક.
મારા ગુરુજીની જોડ જગે નહીં જડે રે લોલ ટેક.

કહાન સદ્ગુરુ રાજજી રે લોલ,
પ્રેમે પ્રણમું શિર નામી જો...સદ્ગુરુ સ્વરૂપ સદા સાંભરે રે લોલ ...૧

મીઠા મીઠા મેહુલા રે લોલ,
એથી એ મીઠા ધર્મતાત જો...મારા ગુરુજીની જોડ જગે નહીં જડે રે લોલ. ૨

પરમાર્થ જ્ઞાનનું એ પૂતળું રે લોલ,
જગથી જુદેરી એની જાત જો.... સદ્ગુરુ સ્વરૂપ... ૩

અમીની ભરેલી એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એનાં વેણ જો... મારા ગુરુજીની...૪

અભય વરદાન ઉભય જ્ઞાનમાં રે લોલ,
હૈયું તે કરુણા કેરું વહેણ જો... સદ્ગુરુ સ્વરૂપ...૫

દેવોને બોધ એનો દોહ્યલો રે લોલ,
શશિએ સીંચેલ એની સોડ જો... મારા ગુરુજીની...૬

મૂંગી આશીષ ઉરે મલકતી રે લોલ,
કાળજામાં કંઈક ભર્યા કોડ જો... સદ્ગુરુ સ્વરૂપ...૭

જગનો આધાર એનું જ્ઞાન છે રે લોલ,
લેતાં ન ખૂટે એનો લ્હાવ જો ... મારા ગુરુજીની....૮

ગંગાના નીર તો વધે ઘટે રે લોલ
સરખો એ કૃપાનો પ્રવાહ જો.... સદ્ગુરુ સ્વરૂપ....૯

ઘડી એક વરસે વ્યોમ વાદળી રે લોલ,
મારા ગુરુદેવના મેઘ બારે માસ જો... મારા ગુરુજીની . ૧૦

ચઢતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
આથમે ન તેનો જ્ઞાન–પ્રકાશ જો...સદ્‌ગુરુ સ્વરૂપ ૧૧
'વાની મારી કેાયલ' પરે રે લોલ,
એાચિંતો જ્ઞાન–અવતાર જો... મારા ગુરુજીની...૧૨
સમ્યક્ રત્નત્રય સાધતાં રે લોલ,
સહજ સ્વભાવે એેડા પાર જો... સદ્‌ગુરુ સ્વરૂપ....૧૩
મારા ગુરુજીની...

(સ્વાધ્યાય સંચય ઉપરથી)

—o—

આવું ન કરિયેજી

અધ્યાત્મ રસિયા ઉપકારી, ગુરુ કહાન હેા, તજી અમને
વૈમાનિક વાસી, આવું ન કરિયેજી, આવા ન બનિયેએજી.
વાણી સ્વરૂપી વ્હાલા વાંસલડી વગાડીને રે !
અમને કર્યા અનુસારી, ગુરુ કહાન હેા, તજી અમને વૈમાનિક....
આ જગજાળ વ્હાલા ખાવાને ધાય છે રે,
તેમાં વિકલ્પ જાળ મૂંઝાવે ભારી, ગુરુ કહાન હેા, તજી અમને....
મુમુક્ષુમંડળની શેાભા તમ વિના અમને તેા,
નવ લાગે વ્હાલા હવે સારી, ગુરુ કહાન હેા, તજી અમને....
મારગ તેાળ્યેા વ્હાલા જ્ઞાન તરાજુએ રે,
અમને તે આપ્યેા ગુણધારી, ગુરુ કહાન હેા, તજી અમને...
રત્નચિંતામણી સાદૃશ્ય કહાન ગુરુજી,
હવે સુધ લેજો પ્રભુ મ્હારી, ગુરુ કહાન હેા, તજી અમને
સત્સ્વરૂપ વિલાસી, આવું ન કરિયેજી, આવા ન બનિયેજી...

(સ્વાધ્યાય સંચયમાંથી)

—o—

ચરણ કમલમાં વંદન વારંવાર

કહાન ગુરુના ચરણ કમલમાં વંદન વારંવાર...
હાથ જોડીને ચરણ કમલમાં વંદન વારંવાર...
નત મસ્તક કરીને ચરણ કમલમાં વંદન વારંવાર....

ગુરુવર મ્હારા અનુપમ ઉપકારી છે,
રુદીયામાં મેં તેા ગુરુને બેસાડ્યા છે,
નામ રટું દિનરાત.....વંદન વારંવાર.....૧
ચમત્કાર ચૈતન્યના ગુરુજી બતાવતા,
રખડતા જીવેાને સત્ય માર્ગ સમજાવતા,
નહીં છેાડું તારેા સાથ...વંદન વારંવાર.....૨
કહાન ગુરુ ત્રિકાળ જયવંત રહેા,
મહિમા તારી જગમાં વ્યાપી રહેા,
લળી લળી પ્રણમું આજ....વંદન વારંવાર.....૩
માંગુ હું તુજ આશીર્વાદ...વંદન વારંવાર.....૩
વંદન અમારા ગુરુજી સ્વીકારજો,
દહાડા અમારા દુઃખના રે ટાળજો,
ન રે વાંછુ બીજું કાંય.....વંદન વારંવાર.....૪
વારંવાર ગુરુ તુજને વિનવું,
રંગ-રાગથી મને જુદેા જાણું,
વારી વારી તુજ પર જાઉં.....વંદન વારંવાર.....૫
રખડું નહીં ભવવન માંહિ.....વંદન વારંવાર.....૫

—o—

સ્મરણ તમારા શા કરું ?

કહાન ગુરુદેવ સ્મરણ તમારા શા કરું ?
શ્રી સદ્‌ગુરુદેવ સ્મરણ તમારા શા કરું ?
વિસ્મરણનેા ક્ષણ એક નથી અવકાશ જો;
અહર્નિશ છે અંતરમાં યાદી આપની,
સદા ઉદિત ઉર ઉજ્જવલ પુણ્ય પ્રકાશ જો... કહાન. ૧

પુનિત પગલે કરી પધાર્યા અમ આંગણે,
સુવર્ણપુરીને બનાવી તીર્થધામ જો;
ઝરણા જ્ઞાન–વૈરાગ્ય–રસના વહેતા કરી,
ત્વરિત વળ્યા કરી પૂરણ આપ પ્રવાસ જો....કહાન. ૨

શુષ્ક જીવન અમ રસનિર્ઝર સ્નેહે કરી,
સહેજે શિખવ્યો આત્મજીવનનો યોગ જો;
જે સુખનાં સ્વપ્નાં સાથે સરખાવતાં,
અલ્પ વસે ઉર ભુવનત્રયના ભોગ જો....કહાન. ૩

મેઘ રૂડા આણ્યા અમ ઉર મરુક્ષેત્રમાં,
ટહુકી સ્વર્ગીય મધુરા રાગ મલ્હાર જો;
નવ પલ્લવતા અર્પી જીવન બાગમાં,
કીધાં અમને ઉન્નત અધિક ઉદાર જો....કહાન. ૪

ખ્યાલ કરું શું અદ્‌ભુત જીવન પ્રકાશનો,
પ્રતિક્ષણ જેમાં વૃદ્ધિ અનંત સુહાય જો;
જ્ઞાનીના હાર્દને સમજે જ્ઞાનીઓ,
અનુભવ્યું તે પામરથી કયમ જાય જો....કહાન. ૫

આ આંખે રસભીના તમને ભાળીયા,
અનુભવ નંદનવનના વિરલ વિહારી જો,
બાકી હૃદય વિહીન જ્યાં ત્યાં નજરે ચઢે,
શુષ્ક જીવન સરિતાપુરમાં સંસારી જો....કહાન. ૬

કથ્યું ન જાયે યદ્યપિ જીવન આપનું,
વિલસે અંતર અનુપમ તુજ ચિત્ર જો;
શેષ જીવન સંભારી યાદમાં ગાળશું,
આવશું મુક્તિપંથે જે પરમ પવિત્ર જો....કહાન. ૭

(સ્વાધ્યાય સંચય ઉપરથી)

—o—